દૈનિક
# મુંબઈ સમાચાર
સૌરાષ્ટ્ર આવૃત્તિ
૨૦૪ વર્ષ
R.N.I. No. GUJ GUJ /2013/58486 ★
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૪ ■ Volume 68 ■ Issue 198 ■ વિક્રમ સંવત ૨૦૮૧
■ શ્રાવણ વદ-૧૩ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 21 August 2025, Thursday ■ REGD.No. MCS/058/2018-20
ગુરુવાર, ૨૧ ઓગસ્ટ ૨૦૨૫ (૧૦ પાનાં), કિંમત ₹ ૧૦.૦૦
લાડકી પૂર્તિ
LIKE & FOLLOW: /Mumbaisamachar4u


# ગુનાહિત વડા પ્રધાન, મુખ્ય પ્રધાનોને હોદ્દા પરથી હટાવાશે



## ▸ ફોજદારી ગુનામાં ૩૦ દિવસ પકડાયેલા પ્રધાનો માટેનો ખરડો રજૂ કરાયો ▸ વિપક્ષ દ્વારા લોકસભામાં ધાંધલ-ધમાલઃ ખરડાની નકલ ફાડી ▸ ત્રણેય ખરડા સંસદીય સમિતિને મોકલાયા

**ભારે ધાંધલ-ધમાલ વચ્ચે અમિત શાહે આ ત્રણે ખરડા લોકસભામાં રજૂ કર્યા હતા**

નવી દિલ્હીઃ કેન્દ્રીય પ્રધાન અમિત શાહે ગંભીર ફોજદારી ગુનામાં ૩૦ દિવસ માટે પકડાયેલા વડા પ્રધાન, મુખ્ય પ્રધાનો અને અન્ય પ્રધાનોને હોદ્દા પરથી હટાવવા સંબંધિત ખરડા સહિત બુધવારે લોકસભામાં ત્રણ ખરડા રજૂ કર્યા હતા. આ ત્રણેય ખરડા સંયુક્ત સંસદીય સમિતિને મોકલી આપવામાં આવતાં વિપક્ષે લોકસભામાં ધાંધલ-ધમાલ કરી હતી અને ખરડાની નકલ ફાડી તેનો જોરદાર વિરોધ કર્યો હતો.

લોકસભામાં રજૂ કરવામાં આવેલા ત્રણ ખરડામાં ગવર્નમેન્ટ ઑફ યુનિયન ટેરિટરિસ (અમેન્ડમેન્ટ) બિલ ૨૦૨૫, ધ કન્સ્ટિટ્યૂશન (૧૧૩ અમેન્ડમેન્ટ) બિલ ૨૦-૨૫ અને જમ્મુ-કાશ્મીર રિઑર્ગેનાઈઝેશન (અમેન્ડમેન્ટ) બિલ ૨૦૨૫નો સમાવેશ થાય છે.

પ્રસ્તાવિત ખરડાની જોગવાઈ મુજબ જો વડા પ્રધાન, કેન્દ્રીય પ્રધાન કે મુખ્ય પ્રધાનની ધરપકડ કરવામાં આવે અને ગુનાને મામલે ઓછામાં ઓછી પાંચ વર્ષની જેલની સજા થઈ શકે એમ હોય તેવા સંજોગોમાં સતત ૩૦ દિવસ કસ્ટડીમાં રાખવામાં આવે ૩૧મા દિવસે તેઓ તેમનો હોદ્દો ગુમાવશે. ભારે ધાંધલ-ધમાલ વચ્ચે અમિત શાહે આ ત્રણે ખરડા લોકસભામાં રજૂ કર્યા હતા કેમ કે આ ખરડા સંયુક્ત સંસદીય સમિતિને મોકલી આપતા ઠરાવને ધ્વનિ મતથી મંજૂરી આપી દેવામાં આવી હતી.

સંયુક્ત સંસદીય સમિતિમાં લોકસભાના ૨૧ અને રાજ્યસભાના ૧૦ સભ્યનો સમાવેશ થાય છે.

સમિતિએ આ અંગેનો અહેવાલ સંસદના શિયાળુ સત્રના પ્રથમ અઠવાડિયાના છેલ્લા દિવસ સુધીમાં ગૃહમાં રજૂ

(જુઓ પાનું ૨) ▸▸

# વીમાના પ્રીમિયમને જીએસટીમાંથી મુક્તિ મળશે

નવી દિલ્હીઃ ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ (જીએસટી) માટેના પ્રધાનોના જૂથ (જીઓએમ) એ હેલ્થ અને લાઈફ ઈન્શ્યોરન્સ પ્રીમિયમને ટેક્સમાંથી છૂટ આપવાનો પ્રસ્તાવ રજૂ કર્યો છે. બિહારના નાયબ મુખ્યમંત્રી સમ્રાટ ચૌધરીએ બુધવારે આ માહિતી આપી હતી. હાલમાં આરોગ્ય અને જીવન વીમા પ્રીમિયમ પર ૧૮ ટકા જીએસટી લાગે છે.

જીવન અને આરોગ્ય વીમા પર મંત્રીઓનું ગ્રૂપ (જીઓએમ) જીએસટી કાઉન્સિલને પોતાનો અહેવાલ સુપરત કરશે. તેમણે જણાવ્યું હતું કે આ રિપોર્ટમાં કેટલાંક રાજ્યોના નાણામંત્રીઓ દ્વારા વ્યક્ત કરાયેલાં મંતવ્યો અને ચિંતાઓનો પણ સમાવેશ થશે.

જીઓએમની બેઠક બાદ ચૌધરીએ પત્રકારોને જણાવ્યું હતું કે કેન્દ્રનો પ્રસ્તાવ સ્પષ્ટ છે કે વ્યક્તિગત વીમા પોલિસીઓને જીએસટીમાંથી મુક્તિ આપવી જોઈએ. આ અંગે ચર્ચા થઈ છે અને જીઓએમનો રિપોર્ટ કાઉન્સિલ સમક્ષ રજૂ કરવામાં આવશે.

તેમણે કહ્યું હતું કે બધા સભ્યોએ દર ઘટાડવા માટે મંજૂરી આપી છે. કેટલાંક રાજ્યોએ પોતાનાં મંતવ્યો રજૂ કર્યા છે. દરો પર અંતિમ નિર્ણય કાઉન્સિલ દ્વારા લેવામાં આવશે. ચૌધરી આરોગ્ય અને જીવન વીમા પર ૧૩ સભ્યોના રાજ્ય જીઓએમના સંયોજક છે.

અગાઉ કેન્દ્રીય નાણામંત્રી નિર્મલા સીતારમણે બુધવારે રાજ્યોના મંત્રીઓના જૂથ (જીઓએમ) સમક્ષ જીએસટી સિસ્ટમમાં વ્યાપક સુધારાઓની રૂપરેખા રજૂ કરી હતી. તેમાં કર દર ઘટાડવા અને ઉદ્યોગપતિઓ માટે અનુપાલનનો બોજ ઘટાડવાનો પ્રસ્તાવ છે. માલ અને સેવા કર (જીએસટી) દરોને તર્કસંગત બનાવવા, વીમા પર કરવેરા અને વળતર સંબંધિત મંત્રીઓનું જૂથ બે દિવસ માટે કેન્દ્રના 'આગામી પેઢી'ના જીએસટી સુધારાઓ પર વિચાર કરશે. તેમાં જીએસટી કરના ફક્ત બે દરો પાંચ અને ૧૮ ટકાની જોગવાઈ છે. જોકે, લક્ઝરી અને હાનિકારક વસ્તુઓ પર ૪૦ ટકાનો ખાસ દર વસૂલવામાં આવશે. હાલમાં જીએસટી ૫,૧૨, ૧૮

(જુઓ પાનું ૨) ▸▸

# ઑનલાઈન ગેમ્સના જુગાર પર પ્રતિબંધ મૂકતો ખરડો લોકસભામાં પસાર

નવી દિલ્હીઃ સરકારે બુધવારે નાણાંથી રમાતી ઑનલાઈન ગેમ્સ પર પ્રતિબંધ મૂકતો ખરડો લોકસભામાં રજૂ કર્યો હતો અને તે પસાર કરાયો હતો. સરકાર આ ખરડા વડે એક જાતના વળગણ, મની લોન્ડરિંગ અને નાણાકીય છેતરપિંડી રોકવા માગે છે. પ્રમોશન એન્ડ રેગ્યુલેશન ઑફ ઓનલાઈન ગેમિંગ બિલ, ૨૦૨૫ ઑનલાઈન મની ગેમ્સને સંબંધિત જાહેરાત રોકવા પર પ્રતિબંધ મૂકવા માગે છે અને બૅન્ક અને નાણાકીય સંસ્થાઓ પર આવી ગેમ માટે ફંડ ટ્રાન્સફર કરે એના પર બંધી મૂકવા માગે છે. ઑનલાઈન મની ગેમ એ છે જેમાં યુઝર નાણાં અને બીજા લાભ જીતવાની અપેક્ષામાં નાણાં જમા કરાવે છે. વિરોધ પક્ષના સભ્યો મતદારયાદી સુધારણામાં કથિત ગેરરીતિના વિરોધમાં સૂત્રોચ્ચાર કરી રહ્યા હતા ત્યારે કેન્દ્રીય પ્રધાન અશ્વિની વૈષ્ણવે આ ખરડો રજૂ કર્યો હતો. ખરડો બધા ઑનલાઈન બેટિંગ અને ગેમ્બલિંગ ( સટ્ટા અને જુગાર)ની પ્રવૃત્તિઓ પર પ્રતિબંધ મૂકવા માગે છે. આમાં ઓનલાઈન ગેમ્બલિંગ ( જેવા કે પોકર, રમી અને બીજી કાર્ડ ગેમ) અને ઑનલાઈન લોટરીનો સમાવેશ થાય છે. સંસદના બન્ને ગૃહમાં આ ખરડો મંજૂર થાય ત્યાર બાદ

(જુઓ પાનું ૨) ▸▸

# અમદાવાદમાં ધો. ૮ના વિદ્યાર્થીના હાથે ધો.૧૦ ના છાત્રની હત્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેરના ખોખરા વિસ્તારમાં આવેલી સેવન્થ ડે સ્કૂલમાં ૧૯ ઓગસ્ટ મંગળવારે ધક્કામુક્કી જેવી નજીવી બાબતમાં ધો-૮ના વિદ્યાર્થીએ ધો-૧૦ના સ્ટુડન્ટને છરી મારી દીધી હતી. ત્યાર બાદ ૨૦ ઓગસ્ટ, ૨૦૨૫ની સવારે મણિનગરની ખાનગી હોસ્પિટલમાં ઇજાગ્રસ્ત વિદ્યાર્થીનું મોત થઈ ગયું હતું. જેને પગલે બાળકના પરિવારજનોએ સ્કૂલે પહોંચી પ્રિન્સિપાલ સહિતના સ્ટાફને માર માર્યો અને તોડફોડ કરી હતી. બુધવારે ૨૦ ઓગસ્ટના રોજ મૃતક વિદ્યાર્થીની અંતિમ યાત્રા કાઢવામાં આવી હતી. જેમાં મોટી સંખ્યામાં લોકો એકઠા થયા હતા. આ યાત્રામાં વીએચપી, બજરંગ દળ અને એબીવીપીના કાર્યકરો સહિત મોટી સંખ્યામાં સ્થાનિક લોકો જોડાયા હતા.

પરિસ્થિતિ એટલી તંગ હતી કે, સવારે ૧૧ વાગ્યા સુધીમાં સ્કૂલમાં ૨૦૦૦ જેટલા લોકો એકઠા થઈ ગયા હતા અને જે સામે મળ્યું તેને માર માર્યો હતો. પાર્કિંગમાં પડેલી બસો, ગાડીઓ અને ટૂ-વ્હિલરમાં ભારે તોડફોડ મચાવી હતી. બાદમાં એક સ્ટાફની બોચી પકડી ઉપરના માળે લઇ ગયા હતા. સ્કૂલ બિલ્ડિંગના દરવાજા અને કાચ તોડ્યા હતા. લોકોના ભારે રોષને ઠારવાનો પ્રયાસ કરતી પોલીસ સાથે જોરદાર અથડામણ સર્જાઈ હતી. રોષે ભરાયેલા ટોળાએ પોલીસ હાય હાયના નારા લગાવ્યા હતા. પોલીસે લાઠીચાર્જ કરી સ્થિતિ કાબૂમાં લેવાનો

(જુઓ પાનું ૨) ▸▸

# દિલ્હીનાં મુખ્ય પ્રધાન પર રાજકોટના માણસનો હુમલો

## પોલીસે હત્યાના પ્રયાસનો નોંધ્યો ગુનો

નવી દિલ્હીઃ દિલ્હીના મુખ્ય પ્રધાન રેખા ગુપ્તા પર બુધવારે સવારે સિવિલ લાઈન્સ સ્થિત તેમના કેમ્પ ઓફિસમાં 'જન સુનાવણી' કાર્યક્રમ દરમિયાન હુમલો કરવામાં આવ્યો હતો. તેમના કાર્યાલયે આ હુમલાને ''તેમની હત્યાનું સુનિયોજિત કાવતરું'' ગણાવ્યું હતું. એક વરિષ્ઠ પોલીસ અધિકારીના જણાવ્યા અનુસાર, ગુજરાતના રાજકોટનો રહેવાસી ૪૧ વર્ષીય આરોપી સાકરિયા રાજેશભાઈ ખીમજીભાઈની અટકાયત કરવામાં આવી છે અને આઈબી અને દિલ્હી પોલીસ સ્પેશિયલ બ્રાન્ચ દ્વારા સંયુક્ત રીતે પૂછપરછ કરવામાં આવી રહી છે. આ હુમલો સવારે ૮.૧૫ વાગ્યાની આસપાસ થયો હતો. જાહેર બાંધકામ મંત્રી પ્રવેશ વર્માએ જણાવ્યું હતું કે મુખ્યમંત્રીને હાથ, ખભા અને માથામાં ઈજાઓ થઈ હતી. તપાસમાં સામેલ એક વરિષ્ઠ પોલીસ અધિકારીએ જણાવ્યું હતું કે આ એક ગંભીર હુમલો હતો અને તે જીવલેણ બની શકે તેમ હતો.

અધિકારીએ પીટીઆઇને જણાવ્યું હતું કે ''અમે આઈબી, સ્પેશિયલ બ્રાન્ચ અને ગુપ્તચર એજન્સીઓ સાથે મળીને સંયુક્ત પૂછપરછ કરી રહ્યા છીએ. તેની સામે છરીથી હુમલાના બે કેસ અને એક્સાઇઝ એક્ટ હેઠળ ત્રણ કેસ સહિત પાંચ ફોજદારી કેસ નોંધાયેલા છે. તેમણે કહ્યું હતું કે પોલીસે હજુ સુધી તેના પર કાવતરું રચવાનો આરોપ મુક્યો નથી. આરોપી પાસે કોઈ હથિયાર નહોતું કારણ કે તે જાણતો હતો કે કડક તપાસ થશે. તેની પાસે એક બેગ હતી જેમાં કપડાં અને કેટલાક કાગળો હતા. પોલીસે આ મામલે હત્યાનો પ્રયાસના આરોપમાં એક એફઆઇઆર નોંધી હતી. ડેપ્યુટી કમિશનર (ઉત્તર) રાજા બંઠિયાએ

(જુઓ પાનું ૨) ▸▸

# ઉપરાષ્ટ્રપતિની ચૂંટણીમાં રાધાકૃષ્ણને ઉમેદવારી નોંધાવી



**ઉમેદવારીઃ** ઉપરાષ્ટ્રપતિપદના એનડીએના ઉમેદવાર સી. પી. રાધાકૃષ્ણને બુધવારે રિટર્નિંગ ઑફિસરને ઉમેદવારીપત્રોના ચાર સેટ આપીને ઉમેદવારી નોંધાવી હતી. આ વેળાએ વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને બીજા સિનિયર નેતાઓ હાજર રહ્યા હતા. (પીટીઆઈ)

નવી દિલ્હીઃ એનડીએના ઉમેદવાર સી. પી. રાધાકૃષ્ણને બુધવારે ઉપરાષ્ટ્રપતિપદ માટેની ચૂંટણીમાં ઉમેદવારી નોંધાવી હતી. આ વખતે વડા પ્રધાન નરેન્દ્ર મોદી, સંરક્ષણપ્રધાન રાજનાથ સિંહ, ગૃહપ્રધાન અમિત શાહ અને બીજા સિનિયર નેતાઓ હાજર રહ્યા હતા. મોદીએ રાધાકૃષ્ણન, એનડીએના સિનિયર નેતાઓની સાથે ઉપપ્રમુખપદના રીટર્નિંગ ઑફિસર રાજ્યસભાના સેક્રેટરી જનરલ પી. સી. મોદીને ઉમેદવારીપત્રના ચાર સેટ આપ્યા હતા

આ ચાર નામાંકનમાં મોદી. સિંહ, શાહ અને જેડી (યુ)ના નેતા રાજીવ રંજન રેડ્ડીએ આગેવાન સૂચક તરીકે સહી કરી છે. ઉપરાષ્ટ્રપતિપદ માટેના ઉમેદવારે તેના ઉમેદવારીપત્રમાં ઓછામાં ઓછા ૨૦ સાંસદોએ સૂચક તરીકે અને ઓછામાં ઓછા ૨૦ સાંસદોની અનુમોદક તરીકે સહી હોવી જરૂરી છે. એનડીએએ તકેદારી લીધી હતી કે તેના બધા ઘટકપક્ષોને સૂચક અને અનુમોદક તરીકે ચાર નામાંકનમાં પ્રતિનિધિત્વ આપ્યું હતું. રીટર્નિંગ ઑફિસરે નામાંકન તપાસીને રાધાકૃષ્ણનને રજિસ્ટરમાં સહી કરવાનું જણાવ્યું હતું (એજન્સી) ■

## કેન્દ્રે કરી સ્પષ્ટતા

# મૃત સરકારી કર્મચારીઓની દીકરીઓ પેન્શનની હકદાર

નવી દિલ્હીઃ મૃત સરકારી કર્મચારીની અવિવાહિત, છૂટાછેડા પામેલી પુત્રીઓ ચોક્કસ શરતોને આધિન ફેમિલી પેન્શન મેળવવાનો પાત્ર રહેશે એવી માહિતી બુધવારે લોકસભામાં આપવામાં આવી હતી.

ડિપાર્ટમેન્ટ ઑફ પેન્શન ઍન્ડ પેન્શનર્સ વેલ્ફેર (ડીઓપીપીડબ્લ્યુ) દ્વારા નોટિફાય કરવામાં આવેલો સેન્ટ્રલ સિવિલ સર્વિસ પેન્શન ઍક્ટ ૨૦૨૧માં સમાવિષ્ટ કરવામાં આવેલી વિવિધ જોગવાઈઓ અને મૃત સરકારી કર્મચારીની અવિવાહિત, છૂટાછેડા પામેલી પુત્રીઓ ચોક્કસ શરતોને આધિન ફેમિલી પેન્શન મેળવવાનો પાત્ર હોવાની ખાતરી આપતા ૨૬ ઑક્ટોબર ૨૦૨૨ના મેમોરેન્ડમમાં યુનિયન મિનિસ્ટર ઑફ અલગ કાયદા અંતર્ગત રેલવે અને સંરક્ષણ વિભાગના કર્મચારીઓ માટે આ જ જોગવાઈ હોવાનું સ્ટેટ ફૉર પર્સનલ જિતેન્દ્ર સિંહે લેખિત ઉત્તરમાં જણાવ્યું હતું.

આ કાયદાની જોગવાઈ મુજબ મૃત્યુ પામેલા સરકારી કર્મચારીની પત્ની હયાત ન હોય કે તેને ફેમિલી પેન્શન મેળવવાને પાત્ર પુત્ર ન હોય તો તેવા સંજોગોમાં મૃત સરકારી કર્મચારીની અવિવાહિત અને છૂટાછેડા પામેલી પુત્રીઓ ચોક્કસ શરતોને આધિન ફેમિલી પેન્શન મેળવવાનો પાત્ર બને છે.

આ પુત્રી જ્યાં સુધી લગ્ન કે પુનઃલગ્ન ન કરે અથવા જીવનનિર્વહ ચાલાવવા પૂરતું કમાતી ન થાય (બંનેમાંથી જે વહેલું) ત્યાં સુધી તે ફેમિલી પેન્શન મેળવવાને પાત્ર રહેશે. (એજન્સી) ■

## ગુજરાતમાં સાર્વત્રિક વરસાદ

# જૂનાગઢના મેંદરડામાં આભ ફાટ્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત-સૌરાષ્ટ્રમાં વરસાદ ખેંચાયા બાદ ફરી એક વખત મેઘરાજાએ તોફાની બેટિંગ કરી છે. રાજ્યમાં વરસાદની એકસાથે પાંચ સિસ્ટમ સક્રિય થતા દરિયાઈ પટ્ટી વિસ્તારના જિલ્લા જૂનાગઢ, ગીર સોમનાથ, અમરેલી, રાજકોટ, દેવભૂમિ દ્વારકા, ભાવનગર, વલસાડ, નવસારી, સુરત સહિતના જિલ્લાઓમાં સવારથી જ સાંબેલાધાર વરસાદ વરસ્યો હતો. દરિયો તોફાની બનતા તમામ બંદરો પર ૩ નંબરનું ભયસૂચક સિગ્નલ લગાવી દેવામાં આવ્યું હતું અને માછીમારોને દરિયો ન ખેડવા ચેતવણી આપવામાં આવી હતી.

જૂનાગઢના મેંદરડામાં સૌથી વધુ ૧૩.૦૩ ઈંચ વરસાદ ખાબકતા જળબંબાકારની સ્થિતિ જોવા મળી હતી. જૂનાગઢ અને ગીર સોમનાથમાં વરસેલા સાંબેલાધાર વરસાદના કારણે ઘેડ પંથકમાં જળબંબાકારની સ્થિતિ સર્જાઈ હતી અને અનેક ગામો સંપર્ક વિહોણા બન્યા હતા. આ વિકટ સ્થિતિને પહોંચી વળવા માટે એનડીઆરએફની ટીમો પણ રેસ્ક્યૂ કામગીરીમાં જોડાઈ હતી.

સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર દ્વારા આપવામાં આવેલી વિગતો અનુસાર છેલ્લા ૨૪ કલાકમાં ૩૧ જિલ્લાના ૧૬૮ તાલુકામાં વરસાદ પડયો હતો. છેલ્લા ૨૪ કલાકમાં જૂનાગઢના મેંદરડામાં તો બારે મેઘ ખાંગા થયા હતા. જૂનાગઢના મેંદરડામાં ૧૩.૦૩ ઈંચ, કેશોદમાં ૧૧.૦૨ ઈંચ અને વંથલીમાં ૧૦.૨૪ ઈંચ, જ્યારે પોરબંદર શહેરમાં ૧૦.૦૮ ઈંચ, નવસારીના ગણદેવીમાં ૯.૧૭ ઈંચ, જુનાગઢના માણાવદર ૮.૧૧ ઈંચ,

(જુઓ પાનું ૨) ▸▸

# ગુજરાત, મહારાષ્ટ્રમાં સૌથી વધુ ડ્રગ્સ પકડાયું

નવી દિલ્હીઃ વર્ષ ૨૦૨૦થી વર્ષ ૨૦૨૪ દરમિયાન દેશના વિવિધ બંદરો પરથી રૂ. ૧૧,૩૧૦ કરોડ કરતાં પણ વધુનું ડ્રગ્સ પકડાયું હોવાની માહિતી બુધવારે રાજ્યસભામાં આપવામાં આવી હતી.

આંકડાઓમાં દર્શાવ્યાનુસાર રૂ. ૭,૩૫૦ કરોડના ડ્રગ્સ સાથે ગુજરાત આ યાદીમાં ટોચના સ્થાને રહ્યું હતું તો અનુક્રમે રૂ. ૨,૩૬૭ કરોડ, રૂ. ૧,૫૧૫ કરોડ અને રૂ. ૭૮.૦૧૭ કરોડના ડ્રગ્સ સાથે મહારાષ્ટ્ર, તમિળનાડુ અને પશ્ચિમ બંગાળ ત્યાર પછીના સ્થાને રહ્યા હતા.

વર્ષ ૨૦૨૧-૨૨માં જુદા જુદા ત્રણ કન્સાઈનમેન્ટ મારફતે ગુજરાતમાં (અદાણી પોર્ટ સેઝ) મુંદરા પોર્ટ પરથી બાવન કિલો કોકેઈન અને ૩,૦૬૩ કિલો હેરોઈન સહિત કુલ ૬,૩૮૬ કરોડનું ડ્રગ્સ જપ્ત કરવામાં આવ્યું હતું.

ગાંધીધામમાં જપ્ત કરવામાં આવેલા સીએફએસ (કન્ટેઈનર ફ્રેઈટ સિસ્ટમ)માંથી રૂ. ૪૦૨ કરોડના મૂલ્યનું ૨૦૧ કિલો હેરોઈન, પિપાવાવ પોર્ટ પરથી રૂ. ૧૯૦ કરોડના મૂલ્યનું ૯૦ કિલો હેરોઈન, ગાંધીધામના એવી જોશી સીએસએફમાંથી પાંચ કરોડ રૂપિયાના મૂલ્યનું એક કિલો કોકેઈન અને સીએસએફ મુંદેરા ખાતે જુદા જુદા કન્સાઈન્ટમેન્ટ મારફતે રૂ. ૩૭૭ કરોડના મૂલ્યની ૮૪.૧૯ લાખ ટ્રામાડોલ ટેબ્લેટ જપ્ત કરવામાં આવી હતી. મહારાષ્ટ્રમાં વર્ષ ૨૦૨૦થી ૨૦૨૪ દરમિયાન જુદા જુદા સાત દરોડામાં મુંબઈના

(જુઓ પાનું ૨) ▸▸

# મોદીની ડિગ્રીનો વિવાદઃ કોર્ટે ચુકાદો મોકૂફ રાખ્યો

નવી દિલ્હી : દિલ્હી હાઈ કોર્ટે બુધવારે વડા પ્રધાન નરેન્દ્ર મોદીની સ્નાતકની ડિગ્રી અંગેની માહિતી જાહેર કરવાના સીઆઈસીના આદેશને પડકારતી દિલ્હી યુનિવર્સિટીની અરજી પર પોતાનો ચુકાદો મુલતવી રાખ્યો હતો.

બપોરે લગભગ અઢી વાગ્યે ચુકાદો આપવાના હતા તેવા જસ્ટિસ સચિન દત્તાએ આજે અધ્યક્ષતા કરી ન હતી. આ ચુકાદો ૨૫ ઓગસ્ટે જાહેર થવાની શક્યતા છે.

દલીલો સમયે, ડીયુ વતી હાજર રહેલા સોલિસિટર જનરલ તુષાર મહેતાએ દલીલ કરી હતી કે સીઆઈસીનો આદેશ ''ગોપનીયતાનો અધિકાર'' ''જાણવાના અધિકાર'' કરતાં વધુ હોવાથી રદ કરવાને લાયક છે.

જોકે, મહેતાએ કહ્યું હતું કે યુનિવર્સિટી મોદીની ડિગ્રી સંબંધિત તેનો રેકોર્ડ કોર્ટને બતાવવા તૈયાર છે, પરંતુ આરટીઆઈ કાયદા હેઠળ આ માહિતી ''અજાણ્યાઓ દ્વારા ચકાસણી'' માટે તે જાહેર કરી શકતી નથી. કોર્ટે અન્ય સમાન અરજીઓ પર પોતાનો ચુકાદો અનામત રાખ્યો છે જે પણ જાહેર કરવામાં આવશે.

નીરજ નામની વ્યક્તિ દ્વારા આરટીઆઈ અરજી દાખલ કર્યા બાદ, ૨૧ ડિસેમ્બર,

(જુઓ પાનું ૨) ▸▸

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

## એક્સ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# વિપક્ષોને ભ્રષ્ટ મંત્રી-મુખ્યમંત્રીઓને દૂર કરવા સામે વાંધો કેમ?

**કૉંગ્રેસ** સહિતના વિપક્ષો વાંકદેખા છે ને હકારાત્મક વિપક્ષ તરીકેની ફરજ બજાવવાના બદલે કોઈ પણ કામમાં વાંધા કાઢીને જ ઊભા રહી જાય છે. આ કામ દેશના હિતમાં છે કે નહીં તેની વાત કરવાના બદલે સરકારના બદઈરાદાની રેકર્ડ વગાડવી જ તેમનું કામ હોય એ રીતે વર્તે છે. વિપક્ષોની આ માનસિકતાનો તાજો પુરાવો જેલમાં ગયેલા જનપ્રતિનિધિઓને હોદ્દા પરથી દૂર કરવા સામે વિપક્ષોએ કરેલી કાગારોળ છે. કેન્દ્રની નરેન્દ્ર મોદી સરકારે લોકસભામાં ત્રણ બિલ રજૂ કર્યાં છે. આ બિલનો ઉદ્દેશ સારો છે પણ કૉંગ્રેસ સહિતના વિપક્ષોનું કહેવું છે કે, ભાજપ વિરોધી પક્ષોના મુખ્યમંત્રીઓ અને મંત્રીઓને પરેશાન કરવાના બદઈરાદાથી આ બિલ રજૂ લવાયાં છે. કૉંગ્રેસનાં સાંસદ પ્રિયંકા ગાંધી વાડ્રાએ તો આ બિલને રાક્ષસી અને બંધારણ વિરોધી ગણાવ્યું છે. કેટલાક વિપક્ષી નેતા એવું વાજું વગાડી રહ્યા છે કે, બિહારમાં મતદાર યાદીઓના સ્પેશિયલ ઇન્ટેન્સિવ રિવિઝન (એસઆઈઆર) મુદ્દે મોદી સરકાર બરાબર ભેરવાઈ ગઈ છે અને જોરદાર વિરોધ થઈ રહ્યો છે તેથી તેના પરથી ધ્યાન ભટકાવવા માટે આ બિલ લવાયું છે.

આ બકવાસ દલીલો વિપક્ષોના નેતાઓની નકારાત્મક માનસિકતા બતાવે છે પણ તેની વાત કરવાના બદલે પહેલાં આ બિલમાં શું છે તેની વાત કરી લઈએ. કેન્દ્ર સરકારના આ ત્રણ નવા બિલમાં એવી જોગવાઈ છે કે, કોઈ વર્તમાન મંત્રી, મુખ્યમંત્રી કે વડા પ્રધાન પાંચ વર્ષ કે તેથી વધુ જેલની સજા થઈ શકે એવા ગુનામાં સતત ૩૦ દિવસ સુધી જેલની હવા ખાય તો એક મહિનાની અંદર આપોઆપ જ પોતાનો હોદ્દો ગુમાવે. સરળ શબ્દોમાં કહીએ તો સતત ૩૦ દિવસ સુધી કસ્ટડીમાં રાખવામાં આવે તો તેમને ૩૧મા દિવસે હોદ્દા પરથી દૂર કરવામાં આવશે.

મોદી સરકારે રજૂ કરેલાં આ ત્રણ બિલનાં નામ ૧૩૦મું બંધારણીય સુધારા બિલ ૨૦૨૫, ગવર્નમેન્ટ ઓફ યુનિયન ટેરિટરીઝ (સંશોધન) બિલ ૨૦૧૫ અને જમ્મુ-કાશ્મીર પુનર્ગઠન(સંશોધન)બિલ ૨૦૨૫ છે. ગવર્નમેન્ટ ઓફ યુનિયન ટેરિટરીઝ બિલ હેઠળ મુખ્યમંત્રી અથવા મંત્રીને હટાવવાની જોગવાઈ કરવા માટે ગવર્નમેન્ટ ઓફ યુનિયન ટેરિટરીઝ એક્ટ, ૧૯૬૩ની કલમ ૪૫માં સુધારો કરવામાં આવશે. બીજા બિલ હેઠળ વડા પ્રધાન અથવા કેન્દ્રીય મંત્રીમંડળના કોઈપણ મંત્રી અને રાજ્યો કે રાષ્ટ્રીય રાજધાની પ્રદેશ દિલ્હીના મુખ્યમંત્રી કે કોઈપણ મંત્રીને દૂર કરવા માટે કાનૂની માળખું પૂરું પાડવા માટે બંધારણની કલમ ૭૫, ૧૬૪ અને ૨૩૯અઅમાં સુધારો કરવામાં આવશે જ્યારે ત્રીજા બિલ હેઠળ જમ્મુ અને કાશ્મીરમાં આ જોગવાઈ લાગુ કરાશે.

આ બિલમાં ધરપકડ અને અટકાયત બંનેને આવરી લેવાયાં છે. સામાન્ય લોકોને ધરપકડ અને અટકાયત એક જ લાગે છે પણ અટકાયત અને ધરપકડમાં મોટો ફરક છે. સામાન્ય રીતે અટકાયત ટૂંકા સમયગાળા માટે હોય છે જ્યારે ધરપકડ બહુ લાંબી મુદત માટે પણ હોઈ શકે છે. કોઈ વ્યક્તિ પર ઔપચારિક રીતે ગુનાનો આરોપ મૂક્યા વિના તેને પૂછપરછ માટે કસ્ટડીમાં રાખવો એ અટકાયત છે.

અટકાયત કરનારને હંમેશાં જેલમાં ના મોકલાય કેમ કે અટકાયતનો મતલબ કોઈ પણ વ્યક્તિને કામચલાઉ રીતે પોલીસ કે બીજી સરકારી એજન્સીની કસ્ટડીમાં રાખવી એવો થાય છે. પોલીસ કે એજન્સી ઘણીવાર તપાસ માટે કોઈ વ્યક્તિને લઈ જાય ત્યારે તેની ધરપકડ ના દર્શાવે પણ અટકાયત દર્શાવે એવું બનતું હોય છે. તપાસ પૂરી થાય એટલે વ્યક્તિને છોડી દેવાય એવું બનતું હોય છે.

કોઈની ધરપકડ કરાય તેનો મતલબ કોઈ પણ ગુના માટેની ઔપચારિક કાનૂની કાર્યવાહી આગળ ધપાવવી એવો થાય છે. ધરપકડ એવી વ્યક્તિની કરાય છે કે જેની સામે ગંભીર પ્રકારના આરોપો હોય અને આ આરોપોના સંદર્ભમાં વધુ તપાસ કરવા માટે તેની જરૂર હોય. હત્યા, બળાત્કાર સહિતના ગંભીર અપરાધોમાં તો તપાસ પૂરી થઈ ગઈ હોય પણ કોર્ટમાં દલીલો ચાલતી હોય ત્યારે પણ આરોપીની ધરપકડ કરીને જેલમાં રખાય છે. જો કે અટકાયત કરાય કે ધરપકડ કરાય પણ મૂળ વાત એ છે કે, માણસનો પગ કુંડાળામાં પડેલો જ છે.

મોદી સરકારે આ બિલ કેમ લાવવું પડ્યું એ પણ સમજવા જેવું છે. હાલમાં ગંભીર ગુનામાં જેલભેગા કરાયેલા કે અટકાયતમાં લેવાયેલા વડા પ્રધાન, મુખ્યમંત્રી કે મંત્રીને હોદ્દા પરથી દૂર કરવાની કોઈ જોગવાઈ નથી. તેના કારણે જેલભેગા થવા છતાં મંત્રીઓ હોદ્દા પર ચીટકી રહે છે. તેનો લાભ લઈને ઘણા મંત્રી ગંભીર ગુનાના આરોપી હોવા છતાં સત્તાસ્થાને ચીટકી રહે છે. અરવિંદ કેજરીવાલનો દાખલો તાજો જ છે. દિલ્હીના કહેવાતા લિકર કેસમાં આરોપી તરીકે ધરપકડ કરાયા છતાં કેજરીવાલ મુખ્યમંત્રીપદે ચાલુ રહ્યા હતા. તમિળનાડુના મંત્રી સેન્થિલ તો આ મહિના લગી જેલમાં રહ્યા હોવા છતાં તેમને હોદ્દા પરથી હટાવાયા નહોતા. આ ત્રણેય બિલ પસાર થશે પછી જેલમાં બંધ રહેલા નેતા મંત્રી હોય, મુખ્યમંત્રી હોય કે પ્રધાન મંત્રી હોય, ૩૧મા દિવસે ઘરભેગા થઈ જશે.

વિપક્ષોનું કહેવું છે કે, આ કાયદાનો ભયંકર દુરુપયોગ કરાશે અને ભાજપને નડતા વિપક્ષી મંત્રી કે મુખ્યમંત્રીને ખોટા ગુનામાં ઉઠાવીને જેલભેગા કરી દેવાય પછી આ કાયદા હેઠળ રવાના કરી દેવાશે. આ વાત ખોટી નથી પણ આ શક્યતા તો દરેક કાયદામાં રહેલી હોય છે તો નવા કાયદા બનાવવાનું જ છોડી દેવાનું ? કોઈ પણ કાયદો બને પછી સત્તામાં બેઠેલા લોકો તેનો દુરુપયોગ કરે જ છે. ભૂતકાળમાં કૉંગ્રેસે કર્યું ને હવે ભાજપ કરી રહ્યો છે પણ તેનો અર્થ એ નથી જ કે, દેશમાં નૈતિકતાને પોષનારા કાયદા ના બનાવાય. અત્યારે આવો કાયદો નથી તેનો ગેરલાભ ઉઠાવીને નૈતિકતાને સાવ નેવે મૂકીને કેજરીવાલ કે બીજા મંત્રીઓ મહિનાઓ લગી સત્તાસ્થાનેથી હટ્યા જ નહીં એવું બન્યું જ છે.

કોઈ પણ મંત્રી કે મુખ્યમંત્રી અપરાધી છે કે નહીં એ નક્કી કરવાનું કામ કોર્ટનું છે પણ જ્યાં સુધી એ આરોપી છે ત્યાં સુધી તેને સત્તાસ્થાને રહેવાનો નૈતિક અધિકાર નથી જ. ખોટો કેસ કરાયો હોય તો પણ એ વાત કોર્ટમાં સાબિત કરવી જોઈએ કેમ કે એ જ સિસ્ટમ છે. તેના બદલે વિપક્ષો અત્યારથી જ ખોટા કેસો કરી દેવાશે એવી કાગારોળ મચાવે એ યોગ્ય નથી. બીજી વાત એ કે, દરેક ભાજપ વિરોધી મંત્રી કે મુખ્યમંત્રી સામે કેસ થતા નથી. જેણે કારણ આપ્યું તેની સામે જ કેસ થાય છે. આ સંજોગોમાં વિપક્ષોએ પોતાના નેતાઓને સ્વચ્છ બનાવવા જોઈએ કે કાયદાનો વિરોધ કરવો જોઈએ ?

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

દક્ષિણાયન – સૌર વર્ષાઋતુ, ગુરુવાર, તા. ૨૧-૮-૨૦૨૫, બૃહસ્પતિ પૂજન, શિવરાત્રિ, અઘોરા ચતુર્દશી,

- ભારતીય દિનાંક ૩૦, માહે શ્રાવણ, શકે ૧૯૪૭
- વિક્રમ સંવત ૨૦૮૧, શા. શકે ૧૯૪૭, શ્રાવણ વદ-૧૩
- જૈન વીર સંવત ૨૫૫૧, માહે શ્રાવણ, તિથિ વદ-૧૩
- પારસી શહેનશાહી રોજ ૭મો અમરદાદ, માહે ૧લો ફરવરદીન, સને ૧૩૯૫
- પારસી કદમી રોજ ૭મો અમરદાદ, માહે ૨જો અર્દીબહેશ્ત, સને ૧૩૯૫
- પારસી ફસલી રોજ ૪થો શહેરેવર, માહે ૬ઠ્ઠો શહેરેવર, સને ૧૩૯૪
- મુસ્લિમ રોજ ૨૬મો, માહે ૨જો સફર, સને ૧૪૪૭
- મીસરી રોજ ૨૭મો, માહે ૨જો સફર, સને ૧૪૪૭
- નક્ષત્ર પુષ્ય મધ્યરાત્રે ક. ૨૪-૦૮ સુધી, પછી આશ્લેષા.
- ચંદ્ર કર્કમાં • ચંદ્ર રાશિ નામાક્ષરઃ કર્ક (ડ, હ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૨૨, અમદાવાદ ક. ૦૬ મિ. ૧૯, સ્ટા. ટા.
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૯ મિ. ૦૧, અમદાવાદ ક. ૧૯ મિ. ૦૬, સ્ટા. ટા.

મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ

- ભરતીઃ સવારે ક. ૧૧-૦૪, રાત્રે ક. ૨૨-૫૨.
- ઓટઃ સાંજે ક. ૧૭-૨૩, મધ્ય રાત્રિ પછી ક. ૦૫-૦૭ (તા. ૨૧)
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૧, ‘અનલ’ નામ સંવત્સર પ્રારંભ, શાલિવાહન શક સંવત ૧૯૪૭, ‘વિશ્વાવસુ’ નામ સંવત્સર, શ્રાવણ કૃષ્ણ – ત્રયોદશી. બૃહસ્પતિ પૂજન, શિવરાત્રિ, અઘોરા ચતુર્દશી, કૈલાસયાત્રા (૨ દિવસ), પર્યુષણ પર્વારંભ-પંચમી પક્ષ (જૈન), ગુરુપુષ્યામૃત યોગ (વિવાહે વર્જ્ય), સૂર્યોદયથી ક. ૨૪-૦૯, ભદ્રા બપોરે ક. ૧૨-૪૪થી મધ્યરાત્રે ક. ૨૪-૧૬, સૂર્ય મહાનક્ષત્ર મઘા, વાહન દેડકો.
- શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ દિવસ.
- મુહૂર્ત વિશેષઃ શિવરાત્રિ વિશેષ પૂજા, ગુરુ પુષ્યામૃત યોગની વિશેષ યંત્ર-મંત્ર સિદ્ધિની પૂજાનો મહિમા, બ્રહ્મલીન હરિહર પંડિત મહેસાણાવાળા રચિત રિદ્ધિસિદ્ધિદાયક શ્રી ગણેશયંત્ર પ્રતિષ્ઠા, પૂજા, અભિષેક, પરદેશનું પસ્તાનું, પીપળાનું પૂજન, ગુરુ-શનિ ગ્રહદેવતાનું પૂજન, વિદ્યારંભ, સર્વશાંતિ, શાંતિ પૌષ્ટિક પૂજા, બાળકોનું નામકરણ, દેવદર્શન, અન્નપ્રાશન, નવાં વસ્રો, આભૂષણ, નવાં વાસણ, દસ્તાવેજ, દુકાન-વેપાર, બી વાવવું, ખેતીવાડી, ધાન્ય ભરવું, પશુ લે-વેંચ, નૌકા બાંધવી, શ્રી વિષ્ણુ સહસ્ર નામ સ્તોત્ર પાઠ વાંચન, શ્રી વિષ્ણુ-લક્ષ્મી પૂજા વિશેષરૂપે, શ્રી યંત્ર પૂજા, અભિષેક.
- આચમનઃ ચંદ્ર-નેપ્ચૂન ત્રિકોણ કલ્પનાશીલ, ચંદ્ર-બુધ યુતિ ચપળ મન.
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-નેપ્ચૂન ત્રિકોણ, ચંદ્ર-બુધ યુતિ, બુધ આશ્લેષા નક્ષત્ર પ્રવેશ.
- ગ્રહગોચરઃ સૂર્ય-સિંહ, મંગળ-કન્યા, માર્ગી બુધ-કર્ક, ગુરુ-મિથુન, શુક્ર-કર્ક, વક્રી શનિ-મીન, રાહુ-કુંભ, કેતુ-સિંહ, માર્ગી હર્ષલ-વૃષભ, વક્રી નેપ્ચ્યુન-મીન, વક્રી પ્લુટો-મકર.

## મુખ્બિરે ઈસ્લામ

અનવર વલિયાણી
anwar.v@bombaysamachar.com

# સેતાન કરતાં પણ વધુ બેશરમ લોકો દુનિયામાં મોજૂદ

**હઝરત** જુનૈદ બગદાદી રહમતુલ્લાહે અલયહે (વલી – ઓલિયા માટે વપરાતા આ માનવાચક શબ્દસમૂહનો અર્થ થાય છે, આપ પર અલ્લાહની કૃપા – શુભેચ્છા રહે)નો જન્મ હિજરી સન ૨૧૫માં બગદાદમાં થયો હતો અને રહેઠાણ પણ બગદાદ જ હતું. આપ મહાન, ગંભીર, વિચારશીલ અને તત્ત્વજ્ઞાની હતા. શરિયત (ઈસ્લામી નિયમો, કાયદા – કાનૂન)ના પૂરા જાણકાર અને પાબંદ હતા. આપ હઝરતે કરેલા શરિયતના નિર્ણય સર્વમાન્ય રહેતા. આ બધા ગુણોને લીધે તે સમયના વિદ્વાન, જ્ઞાનીઓમાં આપ અગ્રેસર હતા. હઝરત જુનૈદ તેમના મામા હઝરત સીર્રીસકતી (રહ. અલયહે)ના મુરાદ (શિષ્ય) હતા. બંનેના મઝાર બગદાદ શરીફમાં એક જ છત નીચે છે. હઝરત જુનૈદ નાનપણથી જ તત્ત્વજ્ઞાન અને તસવ્વુફ (વાક્યનું અર્થઘટન)ના જાણકાર હતા. આપ જ્યારે સાત વર્ષના હતા ત્યારે મામા સાથે મક્કા શરીફ હજ (ધાર્મિકયાત્રા) કરવા ગયા. એક દિવસ હરમ શરીફમાં ચારસો ઉલમા (ધર્મના વિદ્વાનો) વચ્ચે શુક્રગુઝારી એટલે શું તેની ચર્ચા થવા લાગી. આલિમ (જાણકાર) પોતાની સમજ પ્રમાણે વ્યાખ્યા કરતા હતા. મામાએ બાળ જુનૈદને કંઈ કહેવા ઈશારો કર્યો. જુનૈદ થોડીવાર રહીને અદબથી બોલ્યા – ‘ખુદાએ આપણને જે નેઅમત (ઈશ્વરની દેણગી) અને દૌલત આપી છે તેનો દુરુપયોગ કરીને ગુનેગાર ન થઈએ પણ તેનો સદોપયોગ કરીને અલ્લાહનો ઉપકાર માનીએ તેનું નામ શુક્રગુઝારી (આભાર પ્રદર્શિત)!’

હઝરત જુનૈદનો આ જવાબ સાંભળી બધા જ ઉલમા એક અવાજે બોલી ઊઠ્યા, તારી વ્યાખ્યા ઉત્તમ છે. આવું સરસ અર્થઘટન કોઈ ન કરી શક્યું.

મામાએ પૂછ્યું, ક્યાંથી શીખ્યો?

જુનૈદ બોલ્યા, આપની સોબતથી!

સોબત તેવી અસર.

એક સમયની વાત છે. હઝરત જુનૈદ તેમના પીરોમુર્શિદ (ગુરૂ, આધ્યાત્મનો ઉપદેશ આપનાર)ની ખાનકાહ પાસે એક ઓરડીમાં ઈબાદતમાં પરોવાયેલા હતા. તેઓ સવારની નમાઝ અદા કરી રહ્યા હતા. આ અને આવી બીજી આકરી ઈબાદત કરી ચાલીસ વર્ષ પસાર કર્યાં. આ જ જગ્યા પર તેઓ મુરીદોને ઉપદેશ પણ આપતા હતા. કેટલાક વિરોધીઓને સહન ન થતાં વિવાદ કરવા લાગ્યા. લોકોએ પૂછ્યું કે –

‘ઉપદેશ કેમ આપો છો?’

આપ હઝરતે કહ્યું, ‘હું સારો નથી તેથી ઉપદેશ આપીને સારા થવા પ્રયત્ન કરું છું!’

કોઈએ પૂછ્યું, ‘તમે ફકીરી લીબાસ (વસ્ત્રો) કેમ પહેરતા નથી?’

આપે જવાબ આપ્યો કે, ‘ફકીરી પોષાકથી સિદ્ધિ ન મળે, પણ મારું દિલ તો કહે છે, કે પોષાકનો ભરોસો ન કરીશ!’

કોઈએ ખલીફા (શાસનકર્તા)ને જૂઠી ફરિયાદ કરી. ખલીફાનું ચરિત્ર સારું ન હતું તેણે હઝરત જુનૈદને નીચું દેખાડવા માટે એક ખૂબસૂરત દાસીને હઝરત જુનૈદ તરફ મોકલી. તેની સાથે એક નોકરને મોકલ્યો. દાસીએ જુનૈદ રહમતુલ્લાહે અલયહે સામે પોતાનો બુરખો ખોલી નાખ્યો. આપે એક નજર નાખી અને ‘યા અલ્લાહ...!’ કહીને ઊભા થઈ ગયા. એજ ક્ષણે દાસી મડદું થઈ ગઈ.

નોકરે ખલીફાને વાત કરી.

ખલીફા ખૂબ જ પસ્તાયો અને આપ હઝરત સમક્ષ રૂબરૂ હાજર થયો અને માફી માગવા લાગ્યો.

હઝરત જુનૈદે ખલીફાને કહ્યું, ‘ઈસ્લામના સંરક્ષણ ખલીફા! મારી ચાળીસ વર્ષની તપસ્યા ભંગ કરવાની ઈચ્છા તમને કેમ થઈ ગઈ? કર્તાહર્તા તો ખુદા જ છે. આપ રોષ ન કરશો...!’

આપ રહમતુલ્લાહે અલયહેને એકવાર સેતાન નામે ઈબ્લીસને જોવાની તીવ્ર ઈચ્છા થઈ ગઈ.

સેતાન મસ્જિદની બહાર વૃદ્ધના વેષમાં મળ્યો.

આપે તેને પૂછ્યું, ‘તેં આદમ અલયહિ સ્સલામ (અ.સ.)ને સજદો (નમન) કેમ ન કર્યો?’

‘આપ જ કહો કે, ગયરૂલ્લાહ (માટીના બનેલા)ને સજદો હોય?’

આપ વિચારવિમર્શ થઈ ગયા.

તરત જ ગૈબમાંથી અવાજ સંભળાયો, ‘સેતાનને સજા નાફરમાનીની છે. ન કે અલ્લાહના હુકમની અવગણનાની!

આપ હઝરત ખુશ થઈ ગયા.

એકવાર સેતાનને આપે ખ્વાબ (સપના)માં નગ્ન જોયો. આપે પૂછ્યું, ‘તને શરમ નથી આવતી?’

સેતાને કહ્યું, ‘દુનિયામાં મારા કરતાં પણ બેશરમ લોકો હયાત (મૈજૂદ) છે. ખૂબ જ શરમવાળા કબરમાં પોઢી ગયા.

એકવાર ત્યાંના ખલીફા (રાજકર્તા)એ દરબારમાં એક અમીરને ઈનામ રૂપે ખિરકો (મોટો ઝભ્ભો) ભેટ આપ્યો. અમીરે ખિરકાની બાંયથી નાક સાફ કરી. ખલીફા ગુસ્સે થયો. તેણે અમીરને આપેલો ખિરકો પાછો લઈ લીધો અને તેને બરતરફ કરી દીધો.

આ જોઈ ત્યાં ઉપસ્થિત હઝરત જુનૈદ બોલ્યા, ‘અલ્લાહની નેઅમત (ઈશ્વરની દેણગી)ની પણ કદર નહીં કરો, તો તેનો જલાલ તમને બરબાદ કરી નાખશે...!’ અમીર ભોઠો પડી ગયો.

એક દોલતમંદે આપ હઝરતને ૫૦૦ દિનાર (તે સમયનાં નાણાં) ગરીબોમાં વહેંચવા માટે આપ્યા.

જુનૈદ સાહેબે તે માલદાર શખસને પૂછ્યું, ‘આપની પાસે બીજા દિનાર છે?’

એ અમીરે કહ્યું, ‘ઘણાં છે...!’

આપે ફરી પૂછ્યું કે, ‘હજુ કમાવવાની તમન્ના (ઈચ્છા) છે?’

તેણે કહ્યું, ‘જરૂર છે...!’

હઝરત જુનૈદે તેને બે વાર પૂછ્યું. બન્ને વાર તેણે એજ પ્રમાણે જવાબ આપ્યો કે ઘણાં છે. આથી હઝરત જુનૈદે તેને નાણાં પાછાં આપતાં કહ્યું કે, ‘બીજા કરતા વધારે જરૂરમતમંદ તમે છો...!

ઈલ્મો જ્ઞાનમાં માહીર – નિપૂણ અને તેમાંય પાછા વલીએ અલ્લાહની વાતોમાં, તેમના વર્તન – વ્યવહારમાં ખૂબ જ નિરાલાપણું હોય છે. માણસની સામાન્ય સમજ – અક્કલથી તે પર હોય છે.

એક ચોરને ફાંસીની સજા થઈ અને તેની લાશ જાહેરમાં ઝાડની ડાળીએ લટકતી હતી. હઝરત જુનૈદે તેના પગોને ચૂંબન કર્યું. જુનૈદ બોલ્યા, ‘ભલે તું ચોર હતો પણ તેં તારા કામને અંત સુધી પહોંચાડવા પોતાના પ્રાણની પણ પરવાહ ન કરી!

એક ભૂખ્યો, ગરીબ મુફલીસ હઝરત જુનૈદ પાસે યાચના કરવા લાગ્યો. આપે કહ્યું, ‘ખુશ થઈ જા. ખુદા જેના પર ખુશ અને મહેરબાન હોય છે તેને તંગદસ્ત રાખે છે. તું નસીબદાર, કિસ્મતવાળો છે...!’

એક નવજવાન મુરીદે (શિષ્ય) હઝરત જુનૈદને કહ્યું, ‘ખુદાની કુરબત (સમીપતા) જોઈએ છે...!’

આપ હઝરતે કહ્યું, ‘તારી પૂરી મિલકત વેચી દે...!’

મુરીદ મિલકત વેચી હજાર દિનાર લઈ આપની પાસે આવ્યો, ‘આપે કહ્યું, ‘બધા જ દિનાર દજલા નદીમાં નાખી દે...!’

યુવાન દજલા નદીને કિનારે બેસી ગયો અને એક એક દિનાર નદીમાં નાખવા લાગ્યો. હજાર દિનાર પૂરા કરીને હઝરત જુનૈદ સા’બ પાસે ગયો.

આપે તે નવજવાનને જોતાં જ કહ્યું કે, ‘જે જગ્યા પર એક જ પગલે પહોંચવાનું હતું તેના બદલે તે એક હજાર પગલાં ભર્યાં. તારી ધનલાલસા હજુ ગઈ નથી. ધર્મમાં તુ હિસાબ કરીશ તો ખુદાની નીકટ પહોંચીશ ક્યારે?

‘જા દુકાને બેસ અને બેઠાં બેઠાં પૈસા ગણ...!’

અંતવેળા આપ હઝરતે કહેલા છેલ્લા શબ્દો પણ યાદ રાખવા જેવા છેઃ

* બંદો પોતાને મખલૂક (ઉમ્મતી) કહે છે, પણ ખાલિક (રોજી આપનાર જગતકર્તા)થી તો દૂર જ રહે છે. * બધી કિતાબોમાં કુરાન મજીદ અને હદીસ શરીફ શ્રેષ્ઠ છે. * એકવાર ઘૂંટણના દર્દની (શફા) તંદુરસ્તી મળે તે માટે અલ-હમ્દો પઢતો અવાજ આવ્યો કે, ‘શરમ કરો. તમારા સ્વાર્થ માટે અમારો કલમો પઢવા માટે...!’

* હર હાલમાં મેં શુક્રગુઝારી (અલ્લાહનો આભાર) પસંદ કરી છે. * માલિક મને જન્નતમાં નાખે કે દોઝખમાં! હું શુક્રગુઝાર જ રહીશ.

– આપ છેક છેલ્લા સમયમાં વારંવાર અલ્લાહનું નામ જ લેતા હતા. વારંવાર અલ્લાહ, અલ્લાહનું રટણ કરતા રહેતા હતા.

વહાલા જિજ્ઞાસુ વાચક મિત્રો! હઝરત જુનૈદ બગદાદી રહમતુલ્લાહે અલયહેના ઉપદેશ આજે પણ અમલમાં મૂકવા જેવા છે. આપ ફરમાવતા કે * આપણે પેદા થયા તે વખતે જેવા હતા, તેવા જ જીવનભર રહેવું તેનું નામ અલ્લાહતઆલાનું અવલંબન. * બીજાના બોજ ન બનવું અને સતત દાન કરતા રહેવું તેનું નામ મર્દાનગી. * ઈશ્ક એટલે એકાંતિક. તેની સરખામણી ન હોય.

### સાપ્તાહિક સંદેશઃ

*આંખો સે તુને અપની,*
*કિત્ને જનાઝે દેખે*
*હાથોં સે અપને તુને,*
*દફનાએ કિત્ને મુરદે*
*અંજામ સે તું અપને,*
*ક્યું ઈતના બેખબર હય*
*દુનિયા કે અય મુસાફિર,*
*મંઝિલ તેરી કબર હય.*

## પહેલા પાનાનું ચાલુ

### ગુજરાતમાં સાર્વત્રિક

નવસારીના ચિખલી ૭.૫૨ ઈંચ, પોરબંદરના કુતિયાણા અને રાણાવાવમાં ૬.૯૩ ઈંચ, અને ૬.૬૯ ઈંચ, વલસાડના કપરાડા ૬.૬૫ ઈંચ, તાપીના ડોલવણ ૬.૨૬ ઈંચ, ભાવનગરના મહુઆ ૫.૩૧ ઈંચ, નવસારના ખેરગામ ૫.૨૮ ઈંચ, જૂનાગઢના માંગરોળ ૫.૨૪ ઈંચ, ગીર સોમનાથના તલાલા ૫.૦૪ ઈંચ, નવસારીના જલાલપોર ૫ ઈંચ ખાબક્યો હતો. ભારે વરસાદના કારણે પંચાયત અને માર્ગ-મકાન વિભાગ હેઠળના કુલ ૭૫ જેટલા રસ્તાઓ (૫૦ પંચાયત અને ૨૫ રાજ્ય ધોરીમાર્ગ) બંધ કરવામાં આવ્યા હતા. તંત્ર દ્વારા નાગરિકોને આ રસ્તાઓ પર અવર-જવર ન કરવા અપીલ કરવામાં આવી હતી. સૌરાષ્ટ્રમાં મેઘતાંડવથી ડેમ છલકાયા હતા અને નદીઓ બંને કાંઠે વહી હતી. મેંદરડા અને વંથલીમાં મધુવંતી નદીના પૂરે ભારે તબાહી મચાવી હતી. અનેક ગામો દરિયામાં ફેરવાયા હતા અને લોકોએ જાતે જ સ્થળાંતર કર્યું હતું. જૂનાગઢ-મેંદરડા હાઈવે સહિતના માર્ગો બંધ કરાયા હતા. શહેરમાં પણ કાળવા નદીના પાણી ફરી વળતા દામોદર કુંડ છલકાયો છે, જેનાથી સ્થાનિકોના ઘરો અને ધંધામાં નુકસાન થયું છે. જૂનાગઢ જિલ્લાના તમામ ડેમો ઓવરફ્લો થઈ ગયા છે. સૌરાષ્ટ્રના સૌથી મોટા ગણાતા અને ભાવનગર જિલ્લા જીવાદોરી સમાન શેત્રુંજી ડેમ ચોમાસાની ચાલુ સિઝનમાં ચોથી વખત ઓવરફ્લો થયો હતો. શેત્રુંજી ડેમના ૫૯ દરવાજા ૨ ફૂટ ખોલવામાં આવ્યા હતા. રસુલા ડેમ પણ ઓવરફ્લો થઈ ગયો છે અને તેના પાણીનો પ્રવાહ પણ વધી ગયો છે.

ભારે વરસાદના કારણે ઓઝત વીયરની નદીઓ બે કાંઠે વહી રહી છે. નીચાણવાળા વિસ્તારોમાં રહેતા લોકોને તાત્કાલિક સુરક્ષિત સ્થળે ખસી જવા માટે તંત્ર દ્વારા સૂચના આપવામાં આવી હતી. સતત વરસાદના કારણે ઓઝતનું જળસ્તર પણ સતત વધી રહ્યું છે. ગીર સોમનાથમાં પણ હિરણ અને રૂપેણ જેવી નદીઓ ગાંડીતૂર બનતા તાલાલા-કોડીનાર હાઈવે બંધ કરાયો હતો અને હજારો વીઘા ખેતરો પાણીમાં ગરકાવ થયા છે. ભાવનગરના જેસરમાં માલણ ડેમ ઓવરફ્લો થતાં ૧૦ ગામોને એલર્ટ કરાયા હતા, તો અમરેલીની રૂપેણી નદી પણ બે કાંઠે વહેતા સ્થાનિકોમાં ફફડાટ જોવા મળ્યો હતો. દક્ષિણ ગુજરાતમાં પણ ભારે વરસાદથી વલસાડના મધુબન ડેમના દરવાજા ખોલી દમણગંગા નદીમાં પાણી છોડવામાં આવ્યું હતું.

### ગુનાઈત વડા પ્રધાન,

કરવાનો રહેશે. સંસદનું શિયાળુ સત્ર નવેમ્બરના ત્રીજા અઠવાડિયાથી શરૂ થાય એવી શક્યતા છે. ગૃહમાં ખરડા રજૂ કરવામાં આવતાંની સાથે જ વિપક્ષના સભ્યોએ જોરદાર વિરોધ શરૂ કરી દીધો હતો અને સૂત્રોચ્ચાર કરતા વેલમાં ધસી ગયા હતા. અનેક સભ્યએ અમિત શાહની સામે જ ખરડાની નકલ ફાડી નાખી હતી. એઆઈએમના નેતા અસદુદ્દીન ઓવૈસી અને કૉંગ્રેસના મનોજ તિવારી તેમ જ કે. સી. વેણુગોપાલ સહિત વિપક્ષના સાંસદોએ ખરડો ગૃહમાં રજૂ કરવાની વિરોધમાં નિવેદન કર્યું હતું અને પ્રસ્તાવિત કાયદાને બંધારણ અને દેશની સ્વાયત્તતા વિરુદ્ધનો લેખાવ્યો હતો. આ ખરડા ઉતાવળે રજૂ કરવામાં આવ્યા હોવાની વિપક્ષ દ્વારા કરવામાં આવેલી ટીકાને શાહે ભારપૂર્વક નકારી કાઢી હતી. શાહે કહ્યું હતું કે આ ખરડા સંયુક્ત સંસદીય સમિતિને મોકલી આપવામાં આવશે જ્યાં વિપક્ષ સહિત બંને ગૃહના સભ્યોને સૂચનો આપવાની તક મળશે. (એજન્સી)

### દિલ્હીનાં મુખ્ય પ્રધાન

એક નિવેદનમાં જણાવ્યું હતું કે સિવિલ લાઇન્સ પોલીસ સ્ટેશનમાં ભારતીય દંડ સંહિતા (બીએનએસ)ની કલમ ૧૦૯(૧) હત્યાનો પ્રયાસ હેઠળ કેસ નોંધવામાં આવ્યો છે. આરોપી પર સરકારી કર્મચારી પર હુમલો કરવા અને તેમની ફરજ બજાવવામાં અવરોધ ઊભો કરવાનો આરોપ પણ મુકવામાં આવ્યો છે. સૂત્રોએ જણાવ્યું હતું કે આરોપી રાજેશ બે દિવસ પહેલા દિલ્હી આવ્યો હતે અને ઉત્તર દિલ્હીના સિવિલ લાઇન્સમાં રોકાયો હતો.

### ઑનલાઈન

ઑનલાઈન મની ગેમિંગની ઓફર આપવી કે સગવડ કરી આપવી એ શિક્ષાને પાત્ર હશે. આમાં ત્રણ વર્ષની જેલ કે એક કરોડ રૂપિયાનો દંડ થઈ શકશે અથવા તો બન્ને થઈ શકે. મની ગેમની જાહેરાત કરનારને બે વર્ષની જેલ અથવા ૫૦ લાખ રૂપિયાનો દંડ કે બન્ને થઈ શકે. મની ગેમ્સના નાણાકીય સોદા કરવાની સગવડ કરી આપનારને ત્રણ વર્ષની જેલ કે એક કરોડ રૂપિયાનો દંડ અથવા બન્ને થઈ શકે. વારંવાર ગુના કરનારને વધારાની શિક્ષા થશે. તેને ત્રણથી પાંચ વર્ષની જેલ અને બે કરોડ રૂપિયાનો દંડ થશે. ચાવીરૂપ કલમો હેઠળના ગુના દખલપાત્ર અને બિનજામીનપાત્ર હશે. ટોચના ક્રિકેટરો અને ફિલ્મ સ્ટારે આવી ગેમની જાહેરાત આપી હોવાથી રીયલ મની ગેમિંગ એપમાં લોકોમાં રસ ઊભો થયો છે. ડ્રીમ૧૧, ગેમ્સ ૨૪ બાય સેવન અને મોબાઈલ પ્રીમિયર લીગ આવી ગેમ ઓફર કરે છે.

સરકારી સૂત્ર જણાવ્યું હતું કે ઑનલાઈન રીયલ મની ગેમિંગ સમાજ માટે મોટી સમસ્યા બની ગઈ છે. સરકારે આ પ્રતિબંધને લીધે ગુમાવનારી આવક કરતાં લોકોના કલ્યાણને અગ્રતાક્રમ આપવાનું નક્કી કર્યું છે. (એજન્સી)

### મોદીની ડિગ્રીનો

૨૦૧૬ ના રોજ, સેન્ટ્રલ ઇન્ફર્મેશન કમિશન (સીઆઈસી) એ ૧૯૭૮ માં બીએ પરીક્ષા પાસ કરનારા તમામ વિદ્યાર્થીઓના રેકોર્ડનું નિરીક્ષણ કરવાની મંજૂરી આપી હતી – જે વર્ષે વડા પ્રધાન મોદીએ પણ પરીક્ષા પાસ કરી હતી. હાઇ કોર્ટે ૨૩ જાન્યુઆરી, ૨૦૧૭ ના રોજ સીઆઈસીના આદેશ પર સ્ટે મૂક્યો હતો. ડીયુએ સીઆઈસીના આદેશને આ આધાર પર પડકાર્યો હતો કે તેણે વિદ્યાર્થીઓની માહિતી વિશ્વાસપાત્ર રીતે રાખી હતી અને જાહેર હિતના અભાવે ‘‘માત્ર જિજ્ઞાસા’’ થી કોઈને આરટીઆઈ કાયદા હેઠળ ખાનગી માહિતી મેળવવાનો અધિકાર મળતો નથી.અગાઉ, આરટીઆઈ અરજદારોના વકીલે સીઆઈસીના આદેશનો બચાવ કર્યો હતો કારણ કે માહિતી અધિકાર (આરટીઆઈ) કાયદામાં વડા પ્રધાનની શૈક્ષણિક માહિતી જાહેર કરવાની જોગવાઈ છે.

### વીમાના પ્રીમિયમને

અને ૨૮ ટકાના દરે વસૂલવામાં આવે છે.

એક સૂત્રએ જણાવ્યું હતું કે નાણામંત્રીએ લગભગ ૨૦ મિનિટના સંબોધનમાં જીએસટી સુધારાઓ સંબંધિત દરખાસ્ત વિશે મંત્રીઓના જૂથને જણાવ્યું હતું. તેમણે રાજ્યોના મંત્રીઓને જીએસટી સુધારાઓની જરૂરિયાતથી વાકેફ કર્યા હતા.

### અમદાવાદમાં

પ્રયાસ કર્યો હતો. આ મામલે સગીરની માતાએ ખોખરા પોલીસ સ્ટેશનમાં હુમલો કરનારા ધોરણ ૮ના વિદ્યાર્થી વિરુદ્ધ ફરિયાદ નોંધાવતા પોલીસે હત્યાના પ્રયાસનો ગુનો દાખલ કર્યો હતો. આ મામલે ખોખરા પોલીસે હત્યાના પ્રયાસનો ગુનો દાખલ કરીને હુમલો કરનારા સગીર વિદ્યાર્થીને જુવેનાઇલ એક્ટ અંતર્ગત રાઉન્ડ અપ કર્યો હતો. આ સાથે જ પોલીસે બનાવ મામલે સીસીટીવી ફૂટેજ મેળવી તેમજ ઘટના સમયે હાજર અન્ય વિદ્યાર્થીઓનાં નિવેદન લીધાં હતાં.અમદાવાદ શહેર ડીઈઓ રોહિત ચૌધરીએ જણાવ્યું હતું કે, સ્કૂલ દ્વારા અમને બનાવ અંગે જાણ કરવામાં આવી નથી. જેથી અમે સ્કૂલને નોટિસ ફટકારી રૂબરૂ હાજર રહી રિપોર્ટ રજૂ કરવા આદેશ કર્યો છે.

### ગુજરાત, મહારાષ્ટ્રમાં

જેએનપીટી પરથી રૂ. ૧,૮૫૬ કરોડના મૂલ્યનું ૯૨૮ કિલો હેરોઈન, રૂ. ૧૫૮ કરોડના મૂલ્યનું મેથામ્ફેટામાઈન અને રૂ. ૨૯૫ કરોડના મૂલ્યનું ૫૯ કિલો કોકેઈન જપ્ત કરવામાં આવ્યું હતું. તમિળનાડુના તૂટિકોરિનસ્થિત વીઓ ચિદમ્બરમ પોર્ટ પરથી રૂ. ૧,૫૧૫ કરોડના મૂલ્યનું ૩૦૩ કિલો કોકેઈન જપ્ત કરવામાં આવ્યું હતું. કોલકાતાના શ્યામા પ્રસાદ મુખરજી પોર્ટ પરથી રૂ. ૭૮ કરોડના મૂલ્યનું ૩૯ કિલો હેરોઈન અને કોલકાતા સીએફએસ ખાતેથી રૂ. ૧,૭૦,૦૦૦નાં મૂલ્યનાં ૧,૦૦૦ ટ્રામાડોલ ઈન્જેકશન જપ્ત કરવામાં આવ્યા હતા. (એજન્સી)

# રાજકોટમાં હાઈ કોર્ટ બેન્ચની માગઃ સાંસદ રામ મોકરિયાએ મુખ્ય પ્રધાનને ફરી પત્ર લખ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજકોટમાં હાઈ કોર્ટની બેંચ સ્થાપિત કરવાની લાંબા સમયથી ચાલી રહેલી માગ ફરી વાર જોર પકડી રહી છે. રાજ્યસભાના સાંસદ રામ મોકરિયાએ મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલને પત્ર લખીને આ અંગે તાત્કાલિક કાર્યવાહી કરવા વિનંતી કરી હતી.

આ લડતનો પ્રારંભ ૨૦૧૫માં થયો હતો. બાર એસોસિયેશન દ્વારા રજૂઆત કરાતા સાંસદ મોકરિયાએ ૨૦ સપ્ટેમ્બર, ૨૦૨૨ના રોજ કેન્દ્રીય કાયદા પ્રધાન કિરણ રિજ્જુને પત્ર લખીને આ મુદ્દાને સમર્થન આપ્યું હતું. જોકે, આ મુદ્દે કોઈ નક્કર કાર્યવાહી ન થતાં, મોકરિયાએ ૨ ઑગસ્ટ, ૨૦૨૫ના રોજ ફરીથી મુખ્ય પ્રધાનને પત્ર લખ્યો હતો.

પત્રના જવાબમાં, કેન્દ્રીય કાયદા પ્રધાન કિરણ રિજ્જુએ ૨૭ ઑક્ટોબર, ૨૦૨૨ના રોજ સ્પષ્ટતા કરી હતી કે, હાઈ કોર્ટ બેંચની સ્થાપના જસવંતસિંહ કમિશનની ભલામણો અને સુપ્રીમ કોર્ટના ચુકાદા (૨૦૦૦ના ડબ્લ્યુપી (સી) નંબર ૩૭૯) મુજબ જ થઈ શકે છે. આ માટે રાજ્ય સરકાર દ્વારા માળખાગત સુવિધાઓ અને ખર્ચને પહોંચી વળવાની તૈયારી દર્શાવતી સંપૂર્ણ દરખાસ્ત રજૂ કરવી જરૂરી છે. આ ઉપરાંત, સંબંધિત હાઈ કોર્ટના ચીફ જસ્ટિસ અને રાજ્યપાલની સંમતિ પણ અનિવાર્ય છે. આ અંગે સાંસદ મોકરિયાએ જણાવ્યું હતું કે સરકાર આ બાબતે હકારાત્મક વલણ ધરાવે છે, પરંતુ કાયદાકીય પ્રક્રિયા અને જરૂરી મંજૂરીઓને કારણે આ પ્રક્રિયા લાંબી ચાલી રહી છે. ■


# પેટ્રોલ કારથી ઈલેક્ટ્રિક વાહનો સુધીઃ ભારતના ઓટોમોટિવ હબ તરીકે ગુજરાતનો દબદબો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ભારતમાં ઓટોમોટિવ ક્ષેત્રે ક્રાંતિ આવી છે તેમાં ગુજરાતનો મોટો ફાળો છે. ગુજરાત તેના વ્યૂહાત્મક સ્થાન, મજબૂત માળખાકીય સુવિધાઓ અને રોકાણને અનુકૂળ નીતિઓને પગલે અન્ય રાજ્યોની સરખામણીમાં ઓટો કંપનીઓની પહેલી પસંદ બન્યું છે. ઉત્તર ગુજરાતની વાત કરીએ તો સુઝુકી મોટર્સ ગુજરાતના કારણે આજે આ ક્ષેત્ર ભારતના અગ્રણી ઓટોમોટિવ ઉત્પાદન કેન્દ્રો પૈકીનું એક બન્યું છે. સુઝુકી મોટર્સ ગુજરાતે ૭.૫ લાખ કાર યુનિટની વાર્ષિક ઉત્પાદન ક્ષમતા સાથે ગુજરાતને વૈશ્વિક ઓટો હબ બનાવવામાં મહત્ત્વની ભૂમિકા ભજવી છે. આ સફળતા વાઇબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સમાં પણ પ્રદર્શિત થશે. અત્રે ઉલ્લેખનીય છે કે, આગામી ૯-૧૦ ઑક્ટોબર, ૨૦૨૫ના રોજ મહેસાણામાં ઉત્તર ગુજરાત માટેની વાઇબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સ (વીજીઆરસી) યોજાશે.

વર્ષ ૨૦૧૨થી ૨૦૧૫ વચ્ચે ગુજરાતમાં ઓટોમોબાઇલ ક્ષેત્રએ વૈશ્વિક રોકાણકારોને આકર્ષ્યા હતા. ૨૦૧૪માં સુઝુકીએ રાજ્યમાં એક મેગા મેન્યુફેક્ચરિંગ યુનિટ સ્થાપિત કરવા માટે એમઓયુ પર હસ્તાક્ષર કર્યા અને ગુજરાતનું ઓટો ક્ષેત્ર વેગવંતુ બન્યું છે. આ કંપનીએ વર્ષોથી ગુજરાતમાં નોંધપાત્ર રોકાણ કર્યું છે, જેનાથી રોજગારીની પુષ્કળ તકો ઊભી થઈ છે. આજે સુઝુકી મોટરનો ગુજરાત પ્લાન્ટ ભારતમાં ઓટોમોબાઈલ ઉત્પાદન સુવિધાઓમાં આગળ પડતું સ્થાન ધરાવે છે. આ પ્લાન્ટે મહેસાણાની આસપાસ ઓટો કમ્પોનન્ટ ઉદ્યોગમાં મોટા પાયે રોકાણો આકર્ષિત કર્યા છે.

મજબૂત પોર્ટ ઇન્ફ્રાસ્ટ્રક્ચરના કારણે વૈશ્વિક ઓટોમોબાઈલ ઉદ્યોગ માટે ગુજરાત વ્યૂહાત્મક એક્સપોર્ટ હબ બન્યું છે. ૨૦૨૪માં ગુજરાતે દક્ષિણ આફ્રિકા, સાઉદી અરેબિયા, જાપાન, યુએઈ અને ચિલી સહિતના દેશોમાં લગભગ ₹૩,૪૫૯ કરોડના ઓટોમોબાઇલની નિકાસ કરી હતી. આ ઉપરાંત, નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩માં ગુજરાતમાં ઓટોમોબાઇલ ક્ષેત્રમાં ₹૨૯,૭૦૦ કરોડનું માતબર રોકાણ નોંધાયું હતું, જે છેલ્લાં પાંચ વર્ષમાં ૧૬.૪ ટકાની મજબૂત સીએજીઆર દર્શાવે છે. એટલે કે, રોકાણ વાર્ષિક ૧૬.૪ ટકાના દરે વધી રહ્યું છે. સુઝુકી મોટર કોર્પોરેશને તાજેતરમાં ઇલેક્ટ્રિક વાહનો માટે બેટરી પ્લાન્ટ (₹૭,૩૦૦ કરોડ) અને ઈવી ઉત્પાદન સુવિધા (₹૩,૧૦૦ કરોડ)ની જાહેરાત કરી છે, જે રાજ્યમાં ઇલેક્ટ્રિક વાહનોના ઉત્પાદનને પ્રોત્સાહન આપશે. ■



**પર્યુષણ :** પર્યુષણના પ્રથમ દિવસે જૈન શ્રદ્ધાળુઓએ અમદાવાદમાં દેરાસરમાં પ્રાર્થના કરી હતી. (પીટીઆઈ)

# દિલ્હીમાં મુખ્ય પ્રધાન પર હુમલો કરનારો રાજકોટનો યુવાન શ્વાનપ્રેમી હોવાનો માતાનો દાવો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ દિલ્હીનાં મુખ્ય પ્રધાન રેખા ગુપ્તા પર તેમના નિવાસસ્થાને બુધવારે સવારે યોજાયેલા જન સંવાદ કાર્યક્રમ દરમિયાન એક વ્યક્તિએ હુમલો કર્યો હતો. આરોપીએ મુખ્ય પ્રધાનનો હાથ પકડીને ખેંચ્યો હતો. તેઓ ટેબલના ખૂણા સાથે અથડાયાં હતાં, જેથી માથામાં ઈજા થઈ છે. મુખ્ય પ્રધાન પર હુમલો કરનારા રાજકોટનો ૪૦ વર્ષીય રાજેશ ખિમજી સાકરિયા હોવાનું બહાર આવ્યું હતું. રાજકોટના ગોકુલધામ વિસ્તારમાં રહેતા રાજેશ ખિમજી સાકરિયાની ધરપકડ દિલ્હી પોલીસ દ્વારા કરવામાં આવી હતી.



રાજેશની માતા ભાનુબેન સાકરિયાએ કહ્યું હતું કે, પોતાનો પુત્ર શ્વાનપ્રેમી છે. જે રખડતા શ્વાનોને પકડીને આશ્રયસ્થાનોમાં મૂકવાના સુપ્રીમ કોર્ટના ચુકાદાથી તે અપસેટ થઈ ગયો હતો. આ વખતે તે એટલી હદે ઉશ્કેરાઈ ગયો હતો કે ગુસ્સામાં હાથ પછાડીને પલંગ જ લગભગ તોડી નાખ્યો હતો. માનસિક રીતે તે ઘણો ઉગ્ર હતો અને મારા કે તેની પત્ની પર પણ હાથ ઉપાડી લેતો હતો ગમે તેને મારઝૂડ કરી લેતો હતો.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, રાજેશ ઉપરાંત તેમના ભાઈ અને પિતા પણ રિક્ષા ચલાવવાનો જ વ્યવસાય કરે છે. તેઓએ ઉમેર્યું હતું કે તે રવિવારે દિલ્હી ગયો હતો તેના પિતાએ ફોનમાં ક્યાં છો? તેવી પૂછપરછ કરી હતી ત્યારે રખડતા ભટકતા શ્વાનોને મામલે દિલ્હી ગયો હોવાનું કહ્યું હતું અને તુર્ત ફોન કટ કરી નાખ્યો હતો.

માત્ર શ્વાન જ નહિ સમગ્ર પશુ પંખીઓ પ્રત્યે પ્રેમ છે, પશુ પક્ષીઓની સેવાનું કામ કરતો હતો. ઘરમાંથી ભોજન લઈ જઈને ખવડાવતો હતો. તેમના પાડોશીઓએ પણ કહ્યું હતું કે તે પશુપ્રેમી છે. ક્યારેય માથાકૂટ કરતો ન હતો શ્વાનોને રોજ દૂધ-રોટલા ખવડાવતો હતો.

રાજેશની માતાનાં આ નિવેદનથી ઘટનાનું કારણ વધુ ગૂંચવણભર્યું બન્યું છે. પોલીસે રાજેશના ઘરની તપાસ કરી હતી અને તેમના પરિવારના સભ્યો અને પાડોશીઓ પાસેથી માહિતી એકઠી કરી હતી. આ ઘટનાએ રાજેશના સ્વભાવ અને તેમના આ હુમલાના હેતુ અંગે અનેક સવાલો ઊભા કર્યા છે. ■

# સુરત એરપોર્ટ નજીક બહુમાળી ઈમારતો મામલે ડીજીસીએ અને એએઆઈને હાઈ કોર્ટની નોટિસ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સુરત એરપોર્ટ નજીકની ઊંચી ઇમારતોના કારણે વિમાનોને લેન્ડિંગ ૦અને ટેકઓફ વખતે અકસ્માતની આશંકાને ધ્યાનમાં રાખીને હાઇ કોર્ટમાં ૨૦૧૯માં થયેલી જાહેરહિતની અરજી પર ૧૮ ઑગસ્ટ, ૨૦૨૫ના રોજ ફરી સુનાવણી યોજાઈ હતી, જેમાં હાઇ કોર્ટે કહ્યું હતું કે, બિલ્ડિંગની ઊંચાઈ જ નહીં, એરપોર્ટથી અંતર પણ સમસ્યા છે. અત્યાર સુધી શા માટે ઑથોરિટીએ પગલાં ભર્યા નથી તેનો જવાબ આપે?

આ સમગ્ર મામલે હાઇ કોર્ટના ચીફ જસ્ટિસની બેન્ચે એરપોર્ટ ઑથોરિટી ઑફ ઇન્ડિયા અને ડિરેક્ટોરેટ જનરલ ઑફ સિવિલ એવિયેશન પાસેથી જવાબ માગ્યો હતો કે, અત્યાર સુધીમાં તેમણે આ મામલે શું કાર્યવાહી કરી છે અને કયા પગલાં લીધાં છે? આ કેસની વધુ સુનાવણી આગામી દિવસોમાં રાખવામાં આવી છે.

હાઇ કોર્ટ સમક્ષ થયેલી રજૂઆતો બાદ બેન્ચે એવી વેધક ટકોર ઑથોરિટીને કરી હતી કે એરપોર્ટથી વિવાદિત ઇમારતોના અંતરને કારણે સુરત એરપોર્ટ સંપૂર્ણ ક્ષમતા સાથે કાર્ય કરી શકતું નથી. વિવાદિત બાંધકામ એનઓસી મુજબ થયું જ નથી. પીઆઈએલના અરજદાર સાચું જ કહે છે કે ઑથોરિટીએ કોઈ પગલાં લીધા નથી. આ સમસ્યા મોટી છે એટલે તપાસ પણ વિસ્તૃત કરવી પડે. ડીજીસીએ અને એરપોર્ટ ઑથોરિટી ઑફ ઇન્ડિયા જવાબ આપે કે શા માટે તેમણે કોઈ પગલાં લીધા નથી? અને જો પગલાં લીધા તો એ કયા હતા?

કોર્ટે એવી ટકોર પણ કરી હતી કે રહેવાસીઓને વર્ષ ૨૦૨૧માં શો કોઝ નોટિસ મળી છે, પરંતુ અત્યાર સુધી કોઈ નકારાત્મક પગલાં તેમના વિરુદ્ધ લેવાયા નથી. તો એરપોર્ટ ઑથોરિટી જવાબ આપે, આટલાં વર્ષોથી રહેવાસીઓને અપાયેલી નોટિસ ઉપર નિર્ણય કેમ લેવાયો નથી?

એરપોર્ટ ઑથોરિટીએ જણાવ્યું હતું કે આ મામલે કુલ ત્રણ સર્વે અત્યાર સુધીમાં કરવામાં આવ્યા છે, જેમાં વર્ષ ૨૦૧૬માં ૧૬ નડતર રૂપ બાંધકામ સામે આવ્યા હતા, વર્ષ ૨૦૧૭ ના સર્વેમાં ૨૨ નડતરરૂપ બાંધકામ સામે આવ્યા હતા. વર્ષ ૨૦૧૮ના સર્વેમાં ૨૭ નડતર રૂપ બાંધકામ સામે આવ્યા હતા. હાઇ કોર્ટે ઑથોરિટી દ્વારા ફાઇલ કરાયેલી જૂની એફિડેવિટ જોતા આશ્ચર્ય વ્યક્ત કર્યું હતું કે અત્યાર સુધી કોર્ટ સમક્ષ બાંધકામની ઊંચાઇનો મુદ્દો જ રજૂ કરવામાં આવ્યો છે, પરંતુ માત્ર ઊંચાઇ નહીં એરપોર્ટથી બિલ્ડિંગના અંતરનો પણ પ્રશ્ન છે. તો પછી ઑથોરિટીએ શા માટે માત્ર બિલ્ડિંગની ઊંચાઇ ઘટાડવા માટે નોટિસ આપી છે? તેવો ધારદાર સવાલ પણ હાઈ કોર્ટે કર્યો હતો. ■

# દરિયામાં ફસાયેલા ગુજરાતના માછીમારો માટે મહારાષ્ટ્રનાં બંદરો પર આશ્રયની વ્યવસ્થા કરાઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજ્યના હવામાન વિભાગ દ્વારા ગુજરાતમાં રાજ્યમાં ભારેથી અતિભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. આગામી ૨૩ ઓગસ્ટ સુધી માછીમારી માટે હવામાન અનુકૂળ નહિ હોય તેમજ ભારે પવન ફૂંકાવાની સંભાવના છે આથી માછીમારોને દરિયો ન ખેડવા સૂચના આપવામાં આવી છે. તે ઉપરાંત માછીમારી માટે દરિયામાં હોય એવી તમામ બોટ્સને પણ તાત્કાલિક અસરથી પરત ફરવા સૂચના આપવામાં આવી હતી. આ ઉપરાંત દરિયામાં, વરસાદ અને ભારે પવન ફૂંકાવાની સ્થિતિને ધ્યાને લઇ માછીમારો મધદરિયે હોય કે મહારાષ્ટ્ર રાજ્યની દરિયાઇ સીમામાં હોય તો તે બોટ, જહાજ અને માછીમારોની સલામતી અર્થે કામચલાઉ રીતે આશ્રય મળી રહે તે માટે રાજ્ય સરકાર દ્વારા વિશેષ પ્રયાસો કરવામાં આવ્યા હતા અને આ અંગે ગુજરાત રાજ્યના મત્સ્યોદ્યોગ વિભાગ દ્વારા મહારાષ્ટ્ર રાજ્યના મત્સ્યોદ્યોગ વિભાગને આ અંગે જાણ કરવામાં આવી હતી. પ્રતિકૂળ હવામાનની સ્થિતિની બાબતને ધ્યાને લઇ ગુજરાત રાજ્યના માછીમારોને મહારાષ્ટ્રના પાલઘર, થાણે, મુંબઈ ઉપનગર, મુંબઈ શહેર, રાયગઢ અને રત્નાગિરી સિંધુદુર્ગ સહિતના વિસ્તારોમાં આશ્રય મળી રહે તે માટે મહારાષ્ટ્ર રાજ્યના મત્સ્યઉદ્યોગ વિભાગ દ્વારા ગુજરાત રાજ્યની બોટ, જહાજ અને માછીમારોને મહારાષ્ટ્ર રાજ્યના વિવિધ બંદરો પર સલામત આશ્રય, જરૂરી પ્રાથમિક સુવિધાઓ અને સહાય મળી રહે તે માટે આનુષાંગિક વ્યવસ્થાઓ કરવામાં આવી હતી. હવામાન ખાતાના અહેવાલ મુજબ, તાજેતરમાં અરબી સમુદ્રમાં હવામાનની પ્રતિકૂળ પરિસ્થિતિ છે. અમરેલી જિલ્લાના જાફરાબાદ, શિયાળબેટ, ચાંચબંદર, નવા બંદર, રાજપરા, સિમર-ખડાબંદર સહિતનાં બંદરો પરથી અને રાજ્યભરના દરિયાઇ વિસ્તારોમાંથી માછીમારો દરિયો ખેડવા માટે જતા હોય, તેમને દરિયો ન ખેડવા સૂચના આપવામાં આવી હતી. ■

# અમદાવાદમાં બીયુ પરમિશન- ફાયર એનઓસી સહિતના મુદ્દે ૩૯ પ્રી-સ્કૂલની અરજી નામંજૂર

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજ્યમાં પ્રી-સ્કૂલની નોંધણી અંગેના ભારેખમ નિયમોના કારણે છેલ્લાં દોઢ વર્ષના સમયગાળામાં અમદાવાદ શહેરમાં માત્ર ૧૧૭ પ્રી-સ્કૂલએ જ નોંધણી માટે અરજી કરી હતી. આ પૈકી તપાસ કરી ૭૧ સ્કૂલની અરજી મંજૂર કરવામાં આવી હતી, જ્યારે ફાયર એનઓસી, બીયુ પરમિશન સહિતના ડોક્યુમેન્ટ ન હોવાના કારણે ૩૯ પ્રી-સ્કૂલની અરજી નામંજૂર કરવામાં આવી હતી. અગાઉના નિયમ અનુસાર જિલ્લા કક્ષાએ નામંજૂર થયેલી અરજીઓની પૂર્તતા માટે વધુ ૧૦ દિવસનો સમય આપવામાં આવ્યો છે.

રાજ્યમાં આવેલી પ્રી-સ્કૂલની નોંધણીને અંગે કોઈ જ નિયમો ન હોવાથી રાજ્યમાં અનેક પ્રી-સ્કૂલ શરૂ થઈ હતી. જોકે, ત્યારબાદ સરકાર દ્વારા આ પ્રી-સ્કૂલ પર પણ નિયંત્રણ રહે તે માટેના પ્રયાસો શરૂ કરાયા હતા, જેમાં સૌપ્રથમ રાજ્યમાં આવેલી તમામ પ્રી-સ્કૂલની નોંધણી કરવાનું નક્કી કરાયું હતું, જેના માટે શિક્ષણ વિભાગ દ્વારા નિયમો નક્કી કરી સ્કૂલોને નોંધણી કરાવવા માટે તાકીદ કરવામાં આવી હતી. પ્રિ-પ્રાયમરી સ્કૂલની નોંધણી માટે અગાઉના જૂના ઠરાવ મુજબ, રજિસ્ટર્ડ ભાડા કરાર, બીયુ પરમિશન, ફાયર એનઓસી સહિતની વિગતો મગાઈ હતી.

અગાઉના નિયમ મુજબ અમદાવાદ શહેરમાં ૧૧૭ પ્રી-સ્કૂલએ નોંધણી માટે અરજી કરી હતી. જોકે, આ અરજીઓ મળ્યા બાદ તેની ચકાસણી કરવામાં આવી હતી અને ચકાસણીના અંતે ૭૧ પ્રી-સ્કૂલની અરજી મંજૂર કરવામાં આવી હતી, જ્યારે ૩૯ પ્રી-સ્કૂલની અરજી નામંજૂર કરાઈ હતી. આમ, અગાઉના નિયમ અનુસાર આ પ્રી-સ્કૂલની અરજી નામંજૂર કરવામાં આવી હોવાથી તેમને ખુટતા ડોક્યુમેન્ટ સહિતના મુદ્દે ૧૦ દિવસનો સમય આપ્યો છે, જેથી રિજેક્ટ થયેલી અરજીઓ અંગે તેઓ પૂર્તતા કરી શકે, પરંતુ જો સ્કૂલો નિયમાનુસાર આધારોની પૂર્તતા રજૂ કરી શકશે નહીં તો તેવા કિસ્સામાં ઓનલાઈન અરજી રદ કરવામાં આવશે.

અગાઉના નિયમોમાં ખૂબ જ ગૂંચવાડા થયેલા હોવાથી સંચાલકોએ નિયમો હળવા કરવા માટે સરકાર સમક્ષ અનેક રજૂઆતો કરી હતી, જેના પગલે શિક્ષણ વિભાગ દ્વારા તાજેતરમાં નિયમો હળવા કર્યા હતા, જેમાં અગાઉ સંચાલકોને જે પ્રશ્નો હતા તે તમામને નવા નિયમોમાં હટાવી લેવામાં આવ્યા છે, જેમાં હવે પ્રી-સ્કૂલની નોંધણી માટે સ્કૂલે પોર્ટલ પર ડોક્યુમેન્ટ રજૂ કરીને સેલ્ફ ડેક્લેરેશન આપવાનું રહેશે અને તેના આધારે સ્કૂલોની નોંધણી થઈ જશે. જોકે, આ નવા સુધારા બાદ હજુ સુધી નોંધણીની પ્રક્રિયા શરૂ કરવામાં આવી નથી. ■

# સાપુતારાના ટેબલ પોઈન્ટ પરથી કાર ઊંડી ખીણમાં ખાબકી, સુરતના પરિવારનો ચમત્કારિક બચાવ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતના એકમાત્ર ગિરિમથક સાપુતારામાં ગત મોડી રાત્રે એક દુર્ઘટના સર્જાય હતી, જેમાં સુરતથી ડાંગ ફરવા માટે આવેલા પ્રવાસીઓની કાર ટેબલ પોઈન્ટ ચડતા સમયે રસ્તાની સાઇડ રેલિંગ તોડીને ૧૦૦ ફૂટ જેટલી ઊંડી ખીણમાં ખાબકી હતી. જો કે આ દુર્ઘટનામાં પરિવારનો ચમત્કારિક બચાવ થયો હતો. પોલીસ સ્ટાફે ક્રેનની મદદથી કારનું રેસ્ક્યુ કર્યું હતું.

મળતી વિગતો અનુસાર સુરત જિલ્લાના રહેવાસી રાજેશભાઈ તેમના પરિવાર સાથે ડાંગ જિલ્લામાં ફરવા માટે આવ્યા હતા. આ દરમિયાન ગિરિમથક સાપુતારાના પ્રખ્યાત ટેબલ પોઇન્ટ ખાતે ફરવા માટે જઈ રહ્યા હતા. આ દરમિયાન તેમની અર્ટિગા કાર પરથી કાબૂ ગુમાવી દેતા કાર આગળ વધવાને બદલે રિવર્સ જવા લાગી હતી અને રસ્તાની સાઈડની રેલિંગ તોડીને આશરે ૧૦૦ ફૂટ ઊંડી ખીણમાં ખાબકી ગઈ હતી.

કાર ખીણમાં ખાબકવાની ઘટનાની જાણ થતાની સાથે જ સાપુતારા પોલીસનો કાફલો ઘટનાસ્થળે પહોંચી ગયો હતો અને પોલીસે ક્રેનની મદદથી ખીણમાં ખાબકેલી કારને બચાવવાની કામગીરી આદરી હતી. રેસ્ક્યુની કામગીરી રાત્રીના સમયે કરવાની હોવાથી ભારે જહેમત ઉઠાવવી પડી હતી. જો કે સદનસીબે આ દુર્ઘટનામાં પરિવારનો ચમત્કારિક બચાવ થયો હતો.

ઉલ્લેખનીય છે કે હાલ ચોમાસું અને જાહેર રજાને કારણે ડાંગ જિલ્લામાં પ્રવાસીઓનો ધસારો જોવા મળી રહ્યો છે. વરસાદની ઋતુમાં તો ડાંગનું પ્રાકૃતિક સૌંદર્ય સોળે કળાએ ખીલી ઉઠ્યું હતું. સતત વરસી રહેલા વરસાદના કારણે ડુંગરો પરથી ધોધ અને ઝરણાંનાં દૃશ્યો તો કોઈપણને આકર્ષી લે તેવા મનોહર લાગી રહ્યા છે. વળી છેલ્લા ત્રણેક દિવસથી મેઘરાજાની વરસી રહેલી મહેરના કારણે સાપુતારા, ગીરાધોધ અને બોટનીકલ ગાર્ડન પર પ્રવાસીઓ ઊમટ્યા હતા. ■

# નૈતિક અને સાંસ્કૃતિક મૂલ્યોના સિંચન માટે ગુજરાતમાં શાળાના અભ્યાસક્રમમાં શ્રીમદ્ ભગવદ્ ગીતાનો સમાવેશ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતના શિક્ષણ વિભાગે રાજ્યના અભ્યાસક્રમમાં મોટા ફેરફારો કરવાનો મહત્ત્વનો નિર્ણય લીધો છે. શૈક્ષણિક વર્ષ ૨૦૨૫-૨૬થી ધોરણ ૯ થી ૧૨ના વિદ્યાર્થીઓને શ્રીમદ્ ભગવદ્ ગીતાનાં મૂલ્યો આધારિત પ્રકરણોનો અભ્યાસ કરાવવામાં આવશે. આ સાથે જ કોમ્પ્યુટર અધ્યયન અને અર્થશાસ્ત્રના અભ્યાસક્રમમાં પણ સુધારા કરવામાં આવ્યા હતા. શિક્ષણ બોર્ડે આ માટે ગુજરાતી, હિન્દી, અંગ્રેજી અને ઉર્દૂના પ્રથમ ભાષાનાં પાઠ્યપુસ્તકોમાં બે-બે નવાં પ્રકરણો ઉમેર્યાં હતાં.

ઉલ્લેખનીય છે કે શિક્ષણ વિભાગની આ પહેલનો હેતુ વિદ્યાર્થીઓમાં નૈતિક અને સાંસ્કૃતિક મૂલ્યોનું સિંચન કરવાનો છે, જે ભારતીય પરંપરાગત જ્ઞાન પ્રણાલી સાથે શિક્ષણને જોડવાના રાજ્યના પ્રયાસોનો એક ભાગ છે. રાજ્યના શિક્ષણ વિભાગે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડના સંયુક્ત નિયામક દ્વારા આ અંગે સૂચનાઓ આપી હતી. આ નવા નિર્ણય અનુસાર, ધોરણ ૯ થી ૧૨ના ગુજરાતી, હિન્દી, અંગ્રેજી અને ઉર્દૂ વિષયનાં પાઠ્યપુસ્તકોમાં શ્રીમદ્ ભગવદ્ ગીતાનાં મૂલ્યો અને મહાનુભાવો દ્વારા અપાયેલા સંદેશાનો સમાવેશ કરવામાં આવશે. આ પગલાનો હેતુ વિદ્યાર્થીઓને ભારતીય સંસ્કૃતિ અને જીવનમૂલ્યોથી પરિચિત કરાવવાનો છે.

શ્રીમદ્ ભગવદ્ ગીતા ઉપરાંત, ધોરણ ૯ થી ૧૨ના કોમ્પ્યુટર અધ્યયન વિષયના અભ્યાસક્રમમાં પણ સુધારા કરવામાં આવ્યા છે. આ ઉપરાંત, ધોરણ ૧૨ના અર્થશાસ્ત્ર વિષયમાં પ્રાકૃતિક ખેતીને લગતા એક નવા પ્રકરણનો સમાવેશ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ ફેરફારો પણ શૈક્ષણિક વર્ષ ૨૦૨૫-૨૬થી લાગુ થશે. આ પગલા દ્વારા વિદ્યાર્થીઓને આધુનિક ટેક્નોલોજી અને પર્યાવરણને અનુકૂળ ખેતી પદ્ધતિઓનું જ્ઞાન આપવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. આ સમગ્ર નિર્ણયનો અમલ રાજ્યની તમામ શાળાઓમાં આવતા શૈક્ષણિક સત્રથી થશે. ■

# સુરતની ડાયમંડ ફેક્ટરીમાં ₹ ૩૨ કરોડની ચોરીના મામલે મોટો ખુલાસો,વીમાનો ક્લેમ પાસ કરાવવા ખુદ માલિકે જ કાવતરું ઘડ્યું હતું

(અમારા પ્રતિનિધિ તરફથી)થ

અમદાવાદઃ સુરતના વરાછાના ખોડિયાર નગર રોડ પરની કપૂરવાડી ખાતે ડીકે એન્ડ સન્સ કંપનીમાંથી ૧૮ ઓગસ્ટ, ૨૦૨૫ના રોજ ૩૨ કરોડની ચોરીનો કેસ સામે આવ્યો હતો. જોકે બીજા જ દિવસે(૧૯ ઓગસ્ટ) આ ચોરી નહીં પણ માલિક દેવેન્દ્ર ચૌધરી ઉર્ફે ડી.કે.મારવાડીએ જ તેનું નાટક કર્યું હોવાનો ખુલાસો થયો હતો. પોલીસે આ કેસ ૨૪ કલાકમાં જ ઉકેલી લીધો હતો.

આ કેસમાં દેવેન્દ્ર ચૌધરી, તેનો પુત્ર ઈશાન ચૌધરી, ડ્રાઈવર વિકાસ બિશ્નોઈ અને ટેમ્પોચાલક રામજીવનની ધરપકડ કરવામાં આવી હતી. અન્ય પાંચ આરોપી વૉન્ટેડ છે. તેમજ ઇન્સ્યોરન્સ કંપનીના કર્મચારીની ભૂમિકા અંગે પોલીસ તપાસ કરી રહી છે. ચોરીના આ તરકટનો હેતુ ૨૦ કરોડના ઇન્સ્યોરન્સના પૈસા મેળવી ૨૫ કરોડનું દેવું ચૂકવવાનો હતો. પોલીસે ફરિયાદીને જ આરોપી તરીકે ઝડપી પાડ્યો હતો. તેના પુત્ર, ડ્રાઈવર અને ટેમ્પોચાલકની પણ ધરપકડ કરાઈ હતી. દેવેન્દ્રએ પોતાના ડ્રાઈવર વિકાસ માટે દુબઈની ટિકિટ પણ બુક કરાવી દીધી હતી.

મળતી વિગત મુજબ, પોલીસે આ કેસનો ભેદ ઉકેલવા આઠ પીઆઈ સહિત ૧૫૦ પોલીસ કર્મચારીઓની અલગ-અલગ ટીમો બનાવી. ૪૦૦થી વધુ સીસીટીવી ફૂટેજની તપાસ કરી. એક સીસીટીવીમાં બે લોકો ખભા પર હેવી મશીન લઈને આવતા દેખાયા હતા. આ લોકોએ ત્રણ રિક્ષા બદલીને ટેમ્પોમાં મુસાફરી કરી હતી. ટેમ્પોના લોકેશન પરથી પોલીસ દેવદ ગામ પહોંચી ટેમ્પોચાલક રામજીવનની અટકાયત કરી. રામજીવનની પૂછપરછમાં આખી ઘટના સ્પષ્ટ થઈ ગઈ હતી.

ત્યાર બાદ પોલીસે ડી.કે. મારવાડીના ડ્રાઈવર વિકાસ બિશ્નોઈને રાજસ્થાનથી પકડી પાડ્યો હતો. તેણે દેવેન્દ્ર ચૌધરીના કહેવા પર આ કાવતરું ઘડ્યું હોવાનું કબૂલ્યું હતું. ૧૮ ઓગસ્ટે મામલો સામે આવ્યા બાદ દેવેન્દ્રએ વિકાસને દુબઈ ભગાડી દેવા માટે ૧૯ ઓગસ્ટની ફ્લાઇટ ટિકિટ પણ બુક કરાવી દીધી હતી. ■

# ગુજરાત હાઈ કોર્ટને બૉમ્બથી ઉડાવી દેવાની ધમકીઃ અજાણ્યા વ્યક્તિનો ઇ-મેઇલ મળતા પોલીસ દોડતી થઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં છેલ્લા કેટલાક મહિનાથી સરકારી ઈમારતો, સ્કૂલો અને હાઈ કોર્ટને બૉમ્બથી ઉડાવી દેવાની ધમકીઓ મળી રહી છે. બુધવારે કોઈ અજાણી વ્યક્તિ હાઈ કોર્ટને ઉડાવી દેવાની ધમકી આપી હતી. આ શખ્સ દ્વારા ધમકીભર્યો ઇ-મેલ કરવામાં આવ્યો હતો. હાઈ કોર્ટના રજીસ્ટ્રાર દ્વારા સોલા પોલીસને આ અંગે જાણ કરવામાં આવી હતી. જે બાદ પોલીસ દ્વારા તાત્કાલિક હાઈ કોર્ટ પહોંચી તપાસ કરવામાં આવી હતી. બીડીડીએસ સહિતની તમામ ટીમ તપાસમાં જોડાઈ હતી. અત્રે ઉલ્લેખનીય છે કે, હાઈ કોર્ટને બે મહિનામાં ત્રીજી વખત બૉમ્બથી ઉડાવી દેવાની ધમકી મળી છે. આ અંગે સોલા પોલીસ સ્ટેશનના પીઆઈ કે. એન. ભૂકણએ જણાવ્યું હતું કે, હાઈ કોર્ટને ધમકીભર્યો ઇ-મેલ મળ્યો જેને લઈને પોલીસ હાઈકોર્ટમાં પહોંચી છે. ડોગ સ્ક્વોડ અને બોમ્બ સ્ક્વોડને સાથે રાખીને હાઈકોર્ટમાં તપાસ કરવામાં આવી રહી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, આ અગાઉ ૯ જૂનના રોજ ગુજરાત હાઈ કોર્ટને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી મળી હતી. હાઈ કોર્ટના ઇ-મેલ પર અજાણી વ્યક્તિએ ઇ-મેલ કર્યો હતો. જે બાદ પોલીસ દ્વારા તાત્કાલિક હાઈ કોર્ટમાં સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું. આ ઘટનાને પગલે રિસેસ બાદ હાઈ કોર્ટ બંધ કરવાની સૂચના આપવામાં આવી હતી. આ સાથે જ વકીલોને પણ કોર્ટ છોડવા સૂચન કરાયું હતું. ■

નવમા પાનાનું ચાલુ

## ૧૫૦ લોકો

માટે ૬ ઑગસ્ટે જૈન સમુદાયના સભ્યો સહિત મોટી સંખ્યામાં લોકો કબૂતરખાના પાસે એકઠા થયા હતા. પાલિકાએ કબૂતરખાનાને ઢાંકવા બાંબુ તથા તાડપત્રીથી ઉપયોગ કર્યો હતો અને પ્રદર્શનકારીઓએ તેને હટાવવાનો તથા ટ્રાફિકને અવરોધવાનો પ્રયાસ કર્યો હતો. એ સિવાય કબૂતરોને ચણ નાખવા માટે મંજૂરી આપવાની માગણી પણ કરી હતી.

પોલીસે આ પ્રકરણે ૧૫૦ લોકો વિરુદ્ધ ગુનો દાખલ કરીને તપાસ આદરી હોઇ હજી સુધી કોઇની પણ ધરપકડ કરવામાં આવી નથી. (પીટીઆઇ)

## કરન્ટ લાગતાં

બુધવારની સવારે ઘટનાની જાણ થઈ હતી. પતિ-પત્ની, એક વૃદ્ધા અને બે બાળક મૃત અવસ્થામાં મળી આવ્યાં હતાં. પોલીસ મૃતકોની ઓળખ મેળવવાના પ્રયાસ કરી રહી છે.

પોલીસ અધિકારીએ જણાવ્યું હતું કે બંડુ પાટીલની માલિકીના ખેતર પાસેથી પસાર થનારા ગામનો એક રહેવાસીની નજર બેભાન અવસ્થામાં પડેલા પાંચ જણ અને તેની પાસે બેસીને રડતી બાળકી પર પડી હતી. તેણે તરત જ ગામના મુખિયા અને પોલીસને જાણ કરી હતી.

બનાવની જાણ થતાં પોલીસની ટીમ ઘટનાસ્થળે પહોંચી હતી. હૉસ્પિટલે લઈ જવાયેલા પાંચેયને તબીબે મૃત જાહેર કર્યા હતા. બાળકીને પોલીસ સ્ટેશને લાવવામાં આવી હતી, જ્યાં અત્યારે તેની સારસંભાળ લેવામાં આવી રહી છે.

અધિકારીના જણાવ્યા મુજબ મૃતક પરિવાર ચાલતો જતો હશે અને વીજળીના વાયરના સંપર્કમાં આવ્યો હશે, જેને કારણે તેમને કરન્ટ લાગ્યો હતો.

આ વાયર ખેતરના પાકને જંગલી પ્રાણીઓથી સુરક્ષિત રાખવા લગાવવામાં આવ્યો હતો અને તેમાં વીજપ્રવાહ ચાલુ હતો. (પીટીઆઈ)

## જળાશયોમાં

હતું. ગયા વર્ષે જળાશયોમાં આ સમયે ૧૩,૫૩,૬૦૨ મિલ્યન લિટર(૯૩.૫૨ ટકા) અને ૨૦૨૩ની સાલમાં ૧૨,૦૯,૨૭૫ મિલ્યન લિટર (૮૩.૫૫ ટકા) જેટલો પાણીનો સ્ટોક હતો. મુંબઈને આખું વર્ષ પાણી પુરવઠો કરવા માટે જળાશયોમાં પહેલી ઑક્ટોબરના ૧૪,૪૭,૩૬૩ મિલ્યન લિટર જેટલું પાણી હોવું જોઈએ.

## લીલો દુષ્કાળ

કેટલાક દિવસોથી અવિરત વરસાદને કારણે જનજીવન અસ્તવ્યસ્ત થઈ ગયું હતું. પૂરના કારણે સેંકડો લોકોને સલામત સ્થળે ખસેડવા પડ્યા હતા. ધોધમાર વરસાદના કારણે પાકને પણ મોટા પાયે નુકસાન થયું હતું.

સીએમ ફડણવીસને ઉદ્દેશીને લખેલા પત્રમાં સપકાળે જણાવ્યું હતું કે 'તાજેતરના ધોધમાર વરસાદને કારણે પૂરના પાણી ખેતીની જમીનમાં ઘૂસી જવાથી ઊભા પાકને ભારે નુકસાન થયું છે. રાજ્યભરમાં ૧૫ લાખ એકરથી વધુ ખેતીની જમીનને વ્યાપક નુકસાન થયું હોવાનો અંદાજ છે.' મરાઠાવાડા, વિદર્ભ અને પશ્ચિમ મહારાષ્ટ્ર પ્રદેશોના લગભગ ૧૭ જિલ્લાને સૌથી વધુ નુકસાન થયું છે, જ્યારે ઉત્તર મહારાષ્ટ્ર અને કોંકણ વિસ્તારોમાં પણ નોંધપાત્ર નુકસાન થયું છે એમ તેમણે જણાવ્યું હતું. જુવાર, બાજરી, અડદ, મકાઈ, સોયાબીન, મગ, કપાસ, તુવેર, ફળ અને શાકભાજી જેવા મુખ્ય પાકને વ્યાપક નુકસાન થયું છે તેમજ હજારો હેક્ટર જમીનમાં વાવેતર કરવામાં આવતી શેરડીને પણ અસર થઈ છે. કેટલાક વિસ્તારોમાં, ખેડૂતોએ પશુધન પણ ગુમાવ્યું છે અને નાંદેડ જિલ્લામાં માનવ જીવનનું નુકસાન થયું હોવાના અહેવાલ છે એમ તેમણે ઉમેર્યું હતું. મંગળવારે સીએમ ફડણવીસે સંવાદદાતાઓને જણાવ્યું હતું કે રાજ્યના વિવિધ ભાગોમાં પડેલા ભારે વરસાદને કારણે ૧૨થી ૧૪ લાખ એકર જમીનમાં ફેલાયેલા પાકને નુકસાન થયું છે. (પીટીઆઈ)

## ઠાકરે બંધુઓને હરાવનાર જોડીને ભાજપ તરફથી મોટી જવાબદારી

મુંબઈઃ બેસ્ટ પતપેઢી ચૂંટણીમાં શિવસેનાના ઉદ્ધવ ઠાકરે અને મનસેના પ્રમુખ રાજ ઠાકરે એક સાથે આવ્યા હતા. પરંતુ બંને ઠાકરે પેનલના કોઈ પણ ઉમેદવાર જીતી શક્યા નહીં. બીજી તરફ, મજૂર નેતા શશાંક રાવની પેનલના ૧૪ ઉમેદવારો જીત્યા અને ભાજપ નેતા પ્રસાદ લાડની પેનલના ૭ ઉમેદવારો જીત્યા છે. આ ચૂંટણીના પરિણામો પછી, મુંબઈ ભાજપ પ્રમુખ આશિષ શેલારે એક મોટી જાહેરાત કરી છે. આ કારણે, એવું માનવામાં આવે છે કે આગામી મુંબઈ મહાનગરપાલિકાની ચૂંટણી માટેનો જંગ શરૂ થઈ ગયો છે.

''હવે ભૂમિકા સ્પષ્ટ છે. અમે આ ચૂંટણી ભાજપ પક્ષ તરીકે લડ્યા નહોતા. આ ચૂંટણી કામદારો માટે હતી. તે બેસ્ટને પ્રેમ કરતા કર્મચારીઓ માટે હતી. તેનું રાજકીયકરણ યુબીટી અને મનસેએ કર્યું હતું. દરેક વાતનું રાજકીયકરણ કરવાને કારણે તેમને આનું ફળ મળ્યું અને હાથમાં કશું ન આવ્યું (નિષ્ફળતા મળી). મુંબઈ જીત્યું. મુંબઈગરા જીત્યા. મરાઠી જીત્યા. કાર્યકરો જીત્યા અને ભાજપ જીત્યું,'' આશિષ શેલારે કહ્યું.

''મુંબઈ ભાજપના અધ્યક્ષ તરીકે હું આજે જાહેરાત કરું છું કે, મુંબઈ મહાનગરપાલિકાના સ્ટાર પ્રચારકોની મોટી યાદી તો જાહેર થશે જ, પરંતુ સ્ટાર પ્રચારક તરીકે શશાંક રાવ અને પ્રસાદ લાડના નામ હું આજે જાહેર કરી રહ્યો છું.'' આ પ્રકારની મોટી જાહેરાત આશિષ શેલારે કરી હતી. સાથે જ તેમણે કહ્યું કે, ''આ બંનેએ જ બેસ્ટની ચૂંટણીમાં બંને ભાઈઓના પક્ષને એ બતાવી દીધું કે મુંબઈગરાઓના આશીર્વાદ કોની સાથે છે.'' મનસે નેતા સંદીપ દેશપાંડેએ પરિણામો પર પ્રતિક્રિયા આપી છે. ''આ એક ક્રેડિટ ચૂંટણી હતી. આના પર કોઈ દલીલો કે લિટમસ ટેસ્ટ પર વિચાર કરવાની જરૂર નથી. હું ફક્ત એટલું જ કહીશ કે યુદ્ધ હજુ પૂરું થયું નથી. કારણ કે આપણે હજુ જીત્યા નથી. યુદ્ધ ચાલુ છે. તેમના ગુરુ દેવેન્દ્ર ફડણવીસે પ્રસાદ લાડ માટે કહેલું વાક્ય છે,

## દેવેન્દ્ર ફડણવીસે કહ્યું, 'મતદારોએ તેમને નકારી કાઢ્યા'

પુણેઃ બેસ્ટ પતપેઢીની ચૂંટણીમાં શિવસેના ઉદ્ધવ ઠાકરે અને મનસે પ્રમુખ રાજ ઠાકરે એક સાથે આવ્યા હતા. પરંતુ ઠાકરે ભાઈઓની પેનલ એક પણ બેઠક જીતી શકી નહીં. આ ચૂંટણીમાં બંને ઠાકરે ભાઈઓનો પરાજય થયો છે. ઠાકરે ભાઈઓની હાર પર મુખ્યપ્રધાન દેવેન્દ્ર ફડણવીસે પોતાની પહેલી પ્રતિક્રિયા આપી.

''પહેલા, મારો મત હતો કે આવી ચૂંટણીનું રાજકારણ ન થવું જોઈએ. તે એક ક્રેડિટ ચૂંટણી હતી. પરંતુ તેમણે તેનું રાજકારણ કર્યું. મજૂર નેતા શશાંક રાવ પણ અમારા છે. તેવી જ રીતે, ધારાસભ્ય પ્રસાદ લાડ પણ અમારા છે. તેઓ ઉભા હતા. અમે તેનું રાજકીયકરણ બિલકુલ કર્યું ન હતું.

# સંસ્થા સમાચાર

## અમદાવાદમાં ૩૦૦ વર્ષમાં પ્રથમવાર સ્થાનકવાસી સમાજ ઉત્કર્ષ ફાઉન્ડેશનની મીટિંગમાં ઉત્સાહ




અમદાવાદમાં સ્થાનકવાસી જૈનની આશરે ૬૦થી ૭૦ હજારની વસ્તી છે. આ વર્ષે ૪૬ ઉપાશ્રયમાં ચાતુર્માસ છે. પાંચ ઉપાશ્રય ચાતુર્માસથી વંચિત છે અને ૧૧ વૈયાવચ્ચ કેન્દ્ર છે.

સોલારોડ સંઘમાં તા.૬/૮/૨૫ના સ્થાનકવાસી સમાજના ઉત્કર્ષ કાજે એક બેઠક મળી હતી, જેમાં ૪૪ આસપાસ સંઘોના પ્રમુખ /મંત્રી સહિત ૧૭૫ની હાજરી હતી. માત્ર સ્થાનકવાસી જૈન સમાજની વસ્તી ગણતરી તેમ જ સમાજના ઉત્કર્ષ કાજે મેડિકલ, એજ્યુકેશન સહાય, સાધર્મિકો માટે આવાસ વગેરે કાર્યો માટે સહુ કટિબદ્ધ બન્યા હતા. નવ ઓગસ્ટથી ફોર્મનું વિતરણ અને ફોર્મ ભરનારને ૨૫૦ ગ્રામ કાજુકતરીનો પ્રસાદ અર્પણ થઈ રહેલ છે.

જયંતીભાઈ પટેલ, રાજુભાઈ ધોલેરાવાળા, મેહુલભાઈ ધોળકિયા, કમલભાઈ જાંબુવાલા વગેરે અનેક સંનિષ્ઠ કાર્યકરો કાર્યરત બન્યા છે.

માત્ર ને માત્ર સમાજ ઉત્કર્ષ કાજે કાર્ય કરવા સહુ આગળ આવશે તો સમાજનો અવાજ બુલંદ બન્યા વિના રહેશે નહીં. સંપ્રદાયો, સંઘો, સમાચારીના બદલે એ 'સમાજશક્તિ'ને જગાડવા મોટા શહેરોમાં સંગઠન અતિ જરૂરી છે.

## ભાગ્યવાન હોય એને પર્યુષણ ઉજવવાનું સૌભાગ્ય પ્રાપ્ત થાય - નમ્રમુનિ



જૂનાગઢ ગિરનાર આધ્યાત્મિક ઉત્કર્ષ અને આત્મશુદ્ધિના પ્રેરણાદાયક સંદેશ સાથે પારસધામ -ગિરનારની પવિત્ર ધરા પર રાષ્ટ્રસંત પરમ ગુરુદેવ શ્રી નમ્રમુનિ મહારાજ સાહેબના સાંનિધ્યે પર્વાધિરાજ પર્યુષણ મહાપર્વનો ભવ્ય આરંભ થયો. જેમાં ભારતભરના હજારો ભાવિકો ઉપરાંત અમેરિકા, દુબઈ, સિંગાપુર, લંડન વગેરે વિદેશના લાખો ભાવિકોએ પ્રત્યક્ષ તથા લાઈવ માધ્યમથી પર્યુષણ મહાપર્વનો લાભ લીધો. પરમ ગુરુદેવે પર્વાધિરાજ પર્યુષણના પ્રથમ બોધમાં ફરમાવ્યું કે ભૂલને કબૂલવું તે ભૂલને સુધારવાનું પ્રથમ પગથિયું છે. પ્રભુ સમક્ષ ભૂલોનો એકરાર થાય તો પ્રભુ સાથે એકાકાર થાય. આપણી ભૂલોની આલોચના શાહીથી નહીં પરંતુ આંસુથી અને દિલના ભાવથી લખવાથી પ્રભુ તેનો સ્વીકાર કરે છે.

આ હૃદયસ્પર્શી સંદેશ સાથે ગુરુદેવે મગજમાં ભરાયેલા ભૂતકાળ કાઢવાના પ્રયોગ સાથે ભાવિકોને આહ્વાન આપ્યું કે પોતાના અંતરના ખૂણે-ખૂણે છુપાયેલા અહંકાર, ક્રોધ અને દોષોના ભારને ઉતારી આત્માને હળવો બનાવી પરમાત્મા સાથે એકાકાર થવા પર્યુષણ પર્વ છે.

## સાત દિવસ વ્યાખ્યાનમાળા

વિલેપાર્લેમાં આશાદીપ ચેરિટેબલ ટ્રસ્ટ તરફથી દર વર્ષની જેમ આ વર્ષે પણ ૩૦મી વ્યાખ્યાનમાળાનું આયોજન કરવામાં આવ્યું છે. ડૉ. બાલાભાઈ નાણાવટી હૉસ્પિટલ ઓડિટોરિયમમાં હાજર રહીને આ વ્યાખ્યાનનો લાભ લેવાનું આમંત્રણ છે. એ દરમિયાન કૃષ્ણ એ જ ઉત્તમ માર્ગદર્શક, પ્રસન્નતા એ જ પ્રભુ પ્રાપ્તિ સહિત અનેક વિષયો પર વ્યાખ્યાન આપવામાં આવશે.

## શ્રી મોટા અંબાજી આશ્રમમાં ભજનસંધ્યા

બોરીવલી ઈસ્ટમાં કાર્ટર રોડ નંબર-૩ પર આવેલા શ્રી મોટા અંબાજી આશ્રમમાં ૨૩ ઓગસ્ટ શનિવારે ભજનસંધ્યાનું આયોજન કરવામાં આવ્યું છે. સાંજે પાંચથી લઈને રાતે ૧૦ વાગ્યા સુધી નમાતા કી શક્તિથ અને નશિવ કી ભક્તિથનો લાભ શ્રદ્ધાળુ લઈ શકશે. સાથે જ લોકોને આધ્યાત્મિક પ્રવચનનો પણ લાભ મળશે.

## પર્યુષણ વ્યાખ્યાનમાળા

વર્ધમાન સ્થાનકવાસી જૈન સંઘ દાદર વેસ્ટમાં નશ્રી વર્ધમાન સ્થાનકવાસી જૈન શ્રાવક સંઘ વ્યાખ્યાનમાળાથનું આયોજન પર્યુષણના પહેલા દિવસથી માંડીને સાત દિવસ સુધી કરવામાં આવ્યું છે. અહીં આંતરરાષ્ટ્રીય વક્તાઓને સાંભળવાનો અવસર લોકોને મળશે. એમાં હાજર રહેવા માટે સૌને આમંત્રણ આપવામાં આવ્યું છે.

## મુંબઈમાં વરસાદનો

બે દિવસ પડેલા વરસાદને પગલે મુંબઈમા જનજીવન ખોરવાઈ ગયું હતું. જોકે બુધવારે વરસાદનું જોર ઘટી જતા જનજીવન સામાન્ય થયું હતું. લોકલ ટ્રેન પણ નિયમિત થઈ હતી.

મુંબઈમાં મંગળવાર સવારના ૮.૩૦ વાગ્યાથી બુધવાર સવારના ૮.૩૦ વાગ્યા સુધીના ૨૪ કલાકમાં દક્ષિણ મુંબઈમાં ૧૩૧.૫૧ મિ.મી., પૂર્વ ઉપનગરમાં ૧૫૯.૬૬ મિ.મી. અને પશ્ચિમ ઉપનગરમાં ૧૫૦.૬૦ મિ.મી. જેટલો વરસાદ નોંધાયો હતો.

હવામાન ખાતાના અધિકારીના જણાવ્યા મુજબ મુંબઈમાં સામાન્ય રીતે જૂનથી સપ્ટેમ્બર સુધીના ચાર મહિનામાં વરસાદ પડતો હોય છે અને ચોમાસાની વિદાયને હજી મહિનો હજી બાકી છે ત્યારે છેલ્લા પાંચ દિવસમાં થયેલી અતિવૃષ્ટિને પગલે સાંતાક્રુઝમાં ચોમાસાનો મોસમનો સરેરાશ વરસાદ નોંધાઈ ચૂક્યો છે. મુંબઈમાં ઑગસ્ટનું પહેલું પખવાડિયું લગભગ કોરું ગયા બાદ ૧૫ ઑગસ્ટના રાતથી વરસાદ ફરી શરૂ થયો હતો જે મંગળવાર સુધી વરસાદ ચાલુ રહ્યો હતો.

શુક્રવાર, ૧૫ ઑગસ્ટથી ત્રણ દિવસ સુધી મુંબઈમાં સરેરાશ ૨૦૦ મિ.મી. કરતા વધુ વરસાદ પડયો હતો, જેમાં ૧૬ ઑગસ્ટની સવારે શહેરમાં ૨૪૫ મિ.મી. વરસાદ પડયો હતો. ત્યારબાદ ૧૯ ઑગસ્ટના રોજ ૨૩૮ મિ.મી. વરસાદ પડયો હતો અને મંગળવારથી બુધવાર સવાર સુધીમાં ૨૦૯ મિ.મી. વરસાદ નોંધાયો હતો.

આ વર્ષે ચોમાસાનું આગમન મે મહિનામાં જ થઈ ગયું હતું. આ બાદ જૂન અને જુલાઈ મહિનામાં મામૂલી વરસાદ નોંધાયો હતો. સાંતાક્રુઝમાં સતત બે મહિના સુધી વરસાદની ખાધ રહી હતી. તો કોલાબામાં જૂન મહિનામાં ૫૩૭ મિ.મી. વરસાદ પડયો હતો. તો સાંતાક્રુઝમાં માત્ર ૫૧૨ મિ.મી. વરસાદ નોંધાયો હતો. મુંબઈમાં સામાન્ય રીતે જુલાઈ મહિનો એકદમ ભીનો રહેતો હોય છે પણ આ વર્ષે મુંબઈમાં જુલાઈમાં માત્ર ૭૯૮ મિ.મી. વરસાદ પડયો હતો, જે ૨૦૧૫ પછીનો સૌથી સૂકો જુલાઈ રહ્યો છે.

### ડિઝાસ્ટર કંટ્રોલમાં ફોનનો મારો

મુંબઈમાં સતત પડી રહેલા વરસાદને પગલે અનેક ઠેકાણે પાણી ભરાવાની સાથે જ ઝાડ તૂટી પડવા, ઘરની દિવાલ, ઝાડની ડાળખી તૂટી પડવા સહિત ટ્રાફિક જૅમ જેવી અનેક મુશ્કેલીઓ નિર્માણ થઈ હતી. સતત ૪૮ કલાક પડેલા ભારે વરસાદ દરમ્યાન પાલિકાના ડિઝાસ્ટર કંટ્રોલમાં ૩,૫૦૦થી વધુ ફોન મદદ માગતા આવ્યા હતા. એનડીઆરએફ, મુંબઈ ફાયરબ્રિગેડ, મુંબઈ ડિઝાસ્ટર કંટ્રોલે મુંબઈના જુદા જુદા વિસ્તારમાં બચાવ કામગીરી હાથ ધરી હતી, જેમાં કુર્લાના ક્રાંતિ નગરમાં ૩૫૦ નાગરિકોને બહાર કાઢયા હતા.

### વરસાદના પાણીમાં ચાલેલા લોકોને લેપ્ટોનો ભય

મુંબઈમાં ભારે વરસાદને પગલે ઘૂંટણભેર પાણી ભરાયા હતા, જેમાં સેંકડ મુંબઈગરા પગે ચાલીને ગયા હતા. જે લોકોને પગમાં ઈજા હોય અને વરસાદના ગંદા પાણીમાં કલાકો સુધી ચાલ્યા હોય તેમને લૅપ્ટો થવાનું જોખમ છે. તેથી આવા લોકોને ૨૪થી ૭૨ કલાકની અંદર વૈદ્યકિય સલાહ લઈને પ્રતિબંધાત્મક દેવા લેવાની સૂચના પાલિકાના આરોગ્ય ખાતાએ આપી છે.

# જૈન મરણ

**ઝાલાવાડી દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

ચુડાનિવાસી, હાલ માટુંગા, કલ્પનાબેન અજમેરા (ઉં.વ. ૭૮) તે સ્વ. ભૂપતભાઈ જયંતીલાલ અજમેરાના ધર્મપત્ની. હરેશ-અમી, ઋષભ-બૈજુના માતુશ્રી. વેદાંત અને ડીઆના દાદી. સ્વ. ઝવેરબેન કલ્યાણજીભાઈ ઠાકરશી તલસાણિયાના દીકરી બુધવાર, તા. ૨૦-૮-૨૫ના અરિહંતશરણ પામેલ છે. તેમની પ્રાર્થનાસભા, ગુરુવાર, તા. ૨૧-૮-૨૫ના ૪થી ૫.૩૦. સ્થળઃ યોગી સભાગૃહ, દાદર (ઈ). લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**મચ્છુકાંઠા વિશા શ્રીમાળી જૈન**

વાંકાનેર નિવાસી હાલ કાંદિવલી, સ્વ. છોટાલાલ કુવરજી મહેતાના સુપુત્ર મહેશભાઈ તા. ૧૯-૮-૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે હંસાબેનનાં પતિ. સમીર તથા વીરલનાં પિતાશ્રી. વૈશાલી તથા દર્શનાના સસરા. નલિનનાં મોટાભાઈ. તરલીકાનાં જેઠ. તે કંચનબેન વ્રજલાલ વોરાનાં જમાઈ. લૌકિક વ્યવહાર બંધ છે. વીરલ મહેતા, બી-૯૦૧, કલ્પવૃક્ષ ગાર્ડન, ન્યુ લીંક રોડ, મહાવીર નગર, કાંદિવલી (વેસ્ટ).

**બેતાલીશ દશા હુમડ દિગંબર જૈન**

અલુવા નિવાસી હિંમતનગર હાલ કાંદિવલી, સ્વ. બાબુલાલ કચરાલાલ શાહ (ઉં.વ. ૯૩) તા. ૧૭/૮/૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે સ્વ. તારાબેનના પતિ. દક્ષાબેનના પિતા. રાજેશભાઈ કાંતિલાલ શાહના સસરા. નીરવ અને નિધિબેનના નાના. દેવલકુમાર અને ડૉ. ગુંજનના વડસસરા. સ્લોક, માયરા અને દિવીજના પરનાના. પ્રાર્થનાસભા તા. ૨૧/૮/૨૫ના ગુરુવાર ૯ થી ૧૧. શાંતિસાગર હોલ, દિગંબર જૈન મંદિરની સામે, ચામુંડા સર્કલની પાસે, બોરીવલી વે.

**અમદાવાદ (શામળા નિપોળ) વિસા શ્રીમાળી જૈન**

હાલ દહિસર, અ. સૌ. ભામીની શાહ (ઉં.વ. ૬૦) તા. ૧૮/૮/૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે લતાબેન રસિકલાલ શાહના પુત્રવધૂ. દેવેન્દ્ર શાહના પત્ની. માનસીના મમ્મી. નિકિતા અને મનોજના ભાભી. કિંજલ શાહના મામી. શોભનાબેન હસમુખલાલ શાહના સુપુત્રી. સાદડી પ્રથા બંધ છે.

**ઝાલાવાડી વીશા શ્રીમાળી સ્થા. જૈન**

બોટાદ નિવાસી હાલ ઘાટકોપર, સ્વ. સમરતબેન મોતીલાલ લક્ષ્મીચંદ સંઘવીના સુપુત્ર રમણીકલાલ (ઉં.વ. ૮૭) તા. ૧૯/૮/૨૫ મંગળવારના અરિહંતશરણ પામેલ છે. તે રસીલાબેનના પતિ. કેતનભાઈ, સંગીતા સંઘવી, અમીબેન રીનેશભાઈ શાહના પિતાશ્રી. સ્વ. અમૃતલાલભાઈ, સ્વ. અનોપચંદભાઈ, સ્વ. હરેશભાઇ, સ્વ. મહેન્દ્રભાઈ, ધીરજલાલ સંઘવી તથા સરોજબેન રમેશભાઈ વોરા, તરલીકાબેન હસમુખભાઈ વસાણી, સ્વ. સુરેખાબેન જીતેન્દ્રભાઈ મેહતાના ભાઈ. સુરેન્દ્રનગર નિવાસી સ્વ. ધીરજલાલ મગનલાલ ગાંધીના જમાઈ. લૌકિક વ્યવહાર તથા પ્રાર્થનાસભા બંધ રાખેલ છે.

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

દેશલપુર (કંઠી)ના મુલચંદ વસનજી દેઢિયા (ઉં.વ. ૭૬) તા. ૧૮-૮-૨૫ના અવસાન પામેલ છે. તેજબાઈ વસનજીના પુત્ર. હર્ષાના પતિ. સપના, જીનલ, કરણના પિતા. લક્ષ્મીચંદ, વિમળા, ધીરજ, હંસા, જયેશના ભાઈ. ફરાદિના વિમળાબેન મેઘજી ધારશી ગાલાના જમાઈ. પ્રાર્થના રાખેલ નથી. ઠે. હર્ષા દેઢિયા, ૧૦૧, દેઢિયા નિવાસ, આઈઆઈટી મેઈનગેટ, પવઈ, મું.૭૬.

મોટી ખાખરના શ્રી કાંતીલાલ તેજશી ગંગર (ઉં.વ. ૮૦) તા. ૧૪-૮-૨૫ના કોપ્પલ (કર્ણાટક) મધ્યે અવસાન પામેલ છે. લક્ષ્મીબેન તેજશી ઉમરશીના પુત્ર. સુશીલાબેનના પતિ. ભરત, વીરેનના પિતા. ચુનીલાલ, લાખાપુરના શાંતાબેન મણીલાલના ભાઇ. બારોઇના લક્ષ્મીબેન રામજી કેશવજીના જમાઇ. પ્રાર્થના રાખેલ નથી. ઠે. કાંતીલાલ ગંગર, ૧-૩-૨૪૩/૨૪૪, તેરાપંથી ભવનની સામે, કાતરકી રોડ, કોપ્પલ-૫૮૩૨૩૧. (કર્ણાટક).

શેરડીના નરેશ લક્ષ્મીચંદ ગડા (ઉં.વ. ૫૯) ૧૯-૮ના અવસાન પામેલ છે. સ્વ. અમ્રતબેન લક્ષ્મીચંદના પુત્ર. હર્ષાના પતિ. ભવ્યના પિતા. હેમંત, કલ્પના, સં.પ.પ.પૂ. ૐકારગુણાશ્રીજી મ.સા., પ.પૂ. ચારીત્રગુણાશ્રીજી મ.સા.ના ભાઇ. બિદડાના પુષ્પાબેન રવીલાલ વીરાના જમાઇ. પ્રાર્થના રાખેલ નથી. ઠે. ભવ્ય નરેશ ગડા, એફ-૨૦૪, નવનીતનગર, ડોંબીવલી (ઇસ્ટ).

ભુજપુરના અ.સૌ. કસ્તુરબેન શાંતિલાલ વીરા (ઉં.વ. ૯૧) તા. ૧૮-૮-૨૦૨૫ના અવસાન પામ્યા છે. શાંતિલાલ ખીમજીના ધર્મપત્ની. ચંદ્રકાંત, પંકજ, ઈંદિરા, નૂતન, ઉષાના માતુશ્રી. બેરાજા પાનબાઈ વેલજી વેરશીના પુત્રી. માવજી, ભવાનજી, નવીનાર મણીબેન કાનજી, બેરાજા લક્ષ્મીબેન રમણીકલાલના બેન. પ્રાર્થના સભા રાખેલ નથી. નિ. ચંદ્રકાંત વીરા : બી-૮, સરયુ, અશોક નગર ક્રોસ રોડ-૩, કાંદીવલી (ઈ).

## પર્યુષણમાં કતલખાના

માટે મામલો મુલતવી રાખ્યો. અરજીઓમાં દાવો કરવામાં આવ્યો હતો કે પર્યુષણ પર્વ ઉત્સવ અહિંસા (અહિંસા)ના મહત્ત્વને ઉજાગર કરે છે અને તેથી આ પવિત્ર સમય દરમિયાન કતલ જૈન ધર્મના હેતુ માટે હાનિકારક રહેશે. મહાનગર પાલિકાએ કોર્ટને જણાવ્યું હતું કે કતલખાનાઓ બે દિવસ, ૨૪ અને ૨૭ ઓગસ્ટના બંધ રહેશે. નાગરિક સંસ્થાએ ઉમેર્યું હતું કે શહેરનું દેવનાર કતલખાનું ફક્ત મુંબઈ જ નહીં, પરંતુ સમગ્ર મુંબઈ મેટ્રોપોલિટન પ્રદેશ માટે કાર્ય કરતુ હોવાથી દિવસો વધારી શકાય નહીં.

## હેડફોનને કારણે

આપી હતી. રહેવાસીઓએ સજાગ કરતાં ઘણાના જીવ બચ્યા હતા, પરંતુ ૧૭ વર્ષના દીપક પિલ્લૈના કાનમાં હેડફોન હોવાથી તે બેધ્યાન રહ્યો હતો. ઘટનાનો વીડિયો સોશ્યલ મીડિયા પર વાયરલ થયો હતો.

## હિંદમાતાની સમસ્યા

કરવા પર ભાર આપવાની છે. પાલિકાના એડિશનલ કમિશનર અભિજિત બાંગરે જણાવ્યું હતું કે કિંગ સર્કલ ખાતે નાળામાં પાણી પહોંચાડતી વરસાદી પાણીની ડ્રેઈનેજ લાઈનનું કદ વધારવાની જરૂર પડી શકે છે.

# હિન્દુ મરણ

**ઘોઘારી દશા શ્રીમાળી વૈષ્ણવ વણિક**

રાજુલા નિવાસી હાલ કુર્લા, છબીલદાસ મોહનલાલ મોદી (ઉં.વ. ૯૩) તે સ્વ. સુશીલાબેનના પતિ. વિજય અજય, બીનાના પિતાશ્રી. અલ્કા, સાધના અને હરેશકુમારના સસરા. સ્વ. નાગરદાસ કલ્યાણજી ખોખાણીના જમાઈ. નિરવ, સીયા, જીનલ, કેજલ, કરણ, કેયુર, સોનલના દાદા તા. ૧૯-૮-૨૫ના શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા તા. ૨૨-૮-૨૫, શુક્રવારે ૪થી ૬. બીએપીએસ શ્રી સ્વામીનારાયણ મંદિર હોલ, ૯૦ ફીટ રોડ, ઘાટકોપર (ઈસ્ટ).

**કપોળ**

જાફરાબાદવાળા હાલ પાર્લા સ્વ. માણેકબેન છગનલાલ મહેતાના પુત્ર પ્રવિણચંદ્રના ધર્મપત્ની ધર્મિષ્ઠાબેન (શીલા) (ઉં.વ. ૭૨) તે હિતેશભાઈ, ચેતનાબેનના માતુશ્રી. સોનલબેન, હેમેન્દ્રકુમાર સંઘવીના સાસુ. સ્વ. સાવિત્રીબેન શાંતિલાલ સંઘવીની દીકરી. જયના દાદી. હિયાના નાની રવિવાર, તા. ૧૭-૮-૨૫ના શ્રીજીચરણ પામેલ છે. (સર્વ લૌકિક વ્યવહાર તથા પ્રાર્થનાસભા બંધ રાખેલ છે.)

**દશા શ્રીમાળી વણિક**

ઝઘડિયા નિવાસી, હાલ બોરીવલી, કુસુમ શાહ (ઉં.વ. ૮૧) તા. ૧૬-૮-૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. તે કિશોરચંદ્ર મોહનલાલ શાહનાં પત્ની. પંકજ, ફાલ્ગુની, કિન્નરીના માતાશ્રી. હેતલ, હંસલકુમાર, અભયભાઈના સાસુ. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**કચ્છી રાજગોર**

મૂળ, તેરા (કચ્છ) હાલે વલસાડ, હીરાગૌરી (રંજનબેન) માકાણી (ઉં.વ. ૭૫) ભવાનજી મોતા (મરકાવાળા)ના પુત્રી. રમેશભાઈ શિવશંકર માકાણીના પત્ની. હીના, જયશ્રી અને જયેશના માતુશ્રી. ચંદ્રકાંતભાઈ, અશ્વિનભાઈ, મીનાબહેનના ભાભી. દિનેશભાઈ એ.ગોર, અશોકભાઈ કે. નાકર તથા કલ્પનાબેનના સાસુજી. છગનભાઈ મોતા, જેઠાલાલ મોતાના બહેન. તા. ૧૯-૮-૨૫, મંગળવારના શ્રીજીચરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**કપોળ**

સિહોરવાળા ગં.સ્વ. હરકોરબેન છોટાલાલ ધરમદાસ મહેતાના પુત્ર ચંદ્રકાંતભાઈ (ઉં.વ. ૮૪) હાલ અમેરિકા નિવાસી, તા. ૧૧-૮-૨૫ના શ્રીજીચરણ પામેલ છે. તે મીનાક્ષીબેનના પતિ. કૌશિકના પિતા. અ.સૌ. અમીના સસરા. સ્વ. ઈશ્વરભાઈ, સ્વ. કિશોરભાઈ, ચંપકભાઈ, સ્વ. પ્રવિણભાઈ, ભરતભાઈ, દિલીપભાઈ, ગં.સ્વ. પ્રતિમાબેન જિતેન્દ્રકુમાર કટકિયા, અ.સૌ. ભાવનાબેન (ભાનુબેન) કિશોરકુમાર સંઘવીના ભાઈ. સિહોરવાળા સ્વ. પ્રાણજીવનદાસ લક્ષ્મીદાસ મુનીના જમાઈ. (લૌકિક પ્રથા બંધ છે.)

**ઔદિચ્ય સહસ્ર સાઠા જ્ઞાતિ બ્રાહ્મણ**

વડાગામ નિવાસી હાલ કાંદીવલી, કોકીલાબેન ગોર, તે સ્વ. સુરેશચંદ્ર મણિલાલ ગોરના ધર્મપત્ની. નારાયણભાઈ, અભિનવભાઈ, વિરાંજલીબેન, ઉપાસનાબેન, શીતલબેનના માતૃશ્રી. અ. સૌ. નીલમબેન, અ. સૌ. દેવાંગીબેન તથા કમલેશકુમાર ભટ્ટ, અશ્વિનકુમાર, સ્વ. સંદીપકુમાર ઠાકરના સાસુજી. સ્વ. પ્રભાવતીબેન ચંદ્રકાંત, સ્વ. મંજુલાબેન બાલકૃષ્ણના દેરાણી. સ્વ .પાર્વતીબેન સોમેશ્વર આત્મારામ વ્યાસ (સઢા)ના સુપુત્રી. તા. ૧૮-૮-૨૫ને સોમવાર કૈલાશવાસી થયેલ છે. તેમની બંને પક્ષની પ્રાર્થનાસભા ગુરૂવાર તા. ૨૧-૮-૨૫ના ૫ થી ૭. સેઠીયા બેન્કવેટ હોલ, ગ્રાઉન્ડ ફ્લોર રઘુલીલા મેગા મોલ, પોઈસર ડેપો પાસે, કાંદીવલી વેસ્ટ.

**બાલાસિનોર દશાનીમા વણિક (મુછારી)**

વતન બાલાસિનોર હાલ મલાડ, ગં. સ્વ. ગીતાબેન ધારીયા (ઉં.વ. ૭૫) તે સ્વ. રજનીકાંત મુળજીભાઈ ધારીયાના પત્ની. સ્વ. જીવકોરબેન મુળજીભાઈ ધારીયાના પુત્રવધૂ. સ્વ. તારાબેન રમણલાલ શાહ (વસનજી)ની દીકરી. સ્વ. સરોજબેન પૂનમચંદ ધારીયાના દેરાણી. ગં. સ્વ. મીનાબેન કિરીટભાઇ ધારીયાના જેઠાણી. ગં. સ્વ. નયનાબેન ભરતકુમાર શાહ અને અ. સૌ. સ્મિતાબેન રોહિતકુમાર શાહના નણંદ. તા. ૧૮/૮/૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. સાદડી તથા લૌકિક પ્રથા બંધ છે.

**વિશા દિશાવળ વણિક**

કલોલ નિવાસી હાલ વિલેપાર્લા, ગં.સ્વ. નિરૂપમા ગાંધી (ઉં.વ. ૮૮) તા. ૧૯-૮-૨૫ના મંગળવારે શ્રીજીચરણ પામ્યા છે. તે સ્વ. બાબુલાલ લલ્લુભાઈ ગાંધીના ધર્મપત્ની. છાયાબેન, પ્રતિમાબેન, સોનલબેન, રૂપાબેન, શિલ્પાબેનના માતુશ્રી. ડૉ. દેવાંગભાઈ, ઉમેશભાઈ, ભરતભાઈ, ધર્મેશભાઈ મનોજભાઈના સાસુજી. જય, ડૉ. ચિન્મય, ડૉ. મિતુષા, દર્શક, ક્રિષા, ભૂમીર, માનસી, શેમિલ, ધ્રુમિલ અને સાહિલના નાની. પિતૃપક્ષ સ્વ. ભોગીલાલ લલ્લુભાઈ શાહના સુપુત્રી. બંને પક્ષની પ્રાર્થનાસભા ગુરૂવાર, તા. ૨૧/૮/૨૫ના ૫ થી ૭. શ્રી ચંદુલાલ રી. પરીખ ખડાયતા ભુવન, ૩૨ હનુમાન રોડ, પાર્લે ટીલક વિદ્યાલયની નજીક, વિલેપાર્લા ઈસ્ટ.

**કપોળ**

શિહોરવાળા હાલ બોરીવલી, સ્વ. પન્નાલાલ છોટાલાલ મેહતાના ધર્મપત્ની ગં. સ્વ. શાંતાબેન (ઉં.વ. ૧૦૦) તે ભરત, કિરીટ, હરીશ, ધીરેન, બિપીનના માતુશ્રી તથા સૌ. નલિની, પ્રજ્ઞા, કવિતા, માલિની, સાધનાના સાસુ. સૌ. કૃતિ, રિદ્ધિના મોટાસાસુ. શિહોરવાળા સ્વ. ભગવાનદાસ હરજીવનદાસ સંઘવીના પુત્રી સોમવાર, તા. ૧૮/૮/૨૫ના શ્રીજીચરણ પામેલ છે. સર્વ લૌકિક પ્રથા બંધ રાખેલ છે.

**કપોળ**

ચાવંડ નિવાસી હાલ ભાયંદર, ગં. સ્વ. ભાનુબેન કાંતિલાલ કાણકિયાના સુપુત્ર મુકેશભાઈ (ઉં.વ. ૬૫) બુધવાર, તા. ૧૩-૮-૨૫ના શ્રીજીશરણ પામેલ છે. તે સ્વ. હિનાબેનના પતિ. ભારતીબેન મુકેશભાઈ કાચરીયા, સ્વ. ભુપેન્દ્રભાઈ, દેવેન્દ્રભાઈ, સ્વ. વિપુલભાઈના ભાઈ. દક્ષાબેન, હિરલબેન, પ્રીતિબેનના દિયર - જેઠ. મીતાના પિતા. ધમતરીવાળા રામજી આણંદજી મેહતાના ભાણેજ. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**નવાગામ ભાટિયા**

કાલાવડ નિવાસી હાલ કાંદિવલી, મુળરાજ પુરુષોત્તમ ઉદ્દેશી (ઉં.વ. ૮૩) ભાનુબેનના પતિ. રસેશના પિતા. વિશાખાના સસરા. સ્વ. શાંતિબેન ગોકલદાસ છીછીયા, સ્વ. ચંપુબેન નટવરલાલ પાલેજા, સ્વ. મધુસુદનભાઈ, સ્વ. લલીતભાઇ, ગોપાલભાઈ, ગં.સ્વ. શોભાબેન ઉદયભાઈ વેદના ભાઈ. સાસરાપક્ષે સ્વ. ગોપાલદાસ મકનજી સંપટના જમાઈ તા. ૧૮/૮/૨૫ના શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

# પારસી મરણ

ખુરશેદ હોરમસજી દસ્તુર (ઉં.વ. ૮૫) તે મરહૂમ હોરમસજી મેહરનોસજી અને મરહૂમ સુનામાઈ હોરમસજી દસ્તુરના પુત્ર. તે કોબાડ, કેરસી, મરહૂમ પેસ્તનજી, મરહૂમ પરવેઝ, મરહૂમ ફરદુન, મરહૂમ હોમીના બ્રધર-ઈન-લો. તે ડોલી પરવેઝ વરિયાવા, બેપ્સી કોબાડ, ખારસ, જાલુ કેરસી ભમગરા, અરનવાઝ હોમી ભગત, મરહૂમ ફ્રેની પેસ્તનજી વરિયાવા, મરહૂમ ઝરીન ફરદૂન પંથકીના ભાઈ. તે અસ્પી, કેરસી, મહારૂખ,એલિન, ફરઝાના, તનાઝ, ફિરોઝ, મરહૂમ અબાન, મરહૂમ યાસ્મિનના અંકલ.

**નવાગામ વિશા દિશાવાળા વણિક**

બાલીસણા નિવાસી હાલ ભાયંદર, શાહ શોભનાબેન સુરેન્દ્રભાઇ બબલદાસ (ઉં.વ. ૬૯) શનિવાર, તા. ૧૬/૮/૨૫ના શ્રીજીચરણ પામેલ છે. તે ઉદયભાઈ, કૌશલભાઈ, બીનાબેન, નૂતનબેન, આશિતાબેનના માતુશ્રી. તેજલબેન, ગુંજનબેનના સાસુ. યશ, હર્ષ, તિથિ તથા ધાર્મીના દાદા. યોગેશભાઈ બાલીસણાના બહેન. પિયરપક્ષે સ્વ. જેન્તીલાલ મગનલાલ શાહ બાલીસણા- સ્થાનિકના દીકરી. બંને પક્ષની પ્રાર્થનાસભા ગુરૂવાર, તા. ૨૧/૮/૨૫ના ૫ થી ૭. લૌકિક વ્યવહાર બંધ છે. શ્રી માહેશ્વરી ભવન, પહેલે માળે, શ્રી માહેશ્વરી ભવન રોડ, ૧૫૦ ફિટ રોડ, ફ્લાયઓવરની બાજુમાં, ભાયંદર વેસ્ટ.

**વિશા સોરઠીયા વણિક**

જામખંભાડીયાવાળા હાલ કાંદિવલી. સ્વ.લાલજી ગિરધરભાઈ માઉના ધર્મપત્ની ગં. સ્વ. રસ્વન્તિબેન માઉ (ઉં.વ. ૯૦) ૧૭/૮/૨૫ના શ્રીજીચરણ પામેલ છે. તે સ્વ. દીપકભાઈ તથા પરેશભાઈ, વિલેશભાઈ, જીજ્ઞાબેન, રીટાબેનના માતુશ્રી. ગં. સ્વ. પ્રજ્ઞાબેન, લીનાબેન, પ્રીતિબેન, રાજેશભાઈ, ભરતભાઈના સાસુમા. માનસી, મિલોની, દ્રિષ્ટિ, પાર્થના દાદી. સ્વ.બાલાગામવાળા જમનાદાસ ગોકળદાસ પારેખના દીકરી. લૌકિક પ્રથા બંધ રાખેલ છે.

**લુહાર સુથાર**

મયુરનગર હળવદવાળા, સ્વ. પ્રેમજીભાઈ નથુભાઈ પરમારના ધર્મપત્ની ગં. સ્વ. હીરાબેન (ઉં.વ. ૯૪) રાજેશ, હિંમત, નીલાબેન, ગીતાબેન, મંજુબેન, રેખાબેનના માતુશ્રી, અલ્પા, કિન્નરીના સાસુજી. કરણ, તન્વીના દાદી. નમિતાના દાદીસાસુ. રવિવાર તા. ૧૭/૮/૨૫ના શ્રીરામચરણ પામ્યા છે. સર્વ લૌકિક પ્રથા બંધ છે.

**ઘોઘારી લોહાણા**

ધરમપુર નિવાસી હાલ બોરીવલી, ગં. સ્વ. લતાબેન (મંજુબેન) (ઉં.વ. ૯૧) તે સ્વ. હસમુખલાલ રમણીકલાલ વસાણીના ધર્મપત્ની, તા. ૧૯/૮/૨૫ના મંગળવારે શ્રીજીચરણ પામેલ છે. તે સ્વ. વિપિનચંદ્ર, સ્વ. મધુકરભાઈ વસાણી, સ્વ. શારદાબેન, સ્વ. પુષ્પાબેન, સ્વ. ઇન્દુબેનના ભાભી. ચી. દિપક અને અ. સૌ. આરતીના કાકીબા. અમરેલી નિવાસી સ્વ.જીવીબેન તુલસીદાસ કાનાબારના દીકરી. સ્વ. ગુણવંતરાય, સ્વ. જયંતીભાઈ, સ્વ. કનૈયાલાલ, સ્વ. હસમુખરાય, સ્વ. હિંમતભાઈ, સ્વ. સવિતાબેન, સ્વ. શારદાબેનના બહેન. બંને પક્ષની પ્રાર્થનાસભા ગુરુવાર, તા. ૨૧/૮/૨૫ના ૪ થી ૬. આધાર હોલ, રોડ નંબર ૧૦, દૌલત નગર, બોરીવલી ઇસ્ટ.

**હાલાઇ લોહાણા**

મૂળગામ કેશોદ નિવાસી હાલ વસઈ વેસ્ટ, સ્વ. તુલસીદાસ મકનજી દેવાણી તથા સ્વ. વિમળાબેન દેવાણીના સુપુત્ર મનીષભાઈ (ઉં.વ. ૫૧) તે રૂપલબેનના પતિ. દેવેન તથા સિદ્ધિના પિતા. અમિતભાઇ તથા માલતી (ગીતા)બેન પ્રદીપભાઈ સોઢા તથા હર્ષા આનંદકુમાર ઠક્કરનાં ભાઈ. સ્વ. મુકુંદભાઈ દયાળજીભાઈ રાચ્છના જમાઈ. તા. ૧૮/૮/૨૫ને સોમવાર ગૌલોકવાસી થયેલ છે. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**હાલાઇ લોહાણા**

મૂળવતન લાખણકા હાલ મીરારોડ, ગં. સ્વ. પુષ્પાબેન (ઉં.વ. ૭૮) તે સ્વ. મનહરલાલ છોટાલાલ વજાણીના ધર્મપત્ની. રાજેશ, જીતેન્દ્ર, રશ્મિ સુધીર રૂઘાણીના માતુશ્રી. રાજેશ્રી તથા શ્રદ્ધાના સાસુ. સ્વ. ગોરધનદાસ પોપટલાલ ગણાત્રાના દીકરી. સ્વ.પ્રદીપભાઈ તથા ગ.સ્વ ઉષાબેન લઘાણીના મોટાભાભી. તા. ૧૭/૮/૨૫ના શ્રીજીચરણ પામેલ છે. બંને પક્ષની પ્રાર્થનાસભા તા. ૨૧/૮/૨૫ના ગુરુવાર ૪ થી ૬. હાલાઇ લોહાણા મહાજન વાડી, એસ.વી. રોડ, કાંદિવલી વેસ્ટ.

**પરજીયા સોની**

ગામ ડેડાણ હાલ બોરીવલી, સ્વ. નટવરલાલ નંદલાલ સતીકુંવર (ઉં.વ. ૮૩) તા. ૧૭-૮-૨૫ના સ્વર્ગવાસ થયા છે. ગં. સ્વ. સરોજબેનના પતિ. તે જેંતીભાઈ બાબુભાઇ જગડાના જમાઈ, હરેશ, હિરેન, બીનાબેન પારસકુમાર સુરૂ, કિરણબેન અનીલકુમાર ધકાણના પિતા, અરુણા, નેહલના સસરા. મનીષાબેન નરેશકુમાર ધકાણ, સ્વ. જગદીશભાઈ, જ્યોતિબેન રમેશકુમાર ધકાણના મોટાભાઈ. યશ, મનન, શ્યામ, વૃષ્ટિના દાદા, પ્રાર્થનાસભા તા. ૨૧/૮/૨૫ના ગુરુવારે ૫ થી ૬. સોનીવાડી, શિપોલી ક્રોસરોડ, બોરીવલી વે.

**કચ્છી રાજગોર બ્રાહ્મણ**

ગામ મસ્કા હલે વિક્રોલી પાર્કશાઇટ, પ્રવિણ માંકાણી (ઉં.વ. ૬૭) તા. ૧૮/૮/૨૫ના રામશરણ પામેલ છે, તે ગં. સ્વ. ભચીબાઈ લક્ષ્મીદાસ માંકાણીના સુપુત્ર. ગુણવંતીબેનના પતિ, રક્ષા મનોજ મહેતા, આરતી દર્શન મોતા, ભાવેશના પિતાજી. સ્વ. સાકરબેન શંકરલાલ મોતાના જમાઇ. સ્વ. ભારતી જયંતિલાલ નાકર, મૃદુલા કાંતિલાલ મોતા, ગં. સ્વ. રંજન કાંતિલાલ મોતા, અશ્વિનભાઇના ભાઈ, અર્ચનાબેનના સસરા, તેમની બને પક્ષની પ્રાર્થનાસભા તા.૨૧/૦૮/૨૫ ૪.૦૦ થી ૫.૩૦. જૈન પાર્શ્વનાથ દેરાસર, વિક્રોલી પાર્કશાઇટ ખાતે.

**વીસા સોરઠીયા વણિક**

ગામ પશનાવડાવાળા હાલ (બરોડા) સ્વાતિ નીતિન રતિલાલ શાહની સુપુત્રી નિશી (ઉં.વ. ૨૮), તા. ૧૬/૮/૨૫ ને શનિવારના રોજ બરોડા મુકામે શ્રીજીચરણ પામેલ છે. તે પ્રિયલ ની મોટી બહેન. શૈલા યોગેશ રતિલાલ તથા રંજન હરકિશનદાસ શાહની ભત્રીજી. જસવંતીબેન રવિલાલ શાહની દોહિત્રી. ગિરીશભાઈ તથા અમિતભાઈ રવિલાલ શાહની ભાણેજ, તેમની પ્રાર્થનાસભા તા. ૨૧/૮/૨૫ને ગુરુવારના ૫.૩૦ થી ૭.૦૦. વૃંદાવન ગાર્ડન, સોના ટૉકીઝની બાજુમાં, ત્રિકમદાસ રોડ, કાંદિવલી વેસ્ટ.

---

**મરણ ખબર માટેની સૂચના** | મૃત્યુનોંધ સાંજે ૭-૩૦ સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) કયાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક

# પુરુષ

મેલ મેટર્સ

અંકિત દેસાઈ
feedback@bombaysamachar.com

## પુરુષો હવે પિતા બનવાનું સહેજ મોડું પસંદ કરે છે, પણ...


૨૦૨૫માં થયેલા એક સર્વે પર આપણે સૌએ ધ્યાન આપવા જેવું છે,જેમાં જણાવવામાં આવ્યું છે કે પહેલીવાર પિતૃત્વની જવાબદારી લેનારા ૪૧% પુરુષોની ઉંમર હવે ૩૫ વર્ષથી વધુ છે, જે પહેલાં કરતાં ખૂબ જ વધુ છે. આ ચોંકાવનારી આંકડાકીય માહિતીએ એક મોટી સામાજિક-સાંસ્કૃતિક ફેરફારની ઝલક દર્શાવે છે, જેમાં પુરુષો પોતાના જીવનના નવા અધ્યાયમાં પગ મૂકવામાં વાર લઈ રહ્યા છે. આ પરિવર્તનનાં કારણ અને તેનાં પરિણામો વિશે ચર્ચા થવી જરૂરી છે, કારણ કે તે નવી પેઢીના પરિવાર અને સમાજ પર ગહન અસર કરી શકે છે.

આ સામાજિક- સાંસ્કૃતિક ફેરફારની શરૂઆત નોકરીઓના વધતા દબાણ અને આર્થિક અસ્થિરતાથી થઈ શકે છે. આજના સમયમાં, યુવાનો પોતાની કારકિર્દીને સ્થિર કરવા માટે વધુ સમય ફાળવી રહ્યા છે, જેથી એ પોતાનાં બાળકોને શ્રેષ્ઠ જીવન આપી શકે. આથી લગ્ન અને પિતૃત્વને બીજા અને ત્રીજા ક્રમે રાખવામાં આવે છે.

ઉદાહરણ તરીકે, ભારતમાં શહેરી વિસ્તારોમાં યુવાનો પ્રથમ જોબ મેળવ્યા પછી ઓછામાં ઓછા ૫-૭ વર્ષ સુધી કારકિર્દી પર ધ્યાન કેન્દ્રિત કરે છે, જેનાથી પરિવારની યોજના પણ વિલંબ થાય છે. આ સિવાય,મોંઘવારી અને ખર્ચાળ જીવનશૈલીએ પણ લોકોને પોતાની આર્થિક સ્થિતિ મજબૂત કરવા માટે વધુ સમય લેવા પ્રેરિત કર્યા છે.

અન્ય એક મહત્ત્વપૂર્ણ કારણ એ છે કે આજના પુરુષ પોતાના જીવનસાથી પસંદ કરવામાં વધુ સાવચેતી રાખે છે. સામાજિક મૂલ્યોમાં ફેરફાર સાથે, લગ્ન ફક્ત પરંપરા નથી રહી, પરંતુ એક ગાઢ સમજૂતિ અને જીવન સાથીની સાથે સંબંધનું મૂલ્ય બની ગયું છે. આથી, યુવાનો એવા સંબંધમાં પગ મૂકવા માગે છે, જે લાંબા સમય સુધી ટકી શકે. આનાથી પિતૃત્વની ઉંમર પણ વધે છે. આ પ્રક્રિયામાં, કેટલાક પુરુષ શિક્ષણ અથવા વ્યવસાયિક વિકાસ પર ધ્યાન આપીને પોતાની પસંદગીની શોધમાં વધુ સમય લે છે.

જોકે બીજી તરફ, આ રીતે મોટી ઉંમરે પિતા બનવાનાં પરિણામો પર ધ્યાન આપવું અત્યંત જરૂરી છે. અનેકવિધ વૈજ્ઞાનિક અભ્યાસ મુજબ,૩૫ વર્ષથી વધુ ઉંમરે પિતૃત્વ




સ્વીકારનાર પુરુષોનાં બાળકોને જન્મજાત રોગોનું જોખમ વધી શકે છે, જેમ કે ઓટિઝમ અથવા ડાઉન સિન્ડ્રોમ. આ સિવાય,પિતાની ઉંમર વધવાથી માતાની ગર્ભાવસ્થા પણ જટિલ બની શકે છે. જોકે,આવાં જોખમ હોવા છતાં,આધુનિક તકનીકીઓ જેમ કે IVF અને અન્ય પરીક્ષણોએ આ સમસ્યાઓને ઘટાડવામાં મદદ કરી છે, જેથી પુરુષ આશા રાખીને મોટી ઉંમરે પિતૃત્વ પસંદ કરે છે.

આ ઉપરાંત, વધતી ઉંમરે પિતૃત્વનું એક સકારાત્મક પાસું પણ છે. જે પુરુષ ૩૫ પછી પિતા બને છે એ પોતાનાં સંતાન સાથે વધુ સમય પસાર કરવાનું પસંદ કરે છે અને એમનાં પર વધુ ધ્યાન આપે છે. આજના સમયમાં, ઘણા પુરુષ એવું માને છે કે ઉંમરના આ સ્તરે ભલે પોતે શારીરિક રીતે ઓછા સક્રિય હોય,પરંતુ માનસિક રીતે વધુ પરિપક્વ અને સમજદાર બની ગયા હોય છે, જે બાળકોના ઉછેરમાં મદદરૂપ થઈ શકે છે. આ સ્થિતિમાં, પિતૃત્વ વધુ ઇરાદાપૂર્વક અને સચેતપણે લેવામાં આવે છે, જે પરિવારના સંબંધોને મજબૂત કરે છે.

ભારતીય સંદર્ભમાં, આ ફેરફાર ગ્રામ્ય અને શહેરી વિસ્તારોમાં જુદી જુદી રીતે જોવા મળે છે. ગ્રામ્ય વિસ્તારોમાં હજુ પણ પરંપરાગત મૂલ્યોને અનુસરવામાં આવે છે, જ્યાં યુવાનો વહેલી ઉંમરે પરિવાર શરૂ કરે છે. જ્યારે શહેરોમાં, શિક્ષણ અને કારકિર્દીની સફળતા પર ભાર મૂકાય છે, જેનાથી પિતૃત્વની ઉંમર વધી છે. આ બધું એક વધતા જતા સામાજિક પરિવર્તનનું પ્રતીક છે, જેમાં વ્યક્તિગત પસંદગીઓ અને સામાજિક દબાણ વચ્ચે સંતુલન બનાવવાની કોશિશ થઈ રહી છે.

આ બધા વચ્ચે, સરકાર અને સામાજિક સંસ્થાઓએ આ બદલાતી પરિસ્થિતિને સમજવી અને તેના અનુસાર નીતિઓ ઘડવી જરૂરી છે, જેમ કે પરિવારની આર્થિક સ્થિતિ સુધારવા માટે સબસિડી અથવા પેરેન્ટલ સપોર્ટ પ્રોગ્રામ શરૂ કરી શકાય, જેથી યુવાનોને વહેલી ઉંમરે પરિવારની યોજના બનાવવા માટે પ્રોત્સાહન મળે. આ સિવાય,જાહેર જાગૃતિ કાર્યક્રમો દ્વારા લોકોને આરોગ્ય સંબંધિત જોખમો વિશે જણાવવું પણ જરૂરી છે, જેથી એ સચેત રહી શકે.

આખરે, આ બદલાતી પેઢીનું પિતૃત્વ એક નવી દિશા તરફ દોરી રહ્યું છે, જેમાં પરંપરાઓ અને આધુનિકતા વચ્ચે સંતુલન બનાવવાનો પ્રયાસ થઈ રહ્યો છે. ૪૧%ની આ આંકડાકીય વૃદ્ધિ ફક્ત એક સંખ્યા નથી,પરંતુ એક એવા સમાજનું પ્રતિબિંબ છે જે પોતાની પસંદગીઓને પ્રાથમિકતા આપી રહ્યો છે, જોકે આ પ્રક્રિયામાં તેના લાંબા ગાળાના પરિણામો પર પણ ધ્યાન આપવું જરૂરી છે. આ બધું સમજવું અને તેના અનુસાર પગલાં લેવા એ આગામી પેઢીના સુખી અને સ્વસ્થ ભવિષ્ય માટે મહત્ત્વપૂર્ણ છે.

# સંધ્યા છાયા

feedback.ladki@
નીલા સંઘવી

## એકલા દાદાનું આ હતું 'બોલતું' એકાંત...

અમૃતલાલ એમનું નામ. અમે એને 'દાદા' કહેતા, કારણ કે એમનાં પૌત્ર-પૌત્રીઓ એમને દાદા કહેતા હતાં. એ અમારા પાડોશી. આજે અમે પતિ-પત્ની ભૂતકાળની સ્મરણયાત્રાએ વળગ્યા હતા અને 'દાદા'ને યાદ કર્યાં. અમૃતલાલને યાદ કરતા જ મને યાદ આવ્યું, મારે 'સંધ્યા છાયા'નો લેખ લેખવાનો હતો. તો આ અઠવાડિયાના લેખ માટે અમૃતલાલ દાદા જ યોગ્ય છે.

આમ તો અમૃતલાલનો ભર્યોપૂર્યો પરિવાર હતો, પરંતુ ત્રણ દીકરા અને બે દીકરી પછીની સુવાવડમાં દીકરીને જન્મ આપીને એમનાં પત્ની ગુજરી ગયાં. એ જમાનો સંયુક્ત પરિવારનો હતો. દાદાના ભાઈની પત્નીએ પોતાના બાળકો સાથે અમૃતલાલનાં સંતાનોને પણ ઉછેર્યાં. બંને ભાઈનાં સંતાનો મોટાં થયાં એટલે પછી જુદા થયાં. દાદાની બંને દીકરીઓ અને ત્રણેય દીકરાઓ પણ પરણ્યા. પછી ત્રણેય દીકરાઓ જુદા રહેવા ગયા. દાદા મોટા દીકરા સાથે રહેતા હતા. દાદા જે ઘરમાં રહેતા હતા એ ઘર એમનું હતું. જે મોટા દીકરા સાથે એ રહેતા હતા એના દીકરાઓ પણ મોટા થયા એટલે પોશ એરિયામાં ઘર લીધું અને ત્યાં રહેવા જવાનું હતું. દીકરાએ દાદાને સાથે આવવા કહ્યું પણ એ પોતાનું જૂનું ઘર છોડીને ક્યાંય જવા તૈયાર ન હતા. બધાંની સમજાવટ છતાં દાદા કોઈની સાથે ન ગયા. દાદા એકલા રહેવા લાગ્યા.

મારો પરિચય દાદા સાથે હું પરણીને ગઈ ત્યારે થયો. ત્યારે એ ઓલરેડી એકલા હતા. ઘર મોટું હતું. આમ તો અમે રહેતા એ મકાન ફલેટ સિસ્ટમ ન કહી શકાય, પણ અમે પાંચમે માળે રહેતા હતા ત્યાં એક ઘરમાં મારો પરિવાર અને બીજા ઘરમાં દાદા એકલા એટલે એક રીતે શાંતિ હતી.

દાદાને બપોરે અને રાતે દીકરાઓના ઘરેથી ટિફિન આવી જાય. બપોરે એક દીકરાના ઘરેથી અને રાતે બીજા દીકરાના ઘરેથી. પોતાના ચા-પાણી દાદા હાથે જ બનાવી લે.

મારા પરિવારનો દાદા સાથે ઘેર જેવો સંબંધ. દાદા મોજથી જીવે. જમવા ઉપરાંત જે કાંઈ ચીજવસ્તુઓ જોઈતી હોય તે દાદા દીકરાઓને જણાવી દે એટલે દીકરાઓ ટિફિનની સાથે દવા કે નાસ્તો જે કાંઈ મગાવ્યું હોય તે મોકલી આપે.

દાદા સાંજે ચાર-પાંચ વાગે તૈયાર થઈને ઘરેથી નીકળે. ખાદીનું ધોતિયું, ખાદીનો ઝભ્ભો અને ખાદીની ટોપી એ દાદાનો પહેરવેશ. આ કપડાં સફેદ બાસ્તા જેવાં. એક સાથે ત્રણ- ચાર જોડ ધોવાના ભેગાં થાય એટલે દાદા ધોવા માટે દીકરાના ઘરે મોકલી આપે અથવા કોઈવાર ઘરે ઘરકામ માટે આવતી કામવાળી બાઈ પાસે પણ ધોવડાવી લે.

સાંજે નીકળે પછી થોડેક દૂર આવેલી દીકરાઓની દુકાને જાય, કોઈવાર કોઈ સગાં-સંબંધીને મળવા જાય. કોઈવાર સિનેમા જોવા જાય. મારા પરિવારજનો અખબાર દાદાને ઘેર જઈને વાચે.

એ સમયે દુરદર્શન પર રવિવારે ફિલમ દેખાડતા. દાદાને ત્યાં હજુ ટીવી ન હતું. તેથી એ અમારે ત્યાં ફિલમ જોવા બેસે. દાદા ફિલમ જોવાના ભારે શોખીન હતા, પણ મુસીબત ત્યાં થાય કે એમને પંખાની હવા બહુ ફાવે નહીં એટલે પંખો ધીમે કરાવે. અહીં એ પોતાનો હક્ક સમજે,




સંબંધ જ એવો હતો. અમને ગરમી લાગે તકલીફ પડે પણ દાદાને ફાવે નહીં એટલે ન કરીએ. અમે દાદાને પૂછીએ, 'એકલાં એકલાં કેમ રહો છો? બધાંની સાથે રહોને. દીકરાઓ આટલા સુખી છે તો ત્યાં ગમશે.'

'ના, રે ના મને મારું એકાંત ગમે. ઘણાં વર્ષો બધાંની સાથે રહ્યો. હવે જિંદગીનાં છેલ્લાં વર્ષો મારે મારા એકાંત સાથે જીવવું છે. જુઓ, કોઈની સાથે રહેતા હોઈએ તો એમની અનુકૂળતા પ્રમાણે જીવવું પડે. મારે મારી અનુકૂળતા - મારી ઈચ્છા પ્રમાણે જીવવું છે' દાદા કહેતા.

કોઈવાર દાદાનું ટિફિન મોડું આવે તો એમને ન ચાલે. પોતાના સમયે જમવા જોઈએ. ટાઈમ કરતા પાંચ-દસ મિનિટ મોડું થાય એટલે આમથી તેમ આંટા મારવા લાગે. બીજી પાંચ-દસ મિનિટ થાય એટલે અમારા ઘેર આવે અને કહે, 'મને જમવાનું આપી દો, હજુ ટિફિન આવ્યું નથી.' એટલે અમે થાળી પીરસીને આપી દઈએ. એ જમાનામાં ગણીને રોટલી કરવાનો રિવાજ ન હતો. ઘરમાં એકાદ-બે જણ જમવામાં ભળી જાય તેટલું રાંધવામાં આવતું. દાદા હક્કપૂર્વક જમવાનું માગી લે. આમાં ન તો એમને કશું અજુગતું લાગે કે ન અમને.

દાદા પોતાની થેલીમાં એક પડીકામાં વરિયાળી, બીજા પડીકામાં સોપારી રાખે. અમારે જમ્યા પછી મુખવાસ દાદાના પડીકામાંથી જ ખાવાની આદત થઈ ગઈ હતી. એક મોટી પ્લાસ્ટિકની કોથળીમાં ચણા રાખે. જે નાના બાળકો મળે તેમને ચણા આપે. થોડીક સંતરા પીપર પણ રાખે બાળકોને આપવા માટે. એક આખો મોટો ડબ્બો ભરીને પાર્લે-જી બિસ્કિટ મગાવે. એ મોટા ડબ્બામાં ચાર-ચાર બિસ્કિટના ઘણાં બધાં પેકેટ હોય. બાળકોને, ગરીબોને એ બિસ્કિટ ખવડાવે. અમારે ત્યાં કોઈ વાર હું ઘરે ન હોઉં અને મારાં બાળકોને નાસ્તો કરવો હોય તો દાદા પાસે જઈને બિસ્કિટ લઈ આવે. દાદા ક્યારેય ના ન પાડે. દાદાના ટિફિનમાં મીઠાઈ કે ઊંધિયું કે ફરસાણ જેવી વાનગી આવે તો એ જમતા પહેલા અમારા માટે કાઢી લે અને અમને ચખાડે. એમની પુત્રવધૂઓ પણ આ વાત જાણે એટલે વધારે જ મોકલે. પછી તો ઘરે ટીવી પણ લઈ લીધું હતું. એટલે ટીવી જુએ, રેડિયો સાંભળે. એમને ડાન્સ જોવા બહુ ગમે. હેમામાલિનીના નૃત્યના ભારે પ્રશંસક. આમ મસ્ત મૌલાની માફક જીવતા દાદા શરીરે સ્વસ્થ હતા, પણ લગભગ ૮૫-૮૬ વર્ષની ઉંમરે ઓપરેશન કરાવવું પડ્યું, હોસ્પિટલમાં ૩-૪ દિવસ રહ્યા ને બધાને અલવિદા કરી ગયા.

કોઈ એક વૃદ્ધ વ્યક્તિ કકળાટ કર્યા વગર એકલી કેવી રીતે જીવી શકે તેનું શ્રેષ્ઠ ઉદાહરણ એટલે અમૃતલાલ દાદા... ■

રાષ્ટ્રસંત પૂ. ગુરુદેવ નમ્રમુનની વ્યાખ્યાનમાળા



બીજો દિવસ **નમ્રવાણી**

## तू है तो... भूलना आसान हैं

''પરમ ગુરુદેવ''

પર્વાધિરાજ પર્યુષણ મહાપર્વ એટલે જીવનની સાચી દૃષ્ટિ પામી, સત્ય ઉપર વિશ્વાસ લાવી, સમકિતને વિશુદ્ધ કરી, આતમ ઉજ્જવળતાને પ્રાપ્ત કરવાનું મહાપર્વ!

Lifeમાં પ્રભુ છે, તો પ્રભુ જેવા બનવાની શરૂઆત કરી શકાય. પણ પ્રભુ જેવા બનાય ક્યારે?

જ્યારે Pastની Memories બધી ભૂલાઈ જાય!

પર્વાધિરાજ પર્યુષણ એ સમભાવનો અવસર છે અને Pastની Memories આપણને વિભાવ તરફ લઈ જાય છે. સમભાવ જો વિષમભાવ તરફ જાય એટલે સમ્યક્ દર્શન પણ વિષમભાવમાં જતું રહે અને આત્મા પરમાત્માથી દૂર જવા લાગે!

મોટાભાગની વ્યક્તિઓમાં ધર્મની Memoriesના Stock કરતાં સંસારની Memoriesનો Stock વધારે હોય છે, જે Memoriesનો Attack લાવે છે.

Memoriesનો Attack heart attack કરતાં પણ dangerous હોય છે, વધારે નુકસાનકારક હોય છે. Memoriesનો Attack આવતા જ વ્યક્તિ ધર્મ ભૂલી જાય, સમભાવ અને સમતા ભૂલી જાય, પોતે કયા સ્થાન પર છે એ ભૂલી જાય અને હસતાં-હસતાં અચાનક આવેશ અને આક્રોશમાં આવી જાય.

આવેશનું કારણ હોય છે, અંદરમાં પડેલી તે વ્યક્તિ માટેની bad memories, negative memories!

Memories જેટલી Flash back થાય એટલું વ્યક્તિનું Future black થાય.

Memoriesનો Attack સંબંધોને, વ્યવહારને, Actionને, Businessને અને તમારા Moodને Disturb કરવાવાળો હોય છે, પરિવારમાં Problems Create કરનાર છે.

જે પરિવાર Pastમાં જીવતો હોય, એ પરિવારનું Future Bright થવાના બદલે black થતું હોય છે, જેનું કારણ વ્યક્તિનો Nature હોય છે.

માટે જ Memoriesને ભૂલવી અત્યંત જરૂરી હોય છે અને સાથે-સાથે Natureને Pure કરવો પણ એટલો જ જરૂરી હોય છે.

પર્યુષણ એ માત્ર event નથી પણ આત્મશુદ્ધિની process માટે છે. આત્મશુદ્ધિનું First Step છે, Natureને Pure કરવો.

**प्रभु तू है तो... समभाव की साधना है,**

**गुरु तू है तो... bad memories भूलना आसान है!**

bad memories ભૂલાય તો જ સમભાવની સાધના થાય.

ને ભૂલવા માટે, Pastની bad memoriesને delete કરવા માટે ઘણી બધી master Keys છે.

Incident ને Vomit કરતા શીખી જાવઃ-

જ્યારે પેટમાં ગરબડ થાય, indigestion feel થાય, ત્યારે vomit થઈ જાય તો એકદમ બધું શાંત થઈ જાય, એવી જ રીતે જ્યારે કોઈ insult કરે, આક્ષેપ કરે, કોઈના પ્રત્યે અણગમો થાય અને mind upset થાય ત્યારે તે બધી ઘટનાઓની Vomit કરી, ભૂલી જઈ mindને શાંત કરી, fresh થઈ જવું જોઈએ.

Anti attack કરતાં શીખી જાવઃ-

જેની સાથે problems છે, જેના માટે મનમાં negativity છે, allergy જેવી Feelings છે, એની પ્રશંસા કરવાનું શરૂ કરી દેવું જોઈએ. એના વખાણ કરવાનું શરૂ કરી દેવું જોઈએ. કદાચ એ વ્યક્તિ કહેશે કે, તમે મારા ખોટા વખાણ કરી રહ્યાં છો, ત્યારે ખૂબ જ સમભાવ રાખી, કોઈ પણ પ્રકારના reactions નહીં આપવાના! કેમ કે, તમને ખબર છે, તમે વખાણ કરીને તમારી bad memoriesને ભૂલવાનો, Positive memoriesને વધારવાનો પુરુષાર્થ કરી રહ્યાં છો, Acceptance level વધારી રહ્યાં છો.

તમારી પ્રશંસા, તમારી allergyની best medicine છે.

તમારું Acceptance તમારા સમભાવને વધારે છે.

સમભાવને પરમાત્માએ ધર્મ કહ્યો છે.

જો સામાયિક સમતાને ધર્મ છે, તો situation સમયે સમતા રાખવી, એ સમભાવનો ધર્મ છે.

સામાયિક એટલે સૂત્ર પાઠ સાથેની 48 minutesની સમતા, જ્યારે સમભાવ એટલે સમજ સાથેની 24 કલાકની સમતા!

ગુણ ગ્રાહક બનતાં શીખી જાવઃ-

જે ગુણ ગ્રાહક બને છે, એની good memoriesનો Stock વધે છે.

જેમ-જેમ ગુણ ગ્રાહકતા, ગુણ ચાહકતા, ગુણ દૃષ્ટિ વધે, તેમ-તેમ સામેવાળી વ્યક્તિ માટે જે bad memories હોય તે delete થતી જાય. ભલે તેને મારી સાથે bad behave કર્યું પણ મારા દીકરા માટે તો તેને અત્યંત પ્રેમ છે ને! જેમ-જેમ good Qualities જોતા જઈએ, let goનો ભાવ વધવા લાગે તેમ-તેમ bad memories ભૂલાતી જાય.

**Presentમાં જીવતા શીખી જાવઃ-**

ઘણી વ્યક્તિની આદત હોય હંમેશાં Pastમાં જ જીવતા હોય. અમારા સમયમાં આમ હતું, ત્યારે અમે આમ કરતાં હતાં. તો ઘણા futureમાં જીવતા હોય, મારે આમ કરવું છે, મારે આ લેવું છે, આ business કરવો છે.

ભગવાને કહ્યું છે, pastમાં memories હોય અને futureમાં imagination હોય, માટે best છે, Presentમાં જીવવું. presentમાં ન memories રાખવી. ન imagination રાખવા, માત્ર સમભાવમાં રહેવું.

જેને past ભૂલતાં આવડે, તેના face પર બાળક જેવી નિર્દોષતા હોય.

જે pastની memoriesને hold કરી રાખે છે, તે જલ્દી old થવા લાગે છે.

mindમાં ventilation રાખતાં શીખી જાવઃ-

જે roomમાં cross ventilation ન હોય, એ roomમાં ગરમી, બફારો અને અકળામણ વધારે થાય. પણ જે roomમાં બે Windows સામસામે હોય, ત્યાં cooling અને peaceful atmosphere હોય.

એવી જ રીતે જો mindમાં 2 door હોય તો જેવું કોઈએ insult કર્યું, એક doorમાંથી entry થઈ અને બીજા doorમાંથી એ insultની entry થઈ જાય, memoryમાં રહે જ નહીં.

જેના mindમાં ventilation ન હોય, એ અંતે ventilator પર જતાં હોય છે.

જેના mindમાં ventilation હોય, તેનો જીવન મંત્ર હોય,

**''इस कान से उस कान, चहेरे पर गुरु जैसी मुस्कान!''**

પ્રભુ સાથે એકરૂપ થવાનો પુરુષાર્થ કરતાં શીખી જાવઃ-

જેને bad memories કાઢતાં આવડે, ભૂલતાં આવડે, તે પ્રભુ સાથે એકરૂપતા કરી શકે, સ્વયંની auraને પ્રભુ જેવી બનાવી શકે.

પ્રભુ! તારા જેવો સર્વજ્ઞ અને વીતરાગી જ્યારે બનીશ ત્યારે બનીશ, પણ આજે પ્રભુ, તારા જેવી, મારી auraને બનાવવા હું મારી bad memoriesના Stockને જરૂર Clean કરીશ. જે bad memories ને delete નહીં કરી શકું, તેને good memories થી Overwrite કરીશ.

આજે પ્રભુ, હું થોડાક તારા જેવો બનીશ, તો કાલે સંપૂર્ણ તારા જેવો બની શકીશ!

પર્યુષણ મહાપર્વ એટલે સ્વયંના આત્માની સમીપ જવાનો શ્રેષ્ઠ અવસર!

આત્માની સમીપ જવાનો એક માર્ગ છે, સમભાવની સાધના!

પરમાત્માના ધર્મનો main base છે, સમભાવ!

સમભાવનું ખૂન કરે છે, Memoriesનો attack!

પ્રભુ છે તો સમભાવની સાધનાની સમજ છે અને ગુરુ છે તો એ સમભાવની સાધાનાનું ખૂન કરનાર Memoriesના attacksથી બચવાની, Memoriesને Clean કરવાની અને Memoriesને ભૂલવાની Master Keys છે, જેના કારણે Memories ને ભૂલવી આસાન છે!

સંકલ્પઃ

જ્યાં સુધી પ્રભુ જેવી ન બનું ત્યાં સુધી, મારી aura, પ્રભુ જેવી શુભ aura બને, એવો પુરુષાર્થ કરીશ.

**Pointers**

* Memoriesનો attack heart attack કરતાં પણ dangerous હોય છે, વધારે નુકસાનકારક હોય છે.

* Memoriesનો attack આવતા જ વ્યક્તિ ધર્મ ભૂલી જાય, સમભાવ અને સમતા ભૂલી જાય. પોતે કયા સ્થાન પર છે એ ભૂલી જાય અને હસતાં-હસતાં અચાનક આવશે અને આક્રોશમાં આવી જાય.

* Memories જેટલી Flash Back થાય એટલું વ્યક્તિનું Future black થાય.

* જે પરિવાર pastમાં જીવતો હોય, એ પરિવારનું future bright થવાના બદલે black થતું હોય છે.

* જે ગુણ ગ્રાહક બને છે, એની good memoriesનો stock વધે છે.

* જેમ-જેમ ગુણ ગ્રાહકતા, ગુણ ચાહકતા, ગુણ દૃષ્ટિ વધે, તેમ-તેમ સામે વાળી વ્યક્તિ માટે જે bad Memories હોય તે delete થતી જાય.

* **''इस कान से उस कान, चहेरे पर गुरु जैसी मुस्कान!''**

* પ્રભુ! તારા જેવો સર્વજ્ઞ અને વીતરાગી જ્યારે બનીશ ત્યારે બનીશ, પણ આજે પ્રભુ, તારા જેવી, મારી auraને બનાવવા હું મારી bad memoriesના stockને જરૂર clean કરીશ. જે bad memoriesને delete નહીં કરી શકું, તેને good memoriesથી overwrite કરીશ. ■

# લાડકી

કથા કોલાજ
કાજલ ઓઝા-વૈદ્ય
feedback.ladki@bombaysamachar.com

# ‘અલબેલા’એ મને ખૂબ પ્રસિદ્ધિ ને લોકપ્રિયતા અપાવ્યાં...

**નામઃ ગીતા બાલી**
**સમયઃ ૧૮ જાન્યુઆરી, ૧૯૬૫**
**સ્થળઃ મુંબઈ**
**ઉંમરઃ ૩૪ વર્ષ**

બાળકલાકાર તરીકે ફિલ્મો કર્યા પછી અભિનેત્રી તરીકે (લીડ રોલમાં) હું કામ નહીં કરું એવું કદાચ બધાએ વિચાર્યું હતું, પરંતુ હરકીર્તનના નસીબમાં કદાચ ગીતા બનવાનું લખાયું હતું.

૧૯૪૯માં... કેદાર શર્માએ બીજી ફિલ્મ ઓફર કરી, ‘બાવરે નૈન’, જેમાં રાજ કપૂર હીરો હતા. પૃથ્વીરાજ કપૂરના દીકરા રાજ કપૂરની એ વખતે ખૂબ ચર્ચાઓ થતી હતી. રોશનના સંગીત સાથે એ ફિલ્મ સુપરહિટ પુરવાર થશે એમાં કોઈને શંકા નહોતી. મારા પિતાએ કેદાર શર્માની એ ફિલ્મ માટે હા પાડી. રાજ કપૂર અને મારી મુલાકાત પહેલીવાર, ‘બાવરે નૈન’ ફિલ્મના સેટ પર થઈ- ત્યારે મેં કોઈ દિવસ ધાર્યું નહોતું કે, એક દિવસ એ જ રાજ કપૂર મારા જેઠ બનશે!

‘બાવરે નૈન’ ખૂબ સારી ચાલી અને પછી તરત માસ્ટર ભગવાન એક મ્યુઝિકલ ફિલ્મની ઓફર લઈને આવ્યા. પોતે હીરો બનવા માગતા હતા કારણ કે, એમની પાસે બીજા સ્ટારને આપવાના પૈસા નહોતા. સી. રામચંદ્ર એમના સારા મિત્ર એટલે એમણે ઉધારમાં સંગીત કરી આપવાનું વચન આપ્યું. સ્ટુડિયો અને રામચંદ્રના પૈસા બાકી રાખવામાં આવ્યા... મને પણ માત્ર સાઈનિંગ અમાઉન્ટ આપીને ફિલ્મ રિલીઝ થતા જ પૂરા પૈસા ચૂકવી આપવાનું વચન આપવામાં આવ્યું. માસ્ટર ભગવાન અથવા ભગવાન દાદા માટે આ ફિલ્મ જીવન-મરણનો ખેલ હતી કારણ કે, એ આ ફિલ્મના લેખક, દિગ્દર્શક, અભિનેતા અને કોરિયોગ્રાફર સહિત પ્રોડ્યુસર પણ હતા. કોણ જાણે કેમ, પરંતુ ભગવાન દાદાને એવો દ્રઢ વિશ્વાસ હતો કે આ ફિલ્મ બોક્સઓફિસના રેકોર્ડ તોડી નાખશે. અમે સહુએ ફિલ્મનું સંગીત સાંભળ્યું ત્યારે મને પણ લાગ્યું કે, સંગીત ખૂબ સારું હતું... અભિનેતા બનવા માગતા એક માણસ (પ્યારેલાલ)ની આ કથા લોકોને ખૂબ ગમી. ગીતો ખૂબ લોકપ્રિય થયા અને ફિલ્મ બોક્સઓફિસ પર જબરજસ્ત હીટ નીવડી. ‘બાવરે નૈન’ પછી તરત ‘અલબેલા’એ મને ખૂબ પ્રસિદ્ધિ અને લોકપ્રિયતા અપાવ્યાં. એ ફિલ્મમાં મારું નૃત્ય પણ બહુ વખણાયું.



એ પછી ‘જલસા’, ‘નયી રાત’, ‘દુલારી’, ‘બડી બહન’, ‘નેકી ઔર બદી’, ‘દિલ કી દુનિયા’, ‘શાદી કી રાત’ જેવી ફિલ્મો હું કરતી રહી. જેમાં સારા પૈસા મળતા રહ્યા. ૧૯૫૦ના દશકની સૌથી લોકપ્રિય અને સફળ અભિનેત્રીઓમાં મારું નામ ગણાવા લાગ્યું.

મુંબઈના બાંદ્રા વિસ્તારના પર્લ અપાર્ટમેન્ટમાં બે છોકરાઓ રહેતા હતા. બંને એકબીજાને ઓળખતા નહોતા. એમાંનો એક આસિસ્ટન્ટ ડિરેક્ટર અને કોરિયોગ્રાફર હતો. જ્યારે બીજો અભિનેતા તરીકે પોતાની પહેલી ફિલ્મ કરી રહ્યો હતો. આસિસ્ટન્ટ ડિરેક્ટર મૂળ મેંગલોરનો હતો, વસંતકુમાર પદુકોણ. એનો પરિવાર કલકત્તા શિફ્ટ થઈ ગયો હતો જ્યારે બીજો, અભિનેતા બનવા આવેલો છોકરો ધરમદેવ આનંદ હતો. બંને જણની મુલાકાત એક કોમિક ઘટનાથી થઈ, પરંતુ પછી બંને દોસ્ત બની ગયા. બંનેએ એકબીજાને વચન આપ્યું કે, બેમાંથી જે પહેલો સ્ટાર બનશે, સફળ થશે એ બીજાને ચાન્સ આપશે. ધરમદેવ ખૂબ દેખાવડો હતો-અભિનેતા તરીકે એની કારકિર્દી પહેલાં એસ્ટાબ્લિશ થઈ ગઈ, એ દેવ આનંદ તરીકે મશહૂર થયો. એણે પોતાના બેનર ‘નવકેતન ફિલ્મ્સ’ની સ્થાપના કરી અને પહેલી ફિલ્મ વસંતકુમાર પદુકોણ ઉર્ફે ગુરુ દત્તને ડિરેક્ટ કરવા આપી. હિન્દી સિનેમામાં એ વખતે આવી સસ્પેન્સ થ્રિલર બનતી નહોતી. ગુરુ દત્તે પહેલી ફિલ્મ બનાવી, ‘બાઝી’, જેમાં એણે મને દેવ આનંદની સામે હીરોઈનની ભૂમિકા આપી. એ જ ફિલ્મના ગીતો ગાવા માટે ગીતા રોય ચૌધરી આવ્યાં (જે પછીથી ગીતા દત્ત બન્યાં) ફિલ્મ ખૂબ સફળ થઈ. ગીતા બાલી અને દેવ આનંદની જોડી પણ લોકોને ગમી, માટે નવકેતને બીજી ફિલ્મ બનાવી જેમાં પણ સેઈમ કાસ્ટ રિપીટ કરવામાં આવી. દિગ્દર્શક તરીકે ગુરુ દત્ત પણ સફળ થયા અને અભિનેતા તરીકે દેવ આનંદ સુપરહિટ પુરવાર થયા. મને પણ આ ફિલ્મોથી ખૂબ ફાયદો થયો. ફિલ્મના ગીતો ખૂબ લોકપ્રિય થયા, ‘તદબીર સે બિગડી હુઈ તકદીર બના લે...’ અને ‘યે રાત યે ચાંદની ફિર કહા...’ જેવાં ગીતો લોકજીભે ચઢી ગયા.

ગુરુ દત્ત સાથે મેં ત્રણ-ચાર ફિલ્મો કરી અને પછી એમણે મધુબાલા સાથે ‘મિસ્ટર એન્ડ મિસિસ ફિફ્ટી ફાઈવ’ની જાહેરાત કરી. એ જ ગાળામાં રાજ કપૂરના ભાઈ શમશેર રાજ કપૂર પણ અભિનેતા બન્યા. ૧૯૫૩ થી ૫૪ સુધીમાં એમણે દસેક ફિલ્મો કરી, જેમાંની કેટલીક સફળ થઈ, અને કેટલીક ન ચાલી. એ ડાન્સિંગ સ્ટાર તરીકે પ્રખ્યાત થયા. દેખાવડા, ઊંચા, કપૂર ખાનદાનની ગુલાબી ત્વચા અને ભૂરી આંખો ધરાવતા શમ્મી કપૂરના અનેક દીવાના હતા. શમ્મી કપૂર બે જ વર્ષમાં મોટા સ્ટાર બની ગયા. ૧૯૫૫માં શમ્મી કપૂર સાથે મને એક ફિલ્મની ઓફર આવી. ‘મિસ કોકાકોલા’. મેં ફિલ્મ કરવાનું નક્કી કર્યું, ત્યારે હું શમ્મી કપૂરને પહેલીવાર મળી. તોફાની અને એકદમ લાઈવ વ્યક્તિત્વ ધરાવતા શમ્મી કપૂર સાથે કોઈની પણ દોસ્તી થઈ જાય એ સ્વાભાવિક હતું. અમે બીજી ફિલ્મમાં પણ જોડાયાં, ‘રંગીન રાતે’. એ એક રોમેન્ટિક થ્રિલર ફિલ્મ હતી. અમે બંને જણાં નૈનિતાલમાં શૂટિંગ કરતાં હતા ત્યારે અમારા સંગીતના અને બીજા કોમન શોખને કારણે ખૂબ વાતો થવા લાગી. ધીરે ધીરે અમારી દોસ્તી પ્રેમમાં પરિણમી.

રાજ કપૂરના લગ્ન થઈ ચૂક્યાં હતાં. એમના પત્નીનું નામ કૃષ્ણા રાજ કપૂર હતું. પૃથ્વીરાજ કપૂરે પોતાના જ ઘરમાં એક નિયમ બનાવ્યો હતો જેમાં એમની પુત્રવધૂ સિનેજગતમાંથી નહીં હોય, એ વાતની ક્લેરિટી એમણે પોતાના પુત્રો સાથે કરી દીધી હતી. એ વખતે એમનો પરિવાર રાજ-નરગિસના પ્રણયસંબંધને ક્રાઈસીસમાંથી પસાર થતો હતો. એ જ ગાળામાં, શમ્મી કપૂરે મારી સામે લગ્નનો પ્રસ્તાવ મૂક્યો, પરંતુ હું મારા કુટુંબની જવાબદારીઓને કારણે એમની સાથે લગ્ન કરી શકું એમ નહોતી. મેં વિનમ્રતાથી લગ્નની ના પાડી. શમ્મીજીએ એકથી વધુ વખત પોતાના ચાર્મને વાપરીને મને સમજાવવાનો પ્રયાસ કર્યો, પરંતુ હું એ વખતે લગ્ન કરી શકું એવી મારી માનસિક તૈયારી નહોતી. બીજું, મને ડર હતો કે એમના માતા-પિતા મને નહીં સ્વીકારે કારણ કે, હું ફિલ્મો છોડી શકું એમ નહોતી. મારે લગ્ન પછી પણ કામ તો ચાલુ જ રાખવું પડે એવી સ્થિતિ હતી કારણ કે, મારું કુટુંબ હજી આર્થિક રીતે સંપૂર્ણપણે સ્વતંત્ર થઈ શકે એમ નહોતું. લાંબુ વિચારીને મેં એમને સમજાવ્યા. શમ્મીજીએ વાત સ્વીકારી લીધી, પરંતુ એમણે કહ્યું કે, હું તારી સાથે દોસ્તી તોડવા માગતો નથી. હું તને ખૂબ જ પ્રેમ કરું છું અને એ પ્રેમ આપણી વચ્ચે અકબંધ રહેવો જોઈએ. મને પણ શમ્મી કપૂર ખૂબ ગમતા હતા એટલે મેં પણ સંબંધ તોડવાને બદલે પરિસ્થિતિને સ્વીકારીને એમને કહ્યું, ‘હું પણ તમને બહુ પ્રેમ કરું છું, પરંતુ હમણાં લગ્નનો વિચાર પણ કરી શકું એમ નથી.’

અમારી વચ્ચે આ પ્રણયસંબંધ લગભગ છ મહિના ચાલ્યો. શમ્મી મારા ઘરે આવતા, મારા માતા-પિતાને પણ મળતા. અમારા સંબંધમાં કશું છુપાવવાનું નહોતું. અખબારો અમારી મુલાકાતો અને પ્રણયસંબંધો વિશેની વિગતો, અમારા ફોટા પ્રકાશિત કરતા. એક દિવસ રાત્રે હું મારા પિતા સાથે બેઠી હતી ત્યારે એમણે મને પૂછ્યું, ‘તું એને પ્રેમ કરે છે?’ અમારા ઘરમાં સહુ એકબીજા સાથે સાચું બોલતાં. મેં મારા પિતાને ‘હા’ પાડી. એમણે મને કહ્યું, ‘તારે એની સાથે લગ્ન કરી લેવાં જોઈએ.’ મેં દલીલ કરી, ‘હું લગ્ન પછી પણ કામ કરીશ, જ્યાં સુધી દિગ્વિજય-ડીગી, સેટલ ન થઈ જાય ત્યાં સુધી હું તમારો મોટો દીકરો છું. એમના પિતા મને લગ્ન પછી ફિલ્મો છોડવાનું કહેશે...’ મારા પિતા ખૂબ સમજદાર અને મેચ્યોર વ્યક્તિ હતા. એમને ઈશ્વરમાં અથાગ શ્રદ્ધા હતી. એ પોતાની દરેક સમસ્યાનો ઉકેલ ઈશ્વર પાસે જ શોધતા. એમણે મને કહ્યું, ‘તારે તારી વાત પૂરી પ્રામાણિકતાથી એમની સામે મૂકવી જોઈએ. એ પછી એનો પરિવાર જે નક્કી કરે તે ફાઈનલ...’

એ રાત્રે મેં શમ્મીને પૂછ્યું, ‘મારી સાથે લગ્ન કરીશ?’ શમ્મીએ લેન્ડલાઈનના ફોન પર મને જવાબ આપ્યો, ‘હમણાં જ.’ અમે મળ્યાં. અમારાં લગ્ન મુંબઈના મલબાર હિલ નજીક બાણગંગા મંદિરમાં થયા. ૨૪ ઓગસ્ટ, ૧૯૫૫! શમ્મી એટલી ઉતાવળમાં એમના ઘરેથી આવ્યા કે, મંગળસૂત્ર, કંકુ પણ એમની પાસે નહોતું. મારી પર્સમાંથી લિપસ્ટિક કાઢીને એમણે મારી માંગ ભરી. નિર્માતા-દિગ્દર્શક હરિ વાલિયા અને શમ્મીના થોડા મિત્રો અમારી સાથે હતા એમાંથી એક જણે અડધી રાત્રે એક જ્વેલરની દુકાન ખોલાવીને મંગળસૂત્ર ખરીદ્યું...

(ક્રમશઃ) ■

ઉડાન મુગ્ધાવસ્થાથી મધ્યાવસ્થા સુધી
શ્વેતા જોષી અંતાણી
feedback.ladki@bombaysamachar.com

# લક્ષ્ય કેળવવું મુશ્કેલ છે, છતાં...



ઋતા એટલે વસંત ઋતુ જેવી હસતી-ખેલતી, ખૂબસૂરત, ખુશમિજાજ તરુણી. આજકાલ જાણે મુરઝાય રહી છે. જીવનમાં હજુ હમણાં દસમા ધોરણે દસ્તક દીધા બાદ રમતગમતમાંથી ભણવા તરફ વળેલી ઋતાએ એકાગ્રતા કેળવવાના શક્ય એટલાં દરેક પ્રયત્ન કરી લીધા,

પણ સફળતા કોઈ રીતે હાથમાં આવતી નહોતી. વાંચવામાં, ભણવામાં એનું મન બિલ્કુલ નહોતું લાગતું. મન બહુ ચંચળ હોય છે એવું એણે આજ દિન સુધી માત્ર સાંભળેલું, પરંતુ હવે એ સાંગોપાંગ અનુભવાય રહ્યું હતું.

ઋતાની અકળામણનો કોઈ પાર નહોતો. કોની પાસે પોતાની સમસ્યાનું સમાધાન મળશે એની પણ કોઈ જાણકારી નહોતી. એવામાં ન્યૂઝપેપરમાં કેરીઅર ગાઈડન્સ માટેના એક ફ્રી સેમિનારની જાહેરાત જોઈ એનું મન હરકતમાં આવ્યું. પોતાના ચાર-પાંચ ફ્રેન્ડ્સ સાથે નક્કી કરી લીધું કે, જઈને એકવાર જોઈએ તો ખરા શું સમજાવે છે? પણ, ત્યાં પહોંચ્યા બાદ ઋતા સાથે એજ થયું જે દરરોજ ઘર, સ્કૂલ, કલાસીસમાં થતું આવતું. એ માંડ દસ મિનિટ જેટલું જ ધ્યાનથી સાંભળી શકી પછી ખલ્લાસ.... જો ક્યાંય મન ચોંટે તો એનું નામ ઋતા નહીં.

જેમ તરુણાવસ્થાનાં વર્ષો વિતતાં ચાલ્યાં તેમ કોઈ વાતે એક જગ્યાએ ઋતાનું મન શાંત ના રહેવાની સમસ્યા વધતી ગઈ. પરિણામસ્વરૂપ ધીરે ધીરે એને ઠપકો પડવાનું શરૂ થયું. સ્કૂલ ટેસ્ટના રિઝલ્ટ્સ ખરાબ આવવાં લાગ્યાં . પ્રોજેક્ટ્સ અધૂરા રહેવા લાગ્યા. અને એક સમયે જે લોકો ઋતાના વખાણ કરતાં થાકતાં નહોતા એમણે ઋતાને અળખામણી બનાવતાં સહેજપણ વાર લગાડી નહીં.

આખરે, હતાશાથી તદ્દન ભાંગી પડેલી ઋતાને ભણવામાંથી ડ્રોપ આઉટ લેવાની ફરજ પડી....

ઋતાની જેમ જ હંમેશાં એકધારું, એક જગ્યાએ બેસી ના શકતાં કોઈ પ્લાન કે વર્કઆઉટ માટે સમયનો વ્યવસ્થિત ઉપયોગ ના કરી શકતા કે લગભગ દરેક બાબતમાં અતિ બેદરકાર સાબિત થતાં ટીનએજર્સની એકાગ્રતા છીનવાઈ જવાનું કારણ છે ન્યુરો બાયોલોજી. એક અભ્યાસ મુજબ તરુણો શારીરિક રીતે વિકાસ પામી એડલ્ટ જેવા દેખાવા તો લાગે છે, પરંતુ એની માનસિક ઉંમર ક્યારેક વીસ વર્ષ કે તેથી વધુ ઉંમરે પણ બાળક જેવી હોઈ શકે છે. એટલાં માટે જ ટીનએજ બ્રેન ઘણું complicated ગણાતુ આવ્યું છે.

ઋતાને જે સમસ્યાનો સામનો કરવો પડ્યો એવી સમસ્યાના ઉકેલ માટે આપણું મન કયા સમયે સૌથી વધુ એકાગ્રતા કેળવી શકે છે તે પહેલાં સમજી લેવું આવશ્યક છે. કોઈને સવારના બે કલાક તો કોઈકને સાંજે કે રાત્રીના સમયે વાંચવા, ભણવા કે કંઈક નવું શીખવા- સમજવાની એકાગ્રતા કેળવી શકાતી હોય છે. અને એ પ્રમાણે જો સમયપત્રક ગોઠવવામાં આવે તો ઘણી મદદ મળી શકે છે. શક્ય હોય તો વીસ-ત્રીસ મિનિટના સ્ટડી બ્લોક બનાવો. તે માટે નાના-નાના સ્ટડી ગોલ રાખો, જેમકે, આ વીસ મિનીટમાં બ્રેક લેતાં પહેલા આટલું તો વાંચી જ લેવું. સમયાંતરે નાનો બ્રેક લો. અને ફરી વાંચવાનું કે અન્ય જે કાર્ય હાથ પર લીધું હોય તે પુરું કરવાનું શરૂ કરો.

Be here now- આ એક પ્રકારનું મેડિટેશન જેવું વાકય છે. એ કહે છે કે ‘તમે જ્યાં છો ત્યાં રહેવાની કોશિશ કરો.... તમારા વિચારોને જ્યાં છો, ત્યાં કેન્દ્રિત રાખવાના પ્રયત્ન કરો, જેથી કરીને સારું પરિણામ મેળવી શકાય. ’

આટલુંજ નહીં, ઘરમાં સ્ટડી કે કોઈ એક્ટિવીટી કરવાની અને આરામ કરવાની જગ્યાઓને અલગ અલગ રાખવી. જે જગ્યા પર વાંચવા બેસો, ત્યાં વોલ પ્લાનર બનાવો. આખા દિવસ દરમિયાન શું કરવાનું છે, કયા ટાસ્ક પૂરાં કરવાના છે એની નોંધ બનાવી રાખવી. મોબાઇલ, ટીવી, લેપટોપ જેવા ગેઝેટ્સનો વપરાશ મર્યાદિત કરો. શક્ય હોય તો અભ્યાસ સમયે તેને બંધ કરી દો. જાતથી એવી તમામ વસ્તુને દૂર રાખો જે અકારણ તમારું ધ્યાન ખેંચવા સક્ષમ હોય. જ્યારે એકાગ્રતા આવશ્યક હોય ત્યારે એ કાર્યને લગતી નાની-મોટી તમામ વસ્તુ પહેલેથી સાથે લઈને બેસવી., જેથી કરીને વારંવાર ઊઠ-બેસ કરવાનો કે આઘાપાછા થવાનો વખત ના આવે. આ ઉપરાંત ક્યારેક હેડફોન્સ પર કોઈ પ્રેરણાત્મક ઓડિયો સાંભળવાની આદત રાખવી. કોઈ એક એવો શોખ કેળવવો, જેમકે સ્પોર્ટ્સ, ડાન્સ, પેન્ટિંગ, મ્યુઝિક, ઈત્યાદિ કે જેના થકી તમે ખુશ રહી શકો. ■

લાફ્ટર આફ્ટર
પ્રજ્ઞા વશી
feedback.ladki@bombaysamachar.com

# કવિતા પણ કેવી કેવી રચાશે?!




સ્ત્રી હોય કે પુરુષ, વાળ ખરવા લાગે એટલે દરેકને ધ્રુજારી આવવા લાગે છે. કવિઓ અને લેખકોએ કેશકલાપ ઉપર ગદ્ય- પદ્ય ઉભયના તમામ પ્રકારમાં ભરપૂર લખ્યું છે. ધ્યાનાકર્ષક લખાણો વાંચી વાંચીને કંઈ કેટલાય રોમેન્ટિક વ્યક્તિઓ પોતાના કેશને આંગળી વડે રમાડતાં રમાડતાં સપનામાં સરી પડે છે. ઘણા તો પોતાના જ કેશકલાપમાં રમમાણ બની જાય છે તો કેટલાક કમભાગી પોતાની અર્ધગોળાકાર, ચકચકતી ટાલ ઉપર થોડા ઘણા બચેલા કેશને ટાલ ઉપર પાથરીને કોઈ પણ રીતે એને છાપરા ઉપર વ્યવસ્થિત ટકાવી રાખવા માટે જાતજાતના સ્પ્રે છાંટવામાં લાગી જાય છે.

કેટલાક પોતાનો ભૂતકાળ યાદ કરતાં કરતાં નિઃસાસા નાખે છે કે કાશ...! યુવાનીના એ દિવસો લાંબા ટક્યા હોત તો કેવી મજા આવત! યુવાનીમાં વાળના જથ્થાને આંખ ઉપર લાવીને, જ્યારે કોઈ સુંદર યુવતી પસાર થતી હોય ત્યારે ખાસ ફૂંક મારીને કે પછી વાળમાં આંગળીઓ ફેરવીને પોતાના કેશ વૈભવની છટાઓનું પ્રદર્શન કરવાની સુવર્ણ તક બધા જ યુવાનો લઈ લેતા.

યુવતીઓનો મહામૂલો ખજાનો એટલે લાંબા કાળા વાળનો ઘેઘૂર જથ્થો! ચહેરાની બંને બાજુ ઊડતી લટ ઉપર આશિક થનારા ઘણા યુવાનોએ લટ ઉપર કવિતાઓ લખીને પોતાની પ્રેમિકાને મોકલી હોય અને એ પ્રેમભરી ચિઠ્ઠી પ્રેમિકાના મુછાળા બાપુ પાસે ભૂલમાં પહોંચી જતાં, ગામ આખામાં થતા હોબાળા અને યુવકની ધોલાઈના કિસ્સાઓ પણ સાહિત્યનાં પાને અંકિત છે. તો તળાવને કિનારે સ્નાન કરતી, પાણી ભરતી કે કપડાં ધોતી યુવતીઓના કાળા ભમ્મર કેશ ક્યાં તો પાણીમાં નીતરતાં હોય, ક્યાં તો ઊડતાં હોય. ક્યાં કોઈ નિર્જન તટે પ્રેમી, પ્રેમિકાની લટ ઉપર કે વાળમાં હાથ પસવારતો હોય એવાં વર્ણનોથી પણ સાહિત્યનાં પાનાં તરબતર થયાં છે, પણ ફિલ્મો કે સાહિત્યમાં, કે ચારણો અને કવિઓનાં વર્ણનોમાં વહીને કોઈ યુવકે યુવતીના વાળ ઉપર ચેનચાળા કરતી વેળા આસપાસ કોણ કોણ ઊભું છે એનું ધ્યાન ન રાખ્યું હોય તો હાડકાં ખોખરાં થયા બાદ બિચારાએ ‘યે દુનિયા, યે મહેફિલ, મેરે કામ કી નહીં... મેરે કામ કી નહીં...’ જેવાં દર્દીલાં ગીતો ગાવાનો વારો આવે છે.

આજના યુગમાં તો (ઝેરી કેમિકલ ખાતાં પીતાં) લાંબા કેશ હવે જૂની ફિલ્મો કે જૂનાં સાહિત્યમાં જ જોવા રહ્યા. હવે તો વાળને કેમ બચાવવા એની ઝુંબેશ અંતર્ગત મોબાઇલ ઉપર ‘વાળ બચાવો’ અભિયાન ચાલી રહ્યું છે. રાતે ઊંઘ ન આવતી હોય તો મોબાઇલમાં ખાલી ‘વાળ કઈ રીતે લાંબા કરવા...’ એટલું લખો. પછી જુઓ, વાળ ટકાવી રાખવાની રેમેડીનાં એટલા બધા વીડિયો આવવાના શરૂ થશે કે ના પૂછો વાત! વાળમાં કયું તેલ નાખવું, તેલ કેવી રીતે બનાવવું, શેમ્પૂ કઈ રીતે બનાવશો, સીરમ, લેપ કેવી રીતે બનાવશો અને એ લગાવ્યા પછી પગની પાની સુધી પહોંચી ગયેલા વાળવાળી યુવતીઓના અભિપ્રાયો વાંચી વાંચીને મળસ્કેના ચાર વાગી જાય. પછી બેટરી (મોબાઇલ તેમજ ટાલિયાઓની) પૂરી થઈ જાય એટલે એ માંડ આંખો બંધ કરી ઊંઘવા કોશિશ કરે અને સ્વપ્નો આવવાનાં શરૂ થઈ જાય. જાણે પોતાના વાળ એટલા બધા લાંબા થઈ ગયા છે કે રોજે રોજ ઘાસ વાઢે એમ વાળ વાઢવા પડે છે! અને આ વાળનો ગ્રોથ જોઈને આશિકોની અને સલાહ લેવા આવનારાંઓની લાઇન લાગી ગઈ છે.

કેટલાક તો આ રેમેડીઓની વણઝારમાંથી પસાર થયા બાદ એલોવેરા, અળસી, મેથી, કલોંજી, લાલ કાંદા (વચમાં કાંદાના ભાવ એથી જ તો વધી ગયેલા. અને લોકોએ બિચારી સરકારને...!) ભેગાં કરી હજી ક્રશ કરવા જાય, ત્યાં બીજી નવી રેમેડી પર ધ્યાન જાય. ‘તમે બધું જ નાખો. પણ જો તમે આટલું એમાં ન નાખ્યું, તો તમને રિઝલ્ટ ઝીરો જ મળશે.’ (ફરજિયાત એ બહેનની રેમેડી જોવા બેઠાં.) એમાં ઉમેરવાની બાકી રહેલી સામગ્રી હતી લીમડી ને રોઝમેરી... ત્યાં ત્રીજી રેમેડી ઇન્સ્ટા ઉપર બરાડા પાડીને બોલાવતી હતી. રવિવારની રજા આ બધી સામગ્રી ભેગી કરી, વાટવામાં પસાર થઈ...

રમીલાબહેન અને સૌરભભાઈ બંનેએ આ પ્રયોગ તો કર્યા, પણ રમીલાબહેનના તો હતા તે પણ ઊતરી ગયા અને સૌરભભાઈના વાળ એટલા વધ્યા કે એ ચોટલી વાળતાં અને લટને રમાડતાં થઈ ગયા. સૌરભભાઈને હવે રમીલાબહેન એકલા કશે જ જવા દેતાં નથી.

ઘરમાં બેઠેલાં દાદી ચોટલી વાળીને કે ઝૂલ્ફાં ઉછાળતાં યુવાનોને જોઈને પૂછે છે, ‘અલ્યા, ગામમાં હજામ નથી કે શું?’ જ્યારે જેનાં લાંબા વાળ હતા એ યુવતીઓ, ‘એ લાંબા વાળને સાચવવાની ઝંઝટ કોણ કરે? ટૂંકા વાળ હોય તો કાંસકો માર્યો, ન માર્યો કે ચાલ્યાં!’

હવે આવી માનસિકતા ધરાવતાં યુવક- યુવતીઓના વાળ ઉપર કવિતા કરવી તો કેવી કરવી? અને નિબંધ લખવો તો કેવો? ગમે તે લખો. એમાંથી તમને ગંધ- દુર્ગંધ તો કેમિકલની જ આવવાની ને?! ■

ફેશન

ખુશ્બુ મુલાણી ઠક્કર
feedback.ladki@bombaysamachar.com

# ફેસ્ટિવ વેરમાં કઈ રીતે મિક્સ એન્ડ મેચ કરશો?

તહેવારોના દિવસો આવે અને મોટાભાગની મહિલાઓને માત્ર એક જ પ્રશ્ન મૂંઝવે કે, કયા અને કેવા કપડા પહેરવા જેથી કરી ટ્રેડિશનલ છતાં સ્ટાઈલીશ લુક આવે. મિક્સ એન્ડ મેચ કરીને પણ કાંઈ નવું પહેરી શકાય. ચાલો જાણીયે આ તહેવારમાં શું પહેરી એક નવો લુક ક્રિએટ કરી શકાય.

એ લાઈન કે કલીદાર કુર્તા- એ લાઈન કુર્તા એટલે જે કુર્તામાં સ્લીટ ન હોય અને કુર્તામાં થોડો ઘેરો હોય. કલીદાર કુર્તા એટલે જે કુર્તામાં કલી આપીને કુર્તાનો ઘેરો વધારવામાં આવ્યો હોય. આ બન્ને સ્ટાઈલના કુર્તા પહેરવાથી ખૂબ જ ગ્રેસફુલ લગાય છે. આ કુર્તા સાથે બોટમમાં લેગિંગસ ન પહેરવું તેની બદલે પેન્ટ, પ્લાઝો કે ઘાઘરો પહેરી શકાય. બોટમની પસંદગી તમારા બોડી ટાઈપને આધારે કરી શકાય. જેમકે જો તમારી હાઈટ સારી હોય તો તમે આ બન્ને સ્ટાઈલના કુર્તા સાથે ફલેરી પ્લાઝો પહેરી શકો. જો તમારું શરીર ભરેલું હોય તો પેન્ટ પહેરી શકાય. અને જો તમારું શરીર સુડોળ હોય અને તમને વધારે ફેશનેબલ લાગવું છે તો તમે આ સ્ટાઈલના કુર્તા સાથે ઘાઘરો પહેરી શકો. દુપટ્ટો કાંઈ અલગ રીતે ડ્રેપ કરવો જેથી થોડો અલગ લુક આવે. આ બધા લુક સાથે મિનીમલ જ્વેલરી લુક પણ સારો લાગશે, એટલે કે, માત્ર કોઈ સારા એરીંગ, કે પછી લો બન સાથે ગજરો અને કુંદનના ટોપ્સ કે પછી કોઈ સ્ટેટમેન્ટ નેકલેસ પહેરી શકાય.

સાડી – સાડી બધી જ વયની મહિલાઓ પર સારી લાગે છે. સાડી કોઈ પણ વાર તહેવારે એક પરફેક્ટ લુક જ આપે છે. જો તમારી પાસે કોઈ પ્લેન કલરની સાડી હોય તો તેની સાથે બ્રોકેડનું બ્લાઉઝ પહેરી શકાય. બ્રોકેડ કે જામેવારના બ્લાઉઝ સાથે પ્લેન સાડી એ ખૂબ જ જૂનો કોનસેપ્ટ છે છતાં ક્યારેય પણ આઉટ ઓફ ફેશન લાગતો નથી. આ લુક ખાસ કરીને એવી મહિલાઓ માટે છે જે વર્કિંગ છે ટાઈમના અભાવના કારણે આવું મિક્સ એન્ડ મેચ કરવાનું સારું પડે છે. અથવા તો તમે કોઈપણ કોટનના પ્રીન્ટેડ બ્લાઉઝ સાથે ચંદેરીની સાડી પહેરી શકો. જ્યારે પણ મિક્સ એન્ડ મેચ કરવું હોય તો કોન્ટ્રાસ્ટ લુક વધારે સારો લાગશે.



જ્યારે પણ મિક્સ એન્ડ મેચ કરવું હોય ત્યારે જે બેઝિક કલર હોય તેની પર પસંદગી કરી શકાય. જેમકે, મરુન, બ્લેક, ગોલ્ડન કે જે કલર સાથે મિક્સ એન્ડ મેચ સહેલાઈથી કરી શકાય. કોઈ પૂજામાં જવાનું હોય તો રેડ કે બ્લૂ કલરની બાંધણીની સાડી સાથે ઓફ વાઈટ કલરનું બ્લાઉઝ પહેરી શકાય.

તહેવારના દિવસોમાં જો થોડો ઈન્ડો વેસ્ટર્ન લુક જોઈતો હોય તો, સાડી પર પાતળો બેલ્ટ પહેરી શકાય. જેમનું શરીર સુડોળ હોય તેઓને આ લુક સારો લાગે છે.

ગાઉન – ગાઉનમાં ઘણી વેરાઈટી આવે છે. તમે પ્રસંગને અનુરૂપ ગાઉનની પસંદગી કરી શકો. ગાઉન ખાસ કરીને સોલીડ કલરમાં લેવો અને વધારે પડતા વર્કવાળો ન લેવો જેથી કરી જો એક્સેસરીઝથી હાઈલાઈટ કરવો પડે તો વધારે પડતું ન લાગે.

ગાઉન ભલે સિમ્પલ હોય પરંતુ તેની સાથે પહેરવામાં આવતો દુપટ્ટો અને શ્રગના લીધે ગાઉન હેવી લાગે છે. અથવા તો પ્લેન ગાઉન સાથે પ્રિન્ટેડ ફેબ્રિકનું જેકેટ પણ પહેરી શકાય. પ્લેન જો તમારૂ શરીર વધારે પડતું ભરેલું હોય તો બ્રોડ બેલ્ટ પહેરવાનો ટાળવો. જેટલો પાતળો બેલ્ટ હશે તેટલો જ ડેલીકેટ લુક આવશે. ગાઉનની લેન્થ વધારે પડતી રાખવી નહીં. જમીન પર ઢસડાય એ રીતના તો રાખવી જ નહીં. પગમાં ગાઉન આવતા જ તે ફાટી જાય છે. ગાઉનની નેક લાઈન સિલેક્ટ કરતા પહેલા ખાસ ધ્યાન આપવુ. ક્લોઝનેકના ગાઉન પસંદ ન કરવા. ■




કૌશિક મહેતા
feedback@bombaysamachar.com

# વેપનાઈઝ્ડ ઈનકોમ્પિટન્સ... અરે,આ વળી શું?

ડિયર હની,

જાણીતા સોશ્યલ નેટવર્કિંગ પ્લેટફોર્મ 'ટિકટોક' પર એક વીડિયો બહુ વાયરલ બન્યો હતો... શું હતું એ વીડિયોમાં?

ટીઆરા નામની એક યુઝરે આ વીડિયો શેર કર્યો હતો. એમાં એવું દર્શાવાયું છે કે, એ પતિને કરિયાણાની વસ્તુઓની નાની યાદી આપીને એને ખરીદવા મોકલે છે. યાદીમાં ફક્ત ત્રણ વસ્તુ હતીઃ દૂધ, ઈંડા, બ્રેડ. પતિ ખરીદી કરીને પાછો આવે છે, ત્યારે તે ફક્ત દૂધ અને ઈંડા લઈને આવે છે, પણ બ્રેડ લાવતો નથી. ટીઆરા એને પૂછે છે : 'બ્રેડ કેમ ન લાવ્યા?' ત્યારે પતિ જવાબ આપે છે :

'મને ખબર ન હતી કે કઈ બ્રેડ લેવાની છે એટલે હું લાવ્યો જ નહીં.'

ટીઆરા આ ઘટનાને કેમેરામાં રેકોર્ડ કરે છે, જેમાં એના ચહેરા પર નિરાશા સ્પષ્ટ દેખાય છે. એ પછી સમજાવે છે કે એના પતિએ જાણીજોઈને આવું કર્યું, જેથી ભવિષ્યમાં એને કરિયાણું ખરીદવાનું કહેવામાં ન આવે. એ કહે છે કે પતિ એને કહી શકે છે કે 'તું જતી આવજે...તને ખબર છે કે કઈ બ્રેડ લેવાની છે.'

આ વીડિયો લાખો લોકોએ જોયો ને શેર પણ કર્યો. હજારો મહિલાઓએ તેના પર કોમેન્ટ કરીને પોતાના આવા જ અનુભવો શેર કર્યા, જ્યાં પતિ અથવા પાર્ટનર નાની-નાની વસ્તુઓ ખોટી રીતે કરીને અથવા ભૂલી જઈને જવાબદારીઓ ટાળતા હતા.

આ કિસ્સો 'ટિકટોક' પર 'વેપનાઈઝ્ડ ઈનકોમ્પિટન્સ' શબ્દને વધુ લોકપ્રિય બનાવવામાં મદદરૂપ થયો. ભારતમાં પણ આવું બનતું રહે છે. સામાન્ય રીતે તો આવાં કામ પત્ની કે ઘરની મહિલાઓ જ કરે છે. કેટલાક ઘરમાં પુરુષ કરે છે. મોટાભાગના પુરુષોને આવાં કામ ગમતા નથી એ વાત પણ સાચી છે. તેં પણ આવાં કામ ઘણીવાર મને સોંપ્યાં છે અને મેં પણ ક-મને કર્યા પણ છે.

હા, કોઈવાર આપેલી યાદીમાંથી એકાદ ચીજ ભૂલી ગયો હોઉં એવું ય બને છે અને ત્યારે તું ય ટીઆરાની જેમ મને ટોકે પણ ખરી. ઘણી વાર હું કોઈ ચીજ લાવ્યો હોઉં અને એમાં ય શાકભાજી કે ફ્રૂટ હોય તો તારું મારે સાંભળવું જરૂર પડે છે કે, 'તમને લેતા જ નથી આવડતું..!'. અહીં એક વાત મારે કહેવી જોઈએ કે, મેં એવી કોઈ ખરીદીમાં દિલચોરી કરી નથી પેલી ટીઆરાના પતિની જેમ. હા, મને ખરીદી કરતા આવડ્યું નહિ હોય, તારી અપેક્ષાએ ખરો નહિ ઉતર્યો હોઉં એવું બનતું રહ્યું છે. એક બીજા મિત્રને પણ ઓળખું છું, જે એની પત્ની કરતાં વધુ સારી રસોઈ બનાવે છે.,

પણ મોટાભાગની સ્ત્રીઓ એમ જ સમજતી હોય છે કે, એના પતિને આવી બાબતોમાં કાંઈ ખબર પડતી નથી.... પણ મેં બે પુરુષો જોયા છે, જે તમારા-સ્ત્રીઓ કરતાં વધુ સારું કામ આ મુદ્દે કરતા હતા.

એક મારા સસરા એટલે કે તારા પિતાને શાક સમારતાં આવડતું હતું એવું તમનેય નહોતું આવડતું અને બીજા એક ફુઆ. ...શાકભાજી હોય કે ફ્રૂટ...એમની ખરીદીમાં માસ્ટરી હતી. એક મિત્રની પણ મને ખબર છે કે, એ એની પત્ની કરતાં સારી રસોઈ બનાવે છે. એમ તો કોરોના કાળમાં લગભગ બધા પતિદેવો ઘરમાં સંજવારી- પોતા કરતા થયા હતા. એક વાર મેં પણ રોટલીનો લોટ બાંધ્યો હતો, જેનો વીડિયો મિત્રોને શેર કરેલો તો મને ઠપકો મળ્યો હતો : 'યાર , આ ધંધો ક્યા શરૂ કર્યો? અમારી ય વાટ શા માટે લગાડે છે!'

એ વાત સાચી કે, મોટાભાગના પુરુષોને રસોડાના કે ઘરનાં કામ ગમતા નથી. કેટલાક તો આવા કામને ઊતરતાં ગણે છે. સમસ્યા અહીંથી શરૂ થાય છે. જ્યારે એક પાર્ટનર જાણીજોઈને કોઈ કામ બરાબર ન કરે, ત્યારે બધો બોજો બીજા પાર્ટનર પર આવી જાય છે. આજે પતિ અને પત્ની બંને કામ કરતા હોય એવું ઘણા કિસ્સાઓમાં બને છે અને જો પતિ ઘરના કામમાં મદદ ના કરે કે પછી ડોળ કરે ત્યારે પત્ની પર બોજ વધી જાય છે. પરિણામે એકબીજા પ્રત્યેનો આદર ઘટે છે. સંબંધમાં વિશ્વાસ ઓછો થાય છે. જે વ્યક્તિ પર કામનો બોજો આવે છે એને કડવાશ અને ગુસ્સો આવે છે. વારંવાર આવું થવાથી ઝઘડાઓ વધે છે. બંને વચ્ચે ભાવનાત્મક અંતર વધે છે. બને વચ્ચે સંવાદ ઘટતો જાય છે. વાત વધી પડે છે.

ભારતમાં આવા મુદ્દે વાત છૂટાછેડા સુધી પહોંચે એવા કિસ્સા જુજ છે. પણ વિદેશમાં વધતા જાય છે. છૂટાછેડાના કેસોમાં અસહ્ય વર્તણૂક અથવા માનસિક ક્રૂરતા જેવી કાનૂની જોગવાઈઓનો ઉપયોગ કરવામાં આવે છે. 'વેપનાઈઝ્ડ ઈનકોમ્પિટન્સ' ને આ કેટેગરીમાં ગણી શકાય છે, કારણ કે આ એક પ્રકારનો સતત અને જાણીજોઈને કરવામાં આવતો ત્રાસ છે. ઘણા કિસ્સાઓમાં, પત્નીઓ આ વર્તણૂકના કારણે થતી માનસિક પીડાને છૂટાછેડાના કારણ તરીકે રજૂ કરે છે, પણ આ ઉકેલ નથી. બંનેએ ખુલ્લા મને વાત કરવી જોઈએ અને જવાબદારી વહેંચી લેવી જોઈએ તો જ સબંધ વધુ ગાઢ બને- મજબૂત બને છે.

એક પ્રશ્ન પૂછું? 'વેપનાઈઝ્ડ ઈનકોમ્પિટન્સ' શબ્દ તેં અગાઉ ક્યારેય સાંભળ્યો છે? આપણા વચ્ચે કેટલીક વાતે ઝગડા થાય છે, પણ એનો અંત પણ તુરંત આવી જાય છે. એટલે આવા શબ્દો આપણા જીવનમાં નડતર બન્યા નથી. પતિઓએ સમજી લેવું પડશે કે ઘરના કામમાં મદદરૂપ નહિ થાવ તો આજના સમયની પત્નીઓ એ વાત સહન કરવાની નથી માટે સાનમાં સમજી જજો, નહિ તો ...

તારો બન્ની

વાર-તહેવાર

રશ્મિકાન્ત શુકલ
feedback.ladki@bombaysamachar.com

આત્માના આનંદમાં નિમગ્ન બનવાનું મહાપર્વ એટલે

# પર્યુષણ

ધર્મની આરાધના મુખ્યત્વે આત્માનો આનંદ છે, પણ આત્માના આનંદમાં પહોંચવા માટેના અનેક માર્ગ છે, અનેક પ્રકારના આલંબનો છે.

વર્તમાન કાળમાં શ્વેતાંબરો માટે આઠ દિવસ પર્યુષણ છે. પર્યુષણ મહાપર્વના આ દિવસોમાં પ્રત્યેક જૈનોનો ઉલ્લાસ સીમાને આંબી જતો હોય છે, કેમ કે જૈનો માટે પર્યુષણ એ 'પર્વાધિરાજ' છે.

પર્યુષણના આ દિવસો દરમિયાન આપણા કાને કેટલાક શબ્દો વારંવાર પડે છે. એનો અર્થ સામાન્ય જૈન કે અ-જૈન કે પછી આજની યુવા પેઢી જાણતી નથી હોતી. એમના લાભાર્થે આ શબ્દોના અર્થ સરળ ભાષામાં અહીં સમજાવ્યા છે .

**ઉપવાસ-** ઉપ એટલે નજીક અને વાસ એટલે વસવું. આત્માની નજીક વસવું એ ઉપવાસ.

ઉપવાસમાં અસન (પાકું ભોજન) -પાન (પ્રવાહી પીણાં) ખાદિમ (ફળ વિગેરે) - સ્વાદિમ (મુખવાસ વિગેરે) ચાર પ્રકારના આહારનો ત્યાગ કરીને આઠેય કર્મોની નિર્જરા માટે કરાતું તપ...

આ તપથી શરીર શુદ્ધ થાય છે, શરીર શુદ્ધ થતાં મન શુદ્ધ થાય છે. મન શુદ્ધ થતાં આત્મા શુદ્ધ થાય છે. ઉપવાસ એ Spiritual Willpower Development એટલે કે આધ્યાત્મિક ઇચ્છાશક્તિનો વિકાસ છે.

ઉપવાસમાં ઉકાળેલું પાણી જ માત્ર લઇ શકાય છે.

લીલોતરી ત્યાગ-પર્યુષણ જેવા પર્વ દિવસોમાં સંપૂર્ણપણે લીલાં શાકભાજી-ફળ વિગેરેનો સંપૂર્ણ ત્યાગ...

**ચૌવિહાર-** સૂર્યાસ્ત પછી ચારે પ્રકારના આહારનો સંપૂર્ણ ત્યાગ...

**આયંબિલ-** એટલે લીલાં શાકભાજી- ફળ -તેલ - ઘી - મસાલા વિનાનું લૂખું- સૂકું ભોજન કરવું તે...




**એકાસણું-** એટલે શરીરમાં શક્તિ ન હોય તો ઉપવાસ ન કરી શકનાર વ્યક્તિ દિવસ દરમિયાન એક જ બેઠકે એક જ વાર ભોજન લે તે...

**બિયાસણું -** એટલે ઉપવાસ-આયંબિલ-એકાસણું આદિ તપ ન કરી શકનાર વ્યક્તિએ દિવસ દરમિયાન બે વાર જ ભોજન કરવું તે...

**અઠ્ઠમ -** એટલે સળંગ ત્રણ દિવસ માત્ર ઉકાળેલાં પાણી સાથે કે ઉકાળેલાં પાણી વિનાનાં કરાતાં ઉપવાસ,જેમાં આહારનો સંપૂર્ણ ત્યાગ હોય છે.

**સોળભથ્થું (અઠ્ઠાઇ)-** સળંગ આઠ દિવસના ઉપવાસ...

**બત્તીસભથ્થું (સોળ ઉપવાસ)-** સળંગ સોળ દિવસના ઉપવાસ...

હાલની પરંપરા પ્રમાણે કોઇપણ વ્યક્તિની સળંગ ૩૦ ઉપવાસ કરવાની શારીરિક શક્તિ હોય તો પણ એક સાથે માત્ર સળંગ સોળ ઉપવાસના જ પચ્ચક્ખાણ (પાપના ત્યાગની પ્રતિજ્ઞા) આપી શકાય છે.

**માસક્ષમણ-** સળંગ ૩૦ દિવસના ઉપવાસ.

**પ્રતિક્રમણ-** એટલે પાપે આપણા આત્મા પર જે આક્રમણ કર્યું એ પ્રતિ એટલે કે,પાપ સામે વળતું આક્રમણ કરવું તે પ્રતિક્રમણ....

પ્રતિક્રમણના અનેકવિધ પ્રકાર છે, જેમકે...

**રાઇઅ પ્રતિક્રમણ -** સમગ્ર રાત્રિ દરમિયાન થયેલ પાપોની આલોચના માટે વહેલી સવારે કરાતું પ્રતિક્રમણ

આ પ્રતિક્રમણ પ્રતિદિન કરી શકાય...

**દેવસિઅ પ્રતિક્રમણ-** સમગ્ર દિવસ દરમિયાન થયેલ પાપોની આલોચના માટે સમી સાંજે કરાતું પ્રતિક્રમણ આ પ્રતિક્રમણ પણ પ્રતિદિન કરવું જોઇએ.

**પક્ખિ પ્રતિક્રમણ -** પખવાડિયા દરમિયાન થયેલ પાપોની આલોચના રૂપે કરાતું પ્રતિક્રમણ. આ પ્રતિક્રમણ વર્ષ દરમિયાન કુલ ૨૪ વાર કરવામાં આવે છે.

**ચઉમાસી પ્રતિક્રમણ-** ચાર મહિના દરમિયાન થયેલ પાપોની આલોચના રૂપે કરાતું પ્રતિક્રમણ. આ પ્રતિક્રમણ વર્ષ દરમિયાન કુલ ૩ વાર જ કરાય છે...

**સંવત્સરી પ્રતિક્રમણ -** સંવત્સર (વર્ષ) દરમિયાન થયેલ સમગ્ર પાપોની આલોચના રૂપે કરાતું પ્રતિક્રમણ. આ પ્રતિક્રમણ વર્ષમાં માત્ર એક જ વાર ભાદરવા સુદ ચોથના દિવસે કરવામાં આવે છે.

સામાયિક રાગ-દ્વેષનો ત્યાગ કરીને મન, વચન, કાયાના સર્વ યોગોના પાપોને પરિહાર (ત્યાગ) કરીને બે ઘડી (૪૮ મિનિટ) સમતા ધારણ કરીને જે સદનુષ્ઠાન કરવામાં આવે છે તે સામાયિક....

મિચ્છામિ દુક્કડમ એટલે મારા દુષ્કૃત્યો મિથ્યા થાઓ...

મન વચન કાયાથી ક્ષમા માગવી અને ક્ષમા આપવી એ જ આ પર્યુષણ મહાપર્વનો મહાન સંદેશ છે. ■

ફોકસ

ઝુબૈદા વલિયાણી
feedback.ladki@bombaysamachar.com

# પુનર્લગ્ન સમું પુણ્ય નથી!

દર વર્ષે અસંખ્ય સ્ત્રીઓ અને પુરુષો વિધવા કે વિધુર થાય છે. પછી તે આપણો દેશ હોય કે પરદેશ!

– સ્નેહભર્યું દાંપત્ય જીવનારાં સ્ત્રી અને પુરુષને આ આઘાત વસમો લાગે છે.

* પ્રેમાળ જીવનસાથી વિના જીવવું એ કંઈ જેવી તેવી મુસીબત નથી. એકાકી જીવવું એ કંઈ જેવી તેવી મુસીબત નથી. એકાકી જીવન પોતાની સાથે કેટલીય સમસ્યાઓ લાવે છે.

* વિધવા – અવસ્થા સ્ત્રીઓ માટે આર્થિક સમસ્યાઓ ઊભી કરે છે. તો વિધુર પુરુષો માટે સ્વાસ્થ્યની સમસ્યાઓ ઊભી કરે છે.

* વિધુર કે વિધવા થયાનો પહેલો આઘાત સ્ત્રી કે પુરુષના લાગણીતંત્રને લાગે છે. જીવનસાથી જતા જીવન જાણે તૂટીને ચુરચુર થઈ ગયાનો ભાસ થાય છે.

* પુરુષોના સ્વાસ્થ્ય પર તાત્કાલિક અસર એ થાય છે કે એમને શ્વાસ રૂંધવો, હાર્ટએટેક અને કોરોનરી થોમ્બોસીસ જેવી બીમારીઓ આવી પડે છે અને એમાંની કોઈક જીવલેણ પણ નીવડે છે.

* જેમનું લગ્નજીવન સુખી રહ્યું હોય,

* પતિ-પત્ની વેલની જેમ એકબીજાને વિંટળાઈને જીવ્યા હોય એમનાથી આ આઘાત જીરવાતો નથી.

– આ દૃષ્ટિએ જોતાં વિધુરો કરતાં વિધવાઓ આ વિષમ પરિસ્થિતિનો સામનો સારી રીતે કરતી જણાઈ આવે છે. જીવનની આ કઠોર અને નઠોર વાસ્તવિકતાને ઠીક ઠીક સ્વીકારાતી દેખાય છે.

* આપણા ભારત દેશમાં જ્યાં જ્યાં સંયુક્ત કુટુંબો છે ત્યાં આ સમસ્યાઓ નથી હોતી એવું નથી, પણ એ એટલી બધી જટિલ હોતી નથી કે જેને ઉકેલી ના શકાય.

– હવે ભારતમાંય સંયુક્ત કુટુંબો તૂટવા માંડ્યા છે અને સંયુક્ત કુટુંબો કરતાં વિભક્ત કુટુંબોની સંખ્યા વધવા માંડી છે ત્યાં પશ્ચિમ દેશોને કનડતી સમસ્યાઓ કનડવા માંડી છે.

– ધર્મનું આલંબન આ સમસ્યાને હળવી કરવામાં સહાયભૂત થઈ શકે એમ છે, પરંતુ એય એટલું સમર્થ અત્યારે રહ્યું નથી.

સનાતન સત્ય

* લાગણીતંત્ર તૂટવા ઉપરાંત વિધુરો અને વિધવાઓને મૂંઝવતો સવાલ એમની નિરાધાર અવસ્થાનો છે.

* શરીરની પરાધીનતાઓ છે,

* એમની દેખભાળ કોણ કરે એનો છે,

* પાશ્ચાત્ય દેશોએ સિનિયર સિટિઝન્સ હોમ અને હોરપાઈસ જેવી વ્યવસ્થા ઊભી કરીને આ સવાલ પોતાની રીતે ઉકેલ્યો છે જેને આ લેખિકાએ તાજેતરના તેના અમેરિકાના પ્રવાસ દરમિયાન નજરોનજર નિહાળી છે.

* આપણા આજાર વડીલો કે વૃદ્ધોની સારસંભાળ યોગ્ય રીતે રાખી શકાય એવી કોઈ કાયમી વ્યવસ્થા આપણે હજી સુધી ઊભી કરી શકયા નથી.

* એ કરવા માટે આપણી પાસે નાણાં નથી એવું નથી.

* ધાર્મિક ઉત્સવો પછી તે કોઈપણ જ્ઞાતિ કે સમાજ – જમાત – કોમના કેમ ના હોય! લખલૂટ ખર્ચો થાય છે પણ

– સમાજને પજવતી આ સમસ્યાને તેના સાચા અર્થમાં ઉકેલવાની દિશામાં કોઈ ખાસ વિચારતું નથી અને એ માટેનો અભિગમેય આપણી પાસે નથી.

* એકાકી પુરુષ કે સ્ત્રી,

* વિધુર કે વિધવા માટે,

* એમની સમસ્યા માટે,

* પુનર્લગ્ન જેવો ઉત્તમ ઉકેલ એકેય નથી.* પણ વિધુરના પુનર્લગ્ન જેટલું વિધવાના પુર્નલગ્નને આપણા સમાજે હજી સુધી જોઈએ તેટલું સ્વીકાર્યું નથી એટલે કોઈ વિધવા પુનર્લગ્ન માટે હિંમત કરતી નથી.

– એ મનથી ગમે તેટલું ઈચ્છતી હોય તો પણ ભલે આજથી સો વરસ પહેલાં કવિ કલાપીએ ગાયું હોય કે,

દેહ લગ્નની વિધવાને
પુનર્લગ્ન સમું પુણ્ય નથી
અને સ્નેહલગ્નની વિધવાને
પુનર્લગ્ન સમું પણ પાપ નથી.

પ્રેરણાસ્ત્રોત

* આપણો દેશ વિવિધ સમાજોનો બનેલો દુનિયાનો એક વિકસિત દેશ છે. આ માટે ખાસ કરીને કેટલાંક સમાજે અને વ્યક્તિએ પોતાની સદીઓથી ચાલી આવતી રૂઢ થઈ ગયેલી માન્યતાઓને ધરમૂળથી બદલવી પડશે.

* અલબત, એ કામ આસાન – સહેલું નથી. ■

ટૂંકુ ને ટચ

feedback.ladki@bombaysamachar.com


# શું ચોમાસામાં તમારા વાળ રુક્ષ થઈ જાય છે?

ચોમાસાના આગમન સાથે, ભેજ અને ભેજને કારણે, માથાની ચામડીમાં પરસેવો, ગંદકી અને ચીકણાપણું વધે છે, જેના કારણે વાળ ગૂંચવા લાગે છે, તૂટવા લાગે છે અને શુષ્ક થવા લાગે છે. ચોમાસામાં વાળ નિસ્તેજ અને શુષ્ક થઈ જવા એ સામાન્ય વાત છે. આ ઋતુમાં ઘણા લોકોના વાળ એટલા નિસ્તેજ થઈ જાય છે કે તે સાવરણી જેવા દેખાવા લાગે છે. કોઈ ચમક નહીં, કોઈ રેશમી સ્પર્શ નહીં અને કોઈ સુગમતા નહીં. આ ઉપરાંત મોંઘા રસાયણોથી ભરેલા શેમ્પૂ અને વાળના ઉત્પાદનો વાળની સ્થિતિને વધુ ખરાબ કરે છે. આવી સ્થિતિમાં કેટલાક કુદરતી, અસરકારક અને આડઅસર મુક્ત ઉકેલોની જરૂર છે.

જો તમે બજારમાં મળતા શેમ્પૂને બદલે ઘરે બનાવેલા હર્બલ અને આયુર્વેદિક શેમ્પૂનો ઉપયોગ કરો છો, તો વાળની ગુણવત્તા તો સુધરે જ છે, સાથે જ વાળ ખરવા, ફ્રિઝીનેસ અને ડેન્ડ્રફ જેવી સમસ્યાઓ પણ ઘણી હદ સુધી ઓછી થાય છે. તો ચાલો જાણીએ કે તમે કેટલીક સરળ અને ઘરગથ્થુ સામગ્રીનો ઉપયોગ કરીને તમારા માટે કુદરતી શેમ્પૂ કેવી રીતે બનાવી શકો છો.

**અરીથા-શિકાકઈ અને આમળા શેમ્પૂ**

અરીઠામાં કુદરતી સાબુ (સેપોનિન) હોય છે જે માથાની ચામડીને ઊંડે સુધી સાફ કરે છે. શિકાકઈ વાળ ખરતા અટકાવે છે અને આમળા વાળને પોષણ આપે છે. આ માટે તમારે પાંચ અરીઠા, પાંચ શિકાકઈ અને પાંચ આમળાની જરૂર પડશે. તેમને આખી રાત પાણીમાં પલાળી રાખો. બીજા દિવસે સવારે તેમને ઉકાળો, સારી રીતે મેશ કરો અને ગાળી લો. આ પ્રવાહી તમારુ કુદરતી શેમ્પૂ છે. તેને ભીના વાળ પર લગાવો, પાંચ મિનિટ સુધી માલિશ કરો અને ધોઈ લો. આ વાળને ચમકવા, મજબૂતી આપવા અને વાળ ખરવાની સમસ્યાને હલ



**એલોવેરા અને લીમડાનો શેમ્પૂ**

એલોવેરા વાળમાં ભેજ જાળવી રાખે છે અને લીમડો માથાની ખંજવાળ અને ખોડો દૂર કરે છે. આ વાળના સ્વાસ્થ્યને સુધારવામાં પણ અસરકારક છે. ત્રણ ચમચી એલોવેરા જેલ લો (તાજી વધુ સારી). ૮-૧૦ લીમડાના પાન ઉકાળો અને તેમાં તેની પેસ્ટ ઉમેરો. જો ઈચ્છો તો તમે ટી ટ્રી ઓઈલના થોડા ટીપાં પણ ઉમેરી શકો છો. આ પેસ્ટને વાળના મૂળમાં લગાવો અને ૧૦ મિનિટ માટે રહેવા દો, પછી સાદા પાણીથી ધોઈ લો. આનો ઉપયોગ કરવાથી વાળ નરમ અને ખોડો મુક્ત બનશે.

**મેથી અને કરી પત્તાનો શેમ્પૂ**

મેથી વાળ ખરતા ઘટાડે છે અને કરી પત્તા સફેદ વાળને રોકવામાં મદદ કરે છે. આ શેમ્પૂ વાળ માટે પણ ખૂબ ફાયદાકારક છે. ૨ ચમચી મેથી અને ૧૦-૧૫ કરી પત્તા આખી રાત પલાળી રાખો. બીજા દિવસે સવારે તેને પીસીને પેસ્ટ બનાવો. થોડું પાણી ઉમેરીને ઘટ્ટ શેમ્પૂ તૈયાર કરો. વાળના મૂળથી છેડા સુધી લગાવો અને ૧૦ મિનિટ પછી ધોઈ લો. આ લગાવવાથી વાળ જાડા, મજબૂત અને સ્વસ્થ દેખાશે. ■

# લાડકી બહેન યોજનાનો લાભ મેળવનારા પુરુષોના ખાતાઓની સરકાર તપાસ કરી રહી છેઃ અદિતિ તટકરે

મુંબઈ: મહારાષ્ટ્રના મહિલા અને બાળ વિકાસ મંત્રી અદિતિ તટકરેએ બુધવારે જણાવ્યું હતું કે સરકાર મુખ્ય પ્રધાન 'માજી લાડકી બહીણ' યોજના હેઠળ લાભ મેળવનારા ૧૨,૦૦૦ થી વધુ પુરુષોના ખાતાઓની તપાસ કરી રહી છે.

ભાજપની આગેવાની હેઠળની મહાયુતિ સરકારે ગયા વર્ષે ઓગસ્ટમાં શરૂ કરેલી આ મુખ્ય યોજના હેઠળ, પાત્ર મહિલાઓને દર મહિને ૧,૫૦૦ રૂપિયાની નાણાકીય સહાય મળે છે.

અમે ૧૨,૦૦૦ ખાતાઓની ચકાસણી કરી રહ્યા છીએ જેથી તેમની સત્યતા ચકાસવામાં આવે અને મહિલાઓ માટે બનાવાયેલ માસિક સહાય ઘરના પુરુષ સભ્યને જમા થાય છે કે નહીં તે તપાસવામાં આવે, એમ તેમણે અહીં પત્રકારોને જણાવ્યું હતું. કેટલાક લોકો સાબિત કરવા માગે છે કે લાડકી બહેન યોજના ખરાબ છે, તેમણે દાવો કર્યો.

પ્રધાને કહ્યું કે ગયા વર્ષે યોજના માટે નોંધણી કરાવનારા ૫૦ લાખ બેંક ખાતાઓમાં આધાર કાર્ડ જોડવામાં આવ્યું નહોતું. ''જે (આધાર કાર્ડ જોડવાનું) લાડકી બહેનને કારણે થયું.આનાથી મહિલા લાભાર્થીઓને લાડકી બહેન કાર્યક્રમ હેઠળ માસિક હપ્તા જ નહીં, પરંતુ તેમના અન્ય કામમાં પણ મદદ મળશે.''

ગયા મહિને એક્સ પર એક પોસ્ટમાં, તેમણે માહિતી અને ટેકનોલોજી વિભાગના ડેટાનો ઉલ્લેખ કર્યો હતો, જેમાં દાવો કરવામાં આવ્યો હતો કે લગભગ ૨૬.૩૪ લાખ વ્યક્તિઓ અયોગ્ય હોવા છતાં યોજના હેઠળ નાણાકીય સહાય મેળવી રહ્યા છે. એવું જાણવા મળ્યું છે કે કેટલાક લાભાર્થીઓ બહુવિધ યોજનાઓનો લાભ લઈ રહ્યા હતા, કેટલાક પરિવારોમાં બે કરતાં વધુ લાભાર્થીઓ હતા, અને કેટલાક કિસ્સાઓમાં, પુરુષોએ યોજના માટે અરજી કરી હતી. આવકવેરા વિભાગના ડેટાના આધારે, જૂન ૨૦૨૫ થી આ વ્યક્તિઓને લાભ આપવાનું બંધ કરવામાં આવ્યું હતું. આ વ્યક્તિઓ વિશેની માહિતી તેમના સંબંધિત જિલ્લા કલેક્ટરો દ્વારા ચકાસવામાં આવશે, અને સરકાર યોજના હેઠળ પાત્રતા ધરાવતા લોકોને લાભ આપવાનું ફરી શરૂ કરશે.

લાડકી બહીણ યોજના હેઠળ નાણાં મેળવવા માટે સરકારને ગેરમાર્ગે દોરનારાઓ વિશે, તટકરેએ કહ્યું હતું કે મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ અને નાયબ પ્રધાન એકનાથ શિંદે અને અજિત પવાર સાથે ચર્ચા કર્યા પછી આવા લોકો સામે યોગ્ય કાર્યવાહી કરવામાં આવશે. (પીટીઆઈ)■

# ઝૂંપડાવાસીઓને કારણે રેલવે ખોરવાઈઃ પાલિકા

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મુંબઈમાં મંગળવારે પડેલા મુશળધાર વરસાદને પગલે મધ્ય રેલવે સહિત હાર્બર લાઈનની ટ્રેનો આઠ કલાકથી પણ વધુ સમય સુધી ઠપ્પ રહી હતી. મધ્ય રેલવેની ચાર લાઈન અને હાર્બર લાઈનની બે લાઈનનાં સાયન, કુર્લા અને ચુનાભટ્ટીમાં પાટા પર પાણી ભરાઈ ગયા હતા.

પાટાઓ પર પાણી ભરાવવા માટે અનેક કારણ રહ્યા હતા, જેમાં એક તો ભારે વરસાદ, બીજું મીઠી નદીના પાણી ભયજનક સપાટીએ પહોંચી જતા તેના પાણી મધ્ય રેલવેના સાયન અને કુર્લામાં પાટાઓ પર આવી ગયા હતા અને ત્રીજું કારણ મૂન ફર્નિચર વિસ્તાર નજીક સાયન અને કુર્લાના રેલવે ટ્રેક પાસે રહેતા સ્થાનિક લોકોનો વિરોધ હતો, જ્યાં ૨૫૦ ક્યુબિક મીટર પ્રતિ કલાકના ક્ષમતાના બે રેલવે પમ્પ અને ૧,૦૦૦ ક્યુબિક મીટર પ્રતિ કલાક ક્ષમતાના ત્રણ પાલિકાના ડીવોટરરિંગ પમ્પ આવેલા છે.

સ્થાનિક લોકોએ તેમના ઝૂંપડપટ્ટી વિસ્તારોમાં પાટા પરથી પાણી બહાર કાઢવા સામે વાંધો ઉઠાવ્યો હતા અને પાણી કાઢવાની કામગીરી બંધ કરાવી દીધી હતી અને તેને કારણે પમ્પ બે કલાકથી પણ વધુ સમય માટે બંધ રહ્યા હતા. આ દરમ્યાન પોલીસને બોલાવવી પડી હતી અને ત્યારબાદ પમ્પિંગ ફરી શરૂ થયું હતું અને પાણીનં સ્તર ધીમે ધીમે ઘટ્યું હતું. એલ-વોર્ડના પાલિકાના આસિસ્ટન્ટ કમિશનર ધનાજી હેર્લેકરે જણાવ્યું હતું કે રેલવે શરૂ થાય તે અમારી પ્રાથમિકતા હતી અને તેથી અમે પાટા પરથી પાણી બહાર કાઢ્વા માટે ડિવોટરિંગ પમ્પ ચાલુ કર્યા હતા. જોકે મૂન ફર્નિચરની આસપાસ રહેતા સ્થાનિક લોકોએ પાણી બહાર કાઢવા સામે વાંધો ઉઠાવ્યો હતો અને પાણી તેમના વિસ્તારમાં ફેંકવામાં આવી રહ્યું હોવાનો વિરોધ કરીને પાલિકાની કામગીરી બંધ કરાવી ધી હતી. તેમ જ પમ્પ ઓપરેટરોને પણ ધમકી આપી હતી. ■

# મુંબઈમાં ૨૪ કલાકમાં ૪૪૨ નવા ખાડા

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મુંબઈમાં શુક્રવારથી પડી રહેલા મુશળધાર વરસાદને પગલે રસ્તા પર ખાડાની સમસ્યા વધુ વકરી ગઈ છે. બુધવાર સાંજ સુધીના માત્ર ૨૪ કલાકમાં શહેરના વિવિધ વિસ્તારમાં ૪૪૨ નવા ખાડા પડયાં હતા. પાલિકાના જણાવ્યા મુજબ પહેલી જૂનથી ૨૦ ઑગસ્ટ દરમ્યાન શહેરમાં ખાડા સંબંધિત ૧૦,૮૦૩ ફરિયાદ નોંધાઈ છે, જેમાંથી ૩,૩૫૬ ફરિયાદ છેલ્લા ૨૦ દિવસમાં જ નોંધાઈ છે. મુંબઈગરા સોશ્યલ મીડિયા, પાલિકાના ડિઝાસ્ટર કંટ્રોલની હેલ્પલાઈન ૧૯૧૬ અને જૂનમાં લોન્ચ કરાયેલી 'માય પોથોલ ક્વિક ફિક્સ' મોબાઈલ એપ્લિકેશન સહિત અનેક ચેનલો દ્વારા ખાડાની ફરિયાદ નોંધે છે. મોબાઈલ ઍપ્લિકેશન પર ફરિયાદ વધુ આવે છે, જેમાં અત્યાર સુધીમાં ૯,૧૧૦ ફરિયાદ આવી છે. પાલિકાએ ખાડા માટે એક લાઈવ ડેશ બોર્ડ પણ શરૂ કર્યું છે.

શુક્રવારથી સતત પડી રહેલા વરસાદને પગલે ખાડા વધી ગયા છે ત્યારે જયાં સુધી વરસાદ રોકાશે નહીં ત્યાં સુધી ખાડાના સમારકામ કરવા મુશ્કેલ છે. પાલિકાએ આપેલા આંકડા મુજબ પવઈ-ભાંડુપને આવરી લેતા એસ વોર્ડમાં સૌથી વધુ ખાડા રહ્યા છે, જેમાં ૨૦ ઑગસ્ટ સુધીમાં ૧,૮૮૦ ફરિયાદ આવી છે, તેમાંથી પાલિકાએ ૧,૨૨૬ ફરિયાદનો નિકાલ આણ્યો છે. કે-પશ્ચિમ વોર્ડ અંધેરી, જુહુ ઓશિવરામાં ૧,૦૪૨ ફરિયાદ, એન વોર્ડ ઘાટકોપર અને ટી વોર્ડ મુલુંડમાં અનુક્રમે ૯૨૧ અને ૭૫૭ ફરિયાદ આવી છે. એ વોર્ડના કોલાબા-ફોર્ટમાં તથા બી વોર્ડ ડોંગરીમાં ૧૦૦થી ઓછી ખાડાની ફરિયાદ આવી છે. પાલિકાના ઉચ્ચ અધિકારીના જણાવ્યા મુજબ બધી ફરિયાદો જોકે ખાડાઓ સંબંધિત નહોતી. કુલ ૨,૮૪૬ ફરિયાદમાંથી ૭૫૪ ફરિયાદ અન્ય ઍજન્સીને સંબંધિત હતી. અત્યાર સુધીમાં પાલિકાએ ૯,૨૧૨ ફરિયાદનો ઉકેલ લાવ્યો હોવાનો દાવો કર્યો હતો. જયારે ૧,૫૯૧ ફરિયાદનો ઉકેલ હજી આવ્યો નથી. ■

# ચાર મહિનામાં ૮૭૮૯ને શ્વાન કરડ્યા

કલ્યાણ: એપ્રિલથી જુલાઈ સુધીના ચાર મહિનામાં કલ્યાણ-ડોંબિવલી મ્યુનિસિપલ કોર્પોરેશન વિસ્તારમાં ૮૭૮૯ નાગરિકોને રખડતાં કૂતરાઓ કરડ્યા હોવાની માહિતી આરોગ્ય વિભાગે આપી છે.

આ રખડતાં કૂતરાઓની સમસ્યાને હલ કરવા માટે, તેમની નસબંધીની ગતિ વધારવાની જરૂર છે. જોકે, કૂતરાઓના પ્રજનનની ગતિ નસબંધીની ગતિ કરતા ઝડપી હોવાનું મ્યુનિસિપલ વહીવટીતંત્રે સ્વીકાર્યું છે. સરકારના નિર્દેશો અનુસાર કરવામાં આવેલી કૂતરાઓની ગણતરીનો સત્તાવાર અહેવાલ હજુ સુધી પ્રાપ્ત થયો નથી, પરંતુ ગણતરી મુજબ મહાનગરપાલિકા વિસ્તારમાં ૯૫,૦૦૦ રખડતા કૂતરા હોવાનો અંદાજ છે. ■

# બોરીવલીમાં ભૂમિ ત્રિવેદીની નવરાત્રી

મુંબઈ: પરંપરા, સંગીત, નૃત્ય અને સમુદાયના આનંદને એક સાથે મહાવીર કન્સ્ટ્રકશન અને સોલિટેર એજ રાયગઢ પ્રતિષ્ઠાન 'રંગરાસ નવરાત્રી ૨૦૨૫'ને ભૂમિ ત્રિવેદી સાથે રજૂ કરીએ છીએ. આ ભવ્ય કાર્યક્રમનું આયોજન બોરીવલી (પશ્ચિમ), મુંબઈના હૃદયમાં સ્થિત વિધાન પરિષદના ગ્રૂપ નેતા પ્રવીણ દરેકરજીના માનનીય નેતૃત્વ હેઠળ આયોજન કરવામાં આવી રહ્યું છે. આ નવરાત્રી બાળાસાહેબ ઠાકરે મનોરંજન ઉદ્યાન, બોરીવલી, મુંબઈ, ૨૨ સપ્ટેમ્બર - ૧લી ઑક્ટોબર સુધી સમય સાંજે ૭.૦૦ વાગ્યે શરૂ થશે.

સતત ચોથા વર્ષમાં પ્રવેશ કરી રહેલા રંગરાસ નવરાત્રીએ શહેરમાં સૌથી વધુ લાઈવ અને સુવ્યવસ્થિત નવરાત્રી ઉજવણીઓમાંની એક તરીકે પ્રતિષ્ઠા પ્રાપ્ત કરી છે. છેલ્લાં ત્રણ વર્ષોમાં, આ કાર્યક્રમે સ્કેલમાં વધારો કર્યો છે, લોકપ્રિયતામાં વધારો કર્યો છે અને ઉત્સવના મનોરંજનના એક નવો બેન્ચમાર્ક સ્થાપિત કર્યો છે.

આ સિઝનની રાસ રાણી તરીકે તાજ પહેરેલી, કોકિલ કંઠી, બહુમુખી અને ગતિશીલ પ્લેબેક સિંગર ભૂમિ ત્રિવેદી, જેમણે ફિલ્મ રામ લીલાના રામ ચાહે લીલા, રઈસના ઉડી ઉડી જાયે, રોકી ઔર રાની કી પ્રેમ કહાનીના ધીંડોરા બાજે રે અને ઘણા બધા ગુજરાતી ગીતો, લોકગીતો અને ગરબા હિટ ગીતો ગાઈને શ્રોતાઓને મંત્રમુગ્ધ કરી દીધા છે. તે પોતાના કોકીલ કંઠ અને વિશાળ સંગ્રહ માટે જાણીતી છે. તે સ્ટેજ પર ધૂમ મચાવશે, દરેક નવરાત્રીની રાત્રિને સંગીતમય ભવ્યતા બનાવશે.

આ કાર્યક્રમ મુંબઈ અને તેની બહારના પરિવારો, યુવાનો અને સાંસ્કૃતિક ઉત્સાહીઓને નવરાત્રીના રંગો, લય અને ભક્તિમાં ડૂબી જવા માટે આમંત્રણ આપે છે. રાત્રિના નોન-સ્ટોપ ગરબા અને રાસનો આનંદ માણો, લાઈવ સંગીત અને આકર્ષક બીટ્સ સાથે તારાઓ નીચે નૃત્ય કરો. રંગરાસ નવરાત્રી ૨૦૨૫માં અમે પ્રેક્ષકોને હાઈ-ટેક સાઉન્ડ અને લાઈટિંગ સેટઅપ, નવ દિવસ દરમિયાન નોન-સ્ટોપ ગરબા માટે મોટા જૂથોને સમાવવા માટે રચાયેલ વિશાળ લાકડાનું પ્લેટફોર્મ, એક ઉચ્ચ પ્રશિક્ષિત અને વ્યાવસાયિક સુરક્ષા ટીમ સમગ્ર કાર્યક્રમ દરમિયાન તહેનાત કરવામાં આવશે જેથી સુરક્ષિત અને બધા સહભાગીઓ અને મુલાકાતીઓ માટે આનંદપ્રદ વાતાવરણ, સ્ટેજ અને ડાન્સ ફલોરના સ્પષ્ટ દશ્યો માટે એક સમર્પિત બેઠક ગેલેરીની વ્યવસ્થા કરવામાં આવી છે. ■

# ભિવંડીમાં ગોદામમાં આગ

થાણે: ભિવંડી તાલુકામાં એક ગોદામમાં ગઈ કાલે સવારે આગ લાગી હતી અને તેને ૨૪ કલાકથી વધુ સમય પછી કાબુમાં લેવામાં આવી હતી, એમ અધિકારીઓએ જણાવ્યું હતું. એક અધિકારીએ જણાવ્યું હતું કે રસાયણો ધરાવતા ઓછામાં ઓછા પાંચ ગોડાઉનને અસર થઈ હતી. પૂર્ણા ખાતે માયાશ્રી કમ્પાઉન્ડ સ્થિત વેરહાઉસમાં કુલિંગ કામગીરી ચાલી રહી હતી. મંગળવારે સવારે ૮ વાગ્યાની આસપાસ ગોડાઉનમાં આગ લાગી હતી અને આખી રાત ચાલુ રહી. ડિઝાસ્ટર મેનેજમેન્ટ સેલના ચીફ સાકીબ ખાર્બેએ જણાવ્યું હતું કે વધુ આગ ન લાગે તે માટે સ્થળ પર ફાયર ફાઇટીંગ ટીમ તૈનાત કરવામાં આવી છે. ■

જૈન શ્રાવક આનંદો!

# પ.પૂ. શ્રી નમ્રમુનિ મહારાજ સાહેબના પર્યુષણનું સોહમ ચેનલ પર જીવંત પ્રસારણ થશે



મુંબઈ: સર્વે જૈન સાધકો માટે આનંદ અને ખુશીના સમાચાર છે કે રાષ્ટ્રસંત યુગ દિવાકર પરમ પૂજ્ય ગુરુદેવ શ્રી નમ્રમુનિ મહારાજ સાહેબના પુનિત, પાવન, પવિત્ર સાંનિધ્યમાં પર્વાધિરાજ પર્યુષણ મહાપર્વના પ્રવચનો, પૂજા તેમ જ અન્ય ધાર્મિક વિધિઓનું જીવંત પ્રસારણ એક માત્ર ''સોહમ'' ટીવી ચેનલ પર આગામી બુધવાર, ૨૭ ઑગસ્ટ સુધી રોજ સવારે ૮થી બપોરે ૧ અને સાંજે ૮થી ૧૦ સુધી થશે. ''સોહમ'' ટીવી ચેનલના સ્થાપક ટ્રાન્સમીડિયા લિમિટેડના જસ્મીનભાઈ શાહએ સર્વેને ઘેરબેઠા આ જ્ઞાન ભક્તિનો અમૂલ્ય લાભ લેવા વિનંતી કરી છે. ■

# સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં મહાયુતિનો વાવટો લહેરાશેઃ શિંદે

થાણા: કલ્યાણ ડોમ્બિવલી મ્યુનિસિપલ કોર્પોરેશનના ત્રણ ભૂતપૂર્વ નગરસેવકોને સેનામાં સામેલ કર્યા બાદ શિવસેનાના નેતા અને મહારાષ્ટ્રના નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેએ સ્થાનિક સંસ્થાઓની આગામી ચૂંટણીઓમાં મહાયુતિ ગઠબંધનની જીત પર વિશ્વાસ વ્યક્ત કર્યો છે.

માજી નગરસેવકો પ્રેમા મ્હાત્રે, પ્રમિલા પાટીલ અને શૈલજા ભોઇર શિવસેના (યુબીટી) અને અન્ય પક્ષમાં હતાં. તેમની સાથે ગ્રામીણ કલ્યાણના વિરોધ પક્ષોના અનેક સભ્યો પણ શિવસેનામાં જોડાયા હતા.

શિંદેએ જણાવ્યું હતું કે 'મહાયુતિ સરકારે અગાઉના શાસન દ્વારા મૂકવામાં આવેલા વિઘ્નો દૂર કર્યાં હતાં અને ખેડૂત રાહત માટે રૂ. ૪૫ હજાર કરોડની જોગવાઈ કરી હતી. અમે (વિધાનસભાની ચૂંટણીમાં) ૨૩૨ બેઠકોની ઐતિહાસિક બહુમતી મેળવી હતી. આ જોડાણ આગામી સ્થાનિક સંસ્થાઓની ચૂંટણીઓમાં જ્વલંત સફળતા મેળવશે.' ઇવીએમની વિશ્વસનીયતા પર સવાલ ઉઠાવવા બદલ વિપક્ષ પર નિશાન સાધી તેમણે જણાવ્યું હતું કે 'ચૂંટણીમાં તેમનો વિજય થાય ત્યારે ત્યારે ઇવીએમ સારાં હોય છે, પરંતુ પરાજય થાય ત્યારે ઇવીએમ ખરાબ હોય છે.' (પીટીઆઈ)■

# મહારાષ્ટ્રમાં 'વરાહ જયંતી' ઉજવવા ભાજપની માગણી

મુંબઈ: મહારાષ્ટ્રના કેબિનેટ સભ્ય નિતેશ રાણેએ બુધવારે જણાવ્યું હતું કે તેમણે મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસને પત્ર લખીને ૨૫ ઓગસ્ટને 'વરાહ જયંતી' ઉત્સવ દિવસ તરીકે જાહેર કરવા વિનંતી કરી છે અને હિન્દુ સમુદાયને આ પ્રસંગને ખૂબ જ ઉત્સાહથી ઉજવવા વિનંતી કરી છે. ભાજપના પ્રધાને ભગવાન વિષ્ણુના અવતાર ગણાતા ભગવાન વરાહના મહત્ત્વ વિશે જાગૃતિ ફેલાવવા પર ભાર મૂક્યો હતો.

આપણે વરાહ (જેનો અર્થ સંસ્કૃતમાં 'સૂર' થાય છે) ને ભગવાન વિષ્ણુનો અવતાર માનીએ છીએ. ૨૫ ઓગસ્ટના રોજ, આપણે તેમની જયંતી ઉજવી રહ્યા છીએ. આ પ્રસંગને મોટા પાયે ઉજવવો જોઈએ જેથી આવનારી પેઢી તેના મહત્ત્વ વિશે જાણે, રાણેએ પત્રકારોને જણાવ્યું હતું.

બંદરો અને મત્સ્યઉદ્યોગ પ્રધાને માહિતી આપી હતી કે તેમણે ફડણવીસને પત્ર લખીને ૨૫ ઓગસ્ટના રોજ 'વરાહ જયંતી' જાહેર કરવા વિનંતી કરી છે. આનાથી દર વર્ષે ૨૫ ઓગસ્ટે મંદિરોમાં વિશેષ ધાર્મિક વિધિઓ, શાળાઓ અને કોલેજોમાં પ્રવચનો અને અન્ય કાર્યક્રમો યોજવાનો માર્ગ મોકળો થશે. તેમણે શાળાનાં પાઠ્યપુસ્તકોમાં પણ ભગવાન વરાહ વિશે એક પ્રકરણનો સમાવેશ કરવા વિનંતી કરી છે જેથી બાળકોને તેમના વિશે શિક્ષિત કરી શકાય.

રાણેએ મહારાષ્ટ્રના દરેક ગામમાં 'વરાહ જયંતી' ઉજવણીનું આયોજન કરવા હિન્દુઓને અપીલ કરી. ભાજપના ધારાસભ્યએ કહ્યું કે તેઓ નવી મુંબઈમાં ઉજવણીમાં વ્યક્તિગત રીતે હાજરી આપશે. સાથે ચેતવણી આપી કે જો કોઈ આ ઉજવણીનો વિરોધ કરશે તો હિન્દુ સમુદાય તેનો કડક જવાબ આપશે. (પીટીઆઈ)■

ફન વર્લ્ડ

'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી શુક્રવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

## ભાષા વૈભવ...

મરાઠી - ગુજરાતી સમાનાર્થી શબ્દોની જોડી બનાવો

| A | B |
|---|---|
| चंग | ભીનું |
| चव | આમલી |
| चिंच | દડો |
| चिंब | સ્વાદ |
| चेंडू | કમરપટ્ટો |


## ઓળખાણ પડી?

એથ્લેટિક્સમાં તાજેતરમાં વિઘ્ન દોડમાં ગોલ્ડ મેડલ મેળવી ડંકો વગાડનારી મહિલા એથ્લિટની ઓળખાણ પડી?




અ) આરતી ભટનાગર
બ) ભજન કૌર
ક) દીપિકા કુમારી
ડ) જ્યોતિ યારાજી

## ગયા વખતનો ઉકેલ



## શબ્દલાલિત્ય

સતીશ વ્યાસ



**આડી ચાવી**

૧. બાળપણની એક રમત (૪)
૩. લોકોને ગમવું તે (૫)
૮. કુપોષણથી થતો રોગ (૨)
૯. જુઠ્ઠાબોલો (૩)
૧૧. ઝેર (૨)
૧૩. બારીક ફાટ (૨)
૧૫. પુરુષ (૨)
૧૬. શીલ, શિયળ (૩)
૧૭. શિકાર (૩)
૧૮. જલાશય (૪)
૨૨. જરાક જ (૪)
૨૩. વરસાદ એમ ના --- (૩)
૨૩/અ. સરખું (૩)
૨૪. --- ટાણું એટલે સંધ્યાકાળ (૩)
૨૬. મને કહ્યું હોત તો હું --- (૩)
૨૮. પરદો (૨)
૨૯. આખી રાત (૪)
૩૧. કિંમત, ભાવ (૨)
૩૨. ખેલાડી (૫)
૩૩. એકસરખું હોવાપણું (૪)

**ઊભી ચાવી**

૧. ગ્રહણ કરવું તે (૪)
૨. દાળભાત સાથે ભાવે (૩)
૪. ઓરડો, ખંડ (૨)
૫. સૌથી વધુ પ્રિયા (૪)
૬. મુકુટ (૨)
૭. ન ભૂલાય એવું (૬)
૧૦. અગિયારસ પછી આવે (૩)
૧૨. પત્ર (૨)
૧૪. ઘરવખરી (૫)
૧૬. હવે (૨)
૧૯. દરરોજ (૪)
૨૦. અંદરોઅંદર (૬)
૨૧. દેખાવું (૫)
૨૨/અ. બાવાઓનું ટોળું (૩)
૨૫. આંકડો, સંખ્યા (૩)
૨૬. આકાશ (૨)
૨૭. માનો પ્રેમ (૩)
૨૯. પંજાબની એક નદી (૨)
૩૦. દિલ ખુશ થઈ જવું (૨)
૩૧. કંઈપણ વળતર વિના આપવું (૨)

## ગુજરાત મોરી મોરી રે

અટપટી રીતે સમજાવતા સંબંધ ઓળખી કાઢો. પુરુષના સગા ભત્રીજાના સસરાની એકમાત્ર દીકરીના સસરાના દાદાની એકમાત્ર પુત્રવધૂ પુરુષને સંબંધમાં શું થાય એ દિમાગ દોડાવી જણાવો.

અ) માસી બ) માતા ક) કાકી ડ) ફોઈ

## જાણવા જેવું

દેશ એટલે કુદરતી હદવાળો જમીનનો મોટો ભાગ જે ઘણું કરીને એક સત્તા તળે હોય છે. દેશ ત્રણ પ્રકારના છેઃ જાંગલ્ય, અનૂપ અને સાધારણ. વળી બીજી રીતે પણ દેશ ત્રણ પ્રકારના છેઃ દેવમાતૃક એટલે વરસાદના પાણીથી જ્યાં ખેતી વગેરે બધાં કામ થાય છે તેવો દેશ, નદીમાતૃક અને ઉભયમાતૃક.

## સુડોકુ-૯૦૭૧

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | ૨ | ૧ |
| | | | ૧ | | | | | ૬ |
| | | | ૪ | | ૨ | ૩ | | ૯ |
| ૧ | | ૫ | | ૪ | | ૯ | ૩ | |
| ૪ | | | | | | | | ૭ |
| | ૮ | ૯ | | ૭ | | ૫ | | ૨ |
| ૩ | | ૬ | ૫ | | ૭ | | | |
| ૫ | | | | | ૮ | | | |
| ૭ | ૯ | | | | | | | |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક રહી ન જવો જોઈએ.

## સુડોકુ-૯૦૭૦

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૨ | ૮ | ૧ | ૯ | ૫ | ૭ | ૪ | ૬ | ૩ |
| ૫ | ૬ | ૯ | ૪ | ૩ | ૧ | ૭ | ૮ | ૨ |
| ૪ | ૭ | ૩ | ૬ | ૨ | ૮ | ૫ | ૯ | ૧ |
| ૮ | ૩ | ૬ | ૧ | ૯ | ૪ | ૨ | ૭ | ૫ |
| ૧ | ૨ | ૭ | ૫ | ૮ | ૩ | ૯ | ૪ | ૬ |
| ૯ | ૫ | ૪ | ૨ | ૭ | ૬ | ૩ | ૧ | ૮ |
| ૩ | ૪ | ૮ | ૭ | ૬ | ૨ | ૧ | ૫ | ૯ |
| ૬ | ૧ | ૫ | ૩ | ૪ | ૯ | ૮ | ૨ | ૭ |
| ૭ | ૯ | ૨ | ૮ | ૧ | ૫ | ૬ | ૩ | ૪ |

## ચતુર આપો જવાબ

માથું ખંજવાળો

આપેલા વાક્યમાં નર્મદા નદીની ઓળખ આપતો શબ્દ સંતાઈ બેઠો છે એ શોધી કાઢો.

*તમે નવા ઘરનું ક્યારે વાસ્તુ કરવાના છો?*

## નોંધી રાખો

સૌથી ગરીબ કોણ? જેની ખુશી-આનંદ અન્ય વ્યક્તિ પર આધારિત હોય છે એવી વ્યક્તિ સૌથી વધુ ગરીબ કહેવાય.

## માઈન્ડ ગેમ

છોડ પર ઊગતા રંગબેરંગી ફૂલ ઉદ્યાનની શોભા વધારે છે. એવો કયો ફૂલનો છોડ છે જેમાં એક પણ પાંદડું નથી હોતું?

અ) ORCHID બ) PEONY
ક) BELLADONNA LILY ડ) MARIGOLD

## ગયા ગુરુવારના જવાબ

ભાષા વૈભવ

| A | B |
|---|---|
| गवत | ઘાસ |
| गराडा | ઘેરો |
| गचका | આંચકો |
| गजर | ઢંઢેરો |
| गमजा | ચાળા |

ગુજરાત મોરી મોરી રે: ભત્રીજો

ઓળખાણ પડી?: રિતુ કરિધાલ

માઈન્ડ ગેમ: ઈજિપ્ત

ચતુર આપો જવાબ / માથું ખંજવાળો: રત

## ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) કિશોરકુમાર જીવણદાસ વેદ (૨) ભારતી બુચ (૩) તાહેર ઔરંગાબાદવાલા (૪) શીરીન ઔરંગાબાદવાલા (૫) અબ્દુલ્લા એફ. મુનીમ (૬) શ્રીમતી ડો. પ્રકાશ કટકિયા (૭) મુલરાજ કપૂર (૮) સુભાષ મોમાયા (૯) ખુશરૂ કાપડિયા (૧૦) શ્રદ્ધા આસર (૧૧) નિખીલ બંગાળી (૧૨) અમીષી બંગાળી (૧૩) પુષ્પા પટેલ (૧૪) લજિતા ખોના (૧૫) મીનળ કાપડિયા (૧૬) મહેશ દોશી (૧૭) જ્યોતી ખાંડવાલા (૧૮) રમેશ દલાલ (૧૯) હીના દલાલ (૨૦) ઈનાક્ષી દલાલ (૨૧) જ્યોત્સના ગાંધી (૨૨) નૂતન વિપીન શાહ (૨૩) હર્ષા મહેતા (૨૪) વિપીન શાહ (૨૫) ધવલ શાહ (૨૬) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૨૭) જીત શાહ (૨૮) મહેન્દ્ર લોઢાવીયા (૨૯) ભાવના કર્વે (૩૦) પ્રવીણ વોરા (૩૧) મહેશ દોશી (૩૨) દેવેન્દ્ર સંપટ (૩૩) અંજુ ટોલિયા (૩૪) અંબરીષ ઓઝા (૩૫) પુષ્પા ખોના (૩૬) ડાયના સંતોકે (૩૭) અલકા વાણી (૩૮) અરવિંદ કામદાર (૩૯) જયવંત પદમશી ચિખલ (૪૦) શિલ્પા શ્રોફ (૪૧) નિતીન જે. બજેરીયા (૪૨) કમલ માતલિયા (૪૩) ડો. પ્રકાશ કટકિયા (૪૪) ધીરેન્દ્ર મુલરાજ (૪૫) ગીતા ઉદેશી (૪૬) પ્રતિમા પમાણી (૪૭) નિતા દેસાઈ (૪૮) કિશોર સંઘરાજકા (૪૯) નયના ગિરીશ મિસ્ત્રી

# પર્યુષણમાં કતલખાના બે દિવસ જ બંધ રહેશે, જૈન સમુદાયને હાઈ કોર્ટે તરફથી કોઈ રાહત નહીં

મુંબઈઃ પર્યુષણ પર્વ દરમિયાન શહેરમાં ૧૦ દિવસ માટે કતલખાના બંધ રાખવાની માગણી કરતા જૈન સમુદાયના સભ્યોને બોમ્બે હાઇ કોર્ટે બુધવારે કોઈ રાહત આપવાનો ઇનકાર કર્યો હતો.

મુખ્ય ન્યાયાધીશ આલોક આરાધે અને ન્યાયાધીશ સંદીપ માર્નેની બેન્ચે કહ્યું કે તે સમુદાયની ભાવનાઓનું સન્માન કરે છે પરંતુ કતલખાનાઓને ૧૦ દિવસ માટે બંધ રાખવાની માગણી કરવાનો અધિકાર ક્યાંથી મળે છે તે અંગે પ્રશ્ન ઉઠાવ્યો હતો. અરજીઓમાં બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન (બીએમસી) કમિશનર દ્વારા ૧૪ ઓગસ્ટના રોજ માત્ર બે દિવસ માટે કતલખાના બંધ રાખવાની મંજૂરી આપતા આદેશને પડકારવામાં આવ્યો હતો. નાગરિક સંસ્થાના વડાએ તર્ક આપ્યો હતો કે શહેરમાં જૈન સમુદાયની વસ્તી ઓછી છે. દિગંબર સમુદાય દ્વારા ૨૦ થી ૨૭ ઓગસ્ટ અને શ્વેતાંબર સમુદાય દ્વારા ૨૧ થી ૨૮ ઓગસ્ટ દરમિયાન પર્યુષણ પર્વ ઉજવવામાં આવશે.

હાઈ કોર્ટે કોઈપણ રાહત આપવાનો ઇનકાર કરતા કહ્યું કે અરજીમાં કોઈ કેસ બનતો નથી.

જૈન સમાજની લાગણીઓની કદર કરતા હોવાનું કહીને, કોર્ટે તેને અધિકાર ક્યાંથી મળે છે તેવો પ્રશ્ન પૂછ્યો હતો. બીએમસી દ્વારા કોર્ટને જણાવવામાં આવ્યું હતું કે હાલમાં સરકારે વર્ષમાં ૧૬ દિવસ કતલખાનાઓ બંધ રાખવાની સૂચના આપી છે. કોર્ટે કહ્યું કે અરજીઓની સુનાવણી કરવી પડશે અને બીએમસી અને રાજ્ય સરકારને નોટિસ જારી કરી અને બે અઠવાડિયા પછી સુનાવણી

(જુઓ પાનું ૪) ▸▸

## દાદર કબૂતરખાના પાસે વિરોધ પ્રદર્શન
# ૧૫૦ લોકો વિરુદ્ધ ગુનો

મુંબઈઃ દાદર કબૂતરખાના પાસે વિરોધ પ્રદર્શન કરવા બદલ ૧૫૦ લોકો વિરુદ્ધ ગુનો દાખલ કરાયો હોવાનું પોલીસ અધિકારીએ જણાવ્યું હતું.

પાંચ દિવસ અગાઉ દાદર કબૂતરખાના પાસે ગેરકાયદે એકઠા થવા, વિરોધ પ્રદર્શન કરવા તેમ જ પોલીસ કમિશનર દ્વારા જારી કરાયેલા આદેશનો અનાદર કરવા બદલ દાદર પોલીસ સ્ટેશનમાં ભારતીય ન્યાય સંહિતા અને મહારાષ્ટ્ર પોલીસ એક્ટની સુસંગત જોગવાઇઓ હેઠળ ગુનો દાખલ કરવામાં આવ્યો હતો.

મુંબઈ મહાનગરપાલિકા દ્વારા દાદર કબૂતરખાનાને ઢાંકી દેવાના નિર્ણયનો વિરોધ કરવા

(જુઓ પાનું ૪) ▸▸

# મુંબઈમાં વરસાદ ધીમો પડ્યો

## પાંચ દિવસના મુશળધાર વરસાદને પગલે મોસમનો સરેરાશ વરસાદ નોંધાઈ ગયો, પાંચ દિવસમાં ૮૭૦ મિ.મી. વરસાદઃ ૨૦૨૦ પછીનો સૌથી વધુ વરસાદ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈને સતત બે દિવસ સુધી બાનમાં લેનારા મેઘરાજાએ આખરે બુધવારે પોરો ખાતા મુંબઈગરાએ રાહત અનુભવી હતી. સોમવારથી મંગળવાર સુધીના ૪૮ કલાકમાં થયેલી અતિવૃષ્ટિમાં અમુક વિસ્તારોમાં ૩૦૦ મિ.મી. કરતા પણ વધુ તો અમુક વિસ્તારોમાં ૨૦૦ મિ.મી. કરતા પણ વધુ વરસાદ નોંધાયો હતો. તો છેલ્લાં પાંચ દિવસમાં મુંબઈમાં સરેરાશ ૮૭૫.૧ મિ.મી. જેટલો વરસાદ પડયો છે, જે ૨૦૨૦ પછીનો સૌથી વધુ વરસાદ છે.

મુંબઈમાં શુક્રવારથી મુશળધાર વરસાદ ચાલુ થયો હતો, તેને કારણે પાંચ દિવસમાં ૮૭૦ મિ.મી. એટલે કે ૩૫ ઈંચ જેટલો વરસાદ પડયો છે. તેમાં પણ સોમવાર અને મંગળવાર એમ સતત

(જુઓ પાનું ૪) ▸▸

### કોલાબામાં વરસાદની ખાધ

હવામાન વિભાગના જણાવ્યા મુજબ ચાર મહિનામાં સાંતાક્રુઝમાં સરેરાશ ૨,૩૧૯ મિ.મી. વરસાદ નોંધાતો હોય છે, જેમાં આ વર્ષે અત્યાર સુધીમાં સાંતાક્રુઝમાં ૨,૩૧૧ મિ.મી. વરસાદ પડી ચૂક્યો છે. જોકે કોલાબામાં હજી સુધી વરસાદની ખાધ છે. જૂનથી અત્યાર સુધી કોલાબામાં માત્ર ૧,૫૧૨ મિ.મી. વરસાદ નોંધાયો છે.

### પાંચ દિવસમાં ૮૮૦ મિ.મી. વરસાદ

હવામાન વિભાગના જણાવ્યા મુજબ ૧૫ ઑગસ્ટથી ૨૦ ઑગસ્ટ સુધી શહેરમાં ૮૮૦ મિ.મી. વરસાદ પડયો છે, જે ઑગસ્ટ, ૨૦૨૦ પછીનો સૌથી વધુ વરસાદ રહ્યો છે, જ્યારે સાંતાક્રુઝમાં આ મહિના દરમ્યાન ૧,૨૪૦ મિ.મી. વરસાદ નોંધાયો છે.

### શુક્રવારથી વરસાદનું જોર ઘટશે

સતત પાંચ દિવસ અતિવૃષ્ટિ બાદ બુધવારે વરસાદનું જોર ઘટયું હતું. સોમવાર અને મંગળવારે મુંબઈમાં રેડ અલર્ટ રહ્યા બાદ બુધવારે ઓરેન્જ અલર્ટ આપવામાં આવ્યું હતું. બુધવારે થાણેમાં રેડ અલર્ટ આપ્યું હોઈ દિવસ દરમ્યાન ભારે વરસાદ રહ્યો હતો. ગુરુવાર માટે અલગ અલગ વિસ્તારોમાં અલગ અલગ ચેતવણી છે, જેમાં મુંબઈ, થાણે, પાલઘર, રાયગઢ માટે યલો અલર્ટ રહેશે. તો શુક્રવારથી મુંબઈ મેટ્રોપોલિટન રિજન વિસ્તારમાં વરસાદની પ્રવૃતિમાં ઘટાડો થવાની ધારણા છે. ■



**હાલ બેહાલઃ** મુંબઈમાં વરસાદ ધીમો પડ્યો હોવા છતાં વસઈ-વિરારમાં એનું જોર અંકબંધ રહ્યું હતું. વસઈમાં રસ્તાની હાલત ઉપરના ફોટામાં જોઈ શકાય છે, જ્યારે નીચેના ફોટામાં નાલાસોપારા સ્ટેશન પર અનિયમિત ટ્રેનસેવાને કારણે થયેલી ભીડ જોવા મળે છે. (જયપ્રકાશ કેળકર)



## વસઈ-વિરારમાં ગેરકાયદે બાંધકામો
# આઈએએસ ઓફિસર, સહ-આરોપીઓએ ઉચ્ચ મૂલ્યની છેતરપિંડી આચરી, સત્તાનો દુરુપયોગ કર્યો

### ગુનાની રકમ મેળવવા 'હવાલા અને આંગડિયા'નો ઉપયોગ કરાયોઃ ઇડી

મુંબઈઃ વસઇ-વિરાર મહાપાલિકાની હદમાં 'મોટા પાયે' ગેરકાયદે બાંધકામો સાથે કડી ધરાવતા મની લોન્ડરિંગ કેસમાં ધરપકડ કરાયેલા પાલિકાના ભૂતપૂર્વ કમિશનર અનિલ પવાર સહિત ચાર જણે ઉચ્ચ મૂલ્યની છેતરપિંડી આચરવા માટે પ્રશાસકીય સત્તા તેમ જ નાણાકીય પ્રણાલીનો ઇરાદાપૂર્વક દુરુપયોગ કર્યો હોવાનું એન્ફોર્સમેન્ટ ડિરેક્ટરેટે (ઇડી) વિશેષ કોર્ટને જણાવ્યું હતું.

ગુનાની પ્રાપ્તિઓનું લોન્ડરિંગ કરવા માટે 'હવાલા અને આંગડિયા' ચેનલોનો મહારાષ્ટ્રમાં નહીં, પણ અન્ય રાજ્યોમાં પણ ઉપયોગ કર્યો હતો, એમ ઇડીએ કહ્યું હતું. ૧૩ ઑગસ્ટે ઇડીએ આઇએએસ ઓફિસર અનિલ પવાર સહિત વસઇ-વિરાર પાલિકાના ટાઉન પ્લાનર વાય. શિવા રેડ્ડી અને બે બિલ્ડર સીતારામ ગુપ્તા તથા અરુણ ગુપ્તાની ધરપકડ કરી હતી. ચારેયની કસ્ટડી બુધવારે પૂરી થતી હોવાથી તેમને પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ કેસની સુનાવણી કરતા વિશેષ જજ રાજુ રોટે સમક્ષ હાજર કરવામાં આવ્યા હતા, જ્યાં તેમને ૧૪ દિવસની જુડિશિયલ કસ્ટડી ફટકારવામાં આવી હતી. આ અધિકારીઓ, આર્કિટેક્ટો, બિલ્ડરો અને લાયેઝન કરનારાઓની સુસંગઠિત કાર્ટેલ દ્વારા અત્યાધુનિક પદ્ધતિથી કરાયેલી છેતરપિંડી છે. તેમને કારણે સરકારી તિજોરીને મોટું નુકસાન થવા સાથે લોકોની સેવા અને સહાય માટે સ્થાપિત પ્રશાસન તથા જાહેર જનતાની અખંડતાને ઘસરકો પણ પહોંચ્યો છે. આરોપીઓ તપાસ અવરોધવા, ડિજિટલ અને મુખ્ય દસ્તાવેજી પુરાવાઓ સાથે ચેડાં કરવા તથા મુખ્ય સાક્ષીદારોને પ્રભાવિત કરવાનાં માધ્યમો અને હેતુ ધરાવે છે. આરોપીઓએ કેટલી છેતરપિંડી અને કેટલું મની લોન્ડરિંગ કર્યું તેનું ચોક્કસ પ્રમાણ હજુ તપાસવાનું બાકી છે, એમ ઇડીએ કોર્ટને કહ્યું હતું. હમણાં સુધીની તપાસમાં ગુનાની પ્રાપ્તિઓ છુપાવવા અને અન્યત્ર વાળવા માટે સુસંગઠિત યંત્રણા ઊભી કરાઇ હોવાનું જણાયું છે. (પીટીઆઇ)■

# ચેનચોરીના ગુના આચરનારો પકડાયોઃ ૨.૪૦ લાખ રૂપિયાનાં ઘરેણાં હસ્તગત

થાણેઃ નવી મુંબઈમાં ચેનચોરીના ગુના આચરનારા ૨૪ વર્ષના યુવકને પોલીસે પકડી પાડ્યો હતો અને તેની પાસેથી ૨.૪૦ લાખ રૂપિયાનાં ઘરેણાં હસ્તગત કરાયાં હતાં. આરોપીની ઓળખ રોહિત શિવાજી ગાયકવાડ તરીકે થઇ હોઇ તે ડ્રાઇવર તરીકે કામ કરે છે અને નવી મુંબઈના કોપરખૈરાણે વિસ્તારમાં રહે છે. ઘણસોલીમાં ખાડી બ્રિજ નજીક ૧૧ ઑગસ્ટે ૩૮ વર્ષની મહિલા પર હુમલો કરીને તેના ગળામાંની સોનાની ચેન આચંકવામાં આવી હતી. આ કેસની તપાસ દરમિયાન ગુનામાં રોહિતની સંડોવણી સામે આવી હતી. પોલીસે ઘટનાસ્થળ તથા આસપાસના વિસ્તારમાંના સીસીટીવી ફૂટેજ તપાસ્યા હતા અને બાદમાં મળેલી માહિતીને આધારે રોહિતને પકડી પાડ્યો હતો. રોહિતની પૂછપરછમાં તેણે ઑક્ટોબર, ૨૦૨૪માં પણ આવો ગુનો આચર્યો હોવાની કબૂલાત કરી હતી. પોલીસે તેની પાસેથી ઘરેણાં જપ્ત કર્યાં હતાં. (પીટીઆઇ)■

# હેડફોનને કારણે સગીરનું મોત

મુંબઈઃ ભાંડુપમાં બનેલી આઘાતજનક ઘટનામાં વીજળીનો હાઈ ટેન્શન વાયર રસ્તા પર પડ્યો હોવાની ચેતવણી આપવા રહેવાસીઓ સતત બરાડા પાડી રહ્યા હતા, પરંતુ કાનમાં હેડફોન લગાવ્યો હોવાથી ૧૭ વર્ષના સગીરના કાને ચેતવણી પહોંચી નહોતી. આખરે પાણી ભરેલા રસ્તા પરથી ચાલતી વખતે વાયરના સંપર્કમાં આવવાથી સગીરે જીવ ગુમાવ્યો હતો.

પોલીસના જણાવ્યા મુજબ ઘટના મંગળવારે ભાંડુપમાં એલબીએસ રોડને અડીને આવેલા પન્નાલાલ કમ્પાઉન્ડ પરિસરમાં બની હતી. મુશળધાર વરસાદને કારણે આ માર્ગ પર પાણી ભરાયેલાં હતાં. એવામાં હાઈ ટેન્શન વાયર તૂટીને રસ્તા પર પડ્યો હતો, જે પાણીને કારણે નજરે પડતો નહોતો. કહેવાય છે કે સ્થાનિક દુકાનદારો અને રહેવાસીઓને કરન્ટ લાગતો હોવાની જાણ થતાં તેમણે અનેક લોકોને તે અંગે ચેતવણી

(જુઓ પાનું ૪) ▸▸

# કરન્ટ લાગતાં પાંચનાં મોત

મુંબઈઃ જનાવરોથી પાકને સુરક્ષિત રાખવા માટે ખેતર ફરતે લગાવવામાં આવેલા વાયરમાંથી કરન્ટ લાગવાથી એક જ પરિવારના પાંચ જણનાં મોત નીપજ્યાં હોવાની ઘટના જળગાંવ જિલ્લામાં બની હતી. વાયરમાંથી વીજપ્રવાહ પસાર થઈ રહ્યો હતો અને મૃતક પરિવાર અકસ્માતે તેના સંપર્કમાં આવ્યો હોવાની શક્યતા પોલીસે વ્યક્ત કરી હતી.

પોલીસના જણાવ્યા મુજબ આ ઘટનામાં દોઢ વર્ષની બાળકી બચી ગઈ હતી અને તે પરિવારજનોનાં શબ પાસે બેસીને આક્રંદ કરતી મળી આવી હતી. ઘટનાસ્થળે બે જંગલી ડુક્કર પણ મરેલા પડ્યાં હતાં. એરંડોલ શહેર નજીકના વારખેડી ગામમાં મંગળવારની મોડી રાતે આ ઘટના બની હોવાનું કહેવાય છે. જોકે ગામજનોને

(જુઓ પાનું ૪) ▸▸

# હિંદમાતાની સમસ્યાનો કાયમી ઉકેલ લાવવા પ્રયાસ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈના દાદર-હિંદમાતા, ગાંધી માર્કેટ અને કિંગ સર્કલ જેવા અત્યંત નીચાણવાળા વિસ્તારમાં સતત બે દિવસમાં પડેલા મુશળધાર વરસાદમાં મોટા પ્રમાણમાં પાણી ભરાયા હતા. હિંદમાતામાં અનેક ઉપાયયોજના હાથ ધર્યા બાદ આ વિસ્તાર નીચાણવાળો હોવાથી પાણી ભરાવવાની સમસ્યા કાયમી રહેવાની શકયતા વચ્ચે પાલિકાએ હવે પાણીનો ઝડપી નિકાલ કરવા માટે સ્થાનિક સ્તરે પગલા લઈને પાણીનો ઝડપી નિકાલ

(જુઓ પાનું ૪) ▸▸

# થાણેમાં ગણેશમંડળો માટે પરવાનગી મેળવવા સિંગલ-વિન્ડો સિસ્ટમ શરૂ કરી

થાણેઃ મહારાષ્ટ્રના થાણે જિમાં કલ્યાણ-ડોમ્બિવલી મ્યુનિસિપલ કોર્પોરેશન (કેડીએમસી) ગણેશોત્સવ સંબંધિત તમામ પરવાનગીઓ, 'મંડળો' (આયોજક સંસ્થાઓ)ને સિંગલ-વિન્ડો ઓનલાઈન સિસ્ટમ દ્વારા જારી કરશે, એમ અધિકારીઓએ જણાવ્યું હતું.

"આ વર્ષે મંડળોએ અલગ અલગ ઑફિસમાં જવાની જરૂર રહેશે નહીં. નાગરિક સંસ્થા, પોલીસ અને વીજળી વિતરક એમએસઇડીસીએલ તરફથી પરવાનગીઓ ઓનલાઈન આપવામાં આવશે. ઓનલાઈન પ્રક્રિયામાં મુશ્કેલીઓનો સામનો કરતા લોકો માટે વોર્ડ સ્તરે એક-વિન્ડો સુવિધા પણ બનાવવામાં આવી છે, એમ કેડીએમસી કમિશનર અભિનવ ગોયલે જણાવ્યું હતું. ગોયલે નાગરિકોને શક્ય હોય ત્યાં પર્યાવરણને અનુકૂળ 'શાડુ' માટીની મૂર્તિઓનો ઉપયોગ કરવા અને કૃત્રિમ તળાવોમાં છ ફૂટથી નીચે મૂર્તિઓનું વિસર્જન કરવાની અપીલ કરી હતી, જ્યારે ડેપ્યુટી કમિશનર ઑફ પોલીસ (ઝોન ૩) અતુલ ઝેન્ડેએ મંડળોને ડીજે-મુક્ત ગણેશોત્સવ સુનિશ્ચિત કરવા વિનંતી કરી હતી. ■

# બીડમાં કોર્ટ પરિસરમાં સરકારી વકીલે આત્મહત્યા કરી

છત્રપતિ સંભાજીનગરઃ બીડ જિલ્લામાં કોર્ટની બિલ્ડિંગમાં ૪૮ વર્ષના સરકારી વકીલે આત્મહત્યા કરી હોવાનું પોલીસે જણાવ્યું હતું.

વિનાયક ચાંદેલે વડવાની ખાતે કોર્ટમાં રસ્સીથી ગળાફાંસો ખાધો હતો. કોર્ટનો સ્ટાફ બુધવારે સવારે ૧૦.૪૫ વાગ્યે કોર્ટ પરિસરમાં આવ્યા બાદ વિનાયક ચાંદેલ ગળાફાંસો ખાધેલી હાલતમાં મળી આવ્યો હતો, જેને પગલે પોલીસને જાણ કરવામાં આવી હતી.

દરમિયાન ઘટનાસ્થળે આવી પહોંચેલા પોલીસ અધિકારીઓને સુસાઇડ નોટ મળી આવી હતી. જોકે તેમાં શું લખ્યું છે તે બાદમાં જાહેર કરવામાં આવશે, એમ તેમણે કહ્યું હતું.

અત્રે ઉલ્લેખનીય છે કે જાન્યુઆરી, ૨૦૨૫માં વિનાયક ચાંદેલની વડવાની કોર્ટમાં નિયુક્તિ કરવામાં આવી હતી. (પીટીઆઇ)■

# જળાશયોમાં ૯૫ ટકા પાણી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈની આખા વર્ષની પાણીની ચિંતા ટળી છે. છેલ્લા ચાર-પાંચ દિવસથી સતત પડી રહેલા મુશળધાર વરસાદને પગલે મુંબઈને પાણી પૂરું પાડનારાં સાતેય જળાશયોમાં પાણીનું સ્તર ૯૫.૧૨ ટકાએ પહોંચી ગયું છે.

લાંબા સમય સુધી વરસાદ ગાયબ રહ્યા બાદ ગયા શુક્રવારથી મુંબઈ સહિત સમગ્ર રાજ્યમાં વરસાદ ફરી સક્રિય થયો છે. જળાશયોના કેચમેન્ટ એરિયામાં સતત પડી રહેલા વરસાદને પગલે જળાશયોમાં પાણીનું સ્તર ૧૩,૭૬,૭૦૩ મિલ્યન લિટરે (૯૫.૧૨) ટકાએ પહોંચી ગયું છે. ઉપરાઉપરી બે દિવસના વરસાદમાં અગાઉ તુલસી અને સોમવારે વિહાર છલકાઈ ગયું

(જુઓ પાનું ૪) ▸▸

# મુલુંડની સોસાયટીમાં ૧૦ ફૂટ લાંબો અજગર

મુંબઈઃ મુલુંડના રહેણાક સંકુલમાં ૧૦ ફૂટ લાંબો અજગર દેખાતાં રહેવાસીઓમાં ગભરાટ ફેલાયો હતો. પ્રામીમિત્ર સંગઠનના કાર્યકરોએ અજગરને પકડી સુરક્ષિત રીતે જંગલમાં છોડ્યો હતો.

હાઉસિંગ સોસાયટીના પરિસરમાં અજગર નજરે પડ્યો હોવાની જાણ મંગળવારની બપોરે રેક્વિંક ઍસોસિયેશન ફૉર વાઈલ્ડલાઈફ વેલ્ફેર (આરએડબ્લ્યુડબ્લ્યુ)ને થઈ હતી. કૉલ આવતાં જ સંસ્થાના કાર્યકરો સોસાયટીમાં પહોંચ્યા હતા.

લાંબો અજગર સોસાયટીમાં નજરે પડ્યો હોવાની વાત ફેલાતાં રહેવાસીઓ ડરી ગયા હતા. બાદમાં અજગર સોસાયટીમાં આવેલા ઝાડ પર ચઢી ગયો હતો. સંસ્થાના કાર્યકરો અજગરને પકડી રહ્યા હતા ત્યારે તેને જોવા ટોળું એકઠું થયું હતું, એમ આરએડબ્લ્યુડબ્લ્યુના અધ્યક્ષ પવન શર્માએ જણાવ્યું હતું.

ભારે વરસાદને કારણે સાપ-અજગરો પોતાના સ્થાનેથી દૂર નીકળી જાય છે અને તેમને પાછો પોતાના સ્થાને જવાનો માર્ગ મળતો નથી. સોસાયટી સંજય ગાંધી નૅશનલ પાર્કના જંગલથી માત્ર એક કિલોમીટરના અંતરે હોવાથી અજગર સોસાયટીમાં ઘૂસ્યો હોવાની શક્યતા તેમણે વ્યક્ત કરી હતી. (પીટીઆઈ)■

# લીલો દુષ્કાળ જાહેર કરો કૉંગ્રેસ

મુંબઈઃ છેલ્લા કેટલાક દિવસોથી ભારે વરસાદને કારણે મહારાષ્ટ્રના કેટલાક ભાગોમાં પૂર જેવી સ્થિતિ સર્જાઇ છે ત્યારે પ્રદેશ કૉંગ્રેસ અધ્યક્ષ હર્ષવર્ધન સપકાળે દેવેન્દ્ર ફડણવીસના નેતૃત્વવાળી સરકારને લીલો દુકાળ જાહેર કરવા અને અસરગ્રસ્ત ખેડૂતોને હેક્ટર દીઠ રૂ.૫૦ હજારની તાકીદની સહાય પૂરી પાડવા વિનંતી કરી છે. મુંબઈ અને તેના મહાનગરીય ક્ષેત્ર સહિત રાજ્યના વિવિધ ભાગોમાં છેલ્લા

(જુઓ પાનું ૪) ▸▸

# પુણે-લોનાવાલા રેલવે પ્રવાસ ઝડપી બનશે

પુણેઃ પુણે રેલવે ડિવિઝનના પુણે-લોનાવાલા સેક્શનની ત્રીજી અને ચોથી લાઇનનો લાંબા સમયથી ચાલતો મુદ્દો ઉકેલાઈ ગયો છે. રાજ્ય સરકારે મંગળવારે પુણેથી લોનાવાલા સુધીની ત્રીજી અને ચોથી લાઇનને મંજૂરી આપી. આ કારણે, આ લાઇનના ખર્ચના ૫૦ ટકા રાજ્ય સરકાર અને ૫૦ ટકા ખર્ચ રેલવે મંત્રાલય ઉઠાવશે. આ કારણે, આ લાઇનનું કામ ઝડપથી પૂર્ણ કરવાનો માર્ગ મોકળો થયો છે. રાજ્ય સરકારે પુણે-લોનાવાલા વચ્ચેના ૬૬ કિલોમીટરના ઉપનગરીય રેલવે માર્ગ પર ત્રીજી અને ચોથી લાઇન નાખવા માટે મંજૂરી આપી છે. આ નિર્ણયથી વિસ્તારના વિકાસ માટે કનેક્ટિવિટી મળશે, ટ્રાફિક જામને ઘટાડવામાં પણ મદદ મળશે, એમ મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે જણાવ્યું હતું.

કેન્દ્ર સરકારે (રેલવે મંત્રાલય) થોડા દિવસો પહેલા મહારાષ્ટ્રમાં બે મહત્ત્વાકાંક્ષી કોરિડોરની જાહેરાત કરી હતી. આમાં, પુણેથી લોનાવાલા (૬૩ કિમી) રૂટને હાઇ-ડેન્સિટી કોરિડોરમાં અને બીજા પુણે-સોલાપુર-વાડી (૪૧૨ કિમી) રૂટને એનર્જી કોરિડોરમાં સમાવવામાં આવ્યો છે. તેથી, સાતથી આઠ વર્ષમાં, ૪૭૫ કિમી લાંબા લોનાવાલા-પુણે-સોલાપુર-વાડીના ત્રીજા અને ચોથા કોરિડોરનો વિકાસ કરવામાં આવશે. આ માટે પહેલ કરતા, નાયબ મુખ્ય પ્રધાન અને નાણાપ્રધાન અજિત પવારે બજેટ સત્રમાં જાહેરાત કરી હતી કે રાજ્ય સરકાર આનો અડધો ખર્ચ ઉઠાવશે.

આ રૂટ માટે રાજ્ય સરકારની મંજૂરી જરૂરી હતી. આને ધ્યાનમાં રાખીને, મંગળવારે રાજ્ય સરકારની ઇન્ફ્રાસ્ટ્રક્ચર કમિટીની બેઠકમાં આ પ્રોજેક્ટને મંજૂરી આપવામાં આવી હતી. આને કારણે, લોનાવાલા-પુણે-સોલાપુર-વાડી આ ૪૭૫ કિ.મી. ના અંતરે પુણે-મુંબઈ રેલ્વેના ત્રીજા અને ચોથા રૂટને વિકસાવવામાં આવશે. ■

અંક પ્રગટ થઈ ચૂક્યો છે
જ્યોતિષશાસ્ત્રની સૂક્ષ્મ ગણતરી આપતું ફક્ત એકમાત્ર પંચાંગ
પ્રતિષ્ઠિત પરંપરાને વધુ પ્રાણવાન બનાવતું
'મુંબઈ સમાચાર'નું પ્રગતિ-પ્રેરક પંચાંગ
વેધસિદ્ધ પ્રત્યક્ષ પંચાંગ
મુંબઈ સમાચાર કિંમતઃ ₹ ૧૦૦/- પ્રારંભ ઈ.સ.૧૮૧૪ વર્ષ ૨૧૨
પંચાંગકર્તાઃ સોનલ શાહ ■ વિક્રમ સંવત ૨૦૮૨-૮૩ ■ શાલિવાહન શક સંવત ૧૯૪૭-૪૮ ■ ઈ.સ. તા. ૨૨-૧૦-૨૦૨૫ થી તા. ૦૬-૦૪-૨૦૨૭



માહિતી માટે સંપર્ક કરો
મુંબઈ સમાચાર ફોન નં. ૨૨૦૪૫૫૩૧-૩૩
રેડ હાઉસ, સૈયદ અબ્દુલ્લા બ્રેલવી રોડ, હોર્નિમન સર્કલ, ફોર્ટ, મુંબઈ-૪૦૦૦૦૧.
ધ દાંગટ ન્યૂઝપેપર એજન્સી ફોનઃ (૦૨૨) ૪૩૪૪૭૭૭૭, ફેક્ષઃ (૦૨૨) ૨૨૬૯૧૨૩૬
ગ્રાઉન્ડ ફ્લોર, દાંગટ સદન, ૬૩, મોદી સ્ટ્રીટ, ફોર્ટ, મુંબઈ-૪૦૦૦૦૧.

# રોહિત-કોહલીના રૅન્કિંગ વિશે સોશ્યલ મીડિયામાં ધમાલ મચ્યા પછી આઇસીસીએ ખુલાસો કરવો પડ્યો!

દુબઈ: વર્તમાન ભારતીય ક્રિકેટના બે દિગ્ગજ રોહિત શર્મા અને વિરાટ કોહલી લાંબા વેકેશન દરમ્યાન પરિવાર સાથે મોજ માણી રહ્યા છે ત્યાં ઇન્ટરનૅશનલ ક્રિકેટ કાઉન્સિલ (આઇસીસી)થી અજાણતાં તેમને તેમ જ તેમના કરોડો ચાહકોને આંચકો આપતી એક ભૂલ બુધવારે થઈ ગઈ જેનો સુધારો ક્રિકેટ જગતની આ સર્વોચ્ચ સંસ્થાએ થોડી જ વારમાં કરી લેવો પડ્યો હતો.

ભારતમાં એક તરફ મતદારોની યાદીમાંથી નામો ગાયબ થઈ ગયા એવી બબાલ ચાલે છે ત્યાં આઇસીસીના એક લિસ્ટમાંથી રોહિત-કોહલીના નામ ટૉપ-ફાઇવમાં હોવા છતાં સાવ જ ગાયબ થઈ ગયા એટલે સોશ્યલ મીડિયામાં ઊહાપોહ મચી ગયો. આઇસીસીએ બુધવારે વન-ડે બૅટિંગના નવા જે રૅન્કિંગ બહાર પાડ્યા એમાં હિટમૅન અને કિંગ કોહલીના નામ જ ગુમ હતા! જોકે આઇસીસીએ પોતાનાથી ભૂલ થઈ છે એવી સ્પષ્ટતા કરી દીધી. રોહિત-કોહલીના નામ ભૂલથી લિસ્ટમાંથી અદશ્ય થઈ ગયા અથવા તો કોઈ ટેક્નિકલ ક્ષતિને લીધે આવું બન્યું એ મુદ્દાને બાજુ પર રાખીએ તો કરોડો ક્રિકેટપ્રેમીઓને આંચકો એ લાગ્યો કે બન્ને લેજન્ડે વન-ડેમાંથી પણ નિવૃત્ત થવાનો હજી કોઈ સંકેત પણ નથી આપ્યો તો આ રીતે તેમના નામ અદશ્ય થાય જ કેમ?

ટી-૨૦ આંતરરાષ્ટ્રીય અને ટેસ્ટમાંથી રિટાયર થઈ ચૂકેલા રોહિત તથા કોહલીના નામ અગાઉના વન-ડે રૅન્કિંગની યાદીમાં અનુક્રમે બીજા તથા ચોથા નંબરે હતા, પરંતુ નવા લિસ્ટમાં તેમનો સાવ એકડો કાઢી નાખવામાં આવ્યો હતો. ટોચના ૧૦૦ બૅટ્સમેનમાં પણ તેમના નામ નથી એવું જણાવાતાં સોશ્યલ મીડિયામાં બન્ને મહારથીઓના ચાહકો આઇસીસી પર તૂટી પડ્યા હતા. તેમની નવાઈનો પાર નહોતો. જોકે આઇસીસીના એક પ્રવક્તાએ સુધારિત રૅન્કિંગમાં રોહિત-કોહલીના નામની બાદબાકી થઈ હોવાની ભૂલ સ્વીકારી હોવાનું એક જાણીતી વેબસાઇટ પર જણાવાયું હતું. એટલું જ નહીં, બન્નેના નામ ફરી તેમના અસલ સ્થાને (રોહિત-બીજા નંબરે અને કોહલી-ચોથા નંબરે) બતાવી દેવામાં આવ્યા હતા.

રોહિત અને કોહલી છેલ્લી વન-ડે ફેબ્રુઆરી, ૨૦૨૫માં ચૅમ્પિયન્સ ટ્રોફીમાં રમ્યા હતા. એમાં રોહિતના ફાઇનલ-વિનિંગ પર્ફોર્મન્સની મદદથી ભારતે એક દાયકા બાદ ફરી ચૅમ્પિયન્સ ટ્રોફી જીતી લીધી હતી. એ સ્પર્ધાના લીગ-તબક્કામાં કોહલી પણ સારું રમ્યો હતો. ■



૨૦૨૪ના જૂનમાં ભારતે રોહિત શર્મા સુકાનમાં બ્રિજટાઉનમાં સાઉથ આફ્રિકાને ફાઇનલમાં હરાવીને ટી-૨૦ વર્લ્ડ કપનો તાજ જીતી લીધો હતો.

**આઈસીસીની ભૂલ સમયના વન-ડે બૅટિંગ રૅન્કિંગ**

| રૅન્ક | નામ | દેશ | રેટિંગ |
|---|---|---|---|
| ૧ | ગિલ | ભારત | ૭૮૪ |
| ૨ | બાબર | પાકિસ્તાન | ૭૩૯ |
| ૩ | મિચલ | ન્યૂ ઝીલૅન્ડ | ૭૨૦ |
| ૪ | અસલંકા | શ્રીલંકા | ૭૧૯ |
| ૫ | ટેક્ટર | આયરલૅન્ડ | ૭૦૮ |

**આઈસીસીએ સુધારેલા વન-ડે બૅટિંગ રૅન્કિંગ**

| રૅન્ક | નામ | દેશ | રેટિંગ |
|---|---|---|---|
| ૧ | ગિલ | ભારત | ૭૮૪ |
| ૨ | રોહિત | ભારત | ૭૫૬ |
| ૩ | બાબર | પાકિસ્તાન | ૭૫૧ |
| ૪ | કોહલી | ભારત | ૭૩૬ |
| ૫ | મિચલ | ન્યૂ ઝીલૅન્ડ | ૭૨૦ |

# વિશ્વનાથન v/s કાસ્પારોવ — ઑક્ટોબરમાં જૂના અને નવા હરીફો વચ્ચે મુકાબલા — ગુકેશ v/s કાર્લસન






નવી દિલ્હી: ચેસમાં ભારતનો ભૂતપૂર્વ વર્લ્ડ ચૅમ્પિયન વિશ્વનાથન આનંદ અને તેનો કટ્ટર હરીફ રશિયાનો ગૅરી કાસ્પારોવ ફરી આમનેસામને આવી જાય તો કેવી મજા પડી જાય! એવી જ રીતે ગયા ડિસેમ્બરમાં ૧૯ વર્ષની વયે વિશ્વ વિજેતા બનેલો ભારતનો ડી. ગુકેશ અને વર્ષોથી વર્લ્ડ નંબર-વનના સિંહાસન પર બેસી રહેલા ભૂતપૂર્વ વર્લ્ડ ચૅમ્પિયન મૅગ્નસ કાર્લસન વચ્ચે પણ રસાકસી થાય તો કોને મોજ ન પડે! હકીકત એ છે કે આ હરીફો થોડા જ સમયમાં સામસામે બેસવાના છે અને ચેસ બોર્ડ પર કોણ કોનાથી ચડિયાતું છે એ ફરી એકવાર પુરવાર કરવાના છે.

આગામી ઑક્ટોબરમાં અમેરિકાના સેન્ટ લુઇસમાં શતરંજની પ્રદર્શનીય મૅચો રમાવાની છે જેમાં એક મૅચમાં આનંદ અને કાસ્પારોવ વચ્ચે મુકાબલો થશે અને બીજી મૅચમાં ગુકેશ-કાર્લસન પણ ટકરાશે.

આનંદ-કાસ્પારોવ વચ્ચે છેલ્લે ૨૦૨૧માં ઝાગ્રેબમાં ક્રોએશિયા રૅપિડ ઍન્ડ બ્લિટ્ઝ સ્પર્ધામાં ગેમ રમાઈ હતી જેમાં આનંદનો વિજય થયો હતો. સમગ્ર કરીઅરમાં આ બન્ને પીઢ ખેલાડીઓ વચ્ચે કુલ ૮૨ મુકાબલા થયા છે જેમાં કાસ્પારોવનો હાથ ઉપર રહ્યો છે અને ૩૦ ગેમ ડ્રૉમાં પરિણમી છે.

કાર્લસન-ગુકેશ વચ્ચે કુલ ૪૯ ગેમ રમાઈ છે જેમાં કાર્લસન ૩૧-૧૨થી આગળ છે અને છ ગેમ ડ્રૉમાં ગઈ છે.

આનંદ-કાસ્પારોવ મૅચમાં કુલ ૧૨ ગેમ રમાશે અને એમાં કુલ ૧,૪૪,૦૦૦ ડૉલરના ઇનામ આપવામાં આવશે.

અન્ય એક ચેસ ટૂર્નામેન્ટમાં વર્લ્ડ નંબર-વન કાર્લસન, નંબર-ટૂ હિકારુ નાકામુરા, નંબર-થ્રી ફૅબિયાનો કેરુઆના તેમ જ ગુકેશ વચ્ચે મુકાબલા થશે અને આ સ્પર્ધામાં કુલ મળીને ૪,૧૨,૦૦૦ ડૉલરના ઇનામ આપવામાં આવશે. ■

# વિનોદ કાંબળીની તબિયત ફરી બગડી

## નાના ભાઈ વીરેન્દ્રએ કહ્યું, 'મોટા ભાઈને હવે બોલવામાં તકલીફ થાય છે'



મુંબઈ: ભારતનો ભૂતપૂર્વ બૅટ્સમૅન વિનોદ કાંબળી થોડા મહિના પહેલાં સ્વસ્થ થયો હતો, પણ તેના નાના ભાઈએ એક મુલાકાતમાં કહ્યું છે કે 'મોટા ભાઈ ઘરમાં જ ફરી સાજા થવા સારવાર લઈ રહ્યા છે, પરંતુ ખાસ તો તેમને બોલવામાં તકલીફ થઈ રહી છે.'

વિનોદ કાંબળીના ભાઈ વીરેન્દ્ર કાંબળીએ હેલ્થ અપડેટ આપતા જણાવ્યું છે કે 'મોટા ભાઈની તબિયત છે તો સુધારા પર, પરંતુ તેમની સારવાર ચાલુ જ રાખવી પડી છે. તેમને રિકવર થતાં હજી થોડો સમય લાગશે. તેઓ ચૅમ્પિયન છે એટલે સંપૂર્ણપણે સાજા થઈને જ રહેશે. તેમને બોલવામાં થોડી તકલીફ છે એ સમસ્યા દૂર થવી જોઈએ. મને પૂરી ખાતરી છે કે તેઓ ફરી ચાલવાનું તો શું, દોડવાનું પણ શરૂ કરી દેશે. મને તેમની ક્ષમતા પર વિશ્વાસ છે.'

વિનોદ કાંબળીને ડિસેમ્બર, ૨૦૨૪માં થાણેની આકૃતિ હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો. કાંબળી ભારત વતી ૧૭ ટેસ્ટ અને ૧૦૪ વન-ડે રમ્યો હતો.

કાંબળીના નાના ભાઈ વીરેન્દ્રએ સોશ્યલ મીડિયામાં જાહેર અપીલમાં જણાવ્યું છે કે 'હું મારા મોટા ભાઈના સ્વાસ્થ્ય માટે પ્રાર્થના કરવાની દરેકને અપીલ કરું છું. તેમના સંપૂર્ણ બૉડી ચેક-અપ સાથે તેમના મગજનું સ્કૅન પણ કરવામાં આવ્યું હતું. બ્રેઇન સ્કૅન તેમ જ યુરિન ટેસ્ટ, બન્નેના રિપોર્ટ સારા આવ્યા છે. જોકે તેઓ ચાલી નથી શકતા એટલે તેમને ફિઝિયોથેરપી કરાવવાની સલાહ અપાઈ છે. તેઓ હજી બોલવામાં થોથવાય છે અને સારી રીતે નથી બોલી શકતા.'

કાંબળીને આર્થિક તંગી પણ નડી છે. જાન્યુઆરીમાં તેની પત્ની ઍન્ડ્રીયાએ જાહેર કર્યું હતું કે તેણે ૨૦૨૩માં છૂટાછેડા માટે અરજી કરી હતી, પણ પછી કાંબળીની લાચાર હાલત જોઈને તેણે ડિવૉર્સ લેવાનો વિચાર માંડી વાળ્યો હતો. ■

# ઍમ્બપ્પેએ પેનલ્ટી કિકના ધમાકા સાથે રિયલ મૅડ્રિડને અપાવ્યો વિજય

## પ્રથમ સીઝનની સફળતા બાદ બીજી સીઝનમાં પણ મૅચ-વિનિંગ શરૂઆત




મૅડ્રિડ: ફિફા વર્લ્ડ કપના રનર-અપ દેશ ફ્રાન્સના ટોચના ફૂટબોલર કીલિયાન ઍમ્બપ્પેએ સ્પૅનિશ લીગમાં પ્રથમ સીઝન સફળતાપૂર્વક પૂરી કર્યા બાદ હવે બીજી સીઝનની શરૂઆતમાં જ પેનલ્ટી કિક સાથે રિયલ મૅડ્રિડને રોમાંચક વિજય અપાવ્યો છે. મંગળવારે અહીં ઑસસુના સામેની મૅચ રિયલ મૅડ્રિડે ૧-૦થી જીતી લીધી હતી. ઍમ્બપ્પેએ મૅચની ૫૧મી મિનિટમાં પેનલ્ટી કિકથી રિયલ મૅડ્રિડને મૅચનો એકમાત્ર ગોલ અપાવ્યો હતો. તેના આ ગોલથી ટીમના નવા કોચ ઝાબી અલૉન્ઝોને પણ ફાયદો થયો હતો, કારણકે તેમણે આ ટીમના કોચ તરીકેના ડેબ્યૂમાં વિજયી-શરૂઆત કરી હતી.

અલૉન્ઝો રિયલ મૅડ્રિડના ભૂતપૂર્વ ખેલાડી છે. તેમણે હેડ-કોચ તરીકે કાર્લો ઍન્સેલૉટીનું સ્થાન લીધું છે. કાર્લો હવે બ્રાઝિલમાં કોચ બન્યા છે.

મંગળવારની મૅચમાં રિયલ મૅડ્રિડના ૧૮ વર્ષની ઉંમરના મૅસ્ટેન્ટ્યૂનોને ગોલ કરવાની તક હતી, પણ તેના શૉટમાં ઑસસૂનાના ગોલકીપરે બૉલ રોકી લીધો હતો.

રિયલ મૅડ્રિડના ખેલાડીઓ ક્લબ ફૂટબૉલમાં ભાગ લઈને ખૂબ થાકી ગયા હોવાથી આ મૅચ ગયા અઠવાડિયાને બદલે મંગળવારે રાખવામાં આવી હતી. ■

# બુમરાહના વર્કલોડ મેનેજમેન્ટના સમર્થનમાં ચેતન શર્માએ, કહ્યું- 'ફિઝિયોની સલાહ માનવી જોઈએ'

નવી દિલ્હી: ભારતના ઝડપી બોલર જસપ્રીત બુમરાહને વર્કલોડ મેનેજમેન્ટને કારણે ઇંગ્લૅન્ડમાં ફક્ત ત્રણ ટેસ્ટ રમવા બદલ ટીકાનો સામનો કરવો પડ્યો હતો. પરંતુ ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડના સિનિયર પસંદગી સમિતિના ભૂતપૂર્વ વડા ચેતન શર્માએ બુમરાહને સમર્થન આપતા કહ્યું હતું કે ખેલાડીઓએ ફિઝિયોની સલાહનું પાલન કરવું જોઈએ કારણ કે તેઓ વસ્તુઓને વધુ સારી રીતે સમજી શકે છે.

સતત ઇજાઓ સામે ઝઝૂમી રહેલો બુમરાહ પાંચ મેચની એન્ડરસન-તેંડુલકર ટ્રોફી દરમિયાન પ્રથમ, ત્રીજી અને ચોથી ટેસ્ટમાં રમ્યો હતો. ભૂતપૂર્વ ફાસ્ટ બોલર ચેતન શર્માએ કહ્યું હતું કે તે ડોક્ટરની સલાહનું પાલન કરવા જેવું છે. ચેતન શર્માએ પ્રસાર ભારતી દ્વારા લંડન સ્થિત ક્રિકેટ વિશ્લેષક કંપની ક્રિકવિઝ સાથે દૂરદર્શન પર 'ધ ગ્રેટ ઇન્ડિયન ક્રિકેટ શો'ના ૧૦૪ એપિસોડના પ્રસારણ માટે કરાયેલા કરાર દરમિયાન કહ્યું હતું કે "જો ડોક્ટર મને કહે કે મારે એન્ટિબાયોટિક્સ લેવી પડશે, તો મારે તે કરવું પડશે."

તેમણે કહ્યું હતું કે, "જો અમારા ફિઝિયો કોઈ ખેલાડીને વર્કલોડ મેનેજમેન્ટ કરવાનું કહેતા હોય તો મને લાગે છે કે આપણે તેની વાત સાંભળવી જોઈએ કારણ કે તે વસ્તુઓને વધુ સારી રીતે સમજે છે." નોંધનીય છે કે ચેતન શર્માએ ટેસ્ટ અને વનડેમાં ૧૨૫થી વધુ વિકેટ લીધી છે. તેમણે કહ્યું કે ઇંગ્લૅન્ડ ટેસ્ટ શ્રેણીમાં ટીમના પ્રદર્શનથી તેમને વિશ્વાસ મળ્યો છે કે ટીમ આવતા મહિને યુએઈમાં શરૂ થનારી એશિયા કપ જીતશે. ■

# પહેલી વાર શ્રીનગરના દલ લેકમાં યોજાશે ખેલો ઇન્ડિયા



*સુરેશ એસ ડુગ્ગર*

જમ્મુ: કાશ્મીરમાં શ્રીનગરના જગવિખ્યાત દલ લેકમાં ૨૧થી ૨૩મી ઑગસ્ટ (ગુરુવારથી શનિવાર) સુધી યોજાનારા ખેલો ઇન્ડિયા વૉટર સ્પોર્ટ્સ ફેસ્ટિવલ, ૨૦૨૫ના ઉદ્દ્ઘાટન સાથે જ આ સુંદર સરોવર ઍથ્લેટિક્સ, સંસ્કૃતિ અને રાષ્ટ્રીય એક્તાના મંચમાં ફેરવાઈ જશે. યુવા બાબતો તથા ખેલકૂદ મંત્રાલય અને ભારતીય ખેલના સત્તાધીશોના સહયોગથી જમ્મુ-કાશ્મીર ખેલ પરિષદના ઉપક્રમે યોજાયેલા આ મહોત્સવ પાછળનો ઉદ્દેશ જળ-આધારિત સ્પર્ધાઓને પ્રોત્સાહન આપવાનો, કાશ્મીરની સાંસ્કૃતિક વિવિધતાનું પ્રદર્શન કરવાનો અને ખેલના માધ્યમથી યુવા વર્ગને પ્રેરિત કરવાનો છે.

દલ લેકમાં પહેલી જ વાર ખેલો ઇન્ડિયા વૉટર સ્પોર્ટ્સ ફેસ્ટિવલનું આયોજન થઈ રહ્યું છે. કાશ્મીરના સુંદર અને અદ્દ્ભુત દલ લેકમાં પહેલી જ વાર રાષ્ટ્રીય રમતો યોજવામાં આવી રહી છે જેમાં ૩૬ રાજ્યો તથા કેન્દ્ર-શાસિત પ્રદેશોના ૪૦૦થી વધુ ઍથ્લીટો-ખેલાડીઓ વૉટર સ્કીઇંગ, ડ્રેગન બોટ રેસ તથા અન્ય મનોરંજક પ્રદર્શન અને કાર્યક્રમો યોજાશે. આ સ્પર્ધામાં ખાસ કરીને પ્રતિસ્પર્ધીઓ રોવિંગ, કૅનોઇંગ અને કાયાકિંગની હરીફાઈઓમાં ભાગ લેવા દલ લેક ખાતે ઊમટી પડશે.

આ રમતોત્સવના આયોજન પાછળ ૨.૩૭ કરોડ રૂપિયાનો ખર્ચ અંદાજવામાં આવ્યો છે અને એ જોવા માટે અસંખ્ય લોકો આવશે એવી ધારણા છે. શેર-એ-કાશ્મીર ઇન્ટરનૅશનલ કન્વેન્શન સેન્ટર આયોજન સંબંધિત કેન્દ્ર બનશે. દલ લેક આ ત્રણ દિવસ દરમ્યાન રેસિંગ લેન, તરતા મંચ અને ઝગમગાટ મારતા સાંસ્કૃતિક સ્થાનોમાં પરિવર્તિત થશે.

દલ લેકમાં જે મંચ બનાવવામાં આવશે એમાં કાશ્મીરી શિલ્પ, આદિવાસી સાંસ્કૃતિક પ્રદર્શન તથા પેપરમાશી કલા ઉપરાંત ડોગરી, ગુજ્જર બકરવાલ, પહાડી અને કાશ્મીર પંડિત સમુદાયોના પારંપારિક લોકનૃત્ય પ્રસ્તુત કરવામાં આવશે. રાતના સમયે બુલિવર્ડ, શિકારા ઘાટ અને હાઉસબોટ પરની સજાવટ તથા રોશનીને કારણે દલ લેક અને એની આસપાસનો માહોલ ઝગમગી ઊઠશે અને ત્રણ દિવસના કાર્યક્રમમાં સેલિબ્રિટી પ્રદર્શન, જિમ્નૅસ્ટિકના દાવપેચ અને સંગીત સમારોહ આકર્ષણના કેન્દ્ર બનશે. ■

# સ્પિનર મહારાજ ત્રણ વિકેટ લઈને ત્રીજા નંબર પરથી ફરી મોખરે

## નવા વન-ડે બોલર્સ રૅન્કિંગમાં કુલદીપ-થીકશાનાને નુકસાન




દુબઈ: ઇન્ટરનૅશનલ ક્રિકેટ કાઉન્સિલ (આઇસીસી)એ જાહેર કરેલા વન-ડે ફૉર્મેટના બોલર્સના રૅન્કિંગમાં ભારતીય સ્પિનર કુલદીપ યાદવ અને શ્રીલંકાના સ્પિનર માહીશ થીકશાનાને નુકસાન થયું છે, જ્યારે ભારતીય મૂળના સાઉથ આફ્રિકન સ્પિનર કેશવ મહારાજને સૌથી મોટો ફાયદો થયો છે.

લેફ્ટ-આર્મ સ્પિનર કેશવ મહારાજે મંગળવારે કેર્ન્સમાં ઑસ્ટ્રેલિયા સામે સિરીઝની પ્રથમ વન-ડેમાં ૩૩ રનમાં ત્રણ વિકેટ લીધી હતી જેને લીધે તેને ત્રીજા ક્રમેથી પ્રથમ નંબરે આવવા મળ્યું છે. મહારાજના આ પર્ફોર્મન્સની મદદથી સાઉથ આફ્રિકાએ કાંગારુંઓને ૯૮ રનથી હરાવી દીધા હતા. અગાઉના લિસ્ટમાં થીકશાના પ્રથમ નંબરે, કુલદીપ બીજા નંબરે અને મહારાજ ત્રીજા નંબરે હતો. જોકે ટૉપ-થ્રીમાં મોટી ઉલટફેર થઈ છે. મહારાજ અવ્વલ સ્થાને આવી ગયો છે, થીકશાના મોખરાના સ્થાનેથી બીજા નંબરે ધકેલાયો છે અને કુલદીપ ત્રીજા ક્રમે ઊતર્યો છે.

ખરેખર તો ભારતીય ટીમ ચૅમ્પિયન્સ ટ્રોફી પછી એક પણ વન-ડે નથી રમી એટલે કુલદીપને પોતાના પૉઇન્ટ્સમાં સુધારો કરવાનો મોકો નથી મળ્યો. મહારાજના નામે ૬૮૭ પૉઇન્ટ, થીકશાનાના નામે ૬૭૧ અને કુલદીપના નામે ૬૫૦ પૉઇન્ટ છે. નામિબિયાનો સ્પિનર બર્નાર્ડ સ્કોલ્ટ્ઝ ૬૪૪ પૉઇન્ટ સાથે ચોથા ક્રમે અને અફઘાનિસ્તાનનો સ્પિનર રાશીદ ખાન ૬૪૦ પૉઇન્ટ સાથે પાંચમે છે.

ટૂંકમાં, વન-ડે બોલર્સમાં ટોચના પાંચેય સ્થાને સ્પિનર છે. છઠ્ઠા નંબરે પણ સ્પિનર છે. ન્યૂ ઝીલૅન્ડનો મિચલ સૅન્ટનર ૬૩૭ પૉઇન્ટ સાથે છઠ્ઠે છે. અપડેટ કરવામાં આવેલા લિસ્ટમાં ટૉપ-ટેનમાં કુલદીપ ઉપરાંત રવીન્દ્ર જાડેજા બીજો એકમાત્ર ભારતીય ખેલાડી છે.

વન-ડેના બૅટ્સમેનમાં ભારતનો શુભમન ગિલ ૭૮૪ રેટિંગ પૉઇન્ટ સાથે નંબર-વન છે. ■

# નવા ઑનલાઇન ગૅમિંગ ખરડાથી ભારતીય ક્રિકેટની આવકને થઈ શકે માઠી અસર

નવી દિલ્હી: લોકસભામાં બુધવારે પસાર થયેલો ઑનલાઇન ગૅમિંગ સંબંધિત ખરડો ઇ-સ્પોર્ટસ અને શૈક્ષણિક ઑનલાઇન ગૅમિંગ માટે મોટું સીમાચિહ્ન બની રહેશે, પરંતુ એમાં રિયલ મની ગૅમિંગ પરના જે નિયંત્રણો છે એની સીધી માઠી અસર ભારતીય ક્રિકેટ માટેની સ્પૉન્સરશિપને થઈ શકે. નવા કાયદાને લીધે સમગ્ર દેશમાં રિયલ મની ગૅમિંગ પ્લૅટફૉર્મ ગેરકાયદેસર કહેવાશે.

ડ્રીમ૧૧ અને માય૧૧સર્કલ જેવી જાણીતી ફૅન્ટસી સ્પોર્ટ્સ સાઇટે ભારતીય ક્રિકેટમાં સ્પૉન્સરશિપ તરીકે તેમ જ ટીમના સ્પૉન્સર તરીકે કરોડો રૂપિયા રોક્યા છે જે જોતાં એને ઑનલાઇન રિયલ મની ગેમ્સ વિષયક નવા કાયદાની અસર થશે.

આ ગેમ્સ માટેના પેમેન્ટના વ્યવહારમાં ભૂમિકા ભજવવાની નાણાકીય સંસ્થાઓને મનાઈ કરવામાં આવી છે અને એનો ભંગ કરનાર માટે મોટી પેનલ્ટી લાગુ કરવાની જોગવાઈ રખાઈ છે જેમાં દંડ ઉપરાંત કારાવાસની જોગવાઈ પણ રહેશે.

ડ્રીમ૧૧ નામની સાઇટ દ્વારા ભારતીય ક્રિકેટ ટીમના સ્પૉન્સરશિપ પાછળ અંદાજે ૩૫૮ કરોડ રૂપિયા રોક્યા છે અને ટીમની ટાઇટલ સ્પૉન્સરશિપ મેળવી છે. નવા કાયદાથી ક્રિકેટ લીગ ટૂર્નામેન્ટો તથા એના ફ્રૅન્ચાઇઝીઓને તેમ જ ક્રિકેટની ઇકોસિસ્ટમને અસર થઈ શકે. ■

# બીસીસીઆઇને પાકિસ્તાન સામે રમીને નફો કરવાની તક નથી જતી કરવી: આદિત્ય ઠાકરે

મુંબઈ: બીસીસીઆઇએ નવમી સપ્ટેમ્બરથી યુએઇમાં રમાનારા ટી-૨૦ના એશિયા કપ માટેની ટીમ મંગળવારે જાહેર કરી એને પગલે શિવ સેના (યુબીટી)ના નેતા આદિત્ય ઠાકરેએ બીસીસીઆઇની ટીકા કરી હતી અને એવો આક્ષેપ કર્યો હતો કે 'આ ક્રિકેટ સંસ્થા નફો કરવાના આશયથી પાકિસ્તાન સામે રમવાની તક નથી છોડવા માગતી.' એશિયા કપમાં ભારત અને પાકિસ્તાન વચ્ચે ૧૪મી સપ્ટેમ્બરે મુકાબલો થશે. એ ઉપરાંત, ૨૧મી તથા ૨૮મી સપ્ટેમ્બરે પણ બન્ને દેશ આમનેસામને આવવાની સંભાવના છે. ■

# એશિયન ચૅમ્પિયનશિપમાં ભારતને વધુ એક મેડલ

શીમકેન્ટ (કઝાખસ્તાન)માં આયોજિત એશિયન શૂટિંગ ચૅમ્પિયનશિપમાં ભારતના સૌરભ ચૌધરી તથા સુરુચિ ઇન્દર સિંહની જોડીએ ૧૦ મીટર ઍર પિસ્તોલ મિક્સ્ડ ટીમ ઇવેન્ટમાં બ્રૉન્ઝ મેડલ જીતી લીધો હતો. આ જોડીએ ચાઇનીઝ તાઇપેઇની હરીફ જોડીને પરાજિત કરીને આ મેડલ મેળવ્યો હતો. ■




**ફિટ ઈન્ડિયા અભિયાન:** સ્પોર્ટ્સ ઑથોરિટી ઑફ ઈન્ડિયાએ ઈન્ડિયન રોપ સ્કિપિંગ ફેડરેશન સાથેના સહયોગમાં યોજેલી ફિટ ઈન્ડિયા કૅમ્પેઇન્સની 'સન્ડેઝ ઑન સાઇકલ' ઈવેન્ટ દરમ્યાન ઍથ્લીટોની સત્તાધીશો સાથેની તસવીર. દેશના દિવ્યાંગ ઍથ્લીટો માટેની કમિટીએ સત્તાવાર રીતે ફેડરેશનને સહયોગી તરીકે જાહેર કર્યું છે અને પૅરા-ઍથ્લીટો (દિવ્યાંગ ઍથ્લીટો) માટે દોરડા કૂદવાની પ્રવૃત્તિને માન્યતા આપી છે. (પીટીઆઇ)

# સતત પાંચમા દિવસે આગેકૂચ, નિફ્ટીએ ૨૫,૦૦૦ની સપાટી પુનઃ હાંસલ કરી

## આઈટી શરોની આગેવાનીએ સતત પાંચમા દિવસે આગેકૂચ, નિફ્ટીએ ૨૫,૦૦૦ની સપાટી પુનઃહાંસલ કરીઃ બજારની નજર જેક્સન હોલ સિમ્પોઝિયમ પર

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ સકારાત્મક વલણ ચાલુ રહેવા સાથે ઇન્ડેક્સના હેવીવેઇટ આઇટી શેરોની આગેવાનીમાં નવેસરની લેવાલીનો ટેકો મળતાં શેરબજારે બુધવારે સતત પાચમા દિવસે આગેકૂચ ચાલુ રાખી હતી. સેન્સેક્સ ૨૧૩ પોઇન્ટ ઊછળ્યો હતો, જ્યારે નિફ્ટીએ ૨૫,૦૦૦ની સપાટી પુનઃહાંસલ કરી હતી. રોકાણકારોની નજર જેકસન હોલ સિમ્પોઝિયમ ખાતે ફેડરલ રિઝર્વના ચેરમેન જેરોમ પોવેલના આગામી નિવેદન અને તાજેતરની બેઠકની મિનિટ્સ પર મંડાયેલી છે. સેન્સેક્સ સત્ર દરમિયાન ૩૪૧ પોઇન્ટ ઊછળ્યા બાદ અંતે ૨૧૩.૪૫ પોઇન્ટ અથવા તો ૦.૨૬ ટકાના સુધારા સાથે ૮૧,૮૫૭.૮૪ પોઇન્ટની સપાટીએ અને નિફ્ટી ૬૯.૯૦ પોઇન્ટ અથવા તો ૦.૨૮ ટકાના સુધારા સાથે ૨૫,૦૫૦.૫૫ પોઇન્ટની સપાટીએ સ્થિર થયો હતો.

ઇન્ફોસિસ ૩.૮૮ ટકાના ઉછાળા સાથે ટોપ ગેઇનર બન્યો હતો, જ્યારે ટીસીએસ ૨.૬૯ ટકા ઊછળ્યો હતો. સૌથી વધુ વધનારા બેન્ચમાર્કના અન્ય શેરોમાં હિંદુસ્તાન યુનિલીવર, એનટીપીસી, ટાટા સ્ટીલ, ટાટા સ્ટીલ, ટેક મહિન્દ્રા, ઇટર્નલ અને એચસીએલ ટેકનો સમાવેશ હતો. સૌથી વધુ ઘટનારા મુખ્ય શેરોમાં ભારત ઇલેક્ટ્રોનિક્સ, બજાજ ફાઇનાન્સ, ટાટા મોટર્સ અને ટ્રેન્ટનો સમાવેશ હતો. વિશ્લેષકોએ જણાવ્યું હતું કે, દિવાળી સુધીમાં જીએસટીના સ્લેબમાં મોટાપાયે સુધારાની યોજનાઓ અને ભૂરાજકીય ચિંતાઓ હળવી થવા સાથે અમેરિકાએ રશિયન ક્રૂડની ખરીદી સામે ભારત પર લાદેલી પચ્ચીસ ટકાની પેનલ્ટી દૂર થવાની અપેક્ષાએ બજારને જોમ આપ્યું છે. આ ઉપરાંત ભારતના ક્રેડિટ રેટિંગમાં તાજેતરના અપગ્રેડથી શેરબજારમાં નવી ગતિનો સંચાર ચાલુ રહ્યો હતો. કોર્પોરેટ હલચલમાં ભારતી એરટેલે એન્ટ્રીલેવલ એક જીબી પ્રતિ દિવસનો પ્લાન પાછો ખેંચી લીધો હોવાના અહેવાલે તેના શેરમાં બે ટકાનો વધારો જોવા મળ્યો હતો. ઓનલાઈન ગેમિંગ પ્લેટફોર્મને નિયંત્રિત કરવા માટે કેબિનેટ દ્વારા ખરડાને મંજૂરી મળતાં નઝારા ટેક્નોલોજીસ અને ડેલ્ટા કોર્પના શેરમાં સાતેક ટકાનો કડાકો જોવા મળ્યો હતો. પ્રથમ ક્વાર્ટરમાં ચોખ્ખા નફામાં ૪૬ ટકાના વાર્ષિક વધારાના અહેવાલે આદિત્ય ઇન્ફોટેકના શેરમાં સુધારો જોવા મળ્યો હતો.

સેકટરલ ધોરણે, અમેરિકામાંથી આવકનો નોંધપાત્ર હિસ્સો મેળવતા આઇટી શેરોએ આ મહિનાના અંતમાં યોજાનારા ફેડરલ રિઝર્વના જેક્સન હોલ સિમ્પોઝિયમ અગાઉ ૨.૭૦ ટકા સુધીનો ઉછાળો નોંધાવ્યો હતો. દરમિયાન, કરવેરાના ઘટાડા વપરાશી માગને વેગ આપી શકે તેવી અપેક્ષાએ કન્ઝ્યુમર સ્ટોક્સમાં ૧.૪૦ ટકા સુધીનો ઉમેરો જોવા મળ્યો હતો. નાણાકીય શેરઆંકો ૦.૪ ટકા જેવા ઘટ્યા હતા, જેનાથી વ્યાપક સુધારો નરમ પડ્યો હતો. સ્મોલકેપ અને મિડકેપ શેરોમાં ફરી લેવાલીનો સળવળાટ જોવા મળ્યો હતો.

ટાટા મોટર્સે સાઉથ આફ્રિકન પેસેન્જર વ્હીકલ માર્કેટમાં ફરી પ્રવેશ કર્યો છે. ઇન્ટિગ્રેટેડ ઇન્ફ્રાસ્ટ્રક્ચર સોલ્યુશન્સમાં નિષ્ણાત અગ્રણી ઈપીસી કંપની સથલોખર સિનર્જીર્સ ઈએન્ડસી ગ્લોબલ લિમિટેડે જીએસટી સહિત રૂ. ૩૬૬.૦૭ કરોડના સંયુક્ત મૂલ્ય સાથે ચાર નવા પ્રોજેક્ટ ઓર્ડર હાંસલ કર્યા છે, જેમાં રિલાયન્સ કન્ઝ્યુમર પ્રોડક્ટ્સ લિમિટેડના ઓર્ડર ઉપરાંત જાપાન અને તાઇવાનની કંપનીના ઓર્ડરનો સમાવેશ થાય છે. અલ્ટ્રાટેક સિમેન્ટ ઓએફએસ મારફત ઇન્ડિાય સિમેન્ટનો ૬.૫૦ ટકા હિસ્સો વેચી રહી છે. સેન્સેક્સ સમાવિષ્ટ શેરોમાં મુખ્યત્વે ઈન્ફોસિસ ટેકનોલોજી ૩.૮૮ ટકા, ટાટા કન્સલ્ટન્સી ૨.૬૯ ટકા, હિંદુસ્તાન યુનિલિવર ૨.૪૮ ટકા, એનટીપીસી ૨.૧૦




ટકા, ટાટા સ્ટીલ ૧.૭૯ ટકા, ટેક મહિન્દ્ર ૧.૭૬ ટકા અને ઈટર્નલ ૧.૫૭ ટકા વધ્યા હતા, જ્યારે બીઈએલ ૨.૧૬ ટકા, બજાજ ફાઈનાન્સ ૧.૬૪ ટકા, તાતા મોટર્સ ૧.૪૯ ટકા, ટ્રેન્ટ ૦.૮૨ ટકા, આઈટીસી ૦.૭૫ ટકા, બજાજ ફિનસર્વ ૦.૭૩ ટકા અને રિલાયન્સ ૦.૫૩ ટકા ઘટ્યા હતા.

ઇન્ફ્રાસ્ટ્રક્ચર અને નોન-ઇન્ફ્રાસ્ટ્રક્ચર ઈપીસી પ્રોજેક્ટ્સમાં કાર્યરત ગ્લોબ સિવિલ પ્રોજેક્ટ્સ લિમિટેડે નાણાકીય વર્ષ ૨૦૨૬ના પહેલા ક્વાર્ટરના અનઓડિટેડ પરિણામમાં રૂ. ૬૭.૭૦ કરોડની એકીકૃત આવક નોંધાવી છે. એબીટા રૂ. ૧૧.૮૮ કરોડ રહ્યો છે, જ્યારે એબીટા માર્જિન ૧૭.૫૫ ટકા નોંધાયું છે. ચોખ્ખો નફો રૂ. ૫.૦૫ કરોડ રહ્યો છે. કોફી ડે ગ્લોબલની ખોટ પ્રથમ ત્રિમાસિક ગાળામાં ઘટીને રૂ. ૧૧ કરોડ રહી છે. જેન સ્ટ્રીટના જુલાઇના કેસ બાદ મ્યુચ્યુઅલ ફંડોએ બીએસઇના રૂ. ૪૦૦ કરોડના વીસ લાખ શેર બજારમાં ઠાલવ્યા છે.

સરકાર એફએન્ડબી સેગમેન્ટમાં ૧૦૦ ટકા વિદેશી સીધા રોકાણને મંજૂરી આપી રહી છે, ત્યારે દક્ષિણ એશિયામાં ખાદ્ય અને પીણા મૂલ્ય શૃંખલાના સૌથી મહત્વપૂર્ણ સંગઠનોમાંના એક કોએલનમેસે ઇન્ડિયા દ્વારા બીઇસી ખાતે બાવીલ ઓગ્સટ સુધી અનુગા ફૂડટેક ઇન્ડિયા અને અનુગા સિલેક્ટ ઇન્ડિયા ૨૦૨૫નું આયોજન થયું છે, જેમાં ૩૮ દેશોના ૧,૧૦૦થી વધુ પ્રદર્શકો સહભાગી થઇ રહ્યા છે. થાઇલેન્ડ, શ્રીલંકા, દક્ષિણ આફ્રિકા અને ઈરાન પ્રથમ વખત સામેલ થયા છે.

ભારતનું ફૂડ પ્રોસેસિંગ અને ઘટકો ક્ષેત્ર ૮.૮૦ ટકાના સીએજીઆરના દરે વૃદ્ધિ પામશે, જે ૨૦૩૦ સુધીમાં બમણું થવાનો અંદાજ છે.ભારતમાં ફૂડ પ્રોસેસિંગ સાધનોનું બજાર ૨૦૩૩ સુધીમાં ૧.૫ બિલિયન ડોલર સુધી પહોંચવાનો અંદાજ છે અને ૨૦૩૦ સુધીમાં પેકેજિંગ મશીનરી ૬.૬ અબજ ડોલરને પાર કરશે.

પ્રાઇમરી માર્કેટમાં બુધવારે રિગલ રિસોર્સિસના શેર તેના ઇશ્યૂ ભાવ સામે ૩૯ ટકાના પ્રીમિયમ સાથે રૂ. ૧૪૧.૮૦ના ભાવે લિસ્ટેડ થયા હતા. ઇનોવેટિવીવ ઇન્ડિયા, પાર્ક મેડી વર્લ્ડ, રૂનવાલ એન્ટરપ્રાઇસ, જિન્કુશલ ઇન્ડસ્ટ્રીઝ અને એડવાન્સ એગ્રોલાઇફને આઇપીઓ માટે સેબીની મંજૂરી મળી છે. શિવાશ્રિત ફૂડ્સનો આઇપીઓ ૨૨ ઓગસ્ટ, ૨૦૨૫ના રોજ સબ્સ્ક્રિપ્શન માટે ખુલશે. મંગળવારે આઈકોડેક્સ પબ્લિશિંગ સોલ્યુશન્સના શેર બીએસઈ એસએમઈ પ્લેટફોર્મ પર આઈપીઓ ભાવ કરતાં વીસ ટકા ડિસ્કાઉન્ટ સાથે લિસ્ટેડ થયા હતાં. આ અગાઉ સોમવારે નોલેજ રિઅલ્ટી, રેઇટ શેર ચાર ટકાના પ્રીમિયમ સાથે લિસ્ટેડ થયા છે. મેડિસ્ટેપનો શેર એનએસઇ ઇમર્જ પર ૨૧ ટકા પ્રીમિયમે લિસ્ટેડ થયો હતો. એલેમ્બિક ફાર્માને જેનેરિક ડ્રગ માટે યુએસએફડીએની મંજૂરી મળી છે.

સરકારી માલિકીની ઇન્ડિયન ઓઇલ કોર્પોરેશન લિમિટેડે અહેવાલ આપ્યો છે કે તેનો ચોખ્ખો નફો પ્રથમ ક્વાર્ટરમાં બમણાથી વધુ થયો છે. કાફે ચેઇન કાફેકોફી ડેનું સંચાલન કરતી કોફીડે ગ્લોબલની ખોટ પ્રથમ ત્રિમાસિક ગાળામાં ઘટીને રૂ. ૧૧ કરોડ રહી છે. પતંજલિ ફૂડ્સ લિમિટેડે ઊંચા ખર્ચને કારણે જૂન ક્વાર્ટરમાં કોન્સોલિડેટેડ ચોખ્ખો નફો ૩૧ ટકાના ઘટાડા સાથે રૂ. ૧૮૦.૩૫ કરોડ નોંધાવ્યો છે

દરમિયાન પાછલા સપ્તાહે પ્રાઇમરી માર્કેટમાં પાછલા ગુરુવારે જેએસડબલ્યુ સિમેન્ટનો શેર તેના રૂ. ૧૪૭ના ઇશ્યૂ ભાવ સામે ચાર ટકાના વધારા સાથે રૂ. ૧૫૩ની સપાટીએ ખૂલ્યો હતો. ઓલટાઇમ પ્લાસ્ટિકના શેર તેના રૂ. ૨૭૫ના ઇશ્યૂ ભાવ સામે ૧૪ ટકાના પ્રીમિયમ સાથે રૂ. ૩૧૪.૩૦ના ભાવે લિસ્ટેડ થયા હતા. ફ્રેકટલ એનાલિટિક્સ રૂ. ૪૯૦૦ કરોડનો અને આરએસબી રિટેલ ઇન્ડિયા રૂ. ૧,૫૦૦ કરોડનો આઇપીઓ લાવી રહી છે. સેશાસાઇ ટેકેએ પ્રી આઇપીઓ રાઉન્ડમાં રૂ. ૧૨૦ કરોડ એકત્ર કર્યા છે.

ઓએનજીસીએ પ્રથમ ક્વાર્ટરમાં ૧૦ ટકાના ઘટાડા સાથે રૂ. ૮૦૨૪ કરોડનો ચોખ્ખો નફો નોંધાવ્યો છે. નાયકાની પેરેન્ટ કંપની એફએસએન ઇ કોમર્સે નફામાં ૭૯ ટકાનો વધારો નોંધાવ્યો છે. સ્પાઇસ જેટે પાંચ બોઇંગ માટે ડેમ્પ લીઝ કરાર કર્યા છે. સિંગાપોર ટેક્સ ઓથોરિટીએ ઇન્ફોસિસને જીએસટી પેમેન્ટ સંદર્ભે રૂ. ૬૬ લાખની પેનલ્ટી કરી છે. ઇન્ફોસિસે ટેલ્ટ્રાની સબ્સિડરી વર્સેનન્ટ ગ્રુપમાં ૨૩૩.૨૫ મિલિયનમાં ૭૫ ટકા સ્ટેક હાંસલ કર્યો છે. સરકારે બીએસએનએલનું નેટવર્ક વિસ્તારવા રૂ. ૪૭૦૦૦ કરોડના કેપેક્સની જાહેરાત કરી છે.

કોગ્નીઝન્ટે ૮૦ ટકા પાત્ર કર્મચારીઓને પહેલી નવેમ્બરથી વેતનવૃદ્ધિની આપવાની જાહેરાત કરી હતી. સેબીએ ડીએચએફએલના ભૂતપૂર્વ સીએમડી કપિલ વાધવન અને અન્ય એક્ઝિક્યુટિવ્સને નાણાં ભંડોળના ડાયવર્ઝન અને બનાવટી હિસાબોના કારણે પાંચ વર્ષ સુધી સિક્યોરિટીઝ માર્કેટમાં પ્રવેશવા સામે પ્રતિબંધિત કર્યા છે. કુલ રૂ. ૧૨૦ કરોડનો દંડ લાદવામાં આવ્યો છે અને હવે તેઓ લિસ્ટેડ કંપનીઓમાં મુખ્ય હોદ્દા પર કામ નહીં કરી શકે.

# વૈશ્વિક સોનું ત્રણ સપ્તાહના તળિયેથી પાછું ફર્યું, સ્થાનિકમાં ₹ ૨૨૨ ઘટ્યા, ચાંદી ₹ ૨૪૩૧ ગબડી

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ આંતરરાષ્ટ્રીય વિનિમય બજારમાં આજે ડૉલર ઈન્ડેક્સમાં મજબૂત વલણ રહેતાં લંડન ખાતે સત્રના આરંભે એક તબક્કે હાજરમાં સોનાના ભાવ ઘટીને ત્રણ સપ્તાહની નીચી સપાટીએ પહોંચ્યા બાદ નીચા મથાળેથી ધીમો સુધારો જોવા મળ્યો હતો. તેમ જ ચાંદીના ભાવમાં ૦.૬ ટકા જેટલો ઘટાડો આગળ વધ્યો હોવાના નિર્દેશો હતા. જોકે, રોકાણકારોની નજર આજે મોડી સાંજે જાહેર થનારી અમેરિકી ફેડરલ રિઝર્વની છેલ્લી નીતિવિષયક બેઠકની મિનિટ્સ પર તેમ જ આવતીકાલથી ત્રણ દિવસ દરમિયાનનાં જેક્શન હૉલ ખાતેના ફેડરલ રિઝર્વના અધ્યક્ષ જૅરોમ પૉવૅલના વક્તવ્ય પર હોવાથી રોકાણકારોએ સોના-ચાંદીમાં નવી લેવાલીમાં સાવચેતીનો અભિગમ અપનાવ્યો હતો. આમ વૈશ્વિક નિરુત્સાહી અહેવાલ તેમ જ સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં આજે ડૉલર સામે રૂપિયો છ પૈસા મજબૂત થયો હોવાથી સોનાની આયાત પડતર ઘટતાં સોનાના ભાવમાં ૧૦ ગ્રામદીઠ રૂ. ૨૨૧થી ૨૨૨નો ઘટાડો આવ્યો હતો, જ્યારે ચાંદીમાં વિશ્વ બજાર પાછળ સ્ટોકિસ્ટોની વેચવાલીનું દબાણ રહેતા ભાવમાં કિલોદીઠ રૂ. ૨૪૩૧નો કડાકો બોલાઈ ગયો હતો. બજાર વર્તુળોના જણાવ્યાનુસાર આજે વૈશ્વિક ચાંદીમાં નરમાઈનું વલણ અને ભાવ ઔંસદીઠ ૩૮ ડૉલરની અંદર ઊતરી ગયા



હોવાથી સ્થાનિકમાં સ્ટોકિસ્ટોની ઊંચા મથાળેથી વેચવાલીનું દબાણ ઉપરાંત ઔદ્યોગિક વપરાશકારો તથા જ્વેલરી ઉત્પાદકોની લેવાલી ખપપૂરતી રહેતાં ભાવ કિલોદીઠ રૂ. ૨૪૩૧ના કડાકા સાથે રૂ. ૧,૧૧,૧૯૪ના મથાળે રહ્યા હતા. વધુમાં આજે સોનામાં પણ વિશ્વ બજાર પાછળ નરમાઈ અને ડૉલર સામે રૂપિયામાં મજબૂત અન્ડરટોન રહેતાં ૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૨૨૧ ઘટીને રૂ. ૯૮,૫૫૦ અને ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૨૨૨ ઘટીને રૂ. ૯૮,૯૪૬ના મથાળે રહ્યા હતા. જોકે, ભાવમાં વધુ ઘટાડાના આશાવાદે સ્ટોકિસ્ટો અને રોકાણકારો તથા જ્વેલરી ઉત્પાદકો અને રિટેલ સ્તરની માગ શુષ્ક રહી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

પ્રાપ્ત અહેવાલ અનુસાર આજે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સ એક સપ્તાહની ઊંચી સપાટીએ પહોંચતા લંડન ખાતે સત્રના આરંભે હાજરમાં સોનાના ભાવ એક તબક્કે ઘટીને ગત પહેલી ઑગસ્ટ પછીની નીચી સપાટી સુધી પહોંચ્યા બાદ સાધારણ ૦.૪ ટકા વધીને ઔંસદીઠ ૩૩૨૯.૮૯ ડૉલર અને વાયદામાં ભાવ ૦.૪ ટકા વધીને ૩૩૭૨.૮૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે ચાંદીના ભાવ ૦.૬ ટકા ઘટીને ઔંસદીઠ ૩૭.૧૩ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા.

એકંદરે મજબૂત ડૉલર અને રશિયા-યુક્રેન વચ્ચેનો ભૂરાજકીય તણાવ હળવો થવાથી સોનામાં સલામતી માટેની માગ ઓસરતા સોનાના ભાવ દબાણ હેઠળ આવ્યા છે. વધુમાં રોકાણકારોની નજર આગામી ૨૧થી ૨૩ ઑગસ્ટ દરમિયાન જેક્સન હૉલ ખાતે ફેડરલ રિઝર્વના અધ્યક્ષ જૅરોમ પૉવૅલના વક્તવ્યમાં આર્થિક ભાવી અને ભવિષ્યની નાણાનીતિ અંગે કોઈ દિશા નિર્દેશ આપવામાં આવે છે કે કેમ તેના પર તેમ જ આજે મોડી સાંજે જાહેર થનારી અમેરિકી ફેડરલ રિઝર્વની છેલ્લી નીતિવિષયક બેઠકની મિનિટ્સ પર હોવાથી નવી લેવાલી પણ અટકી હોવાનું ઓએએનડીએનાં વિશ્લેષક કેલ્વિન વૉન્ગે જણાવ્યું હતું.

જોકે, એએનઝેડના વિશ્લેષકે જણાવ્યું હતું કે આગામી સપ્ટેમ્બર મહિનાના આર્થિક આંકડાઓ પર અમેરિકી ઊંચાં ટૅરિફની અસર જોવા મળે તેવી શક્યતા ઉપરાંત ફેડરલ રિઝર્વ દ્વારા પણ વ્યાજદરમાં કાપ મૂકવામાં આવે તેવી શક્યતાને ધ્યાનમાં લેતાં સોનામાં મજબૂત રોકાણલક્ષી માગ જોવા મળે તેવી શક્યતા નકારી ન શકાય.

# ડૉલર સામે રૂપિયામાં વધુ છ પૈસાની આગેકૂચ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં આજે ડૉલર સામે રૂપિયામાં આરંભિક તબક્કે નરમાઈનું વલણ રહ્યા બાદ ખાસ કરીને ડૉલર ઈન્ડેક્સમાં નરમાઈ, સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં સુધારાતરફી વલણ, સરકાર દ્વારા જીએસટીનાં દરમાં પ્રસ્તાવિત સુધારાની અર્થતંત્ર પર પડનારી પ્રોત્સાહક અસરની શક્યતા તેમ જ ક્રેડિટ રેટિંગ એજન્સી સ્ટાન્ડર્ડ ઍન્ડ પૂઅર્સે ભારતનાં ક્રેડિટ રેટિંગમાં સુધારો કરતાં ભારતીય અર્થતંત્રમાં વિશ્વાસ વ્યક્ત કરતાં સત્ર દરમિયાન ડૉલર સામે રૂપિયો ૧૫ પૈસા મજબૂત થઈને અંતે છ પૈસાના સુધારા સાથે ૮૭.૦૭ના મથાળે બંધ રહ્યો હતો. જોકે, આજે વિશ્વ બજારમાં બ્રેન્ટ ક્રૂડતેલના ભાવ વધી આવ્યાના નિર્દેશો તેમ જ વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ગઈકાલે ઈક્વિટીમાં વેચવાલી જળવાઈ રહી હોવાથી રૂપિયામાં સુધારો મર્યાદિત રહ્યો હોવાનું ફોરેક્સ ટ્રેડરોએ જણાવ્યું હતું. આજે સ્થાનિકમાં ડૉલર સામે રૂપિયો ગઈકાલના ૮૭.૧૩ના બંધ સામે સાધારણ નરમાઈના અન્ડરટોને ૮૭.૧૬ના મથાળે ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૮૭.૧૬ અને ઉપરમાં ૮૬.૯૮ની રેન્જમાં રહ્યા બાદ અંતે ગઈકાલના બંધ સામે છ પૈસા વધીને ૮૭.૦૭ના મથાળે બંધ રહ્યો હતો. નોંધનીય બાબત એ છે કે ગઈકાલે ડૉલર સામે રૂપિયામાં ૨૬ પૈસાનો ઉછાળો આવ્યો હતો. વૈશ્વિક સ્તરે ખાસ કરીને રશિયા અને યુક્રેન વચ્ચે શાંતિ સ્થપાવાના આશાવાદ સાથે અમેરિકા ભારતથી થતી આયાત સામે અતિરિક્ત ૨૫ ટકા ટૅરિફ ન લાદે તેવી શક્યતા પ્રબળ બની હોવાથી આગામી ટૂંકા સમયગાળા દરમિયાન ડૉલર સામે રૂપિયામાં સુધારાતરફી વલણ રહેતાં ૮૬.૬૦થી ૮૭.૩૦ની રેન્જમાં રહે તેવી શક્યતા મિરે એસેટ્ શૅરખાનના વિશ્લેષક અનુજ ચૌધરીએ વ્યક્ત કરી હતી. દરમિયાન આજે સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સ અને એનએસઈ બૅન્ચમાર્ક નિફ્ટીમાં અનુક્રમે ૨૧૩.૪૫ પૉઈન્ટનો અને ૬૯.૯૦ પૉઈન્ટનો સુધારો આવ્યો હોવાથી તેમ જ આજે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સ ગઈકાલના બંધ સામે ૦.૦૬ ટકા ઘટીને ૯૮.૨૦ આસપાસ ક્વૉટ થઈ રહ્યા હોવાથી રૂપિયાના સુધારાને ટેકો મળ્યો હતો, પરંતુ બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ ગઈકાલના બંધ સામે ૦.૬૭ ટકા ઘટીને બેરલદીઠ ૬૬.૨૩ આસપાસ ક્વૉટ થઈ રહ્યા હોવાથી અને ગઈકાલે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં રૂ. ૬૩૪.૨૬ કરોડની ચોખ્ખી વેચવાલી રહી હોવાના અહેવાલને ધ્યાનમાં લેતા રૂપિયામાં સુધારો સીમિત રહ્યો હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

# એક્સચેન્જના માર્કેટ કેપમાં ₹ ૧.૭૦ લાખ કરોડનો ઉછાળો

મુંબઇઃ શેરબજારમાં સતત પાંચમા દિવસની આગેકૂચ દરમિયાન આઈટી અને ટેક શેરો સર્વાધિક વધ્યા હતા, જ્યારે બેન્ક અને ફાઈનાન્સિયલ સર્વિસીસ શેરો સર્વાધિક ઘટ્યા હતા અને માર્કેટ કેપમાં રૂ. ૧.૭૦ લાખ કરોડનો વધારો નોંધાયો હતો. બુધવારે બીએસઈ સેન્સેક્સ ગત મંગળવારના ૮૧,૬૪૪.૩૯ના બંધથી ૨૧૩.૪૫ પોઈન્ટ્સ (૦.૨૬ ટકા) વધ્યો હતો. સેન્સેક્સની ૧૫ સ્ક્રિપ્સ વધી હતી, જ્યારે ૧૫ સ્ક્રિપ્સ ઘટી હતી.

બ્રોડ બેઝ્ડ ઈન્ડાયસીસમાં બીએસઈ મિડકેપ ૦.૩૯ ટકા અને બીએસઈ સ્મોલકેપ ૦.૩૦ ટકા વધ્યો હતો. સ્ટ્રેટેજી ઈન્ડાયસીસમાં બીએસઈ આઈપીઓ ઈન્ડેક્સ ૦.૨૫ ટકા અને બીએસઈ એસએમઈ આઈપીઓ ૦.૬૧ ટકા વધ્યો હતો.

સેન્સેક્સ ૮૧,૬૭૧.૪૭ ખૂલીને નીચામાં ૮૧,૪૯૪.૫૦ સુધી અને ઊંચામાં ૮૧,૯૮૫.૬૨ સુધી જઈને અંતે ૮૧,૮૫૭.૮૪ પોઈન્ટ્સ પર બંધ રહ્યો હતો. માર્કેટ કેપિટલાઈઝેશન રૂ. ૪૫૪.૪૮ લાખ કરોડથી રૂ.૧.૭૦ લાખ કરોડ વધીને રૂ.૪૫૬.૧૮ લાખ કરોડ રહ્યું હતું.


સેકટરલ ઈન્ડાયસીસમાં મુખ્યત્વે બીએસઈ ફોકસ્ડ આઈટી ૨.૭ ટકા, આઈટી ૨.૬૧ ટકા, ટેક ૨.૨૨ ટકા, એફએમસીજી ૧.૩૬ ટકા, રિયલ્ટી ૧.૦૪ ટકા, ટેલિકોમ્યુનિકેશન ૦.૬૮ ટકા, સર્વિસીસ ૦.૬૨ ટકા, યુટિલિટીઝ ૦.૫૯ ટકા અને પાવર ૦.૫૨ ટકા વધ્યા હતા, જ્યારે બેન્કેક્સ અને ફાઈનાન્સિયલ સર્વિસીસ ૦.૩૩ ટકા, હેલ્થકેર ૦.૨૧ ટકા, ઓઈલ એન્ડ ગેસ ૦.૧૬ ટકા, એમર્જી ૦.૧૫ ટકા, ઓટો ૦.૦૮ ટકા અને ઈન્ડસ્ટ્રિયલ્સ ૦.૦૫ ટકા ઘટ્યા હતા.

એક્સચેન્જમાં ૪,૨૩૫ સ્ક્રિપ્સમાં કામકાજ થયું હતું, જેમાં ૨,૩૪૩ સ્ટોક્સ વધ્યા હતા, ૧,૭૨૫ સ્ટોક્સ ઘટ્યા હતા, જ્યારે ૧૬૭ સ્ટોક્સ સ્થિર રહ્યા હતા. ૧૪૨ સ્ટોક્સ બાવન સપ્તાહની ઊંચી સપાટીએ પહોંચ્યા હતા, જ્યારે ૫૩ સ્ટોક બાવન સપ્તાહની નીચી સપાટીએ પહોંચ્યા હતા. ૯ સ્ટોક્સને ઉપલી જ્યારે ૭ સ્ટોકને નીચલી સર્કીટ લાગી હતી.

બીએસઈના ડેરિવેટિવ્ઝ સેગમેન્ટમાં બુધવારે ઈન્ડેક્સ ફ્યુચર્સમાં રૂ. ૧૬૮.૨૪ કરોડનું ટર્નઓવર થયું હતું, જેમાં કુલ ૮૫૦ સોદામાં ૧,૦૨૭ કોન્ટ્રેક્ટ્સનું કામકાજ થયું હતું.

ઈન્ડેક્સ ફ્યુચર્સ અને ઈક્વિટી ફ્યુચર્સ મળીને કુલ ૭,૬૦,૭૦૮ કોન્ટ્રેક્ટના ઓપન ઈન્ટરેસ્ટ રહ્યા હતા. કુલ નોશનલ ટર્નઓવર રૂ. ૧૯,૩૧,૬૧૦.૦૧ કરોડનું રહ્યું હતું.

# ટીન અને નિકલની આગેવાની હેઠળ ધાતુમાં પીછેહઠ



મુંબઈઃ આંતરરાષ્ટ્રીય સ્તરે ટૅરિફની અનિશ્ચિતતાના માહોલમાં આજે લંડન ખાતે કોપર સહિતની ચોક્કસ ધાતુઓમાં નરમાઈનું વલણ રહ્યું હોવાના નિર્દેશો સાથે સ્થાનિક જથ્થાબંધ ધાતુ બજારમાં પણ એકમાત્ર એલ્યુમિનિયમ ઈન્ગોટ્સમાં રહેલા ટકેલા વલણને બાદ કરતાં મુખ્યત્વે ટીન અને નિકલની આગેવાની હેઠળ વિવિધ ધાતુઓમાં સ્ટોકિસ્ટોની વેચવાલીનું દબાણ અને સાર્વત્રિક સ્તરેથી માગ નિરસ રહેતાં ભાવમાં કિલોદીઠ રૂ. એકથી રૂ. ૧૧ સુધીની પીછેહઠ જોવા મળી હતી.

આજે સ્થાનિકમાં મુખ્યત્વે ટીન અને નિકલમાં સ્ટોકિસ્ટોની આક્રમક વેચવાલીના દબાણ સામે સાર્વત્રિક સ્તરેથી માગ ખપપૂરતી રહેતાં ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. ૧૧ ઘટીને રૂ. ૩૦૧૧ અને રૂ. આઠ ઘટીને રૂ. ૧૩૨૭ના મથાળે રહ્યા હતા. વધુમાં આજે ટીન અને નિકલની આગેવાની હેઠળ અન્ય ધાતુઓમાં પણ સ્ટોકિસ્ટોની વેચવાલીનું દબાણ અને ઘટાડાના માહોલમાં વપરાશકાર ઉદ્યોગ તથા સ્થાનિક ડીલરોની માગ મર્યાદિત રહેતાં ભાવમાં ઘટાડાતરફી વલણ જોવા મળ્યું હતું તેમાં કોપર કેબલ સ્ક્રેપ અને કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. પાંચ ઘટીને અનુક્રમે રૂ. ૮૪૬ અને રૂ. ૭૫૮, બ્રાસ શીટ કટિંગ્સ, કોપર સ્ક્રેપ હેવી અને કોપર આર્મિચરના ભાવ કિલોદીઠ રૂ. ચાર ઘટીને અનુક્રમે રૂ. ૬૦૪, રૂ. ૮૩૫ અને રૂ. ૮૨૨, કોપર વાયરબારના ભાવ કિલોદીઠ રૂ. ત્રણ ઘટીને રૂ. ૯૧૦, બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપ, એલ્યુમિનિયમ ઈન્ગોટ્સ અને લીડ ઈન્ગોટ્સના ભાવ કિલોદીઠ રૂ. બે ઘટીને અનુક્રમે રૂ. ૫૬૦, રૂ. ૨૫૩ અને રૂ. ૧૮૨ તથા ઝિન્ક સ્લેબના ભાવ કિલોદીઠ રૂ. એક ઘટીને રૂ. ૨૬૬ના મથાળે રહ્યા હતા. જોકે, આજે એકમાત્ર એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપમાં વપરાશકાર ઉદ્યોગની છૂટીછવાઈ માગને ટેકે ભાવ કિલોદીઠ રૂ. ૨૧૭ના મથાળે ટકેલા રહ્યાના અહેવાલ હતા.

# આયાતી તેલમાં મિશ્ર વલણ, વેપાર છૂટાછવાયા

## ૧થી ૨૦ ઑગસ્ટ દરમિયાન મલયેશિયાની પામતેલની નિકાસ ૧૩.૬ ટકા વધી

મુંબઈઃ શિકાગો ખાતે ગઈકાલે સોયાતેલના વાયદામાં ૧૫૯ સેન્ટનો ઘટાડો આવ્યાના ઓવરનાઈટ અહેવાલ હતા, જ્યારે આજે મલયેશિયાના બુર્સા મલયેશિયા ડેરિવેટીવ્સ એક્સચેન્જ ખાતે ક્રૂડ પામતેલના વાયદામાં ૨૪ રિંગિટનો ઘટાડો આવ્યો હતો. આમ વૈશ્વિક નિરુત્સાહી અહેવાલ સાથે સ્થાનિક જથ્થાબંધ ખાદ્યતેલ બજારમાં આયાતી તેલમાં આરબીડી પામોલિનના ભાવમાં ૧૦ કિલોદીઠ રૂ. ૧૦નો ઘટાડો આવ્યો હતો અને સન રિફાઈન્ડમાં રૂ. પાંચનો સુધારો આવ્યો હતો, જ્યારે સોયા રિફાઈન્ડમાં ટકેલું વલણ રહ્યું હતું. જોકે, આજે દેશી તેલમાં મથકો પાછળ સરસવ અને કપાસિયા રિફાઈન્ડના ભાવમાં અનુક્રમે ૧૦ કિલોદીઠ રૂ. ૧૫ અને રૂ. પાંચ ઘટી આવ્યા હતા. જોકે, આજે હાજર, ડાયરેક્ટ ડિલિવરી તેમ જ સેલરિસેલ ધોરણે વેપારો છૂટાછવાયા રહ્યા હતા. કાર્ગો સર્વેયર ઈન્ટરટેક સર્વિસીસ દ્વારા તાજેતરમાં સંકલિત કરેલી આંકડાકીય માહિતી અનુસાર ગત પહેલી ઑગસ્ટથી ૨૦ ઑગસ્ટ સુધીમાં મલયેશિયાની પામતેલની નિકાસ આગલા જુલાઈ મહિનાના સમાનગાળાના ૮,૧૭,૭૫૫ ટન સામે ૧૩.૬૧ ટકા વધીને ૯,૨૯,૦૫૧ ટનની સપાટીએ રહી હોવાનું જણાવ્યું છે. આજે સ્થાનિકમાં ડાયરેક્ટ ડિલિવરી શરતે ૧૦ કિલોદીઠ ઈમામીના આરબીડી પામોલિન અને સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૫૫, એડબ્લ્યુએલના આરબીડી પામોલિનના રૂ. ૧૨૭૦, સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૫૦ અને સન રિફાઈન્ડના રૂ. ૧૪૩૦, પતંજલિ ફૂડ્સના આરબીડી પામોલિનના રેડી ડિલિવરીમાં રૂ. ૧૨૪૫ અને સપ્ટેમ્બર ડિલિવરી શરતે રૂ. ૧૨૭૫, સિકોફના આરબીડી પામોલિનના રૂ. ૧૨૪૫, ગોદરેજ એગ્રોના આરબીડી પામોલિનના રૂ. ૧૨૫૦ અને ગોકુલ એગ્રોના આરબીડી પામોલિનના રૂ. ૧૨૫૦ ક્વૉટ થઈ રહ્યા હતા. તેમ જ છૂટાછવાયા વેપારો પણ ગોઠવાયાના અહેવાલ હતા. વધુમાં આજે ગુજરાતમાં ગોંડલ મથકે ૧૩૦૦ ગૂણી મગફળીની આવક સામે વેપાર મણદીઠ રૂ. ૧૦૦૦થી ૧૧૭૦માં અને રાજકોટ મથકે ગઈકાલની શેષ ૭૦૦ ગૂણીની આવક સામે વેપાર મણદીઠ રૂ. ૯૦૦થી ૧૧૧૦માં થયા હતા. આજે હાજરમાં વિવિધ દેશી-આયાતી ખાદ્યતેલના ૧૦ કિલોદીઠ ભાવમાં આરબીડી પામોલિનના રૂ. ૧૨૮૦, સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૯૦, સન રિફાઈન્ડના રૂ. ૧૪૧૫, સિંગતેલના રૂ. ૧૩૯૦, કપાસિયા રિફાઈન્ડના રૂ. ૧૩૮૫ અને સરસવના રૂ. ૧૬૪૦ના મથાળે રહ્યા હતા.




જૂનાગઢમાં અશાંત ધારો લાગુ કરવાની માગ બુલંદ બની છે. હિન્દુ હિત રક્ષક સમિતિ દ્વારા અશાંત ધારો લાગુ કરવા માટે સાધુ સંતો તથા નાગરિકો દ્વારા રેલી કાઢી જૂનાગઢ કલેક્ટરને આવેદન આપવામાં આવ્યું હતું... (તસ્વીરઃ હરેશ સોની, જૂનાગઢ)

# હવામાન ખાતાંનો 'ભુજ સેન્ટ્રિક નાઉકાસ્ટઃ કચ્છમાં અપાયું રેડ એલર્ટ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ ગુજરાત-સૌરાષ્ટ્રના ભાગોમાં ભારેથી અતિભારે વરસાદ વરસી રહ્યો છે ત્યારે, હવે મેઘતૃષ્ણાનાં મુલક કચ્છમાં પણ અતિભારે વરસાદની રેડ એલર્ટ આપવામાં આવી છે. આ રેડ એલર્ટ આગામી ગુરુવાર માટે અપાઈ છે. સમગ્ર ગુજરાતમાં જે 'ચાઈના-પેટર્ન' વરસાદ વરસી રહ્યો છે તેનું કારણ છેક કચ્છથી પંજાબ થઇ, અરુણાચલ પ્રદેશ સુધી જતો ટ્રફ છે.

આ વખતે ઇતિહાસમાં સંભવત પહેલી વાર આ વરસાદી ટ્રફની ધરી ગુજરાત તરફ હોઈ, વરસાદનું જોર રહેવા પામ્યું છે અને આ વરસાદી ટ્રફની ધરી, જે સામાન્ય રીતે પૂર્વ દિશા તરફથી પશ્ચિમ દિશા તરફ જતી હોય છે તે કચ્છના અબડાસા તાલુકાના નલિયા અને વલ્લભ વિદ્યાનગર સહિતના ભાગો તરફ હોવાનું જાણવા મળે છે. આ વરસાદી ટ્રફ જ ચોમાસાનું મુખ્ય અંગ છે અને તેને લઈને વરસાદ વધુ-ઓછો થતો રહેતો હોય છે. આ ટ્રફ પોતાની સ્થિતિને સમયાંતરે બદલાવતો રહેતો હોય છે.

જ્યારે આ સિસ્ટમ ઉત્તર દિશા તરફથી હિમાલય તરફ જતી હોય છે ત્યારે વરસાદમાં 'બ્રેક' આવે છે. જ્યારે તે દક્ષિણ દિશા તરફ સરકે છે ત્યારે આવો અતિભારે વરસાદ પડે છે. આ મોન્સૂન ટ્રફ સામાન્ય રીતે હિમાલયના પર્વતોની સમાંતરે હોય છે અને તે ઉત્તર કે દક્ષિણ તરફ ખસકતો રહે છે. ગુજરાતમાં આ વખતે તે દક્ષિણ તરફ ખસી રહ્યો હોવાથી આ વખતે ખૂબ શક્તિશાળી અને સક્રિય ચોમાસું ગુજરાતમાં દસ્તક દઈ રહ્યું છે.

દરમ્યાન, જિલ્લા કલેકટર દ્વારા જાહેર જનતાને કચ્છમાં અતિભારે વરસાદની આગાહી સંદર્ભે સાવચેત રહેવા અનુરોધ કરાયો હતો. જિલ્લા કલેક્ટર આનંદ પટેલે જનતાને નિચાણ વાળા વિસ્તારો તરફ ન જવા અને જરૂરી સાવચેતીના પગલાં લેવા અપીલ કરી હતી.

# જૂનાગઢ જિલ્લાના ૧૦ ડેમ ઓવરફ્લોઃ મેંદરડા તાલુકામાં સીઝનનો ૯૭.૩૫ ટકા જેટલો વરસાદ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં થયેલા ભારે વરસાદને કારણે જૂનાગઢ જિલ્લો જળબંબાકાર થયો હતો. અત્યાર સુધીમાં સમગ્ર સિઝનનો ૯૨.૬૦ ટકા વરસાદ નોંધાઈ ચૂક્યો છે, જેના કારણે જિલ્લાના ૧૦ ડેમ સંપૂર્ણ ભરાઈ ગયા હતા. આ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને જિલ્લા કલેક્ટર અને વિકાસ અધિકારીએ અસરગ્રસ્ત વિસ્તારોની મુલાકાત લીધી હતી, જ્યારે આરોગ્ય વિભાગ દ્વારા રોગચાળો અટકાવવા માટે ખાસ તબીબી તપાસણી શરૂ કરવામાં આવી હતી.

જૂનાગઢમાં મેઘરાજાએ આક્રમક બેટિંગ કરી હતી, જેમાં ૧૦ તાલુકાઓમાં કુલ ૮૪૧૭ એમ.એમ. જેટલો વરસાદ નોંધાયો હતો. સૌથી વધુ વરસાદ મેંદરડા તાલુકામાં ૯૭.૩૫ ટકા જેટલો વરસી ચૂક્યો હતો. જિલ્લાના તમામ ૧૦ ડેમ ઓવરફ્લો થયા હતા, જેમાં ઓઝત-૨ ડેમમાં ૩૬૬૪ ક્યુસેક પાણીની આવક થતા ૦.૬૦ મીટરની સપાટીએથી વહી રહ્યો છે. જિલ્લા કલેક્ટર અને જિલ્લા વિકાસ અધિકારીએ મેંદરડા તાલુકાના પૂરગ્રસ્ત વિસ્તારોની મુલાકાત લીધી હતી. તેમણે મેંદરડા-સમઢિયાળાને જોડતા પૂલ અને મધુવંતી નદીમાં પૂરના કારણે થયેલા ધોવાણનું ડનિરીક્ષણ કર્યું હતું. કલેક્ટરે સ્થાનિક અધિકારીઓને રાહત અને બચાવ કામગીરી માટે તત્પર રહેવા અને કંટ્રોલ રૂમને સતત કાર્યરત રાખવા સૂચના આપી હતી.

ભારે વરસાદ બાદ રોગચાળો ન ફેલાય તે માટે જિલ્લા આરોગ્યતંત્ર પણ સક્રિય બન્યું હતું. અસરગ્રસ્ત ગામોમાં મેડિકલ ઓપીડી શરૂ કરવામાં આવી હતી, જ્યાં લોકોની આરોગ્ય તપાસણી કરવામાં આવી રહી હતી. માણાવદર તાલુકામાં શેલ્ટર હોમ્સમાં આશ્રિત લોકોના મેડિકલ ચેકઅપ થયા હતા અને આરબીએસકે ટીમ દ્વારા ફિલ્ડ ઓપીડીનું આયોજન પણ કરવામાં આવ્યું હતું. આ સાથે, વરસાદથી અસરગ્રસ્ત વિસ્તારોમાં ડોર-ટુ-ડોર સર્વે દ્વારા લોકોના સ્વાસ્થ્યની તપાસ કરવામાં આવી હતી.

# પાકિસ્તાનની જેલમાં કેદ માછીમારોની મુક્તિ માટે મત્સ્યોદ્યોગ પ્રધાનને રજૂઆત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગીર સોમનાથ અને જૂનાગઢ જિલ્લાના માછીમાર પરિવારોએ મત્સ્યોદ્યોગ પ્રધાન પુરુષોત્તમભાઈ સોલંકીને તેમના દેલવાડા નિવાસસ્થાને મળીને પાકિસ્તાનની જેલમાં કેદ તેમના સ્વજનોની મુક્તિ માટે રજૂઆત કરી હતી. કોડીનાર, ઉના, સૂત્રાપાડા અને દીવ વિસ્તારના માછીમાર પરિવારોએ મંત્રી સમક્ષ પોતાની વેદના વ્યક્ત કરી હતી.

મળતી વિગતો અનુસાર મુલાકાત દરમિયાન ગીર સોમનાથ અને જૂનાગઢ જિલ્લા કોળી સેનાના પ્રમુખ દીપાબેન બાંભણિયા, બાબુભાઈ સોલંકી અને દીવના માછીમાર અગ્રણી છગનભાઈ બાંભણિયા પણ ઉપસ્થિત રહ્યા હતા. પરિવારોએ પ્રધાનને જણાવ્યું હતું કે તેમના ઘરના મોભી છેલ્લાં પાંચ વર્ષથી પાકિસ્તાનની જેલમાં બંધ છે, જેના કારણે તેમની આર્થિક અને સામાજિક પરિસ્થિતિ કફોડી બની છે.

મત્સ્યોદ્યોગ પ્રધાન પુરુષોત્તમભાઈ સોલંકીએ માછીમાર પરિવારોની વેદના શાંતિપૂર્વક સાંભળી અને તેમને આશ્વાસન આપ્યું હતું. તેમણે ખાતરી આપી કે આ મામલે રાજ્ય અને કેન્દ્ર સરકારમાં રજૂઆત કરવામાં આવશે અને કેદ માછીમારોની વહેલી તકે મુક્તિ માટે તમામ શક્ય પ્રયાસો કરવામાં આવશે. પ્રધાનના આ આશ્વાસનથી માછીમાર પરિવારોમાં આશાનું કિરણ જાગ્યું હતું અને તેમણે રાહત અનુભવી હતી. મુલાકાતના અંતે મહિલાઓએ પ્રધાનને આશીર્વાદ પણ આપ્યા હતા.

# જામનગરમાં સારવાર માટે આવેલી માતા-પુત્રી ગુમ થતા પોલીસ ફરિયાદ નોંધાઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ જામનગર જિલ્લાના સિક્કા ગામના રહેવાસી જયેશભાઈ લખુભાઈ પરમાર દ્વારા જામનગરના સીટી બી. ડિવિઝન પોલીસ મથકમાં તેમની પત્ની અને પુત્રી ગુમ થયાની ફરિયાદ નોંધાવવામાં આવી હતી. તેમની ત્રણ વર્ષની પુત્રી હિમાંશીની સારવાર માટે તેઓ જામનગરની સરકારી જી.જી. હોસ્પિટલમાં આવ્યા હતા. આ દરમિયાન માતા-પુત્રી લાપતા બન્યા હતા. જયેશભાઈ પરમારે પોલીસને જણાવ્યું હતું કે તેમની પત્ની હર્ષિતાબેન જયેશભાઈ પરમાર (ઉ.વ. ૩૩) અને ત્રણ વર્ષની પુત્રી હિમાંશી જયેશભાઈ પરમાર ગત તારીખ ૧૨મીએ સિક્કાથી જામનગરની જી.જી. હોસ્પિટલમાં હિમાંશીની જન્મજાત અસ્થમાની સારવાર માટે આવ્યા હતા. સારવાર બાદ હર્ષિતાબેનનો મોબાઈલ ફોન અચાનક સ્વીચ ઓફ થઈ ગયો હતો અને ત્યારબાદ માતા-પુત્રી બંને લાપતા થયાં હતાં.

પરિવારજનોએ બન્નેની શોધખોળ કરી હતી, પરંતુ કોઈ પત્તો ન મળતા આખરે જયેશભાઈએ પોલીસમાં ગુમ થયાની જાણ કરી છે. જામનગર પોલીસ આ મામલે તપાસ કરી રહી છે.

# ગાંધીધામના ગળપાદર પાસે આવેલી શિપિંગ કંપનીની કચેરીમાં ભીષણ આગઃ સદ્ભાગ્યે જાનહાની ટળી

ભુજઃ કચ્છના ગાંધીધામ તાલુકાના ગળપાદર પાસે આવેલી એક શિપિંગ કંપનીના કાર્યાલયમાં ભીષણ આગ ફાટી નીકળતાં આ વિસ્તારમાં ભય પ્રસર્યો હતો.

પ્રાપ્ત વિગતો મુજબ, ગળપાદર નજીક આવેલી એ.સી.ટી. લોજિસ્ટિક શિપિંગ કંપનીના કાર્યલયમાં સવારના અરસામાં સંભવિત શોર્ટ-સર્કિટના લીધે કાળા ધુમાડા નીકળ્યા બાદ વિકરાળ આગ ફાટી નીકળી હતી. શરૂઆતમાં જ ફાયર એલાર્મ સાંભળીને સમયસર બહાર નીકળી ગયેલા કંપનીના કર્મચારીઓનો આબાદ બચાવ થયો હતો. અગ્નિશમન દળને જાણ થતાં ગાંધીધામ મહાનગરપાલિકા, ક્યુ.આર.સી, કંડલા ટિમ્બર અને અંજાર નગરપાલિકાના ફાયર ફાઇટરોએ બેકાબૂ બનેલી આગ પર લગભગ બે કલાકની ભારે જહેમત બાદ કાબૂ મેળવ્યો હતો. દરમ્યાન, આ આગજનીના બનાવમાં કાર્યાલયમાં રહેલો તમામ માલસામાન તેમજ પાર્કિંગમાં રહેલાં કેટલાંક દ્વિચક્રી વાહનો સળગીને રાખ બની જતાં મોટી આર્થિક નુકસાની પહોંચી હોવાનો અંદાજ આંકવામાં આવ્યો છે.

# ભાવનગરનો રંઘોળા ડેમ છલકાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગરઃ ઉપરવાસમાં ભારે વરસાદથી ભાવનગર જિલ્લાનું રંઘોળા જળાશય છલકાતાં દરવાજા ખોલાયા હતા. આથી નીચાણવાળા ઉમરાળા અને સિહોર તાલુકાનાં ગામોને સાવધ કરાયા હતા. ભાવનગર તેમ જ અમરેલી સહિત ઘણાં જિલ્લામાં આગાહી મુજબ વરસાદ પડ્યો હતો. બે દિવસમાં ઉપરવાસ અને સર્વત્ર ભારે વરસાદ ખાબક્યો હતો, જ્યારે રંઘોળા જળાશય છલકાતાં તેના ૧૦ દરવાજા ખોલાયા હતા અને રંઘોળી નદીમાં જળરાશી વધતાં નીચાણવાળા ઉમરાળા તાલુકાના રંઘોળા, પીપરાળી, માલપરા, લંગાળા, ઝાંઝમેર, ધારુકા, ડંભાળિયા, દેવળિયા તથા ચોગઠ અને સિહોર તાલુકાનાં ભાણગઢ ગામોને સાવધ કરાયાં હતાં.

ગોહિલવાડનાં આ રંઘોળાના જળાશય અંગે ઉલ્લેખનીય છે કે, તળાવની સપાટી પૂરી થવામાં આવતાં દબાણથી જ દરવાજા ખૂલે તેવી ઈજનેરી વ્યવસ્થા રહેલી છે. સ્વયંસંચાલિત દરવાજા એ વિશેષતા રહેલી છે.

# ભાવનગરનો શેત્રુંજી ડેમ સીઝનમાં ચોથી વખત છલકાયોઃ ૫૯ દરવાજા ખોલાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ભાવનગર જિલ્લાના પાલિતાણા નજીક આવેલો શેત્રુંજી ડેમ સીઝનમાં ચોથી વખત ૧૦૦ ટકા ભરાઈ જતા પાલિતાણા તથા તળાજા તાલુકાના અસરગ્રસ્ત ગામડાઓને એલર્ટ કરવામાં આવ્યા હતા.

બપોરે ૧૨ વાગ્યા સુધીમાં શેત્રુંજી ડેમ ૧૦૦ ટકા ભરાઇ જતાં ૨૦ દરવાજા ૦.૩ મી. ખોલવામાં આવ્યા હતા ત્યારબાદ બપોરે ૧૨.૧૫ વાગ્યે ૫૯ દરવાજા ૦.૩ મી. ખોલવામાં આવ્યા હતા.

અત્રે ઉલ્લેખનીય છે કે તા. ૧૭ જૂન ૨૦૨૫ના રોજ પ્રથમ વખત, તા. ૬ જુલાઈ ૨૦૨૫ના રોજ બીજી વખત, તા. ૧૩ જુલાઈ ૨૦૨૫ના રોજ આ ચોમાસાની સીઝનમાં ત્રીજી વખત ૧૦૦ ટકા ભરાયો હતો. ભાવનગર જિલ્લામાં સારો વરસાદ



વરસતા શેત્રુંજી ડેમમાં પાણીની આવક શરૂ થઇ હતી.

શેત્રુંજી ડેમ સંપૂર્ણ ભરાતા પાલિતાણા તાલુકાના અસરગ્રસ્ત ગામો નાની રાજસ્થળી, લાપાળિયા, લાખાવાડ, માયધાર અને મેઢા તેમ જ તળાજા તાલુકાના ભેગાળી, દાત્રડ, પિંગળી, ટીમાણા, સેવાળિયા, રોયલ, માખણિયા, તળાજા, ગોરખી, લીલીવાવ, તરસરા અને સરતાનપરને એલર્ટ જાહેર કરવામાં આવ્યા હતા.

# ભાવનગર જિલ્લાના મહુવામાં સાત ઈંચ વરસાદ, ગારીયાધારમાં સવા પાંચ ઈંચ વરસાદ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગરઃ જિલ્લામાં મંગળવાર સવારથી જ વરસાદ શરૂ થયો હતો. છેલ્લા ૨૪ કલાક દરમિયાન જિલ્લાના મહુવામાં સાત ઈંચ, ગારીયાધારમાં સવા પાંચ ઈંચ, જેસરમાં અઢી ઈંચ સહિત જિલ્લાભરમાં વરસાદ પડ્યો હતો. ભારે વરસાદથી સર્વત્ર જળબંબાકારની સ્થિતિ ઊભી થઈ છે. મહુવાની માલણ નદી બે કાંઠે વહેતી થઈ છે. ભારે વરસાદથી જનજીવન પ્રભાવિત થયું છે.

ભાવનગર જિલ્લામાં બુધવારે સાંજે ૬ વાગ્યે પૂરા થતા છેલ્લા ૨૪ કલાક દરમિયાન સુધીના વરસાદના આંકડા જોઈએ તો, વલ્લભીપુર-૨૭ મિ.મી., ઉમરાળા-૩૯ મિ.મી., ભાવનગર ૧૨ મી.મી., ઘોઘા-૫૯ મી.મી., સિહોર -૨૪ મી.મી., ગારીયાધાર - ૧૩૦ મી.મી., પાલીતાણા -૭૦ મી.મી., તળાજા ૪૨ મી.મી., મહુવા - ૧૪૪ મી.મી. તથા જેસર ૬૭ મી.મી. વરસાદ વરસી ગયો હતો. આમ ભાવનગર જિલ્લામાં સાર્વત્રિક વરસાદ નોંધાયો હતો.

ભાવનગર જિલ્લાના જીવાદોરી સમાન શેત્રુંજી ડેમ ચોમાસાની ચાલુ સિઝનમાં ચોથી વખત ઓવર ફ્લો થયો હતો. ડેમના દરવાજા બપોરે ખોલવામાં આવ્યા હતો. જિલ્લા કલેકટર ડૉ. મનીષ બંસલએ જિલ્લામાં ભારે વરસાદની આગાહીને કારણે લોકોને સાવચેત રહેવા જણાવ્યું છે. તેમ જ શેત્રુંજી ડેમના દરવાજા ખોલવામાં આવ્યા હોય પાલિતાણા અને તળાજાના નીચાણવાળા ગામોને સાવચેત રહેવા જણાવ્યું હતું.

# જેતપુર તાલુકાના થોરાળા ડેમમાં કેમિકલયુક્ત પાણી ઠલવાતા ખેડૂતો અને ગ્રામજનોમાં રોષ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ જેતપુર અને વીરપુર પંથકમાં પ્રદૂષણ માફિયાઓ બેફામ બન્યા હોવાનું ફરી એકવાર સામે આવ્યું હતું. જેતપુરની ભાદર નદી બાદ હવે વીરપુર નજીક આવેલો સરિયામતી નદી પરનો થોરાળા ડેમ પણ કેમિકલયુક્ત પાણીથી પ્રદૂષિત થયો હતો. આ ઘટનાને કારણે વીરપુર, પિઠડિયા અને થોરાળા ગામના લગભગ ૨૦,૦૦૦ લોકોને પીવાનું પાણી પૂરું પાડતા આ ડેમનું પાણી દૂષિત થતા લોકોના આરોગ્ય સામે મોટો ખતરો ઊભો થયો છે.

મળતી વિગતો અનુસાર આ ડેમનું પાણી વીરપુર સહિત આસપાસના ચારથી પાંચ ગામના ખેડૂતો માટે સિંચાઈનો મુખ્ય સ્રોત છે. ડેમમાં કેમિકલયુક્ત પાણી ભળતા ખેડૂતોના વાવેલા પાકને પણ ભારે નુકસાન થયું છે. આ ઘટનાથી રોષે ભરાયેલા ખેડૂતો અને ગ્રામજનોએ આક્ષેપ કર્યો હતો છે કે કોઈ અજાણ્યા શખ્સો દ્વારા ટેન્કર મારફતે અથવા કોઈ કેમિકલ પદાર્થ નાખીને જાણી જોઈને ડેમને પ્રદૂષિત કરવામાં આવ્યો છે.

વારંવાર થતા પાણી પ્રદૂષણના બનાવો છતાં ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ દ્વારા કોઈ નક્કર કાર્યવાહી ન થતા સ્થાનિકોમાં ભારે નારાજગી જોવા મળી હતી. વીરપુરના સરપંચે આ મામલે અગાઉ પણ પ્રદૂષણ નિયંત્રણ બોર્ડને લેખિતમાં ફરિયાદ કરી હતી, છતાં પરિસ્થિતિ યથાવત્ હોવાનો સ્થાનિકોએ આક્ષેપ કર્યો હતો. પ્રદૂષણ નિયંત્રણ બોર્ડના અધિકારીઓ દ્વારા અવારનવાર પાણીના સેમ્પલ લેવામાં આવે છે, પરંતુ આજ સુધી તેના રિપોર્ટ આવ્યા નથી. ગ્રામજનોએ આક્ષેપ કર્યો હતો કે પ્રદૂષણ નિયંત્રણ બોર્ડને આ બાબતની જાણ હોવા છતાં પ્રદૂષણ માફિયાઓ સામે કોઈ પગલાં લેવામાં આવતા નથી. આ ઘટના બાદ સિંચાઈ વિભાગના અધિકારીઓ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવ્યા હતા.

# અમરેલીના દરિયાકાંઠે કરંટ! જાફરાબાદ નજીક દરિયામાં ૩ બોટ ડૂબી, ૭ માછીમારો ગુમ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સૌરાષ્ટ્રના દરિયાકાંઠાના વિસ્તારોમાં ભારે કરંટ જોવા મળ્યો હતો. હવામાન વિભાગની આગાહી અનુસાર અમરેલી જિલ્લાના જાફરાબાદ અને પીપાવાવ બંદરનો દરિયો તોફાની બન્યો હતો, અમરેલીના જાફરાબાદ બંદર પર ૦૩ નંબરનું સિગ્નલ લગાવવામાં આવ્યું હતું. આ દરમિયાન જાફરાબાદની બે અને ગીર સોમનાથની એક બોટ દરિયામાં ડૂબી જતાં ૭ જેટલા માછીમારો ગુમ થયા હતા. આ ઘટના બાદ તાત્કાલિક બચાવ કામગીરી હાથ ધરવામાં આવી હતી, જેમાં અત્યાર સુધીમાં ૧૮ માછીમારોને સુરક્ષિત બચાવી લેવામાં આવ્યા હતા. તેમ છતાં હજુ પણ ૬૦થી ૭૦ જેટલી બોટ દરિયામાં હોવાથી માછીમારો સુરક્ષા અંગે ચિંતા વધારી હતી.

અમરેલી જિલ્લાના વડિયા કુંકાવાવ તાલુકાના વડિયા ગામ પાસેની સૂરવો નદી પર આવેલ વડિયા સિંચાઈ યોજનાના ડેમ સાઈટ તથા ઉપરવાસમાં વરસાદ થવાથી આ ડેમ તેના ડિઝાઈન સ્ટોરેજના ૧૦૦ ટકા સપાટીએ ભરાઈ ગયો હતો અને જળાશયમાં પાણીની ધીમી આવક શરૂ હોય, જળાશયના તમામ દરવાજા ખોલવામાં આવ્યા હતા. જેથી નીચાણ વાળા વિસ્તારના વડિયા, ચારણિયા સહિતના ગામોને સાવચેત રહેવા સૂચના આપવામાં આવી હતી.

તે ઉપરાંત ભારે વરસાદના કારણે રાજુલા તાલુકામાં આવેલ ધાતરવડી-૦૧ સિંચાઈ યોજનાની જળસપાટીમાં ધરખમ વધારો થયો હતો. ડેમમાં પાણીની આવક શરૂ હોય ડેમ ઓવરફ્લો એલર્ટ પર મૂકવામાં આવ્યો હતો અને રાજુલા, ધારેશ્વર, નવી જૂની માંડરડી, ઝાંપોદર સહિતના ગામોને સાવચેત રહેવા સૂચના આપવામાં આવી હતી.

# કચ્છમાં ૧૫૦ જેટલા પ્રવાસી શિક્ષકોને, શિક્ષકોની ઘટવાળી શાળાઓમાં મોકલી દેવાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ કચ્છની શાળાઓમાં શિક્ષકોની ઘટ પ્રવર્તી રહી છે. ત્યારે આ દિશામાં કચ્છની સર્વ સેવા સંઘ સંસ્થા દ્વારા આ નવતર પ્રયોગ કરવામાં આવ્યો છે. સર્વ સેવા સંઘ સંસ્થા દ્વારા માનદ વેતનથી શિક્ષિત યુવા બેરોજગારોને હંગામી ધોરણે શિક્ષક તરીકેની જવાબદારી સોંપીને તેને જે-તે શાળાએ મોકલી દેવાનું શરૂ કરાયું છે.

સંસ્થાના મોવડી જીગર તારાચંદભાઇ છેડાએ જણાવ્યું હતું કે, સંસ્થા દ્વારા 'જ્ઞાન જ્યોતિ' નામનો પ્રકલ્પ શરૂ કરાયો છે. તે અન્વયે ૧૫૦ જેટલા પ્રવાસી શિક્ષકોને નિયુક્તિ પત્રો આપીને, તેમને શિક્ષકોની ઘટ ધરાવતી મુંદરા તાલુકાની વિવિધ પ્રાથમિક શાળાઓમાં મોકલવામાં આવ્યા છે. આ શિક્ષકોની ઘટવાળી શાળાઓમાં, પ્રવાસી શિક્ષકોના આગમનથી શિક્ષણ કાર્ય ધમધમતું થવા પામ્યું છે. જ્યાં શિક્ષકોની ઘટ છે ત્યાં વિદ્યાર્થીઓને મદદરૂપ બનવા સરકાર અને તંત્ર સાથે સહભાગી બની, આ યોજના કાર્યાન્વિત કરી દેવાઈ છે.

હાલ કચ્છમાં શિક્ષકોની ભરતી પ્રક્રિયા તેના અંતિમ તબક્કામાં હોઈ, હાલ તુરંત આવી વ્યવસ્થા શાળાઓના પ્રથમ સત્ર સુધીની કરાઈ હોવાનું, જીગર તારાચંદભાઇ છેડાએ જણાવ્યું હતું. તેમણે ઉમેર્યું હતું કે, દરેક પ્રવાસી શિક્ષકને રૂપિયા ૯૦૦૦નો માસિક પુરસ્કાર આપવામાં આવી રહ્યો છે અને તેનું ચુકવણું પણ આગોતરું કરી દેવાયું છે. આ પ્રકલ્પને કારણે કચ્છમાં શિક્ષકોની ઘટનો પ્રશ્ન હળવો બની રહે તેવી આશા ઊભી થવા પામી છે.



રાજકોટમાં ભારે વરસાદને કારણે અનેક વિસ્તારોમાં પાણી ભરાયા હતા, જેથી વાહનચાલકોને ભારે હાલાકી ભોગવવી પડી હતી... (તસ્વીરઃ પ્રવીણ સેદાણી, રાજકોટ)